# સંપૂર્ણ પતિવ્રતાની કહાણીઓ

ભાગ ૧લો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"જ્ઞાનવર્ધક પુસ્તકમાળા"; પુ. ૪૩ મું.

# સંસ્કૃત સાહિત્યની કથાઓ

## ભાગ ૧ લો

[મહાકવિ કાલિદાસનાં કાવ્યનાટકોની રસિક વાર્તાઓ]

[શ્રી. હીરાલાલ વ્રજભુખણદાસ શ્રૉફની પ્રસ્તાવના સહીત.]

......कविकुलगुरुः कालिदासो विलासः ।


સંગ્રથનકર્તા

ન્હાનાલાલ નાથાભાઇ શાહ, એમ. એ.

વડોદરા.



પ્રકાશક

જીવનલાલ અમરશી મહેતા,

સંપાદક-" જ્ઞાનવર્ધક પુસ્તકમાળા "; અમદાવાદ.

મૂલ્ય રૂ. ૧-૧૨-૦


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવૃત્તિ ૧ લી.] ઈ. સ. ૧૯૨૫. [પ્રત ૨૧૦૦

(સર્વ પ્રકારના હક્ક પ્રકાશકને સ્વાધીન છે.)

અમદાવાદ—સલાપોસ રોડ,
ધી "ડાયમંડ જ્યુબિલિ" પ્રિન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રસ્તાવના

કોઈ પણ દેશનું સાહિત્ય એ તે દેશની સંસ્કૃતિનું ચિહ્ન ગણાય. અમુક દેશમાં સંસ્કૃતિ કેવી અને કેવા પ્રકારની હતી વા છે, એ જાણવું હોય તો તે દેશનું સાહિત્ય જોવું. સાહિત્ય પ્રાયશઃ દેશ અને દેશનાં અંગઉપાંગોમાં ઓતપ્રોત રહેલું હોય છે. પણ સાહિત્ય એટલે શું? એનું શુદ્ધ લક્ષણ આપવું એ તો બની શકે એમ નથી, કારણ, ગમે તેવું વ્યાપક લક્ષણ બાંધવામાં આવે તોપણ તે સર્વથા દોષરહિત હોય વા થાય એ સંભવિત નથી. કોઈ ઠેકાણે અતિવ્યાપ્ત તો કોઇ ઠેકાણે અવ્યાપ્ત તે રહેવાનું જ. માત્ર અસંભવ દોષ રહિત હોય તો કંઈક ઠીક. આ પ્રમાણે સ્થિતિરીતિ છે, એટલે **કોઇપણ દેશના ઉચ્ચમાં ઉચ્ચ અને ઉદાત્તમાં ઉદાત્ત આશય વા વિચારનું તદનુકૂળ ભાષા અને શૈલીમાં પ્રકટીકરણ એને આપણે સાહિત્ય** કહીશું તો બહુ બાધ નહીં આવે. સર્વથા કોઈ પણ પ્રકારની ચમત્કૃતિ હોય તો બસ. કોઇક સ્થળે તે આશય વા વિચારનિબદ્ધ હોય છે, તો અન્ય સ્થળે તે ભાષા વા શૈલીમાં નિબદ્ધ હોય છે.

જેમ દેશમાં સંસ્કૃતિ વિશાળ, વિસ્તૃત, અને નાનાવિધ તેમ તે દેશનું સાહિત્ય પણ વિશાળ, વિસ્તૃત, અને નાનાવિધ હોય છે. ભાષા અને શૈલી પણ તત્તદ્ વિચાર વા આશયને અનુકૂળ વિવિધ અને વિલક્ષણ હોય છે. આથી કરીને સાહિત્ય અનેકવિધ હોય છે: ભાષાસાહિત્ય, શૈલીસાહિત્ય, આશયસાહિત્ય, વિચારસાહિત્ય. કોઇકમાં વિચારાદિ સૂક્ષ્મતત્ત્વનું એટલે મધ્યમાનું પ્રાધાન્ય હોય છે, તો અન્ય સ્થળે તત્પ્રદર્શક ભાષા વા શૈલીનું એટલે વૈખરીનું પ્રાધાન્ય હોય છે. વળી કેટલાંક સુંદર સ્થળોમાં ઉભય સમાન, અનુરૂપ અને સંશ્લિષ્ટ હોય છે. વસ્તુતઃ આને જ ખરું સાહિત્ય કહેવાય, પણ તેમ માનવામાં સાહિત્યનું ક્ષેત્ર અતિશય સંકુચિત થઇ જવા સંભવ છે, અને સાહિત્યમાં ખપતા જતા લેખો પણ લક્ષણબહિર્નિક્ષિપ્ત થવા સંભવ છે; માટે જ આપણે ઉપર જે વ્યાપક લક્ષણ બાંધ્યું છે તેનો જ અનુસરીશું.

સાહિત્યના મુખ્ય વિભાગ બે પડી શકે: એક ગદ્યસાહિત્ય અને બીજો પદ્યસાહિત્ય. નાટકાદિમાં ઉભયનું મિશ્રણ હોય છે. ઇતિહાસ,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગણિત, વિજ્ઞાન, અને એવા જ બીજા વિષયનું સાહિત્ય પ્રાયશઃ ગદ્યબદ્ધ હોય છે, કાવ્યનાટકાદિનું પ્રાયશઃ પદ્યબદ્ધ વા ઉભયબદ્ધ હોય છે. પણ આર્યદેશનું સર્વ વિષયનું પ્રાચીન સાહિત્ય પદ્યમાં જ રચાયલું છે એ એની વિલક્ષણતા અને તેથી વિશેષ ઉપકારક છે. પદ્ય ગદ્ય કરતાં સહજમાં સ્મૃતિમાં આરૂઢ થાય છે, અને કંઠે કરવામાં વિશેષ સહેલું પડે છે. આ પ્રમાણે સાહિત્યની રચના અનેક પ્રકારની હોય છે, પણ તેનો વિશિષ્ટ વિચાર અત્ર પ્રાપ્ત નથી. સર્વ કોઈ દેશમાં જ્યાં સંસ્કૃતિ યત્કિંચિત્ પણ જોવામાં આવે છે, ત્યાં સાહિત્ય પ્રાયશઃ પદ્યમાં જ આવિર્ભૂત થએલું જોવામાં આવે છે. આ આવિર્ભાવનું નિદાન રસમાં વા હૃદયના આવેશમાં વા વિચારના ઉદ્રેકમાં રહેલું હોય છે. રસિક અને ઉત્કૃષ્ટ વિચારો જ્યાં ઉત્કટતાની કોટિમાં પ્રવેશે છે કે તરત જ સ્વાભાવિક રીતે હૃદય ક્ષુબ્ધ થાય છે, અને તેના વેગનું વાણીના અંતિમ બે સ્થૂળ વિભાગ સાથે આસ્ફાલન થાય છે, અને સહજ વૈખરીમાં વિકૃત થઇ તે પદ્યરૂપે બહાર આવે છે. ગદ્ય સાહિત્યની દશા જુદા પ્રકારની હોય છે. એમાં પ્રાયશઃ રસિકતા વા હૃદયના આવેશને બહુ અવકાશ નથી હોતો. એમાં બુદ્ધિનું પ્રાધાન્ય હોય છે. ગદ્ય સાહિત્ય પ્રાયશઃ બુદ્ધિસ્પૃષ્ટ હોય છે ત્યારે પદ્યસાહિત્ય હૃદયમાં સ્ફુરિત હોય છે. આ વિષયની મીમાંસા અત્ર અપ્રાસંગિક છે એટલે દિઙ્માત્ર દર્શાવી અહીં જ વિરામ લેવો પડે છે.

ગુર્જર સાહિત્ય, વિશેષતઃ પ્રાચીન ગુર્જર સાહિત્ય, પદ્યબદ્ધ વા પદબંધ શૈલીમાં જોવામાં આવે છે. કારણ સ્પષ્ટ છે. લોકો શ્રદ્ધાળુ, ભોળા, નિષ્કપટી, સાદા, અને ધાર્મિક હોવાને લીધે અને ખાવા-પીવાની વા પહેરવા ઓઢવાની વા મોજમઝાની બાબતમાં અતિ ઉદાસીન હોવાને લીધે તેમનું સાહિત્ય પદ્યમાં જ હોય એ સ્વાભાવિક છે. એષણાઓથી બહુ બળેલા વા તૃપ્ત નહીં એટલે માત્ર પ્રભુ-ભજનમાં જ એ લોકોએ પોતાના ઉદ્‌ગારો કહાડેલા અને સંતોષમાં જીવિત નિર્ગમન કરેલું; તેમ દેવદર્શન, કથાશ્રવણાદિ નિત્ય અને નિયમિત હોવાને લીધે પણ એમનું સાહિત્ય હૃદયસ્પૃષ્ટ હોઇ પદ્યબદ્ધ જ હોવું જોઇએ. ગદ્ય તો માત્ર રાજ્યલેખોમાં વા શિલાલેખોમાં વા લોકોનાં નામાં ઠામાં વગેરેમાં એટલે ખતપત્રો, રોજમેળ, હુંડીઓ વગેરેમાં હોય છે, પણ એને સાહિત્ય ભાગ્યે જ કહેવાયઃ કારણ નથી એમાં કાંઈ ઉચ્ચ આશય વા વિચાર હોતો, કે નથી હોતી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એમાં કાંઇ ભાષા વા શૈલીની વિશિષ્ટતા. માત્ર રોજના વ્યવહારનો એમાં નિર્વાહ હોય છે ત્યાં ઉભયને ક્યાં અવકાશ હોય !

ગુર્જર ગદ્યસાહિત્યની ઉત્પત્તિ આપણા પ્રસિદ્ધ પ્રેમશૌર્યાંકિત કવિવર નર્મદાશંકરથી ગણી શકાય. ત્યારપછીના અરસામાં તે ઠીક પ્રમાણમાં દૃષ્ટિગોચર થવા માંડયું છે, પણ એમાં ખરેખરૂં સાહિત્ય જેને કહીએ તે તો બહુ જ થોડું. સાથે સાથે નવીન પદ્યસાહિત્યની પણ ઉત્પત્તિ થઇ અને તેમાં પણ એ જ પ્રમાણે સમજવું. કારણ એ જણાય છે કે આમાં સ્વાયત્ત વા સ્વપ્રેરિત અંશ બહુ થોડો હોય છે. ઘણુંખરૂં પરપ્રેરિત એટલે પરદેશી વિચારાદિથી આવિષ્ટ હોય છે. અંગ્રેજી રાજ્યના અમલથી અને એમના સાહિત્યના અભ્યાસથી દૃઢ થએલી ભાવનાથી આપણું નવીન સાહિત્ય ઘણે ખરે અંશે રંગાયલું જોવામાં આવે છે. આ રંગ કાંઈક કાળ તો બહુ જ ચઢ્યો, પણ હમણાં હમણાંમાં એમાં ઉતરતાં પાણી થવા માંડયાં છે, પણ હવે બીજા પ્રકારના સાહિત્યે એની જગ્યા લેવા માંડી છે. બંગાળી લેખકોનાં ભાષાંતરો અને અનુકરણો પુષ્કળ થવા માંડયાં છે. તેમાં તેમની શૈલીનું પણ પુષ્કળ અનુકરણ થવા માંડયું છે. એતદ્દેશીય શુદ્ધ, સાત્ત્વિક સાહિત્ય બહુ જ થોડું જોવામાં આવે છે.

આપણા પ્રાચીન સાહિત્ય તરફ હવે લોકોની દૃષ્ટિ જાય તો ઠીક. અંગ્રેજી સાહિત્યનો અનુવાદ અને અનુકરણ ગુજરાતીમાં થયાં, પણ તે ઘણે અંશે નિષ્ફળ નીવડયાં છે. લોકો અંગ્રેજી ભણ્યા એટલે મૂળને મુકીને અનુવાદને કોણ જુએ ? અંગ્રેજી રાજ્યની પ્રથમ પચીસીમાં જયારે લોકો બહુ ભણ્યા નહોતા ત્યારે વખતે એનો ખપ માલુમ પડે, પણ હવે તો એની બહુ જરૂર જણાતી નથી. પાશ્ચાત્ય સાહિત્યની દરેક દિશામાં લોકોની પ્રગતિ થવા માંડી છે, એટલે હવે તેનાં ભાષાંતરો વા અનુવાદોની જરૂર જણાતી નથી. અત્યારે આ સ્થિતિ છે. આવી સ્થિતિમાં સ્વાભાવિક રીતે આપણા પ્રાચીન સંસ્કૃત સાહિત્ય પ્રતિ સાક્ષરોની દૃષ્ટિ જાય એ સ્વાભાવિક છે, કારણ એમાં લાભ ઘણો છે. એક તો ભાષાન્તર કરવું વા અનુવાદ કરવો એ સહેલું પડે, અને વિચારો તથા આશયોની ઉત્કૃષ્ટતા અને ચમત્કૃતિમત્તાને લીધે તેમ એતદ્દેશીય ભાવનાથી પરિપુષ્ટ હોવાથી લોકોમાં આદરણીય પણ થવા સંભવ છે. પ્રશ્ન માત્ર શૈલીનો રહે છે. પાશ્ચાત્ય ગદ્યસાહિત્ય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એટલે પ્રાયશઃ નવલકથાનું સાહિત્ય શૈલીપરત્વે અતિશય મોહક અને આકર્ષક હોય છે. એ શૈલીમાં જો આપણું પ્રાચીન પદ્યબદ્ધ વા ગદ્યબદ્ધ વા ઉભયબદ્ધ સાહિત્ય આલેખવામાં આવે તો ખરેખર કાંઇક ફાયદો થાય, અને લોકોને ઉત્તમ સામગ્રીના બનેલા પદાર્થો પીરસી શકાય.

ધર્મ અને તત્ત્વજ્ઞાન બાજુએ મુકતાં કાવ્યનાટકાદિનું સાહિત્ય સંસ્કૃતમાં કાંઇ ઓછું નથી. નિર્ણયસાગરમાં મુદ્રિત થયેલી 'કાવ્યમાળા' જ લઇએ તો એમાં કેટલું બધું સાહિત્ય દૃષ્ટિએ પડે છે. એ સિવાય પ્રસિદ્ધ પંચકાવ્ય અને નાટકાદિ તો જુદાં. કથાસરિત્સાગરાદિનું સાહિત્ય પણ વિશાળ છે. આનો અનુવાદ જો ગુજરાતીમાં યોગ્ય શૈલીમાં થાય તો લોકોપકારક થવા સંભવ છે. અતિ નિકૃષ્ટ, તલસ્પર્શરહિત, નિષ્પ્રયુક્ત અને કોઈ પણ પ્રકારના ઢંગધડા વા ઠામઠેકાણા વિનાના પરપ્રેરિત સાહિત્યના અરસામાં આ દિશામાં જો કાંઈ પ્રયાસ થાય તો લોકોની વૃત્તિઓ કેળવાય અને પુનઃ આપણા ગુર્જર દેશમાં નવી આંખે જૂની મૂર્તિની પૂજા શરૂ થાય. પૂજાની સામગ્રી નવીન હોય તો કાંઇ બાધ નથી. મૂળે પૂજા થવી જોઇએ. વખત એવો આવી ગયો છે માટે આમ કહેવું પડે છે. સંધ્યોપાસનામાં ઘણા કહેવાતા સાક્ષરો અને તે પણ બ્રાહ્મણો, આચમની આદિને સ્થાને કાચના વા ધાતુના ચહા પીવાના ચમચાઓનો અને રકાબીઓનો અને પ્યાલાઓનો ઉપયોગ કરતાં અમે જોયા છે. ઘણે ભાગે તો સંધ્યાને ખીંટીએ જ મૂકી દીધી છે. પણ વળી કોઇને જરા લોકાપવાદની ભીતિ હોય ત્યાં આ દશા હોય છે. ખેર ! નવીન સામગ્રીથી પણ પ્રાચીન પ્રતિષ્ઠિત મૂર્તિઓની પૂજા થશે તો પણ ઘણું છે. એ પ્રાચીન મૂર્તિઓ તે આપણું કાવ્ય નાટકાદિ સાહિત્ય. તાત્ત્વિક અને ધાર્મિક સાહિત્યને હજુ વાર છે. રસિક અને ઉચ્ચ સાહિત્ય પ્રતિ એક વાર દૃષ્ટિ ફરે તો પછી એની મેળે તે પ્રતિ મોહ અને પ્રેમ ઉત્પન્ન થશે. સિવાય આપણા સંસ્કૃત સાહિત્યમાં પદેપદે ધર્મમિશ્રિત તત્ત્વ ભરેલું હોય છે, પછી તે કાવ્ય નાટકાદિનું ભલે ને હોય ! ધર્મ એ તો અહીં આત્મા છે. સાહિત્યમાત્રનો એ સત્તાસ્ફુર્તિપ્રદાતા છે. એના વિના અહીં સાહિત્ય જ સંભવતું નથી. એથી એ તો અહીં ઓતપ્રોત સર્વત્ર ભરેલો છે. વૈશેષિક જેવા ન્યાયશાસ્ત્રના દર્શનનો આરંભ સુદ્ધાંત ધર્મથી જોવામાં આવે છે. તાત્પર્ય કે ગમે તે પ્રકારે ધર્મને અંગઉપાંગે પરિપુષ્ટ કરવાનો આશય આપણા કવિ વગેરેનો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હતો; અને તેથી જ આર્યાવર્ત ધાર્મિક રહ્યો હતો. એના પ્રતિ જેમજેમ ઉત્તરોત્તર અનાદર અને અનભિરુચિ થવા માંડયાં, તેમ-તેમ લોકો ધર્મથી વિદૂર ને વિદૂર થતા ગયા, અને અત્યારે જે સ્થિતિમાં છે ત્યાં પહોંચ્યા છે. આને પ્રગતિ કહેવી કે વિપરીત ગતિ કહેવી એ સમજાતું નથી !

આ ગ્રંથના લેખક રા. ભાઇ નાનાલાલ સંસ્કૃત સાહિત્યના સારા અભ્યાસી છે, અને ગુજરાતી ભાષા ઉપર પણ એમનો કાબુ ઠીક છે. હૃદય રસિક અને સંસ્કારી છે. એમને આ વિચાર સૂઝયો છે એ સર્વથા આદરણીય છે. એમાં કેટલે અંશે સાફલ્ય પ્રાપ્ત થાય છે એ તો હવે જોવાનું છે. જો સાફલ્ય પ્રાપ્ત ન થાય તો એમાં અમે લેખકનો દોષ નહીં કહાડીએ, પણ લોકોના સંસ્કારોનો અને તેમની ગ્રાહક-બુદ્ધિનો જ કહાડીશું. ખેર ! હમણાં નહીં તો પાંચ પચ્ચીસ વર્ષમાં પણ પરિવર્તન તો થવાનું જ; પણ હાલ તો સાક્ષિવત્ જોયા કર-વાનું છે, અને આવા પ્રયાસો ક્વચિત્ કદાચ થાય તો તેને ઉત્તેજન આપવાનું છે.

રા. ભાઈ નાનાલાલે કવિકુલગુરુ કાલિદાસથી આરંભ કર્યો છે. રઘુ, કુમાર, શાકુન્તલ, વિક્રમોર્વશીય, અને માલવિકાગ્નિમિત્ર એ પાંચનો આમાં અનુવાદ છે. પ્રથમ બે પદ્યબદ્ધ છે, અને બાકીનાં ત્રણ ગદ્યપદ્ય-ઉભયબદ્ધ છે. મૂળ કવિના વિચારોને, મર્મોને અને ભાષાને તેમ જ શૈલીને બાધ ન આવે તેટલા માટે એમણે એનો અનુવાદ ગુર્જર ભાષામાં બનતા સુધી તત્સમ રાખવા યત્ન કર્યો છે. પુસ્તકનું નામ 'સંસ્કૃત સાહિત્યની કથાઓ' એ રાખ્યું છે, તેથી કથાના વા વાર્તાના રૂપમાં એમનો પ્રયાસ છે. આમાં મૂળ ગ્રંથગત વસ્તુનું આલેખન અને પ્રસ્ફોટન વાર્તાદ્વારા કરતાં મધ્યે મધ્યે મૂળ ગ્રંથગત રસિક અંશોના રંગો એ ભાઇએ પૂર્યા હોત તો એ બહુજ દીપી ઉઠત, અને લોકોને પણ વાંચવાનો રસ પડત. રઘુ અને કુમારમાં ઘણા ઘણા એવા રમણીય શ્લોકો છે, તેમ શાકુન્તલાદિ નાટકોમાં પણ ઘણાં એવાં સુંદર પદ્યો, અને ગદ્યાંશો છે કે તે જો યોગ્ય પ્રસંગે એમને એમ સંસ્કૃતમાં જ આપવામાં આવ્યાં હોત અને નીચે સામાન્ય અર્થ વા તાત્પર્યાંશ માત્ર આપ્યો હોત તો લોકો ખુશીથી તેને કંઠે કરત, અરે ! કંઠે સ્વાભાવિક રીતે પ્રવાહથી જ રહી જાત. પ્રવાહનિમાર્જિત

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને દ્રવિત થએલા હૃદયમાં સ્મૃતિ હમેશાં ગ્રહણોન્મુખ જ હોય છે, માત્ર તે યોગ્ય ગ્રાસની પ્રતીક્ષા કરે છે. આ પ્રમાણે દ્રવિત થયેલા ચિત્તમાં જે મૂર્ત શબ્દોનું સંક્રમણ થાય છે તે વજ્ર જેવા બાઝી જાય છે, અને કાળે કરીને પણ ખસતા નથી. આપણી કેટલીક કહેવતો જેનું મૂળ સંસ્કૃતમાં છે તે આ જ પ્રમાણે બંધાઈ રૂઢ થઇ ગઇ છે. વગર સમજે લોકોને કંઠે થઇ ગએલી તેથી તેની આ અપભ્રષ્ટ સ્થિતિ થઈ છે. પણ નિદાન કંઇના કંઈ રૂપમાં તે સચવાઈ રહી છે. હવે પછી કથાભાગ સરળ વાર્તાના રૂપમાં કહ્યાં જવો, અને વચ્ચે વચ્ચે જ્યાં રસના અને સાત્ત્વિક વિકારોના પ્રસંગો આવે ત્યાં મૂળ જ આપી દેવું, ગદ્ય અને પદ્ય ઉભય. અર્થ માટે અનુવાદ આપવો. પણ તે નીચે 'ફુટ નોટ'માં જ. આટલી એ ભાઇને સૂચના કરીએ છીએ. ઘણેખરે અંશે તો રા. ભાઇ નાનાલાલે આજ શૈલીનું અનુસરણ કર્યું છે, પણ સર્વથા સર્વત્ર અનુવાદ આપવા કરતાં કેટલાંક રસિક અને વિશિષ્ટ સ્થળે દાક્ષિણાત્ય કીર્તનકારોની માફક મૂળ જ કાયમ રાખ્યું હોત તો લોકોની સંસ્કૃતિમાં ઘણો ફેર પડી જાત. સામાન્ય વાંચનારાઓ પણ પ્રસંગે પ્રસંગે સંસ્કૃત બોલતા થાત. લૅટિન અને ગ્રીકનું આ જ પ્રમાણે થયું છે. અને તેથી લોકો સામાન્યમાં સામાન્ય બાબતોમાં પણ 'Ipso facto,' 'Ditto' જેવા પ્રયોગો બોલવામાં અને લખવામાં કરે છે.

મુંબઇ યૂનિવર્સિટિએ નિયત કરેલા અભ્યાસક્રમમાં હવે 'ગુજરાતી'નું સ્થાન બદલાયું છે. હવે એને સંસ્કૃતની સાથે જ ઐચ્છિક વિષયમાં સ્થાન પ્રાપ્ત થયું છે. આથી પરિણામે લોકોનું સંસ્કૃતનું જ્ઞાન મર્યાદિત રહેશે, પણ ગુજરાતી ભાષા અને સાહિત્યનો ઉત્કર્ષ થવાનો સંભવ છે ખરો. ગુજરાતીના વિષયમાં પાઠ્ય પુસ્તક તરીકે રાખવા જેવાં ગણ્યાં ગાંઠયાં પુસ્તકો અત્યારે તો નજરે પડે છે. પુસ્તકો તો અનેક થયાં છે, થાય છે, અને થશે, પણ ઉપર આપણે કહી ગયા તેવા પ્રકારનાં તે હોય છે, જેથી પાઠ્ય પુસ્તક તરીકે તેનો ઉપયોગ થઈ શકે નહીં. ભાષાશુદ્ધિ એ તો પાઠ્ય પુસ્તકનું પ્રથમ લક્ષણ હોવું જોઇએ. વિચારો ઉચ્ચ,તલસ્પર્શી,માર્મિક અશ્લીલતા વા બૈભત્સ્યાદિથી રહિત અને કોઈપણ રીતે કોઇને પણ સ્વધર્મવિમુખ કરનાર ન જોઇએ, તેમ શૈલી પણ વિષયાનુસાર હોવી જોઇએ. આ ત્રણ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વાતો ખાસ કરીને પાઠ્ય પુસ્તકમાં હોવી જોઇએ. અત્યારનાં થોડાં ઘણાં બાદ કરતાં ઘણાંખરાં પુસ્તકોમાં અને સાહિત્યને નામે ખપતાં માસિકાદિમાં ભાષાશુદ્ધિનું તો કંઇ ઠેકાણું જ હોતું નથી, તેમ વિચારાદિનું પણ લગભગ એવું જ હોય છે. એવા સમયમાં સાક્ષર ભાઇ નાનાલાલનું પુસ્તક શાળાઓમાં પાઠ્ય પુસ્તક તરીકે બહુ ઉપકારક થવા સંભવ છે. ભાષા શુદ્ધ અને સંસ્કારી છે એ કહેવાની જરૂર નથી. વિચારો તો મહાકવિ કાલિદાસના છે, એટલે એમાં કાંઇ કહેવાનું હોય જ નહીં; શૈલી પણ સરળ અને આકર્ષક છે એટલે એ પણ અનુકૂળ છે. સંસ્કૃત નહીં શીખેલા એવા વિદ્યાર્થીઓ અને સામાન્ય વાચકોને આ પુસ્તકના વાચનથી અતિશય લાભ થવા સંભવ છે, અર્થાત્ આ ગ્રંથમાળા ચાલુ રહેશે તો સામાજિક ઉન્નતિમાં આ એક ઉપયોગી અને આવશ્યક સાધન થઇ પડશે એ સૂચવવાની જરૂર નથી.

આશા છે કે લેખકવાચક ઉભયનો પ્રયાસ જગન્નિયંતા પ્રભુ સફળ કરે, અને આપણા રસિક ગુર્જર દેશમાં પાછો રસ ઉભરાય, અને જ્યાં ત્યાં શુદ્ધ, ઉચ્ચ, ઉદાત્ત, સ્વધર્મસૂચક, માર્મિક, સંસ્કારી, અને હૃદયંગમ વાક્પ્રયોગો અને શબ્દપ્રયોગો કર્ણગોચર તથા દૃગ્ગોચર થાય! **इति शिवम्.**

વડોદરા,<br>ફાલ્ગુન શુ. ૧૫<br>વિ. સંવત્ ૧૯૮૧. **હીરાલાલ વ્રજભૂખણદાસ સરાફ.**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# સંવાદમાલા

[વિદ્વાન લેખકોની આઠ છબીઓ અને સોનેરી નામનું સુંદર પાકું પુઠું. કીં. રૂ. ૨—૮—૦. આ ગ્રન્થમાં પ્રતિષ્ઠિત ગુર્જર વિદ્વાનોના કુલ છત્રીશ સંવાદો છે, તેમાંના કેટલાકની વિગતઃ—

| | |
|---|---|
| સ્વ. રાજવિ કવિ કલાપીના ... ... ... | સંવાદ ચાર |
| સ્વ. મણિશંકર રત્નજી ભટ્ટ–કાન્તના... ... ... | પાંચ |
| શ્રી ન્હાનાલાલ દલપતરામ કવિના ... ... ... | બે. |
| શ્રી નરસિંહરાવ ભોળાનાથ દીવેટીયાનો ... ... | એક. |
| પ્રો. બળવંતરાય કલ્યાણરાય ઠાકોરનો... ... ... | એક. |
| પ્રો. અતિસુખશંકર કમળાશંકર ત્રિવેદિનો ... ... | એક. |
| શ્રી સાગરના ... ... ... ... ... | બે. |
| શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યજીના ... ... ... ... | બે. |
| સૌ. વિદ્યાગૌરી રમણભાઇ નીલકંઠના... ... ... | બે. |
| સુશીલ–ભીમજી હરજીવન મહેતાના ... ... ... | બે. |

## કલાપી–કાન્તાના સંવાદો.

આમાં સ્વ. કલાપીના ચાર તથા કાન્તના પાંચ મળીને કુલ નવ સ્વતંત્ર લખાયેલા સંવાદો અને કલાપીએ લખેલું સ્વીડનબોર્ગના ધાર્મિક સિદ્ધાન્તો ઉપર વાર્તીક આખું છે. કીમત બાર આના.

## પાંચમા વર્ષનું બાળક.

ઈ. સન. ૧૯૨૪ ના સ્ત્રીબોધના "બાળક" વિભાગનું પાકું બાંધેલું પુસ્તક. કિંમત રૂ. દોઢ.

ખાસ બાળકો માટે લખાયેલા ઉપદેશક લેખો––કવિતાઓ–– નાની નાની વાતો––સંવાદો––જીવનચરિત્રો––સિંહાસન બત્રીસીની આઠ વાર્તાઓ–રામાયણની બાર વાતો––વગેરે અનેક જાતના લેખોથી ભરપુર. બધાં પુસ્તકો માટે વી. પી. ખર્ચ જુદું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# લેખકની પ્રસ્તાવના

## त्रैगुण्योद्भवमत्र लोकचरितं नानारसं दृश्यते ।

નાટક વિષે બોલાયલા આ શબ્દો વાર્તાને પણ લાગુ પડી શકે છે. આબાલવૃદ્ધ સર્વને જો એક સરખો રસ સાહિત્યના કોઇ પણ અંગમાં પડતો હોય, તો તે વાર્તામાં છે. પછી તે વાર્તા નવલકથા હોય, કે 'નવલિકા' હોય, કે પછી અન્ય કોઈ પ્રકારની હોય. ન્હાનપણમાં માબાપ અગર દાદા દાદીના ખોળામાં બેસી 'એક હતો રાજા......' એમ શરૂ થતી જે અનેક વાર્તાઓ આપણે સાંભળી છે તેવી વાર્તાઓમાં કાં તો શીખામણનો અંશ હોય છે, અથવા તો અદ્‌ભુત રસ (romance)ની છાંટ હોય છે. હાલના વખતમાં પારિભાષિક રીતે જેને નવલકથા અથવા 'નવલિકા' ( a short story ) કહેવામાં આવે છે તેવા પ્રકારની તે વાર્તાઓ હોતી નથી. તેથી આપણે ત્હેમને કેવળ વાર્તાઓ અથવા કથાઓ જ કહીશું. આ લઘુગ્રંથમાં આપેલી, વાર્તાઓને માટે પણ આ જ નામ ચાલી શકશે; અગર તો અયોગ્ય ન લાગતું હોય તો ત્હેમને 'ન્હાની (નવલ) કથાઓ' એવું વિચિત્ર નામ આપીશું. પરંતુ આ વાર્તાઓ છેક બનાવટી નથી; તે તો ઇતિહાસ ઉપરથી લઈ કલ્પનાના શણગારો સજાવી ઉભી કરેલી છે. આ ગ્રંથમાં નાટકો ઉપરથી ઉતારેલી વાર્તાઓ તો ન્હાની સળંગ વાર્તાઓ છે; પરંતુ કાવ્ય ( ખાસ કરીને રઘુવંશ ) ઉપરથી ઉતારેલી કથામાં કાંઇ એક જ વાર્તા નથી. સીનેમામાં જેમ ચિત્રપટ ( film ) હોય છે, તેમ આ પણ એક સળંગ ચિત્રપટ છે. 'રઘુવંશની વાર્તા' એમ કહેવું સયુક્તિક નથી. ત્હેમાં તો રઘુવંશના મુખ્ય મુખ્ય રાજાઓની કારકીર્દિ કાવ્યમય આલંકારિક શૈલીમાં ચીતરેલી છે. આ કાવ્યમય ઐતિહાસિક ચિત્રપટમાં **નન્દિની**નું વરદાન, **રઘુદિગ્વિજય**, **વરતંતુશિષ્ય કૌત્સનો મેળાપ**, **ઇન્દુમતી સ્વયંવર**, **અજવિલાપ**, **શ્રવણવધ**, **રામકથા**, **કુશ–કુમુદ્વતી**, **અગ્નિવર્ણ** વગેરે ચિત્રો અત્યંત અસરકારક રીતે દોરેલાં હોઈ ચિરસ્થાયી રહેવા સરજાયેલાં છે.

અંગ્રેજીમાં Tales from Shakespeare (Lambs' Tales), Tales from Chaucer, Tales from Spenser વગેરે પુસ્તકો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જોવામાં આવ્યાં, ત્યારથી કાલિદાસ વગેરે સંસ્કૃત સાહિત્યના ઉત્તમ કવિઓનાં કાવ્યનાટકોની વાર્તાઓ ગુજરાતીમાં ઉતારવાની ઇચ્છા ઉત્પન્ન થઇ હતી. આવા સાહિત્યની આવશ્યકતા વિષે કેટલાક મિત્રો તરફથી આગ્રહ થતાં તે ઇચ્છા દઢ થઈ; અને અંતે અત્યારે આ મૂર્ત રૂપે પ્રકટ થાય છે. સ્વ. નારાયણ હેમચંદ્રે તથા સ્વ. નવલરામભાઇએ પણ આ દિશામાં કરેલા કેટલાક પ્રયત્નો જોવામાં આવ્યા.

નાટક અને વાર્તા જો કે સાહિત્યનાં લગભગ એક જ જાતનાં અંગો છે, છતાં પણ ઉભયની વસ્તુસંકલનામાં ઘણો જ ફેર છે. આ પુસ્તકમાં આપેલી વાર્તાઓ વાંચી મૂળ નાટક સાથે સરખાવતાં આ કથનની સત્યતા પ્રતીત થશે. વાર્તામાં તો આરંભથી માંડીને અંત સુધી, કોઇ પણ અંશ છોડયા સિવાય સળંગ રીતે વાત કહેવાની હોય છે, જ્યારે નાટકમાં તેમ કરવામાં આવતું નથી. તેથી જ આ પુસ્તકમાં આપેલી વાર્તાઓનાં પ્રકરણો કેટલીક વાર મનસ્વિપણે પાડવામાં આવેલાં છે, મૂળ નાટકોના અંકો પ્રમાણે નથી. કાવ્યમાં પણ દષ્ટિ કરતાં જણાશે કે તેમાં પણ પ્રકરણો સ્વતંત્ર રીતે પાડેલાં છે, મૂળ કાવ્યના સર્ગો પ્રમાણે નથી. પ્રકરણનાં નામો પણ સ્વતંત્ર રીતે જ આપેલાં છે. તેથી જ કુમારસંભવ અને રઘુવંશ એ પ્રત્યેકના ૧૮–૧૯ સર્ગોને આ પુસ્તકમાં ૮–૯ પ્રકરણોમાં વહેંચી નાખેલા જણાશે. આ પુસ્તકમાં કોઇ પણ બાહ્ય કે આંતરિક બંધન તરફ ધ્યાન ન આપતાં **કેવળ વાર્તારસ અંખડિત રાખવા માટે** જ કાળજી રાખવામાં આવી છે એ સહજ સમજાઈ જશે.

આ વાર્તાઓની ગોઠવણીમાં કોઈ પણ જાતનો ખાસ ક્રમ જાળવવામાં આવ્યો નથી. કાલિદાસના ગ્રંથોના સામાન્ય રીતે મનાતા ઐતિહાસિક ક્રમ પ્રમાણે તો ઋતુસંહાર, કુમારસંભવ, માલવિકાગ્નિમિત્ર, વિક્રમોર્વશીય, મેઘદૂત, શાકુન્તલ અને રઘુવંશ એમ એક પછી એક આવે છે. તેમ જ આ ગ્રંથમાં નાટકો અને કાવ્યોની વાર્તાઓ ખાસ જુદી જુદી આપવામાં આવી નથી. અહીં, પ્રથમ રઘુવંશવર્ણન કરી પછી ત્રણ નાટયકથાઓ આપી, અંતે કુમારસંભવની કથા આપવામાં આવી છે. આમ થવાનું કારણ માત્ર આ લેખકનો રઘુવંશ તરફનો પક્ષપાત જ છે. રઘુવંશ અને શાકુંતલ એ બે ગ્રંથો મહાકવિ કાલિદાસે કોઇક ધન્ય ક્ષણોમાં રચેલા છે. ત્હેમની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રશંસામાં ઘણું ઘણું કહેવાઇ ગયું છે એટલે એ બાબતમાં વિશેષ કહેવું એ સોના પર ઢોળ ચઢાવવા જેવું છે.

સંસ્કૃત સાહિત્યના ઐતિહાસિક દૃષ્ટિએ અંધકારમય ભાસતા આકાશમાં કાલિદાસરૂપી ચકચકિત તારો ક્યારથી ચમકવા માંડયો, એ હજુ સુધી નક્કી કરી શકાયું નથી. પ્રાચ્ય તેમ જ પાશ્ચાત્ય વિદ્વાનોએ બાહ્ય અને આંતર પ્રમાણો બારીક રીતે તપાસી અથાગ શ્રમ લીધા છતાં પણ એ જાદુગરનાં સ્થાન કે સમય નિશ્ચિત કરી શકાયાં નથી. કેટલાકના મત પ્રમાણે કાલિદાસ ઇ. સ. ના અગર તે પૂર્વના પહેલા સૈકામાં થઇ ગયા; જ્યારે બીજા કેટલાક વિદ્વાનોના મત પ્રમાણે તે ઇ. સ. ના ચોથા અથવા છઠ્ઠા સૈકામાં થઇ ગયા. એક મત પ્રમાણે તેઓ ઉજ્જયિનીના રહેવાસી હતા; બીજા મત પ્રમાણે તેઓ કાશ્મીરના રહેવાસી હતા. (ઉજ્જયિની તરફનો ત્હેમનો પ્રેમ મેઘદૂતમાં તરવરી રહે છે, જ્યારે મેઘદૂત તથા કુમારસંભવમાં આવેલું હિમાલયનું વર્ણન કાંઇક અદ્‌ભુત અને તાદૃશ્ય ચિતાર ખડો કરે છે.) કાલિદાસનાં સ્થાન અને સમય વિષેની ચર્ચા હવે જૂની થઈ ગણાય, અને આ વાર્તાના પુસ્તકમાં તે અસ્થાને હોવાથી આપણે ત્હેને છેડીશું નહિ.

કાલિદાસ બહુશ્રુત કવિ હતા એ કહેવાની જરૂર નથી. તેઓ સંહિતા, ઉપનિષદ્‌, ભગવદ્‌ગીતા, પુરાણ, સાંખ્ય, યોગ, વેદાન્ત, જ્યોતિષ, વૈદ્યક વગેરે અનેક વિદ્યાઓના (ઓછાવત્તા પ્રમાણમાં) જ્ઞાતા હતા એમ ત્હેમના ગ્રંથો સાક્ષી પૂરે છે. કાદમ્બરીકાર બાણ, સપ્તશતીકાર ગોવર્ધનાચાર્ય વગેરે અનેક કવિઓએ પોતપોતાના ગ્રંથોમાં એ કવિવરની કરેલી સ્તુતિના શ્લોકો હરકોઈ સંસ્કૃતજ્ઞને કંઠે હોય છે.* ઉપર જણાવેલા સાત ગ્રંથો ઉપરાંત શ્રુતબોધ, શૃંગારતિલક, સેતુકાવ્ય, પુષ્પબાણવિલાસ વગેરે અનેક ન્હાના મ્હોટા ગ્રંથો ત્હેમના નામે ચઢેલા છે, એ ત્હેમની લોકપ્રિયતા અને

---

* निर्गतासु न वा कस्य कालिदासस्य सूक्तिषु ।
प्रीतिर्मधुरसार्द्रासु मञ्जरीष्विव जायते ॥ बाणः ।
साकूतमधुरकोमलविलासिनीकंठकूजितप्राये ।
शिक्षासमयेऽपि मुदे रतलीलाकालिदासोक्ती ॥
गोवर्धनाचार्यः ।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ખ્યાતિ પૂરવાર કરે છે. એ સાત ગ્રંથો ઉપરાંતના બીજા ગ્રંથો આ કાલિદાસના નથી, અથવા બીજા કોઇક કાલિદાસના છે એમ વિદ્વાનો-નો મત છે. ઉપર જણાવેલા સાત ગ્રંથોમાંથી ઋતુસંહાર અને મેઘદૂત આ પુસ્તકમાં લીધેલાં નથી, કારણ કે પહેલામાં વાર્તાઅંશ બીલકુલ જ નથી, કેવળ ઋતુઓનાં વર્ણનો છે, અને બીજામાં વાર્તા-અંશ બહુ જ થોડો છે, અને તે પણ આરંભના બે ત્રણ શ્લોકોમાં જ સમાપ્ત થાય છે. અલકાપતિ કુબેરનો સેવક એક યક્ષ પોતાની સ્ત્રીના પ્રેમપાશમાં વિશેષ જકડાવાથી કુબેરની સેવામાંથી ચ્યુત થયો. ત્હેને પરિણામે કુબેરે ત્હેને તે સ્ત્રીથી એક વર્ષ પર્યંત વિયુક્ત રહેવાની સજા ફરમાવી અથવા શાપ આપ્યો. તે પ્રમાણે સુશોભિત અલકા નગરીનો ત્યાગ કરી તે યક્ષ મધ્ય હિંદુસ્તાનમાં આવેલા રામગિરિ પર્વત પર આવીને રહ્યો. ત્યાં તે આષાઢ મહિનાના પડવે વાદળાં જુએ છે. મેઘદર્શન વિરહી લોકોને અસહ્ય થઇ પડે છે, તે પ્રમાણે આ યક્ષનું પણ બન્યું. અત્યંત ઉન્મત્ત અવસ્થામાં વિવેકહીન થઇ તે એકાદ મેઘને દૂત બનાવી પોતાની પ્રિયાને સંદેશો પાઠવે છે. પૂર્વ-મેઘમાં રામગિરિથી અલકા સુધીનો મેઘનો માર્ગ બારીક પણ આલંકારિક રીતે ચીતરેલો છે, અને ઉત્તરમેઘમાં યક્ષનું મંદિર, ત્હેની વિરહદુઃખી સ્ત્રી, તથા સંદેશાની કથાવસ્તુનાં વર્ણનો આપેલાં છે. આ રીતે આ રસિક ખંડકાવ્ય પૂરૂં થાય છે. ત્હેનો પ્રત્યેક શ્લોક સર્વાંગ સુંદર પહેલ પાડેલા હીરા જેવો લાગે છે. હંસદૂત, પદાંકદૂત, શુકસંદેશ વગેરે જે અનેક અનુકરણો થયાં છે તે ઉપરથી મેઘદૂતની વિદ્વત્પ્રિયતા જણાઇ આવે છે.

કાલિદાસની કાવ્યનિર્માણશક્તિ, વસ્તુસંકલના અને કલ્પના અદ્દભુત છે. શાકુન્તલ વાંચી ગેટે, હમ્બોલ્ટ, સ્લેજલ, લેસન, મોનીયર વીલીયમ્સ વગેરે પાશ્ચાત્ય રસિકો ગાંડાતુર બન્યા હતા એ વાત જગજાહેર છે. કાલિદાસની શૈલી ઋજુ અને પ્રાસાદિક હોઇ બાણ કે દંડીની માફક સમાસોના ભારથી લચી પડેલી નથી. તે તો એક પ્રમાણસર ઘાટીલાં અવયવવાળી સાદાં પણ સુંદર યોગ્ય વસ્ત્રા-લંકારોથી વિભૂષિત, મધુર પણ મિતભાષિણી, કોમળ લલના જેવી લાગે છે. ઇતર સાહિત્યના ઉત્તમ કવિઓની માફક કાલિદાસે પણ કુદરતનાં વર્ણનો છોડયાં નથી. उपमा कालिदासस्य એ વચનમાં જરા પણ અતિશયોક્તિ નથી. ત્હેમના ગ્રંથોમાં પદેપદે આપણને ત્હેનો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સાક્ષાત્કાર થાય છે. સત્યો અને અર્ધસત્યો રત્નકણિકાની માફક ત્હેમના ગ્રંથોમાં ઠેકઠેકાણે વેરાયેલાં જોવામાં આવે છે. क्षणे क्षणे यन्नवतामुपैति तदेव रूपं रमणीयतायाः એ સત્યની પ્રતીતિ કાલિદાસનાં કાવ્યનાટકોના પ્રત્યેક વાચકને થયા વિના રહેતી નથી.

'રઘુવંશ' એ નામ કવિએ શા ઉપરથી પસંદ કર્યું હશે એ કહેવું મુશ્કેલ છે. રઘુરાજા મહાપરાક્રમી અને ઈંદ્રજિત્ હતો, માટે ત્હેના નામ પરથી તે વંશનું તેમ જ કાવ્યનું નામ પડયું હશે એમ કેટલાકનો મત છે. વસ્તુતઃ એ મહાકાવ્યની વચ્ચેના કેટલાક સર્ગોમાં રામચરિત્રનું વર્ણન કરી કવિએ તે પહેલાંના સર્ગોમાં રામના પૂર્વજ દિલીપ, રઘુ, અજ અને દશરથનાં મુખ્ય મુખ્ય જાણવાજોગ ચરિત્રો વર્ણવ્યાં છે, અને ઉત્તર ભાગમાં લવ કુશ અને ત્યાર પછીના રાજાઓનાં છેક સંક્ષેપમાં વર્ણન આપ્યાં છે. છેવટનો સર્ગ જેમાં અગ્નિવર્ણ નામે મહાલંપટ અને વિષયાંધ રાજાના દુઃખદ અવસાનની તથા ત્હેના પછી ત્હેની સગર્ભા સ્ત્રીને ગાદીનશીન કર્યાની હકીકત આવે છે, ત્યાંથી જ કાલિદાસે પોતાના કાવ્યની સમાપ્તિ કરી હશે, અથવા તો તે પછીના કેટલાક સર્ગો કાળબળે લુપ્ત થયા હશે એમ સ્વાભાવિક શંકા ઉત્પન્ન થાય છે. દિવ્ય અને ઉજ્જ્વલ રઘુવંશનો અંતિમ (?) રાજા આવો છેક પામર આદમી હશે અને વળી ત્હેના વર્ણનથી જ કવિએ કાવ્યસમાપ્તિ કરી હશે એ આશ્ચર્યકારક લાગતું નથી? ગમે તેમ હો, પણ અહીં શંકા તેમ જ આશ્ચર્યને પૂરતો અવકાશ રહે છે.

કુમારસંભવનું વસ્તુ શિવપુરાણમાંથી લીધેલું જણાય છે. બાણનાં પાર્વતીપરિણયમાં પણ આ જ કથાનો કેટલોક ભાગ આવે છે. ઉમા અને શંકરનો વિવાહ જે ગર્વિત કામદેવથી સાધી શકાયો નહિ તેનાં તપશ્ચર્યા તેજ અને પવિત્રતાથી સધાયો એમ પ્રથમ સાત સર્ગમાં જણાવી, પછી કુમારનો (કાર્તિકેયનો) જન્મ તથા ત્હેનાં પરાક્રમો અને અંતે દેવતાઓને પીડનાર તારકાસુરના વધની વાર્તા આવે છે. આ ઉપરથી એ કાવ્યનું 'તારકાસુરવધ' એમ બીજું નામ પણ કહેવાય છે.

**नाटकं ख्यातवृत्तं स्यात्** એ સૂત્રનું કાલિદાસે ઉલ્લંઘન કર્યું નથી. માલવિકાગ્નિમિત્રં ઐતિહાસિક નાટક છે. પુષ્પસેન (અથવા પુષ્યસેન) સેનાપતિનો પુત્ર અગ્નિમિત્ર કાલિદાસનો સમ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કાલીન અથવા ત્હેની પૂર્વે થઇ ગયેલો ઐતિહાસિક રાજા છે. ઐલ પુરૂરવા અને ઊર્વશીની વૈદિક તેમજ પૌરાણિક વાર્તાને કવિએ રસિકતાથી વિક્રમોર્વશીય નાટકના રૂપમાં ગોઠવી છે. કાલિદાસની નાટકકાર તરીકેની પ્રતિભા એમાં જ સમાયેલી છે. એક સાદી અને નીરસ વાર્તાને ત્હેમાં કલ્પનાના રંગો પૂરી કેવી રીતે લોકપ્રિય અને રસિક બનાવવી એ કળામાં જ કાલિદાસ અને શેક્સ્પીઅરની સરખામણી કરવામાં આવે છે. શાકુન્તલનો દાખલો લઇએ.

મહાભારતમાં આપેલી શકુન્તલાની વાર્તા બીલકુલ સાદી છે. તે આ પ્રમાણેઃ "ચંદ્રવંશી દુષ્યન્ત રાજા મૃગયાવિહાર કરતાં કરતાં માલિની નદીના તટ પર આવેલા કણ્વઋષિના આશ્રમમાં આવી ચઢ્યો. તે સમયે ઋષિ ત્યાં નહિ હોવાથી શકુન્તલાએ ત્હેનો આદરસત્કાર કર્યો. રાજાને જિજ્ઞાસા થવાથી ત્હેણે શકુન્તલાનો જન્મવૃત્તાંત પૂછ્યો અને ત્હેણે ( શકુન્તલાએ ) તે અથેતિ કહી સંભળાવ્યો. આ રીતે તે ક્ષત્રિયબીજથી ઉત્પન્ન થયેલી છે એમ જાણી પ્રેમાતુર થયેલા રાજાએ ત્હેની પાસે પ્રેમયાચના કરી. પોતાનાથી થયેલા પુત્રને રાજગાદી મળે એ શરતે શકુન્તલા ત્હેની સાથે જોડાવા તત્પર થઇ. રાજા પોતાના રાજ્ય તરફ પાછો ફર્યો, પરંતુ ઋષિના શાપના ભયથી ત્હેણે શકુન્તલાને તેડવા માટે માણસ મોકલ્યું નહિ. અહીં, શકુન્તલા દુષ્યન્ત રાજાથી સગર્ભા થઈ છે એ વાતની કણ્વને ખબર પડતાં ત્હેમણે પોતાનો સંપૂર્ણ સંતોષ જાહેર કર્યો, અને પુત્રપ્રસવ થયા પછી તે બન્નેને રાજા પાસે મોકલ્યાં. રાજાએ લોકલાજથી બ્હીને ત્હેમનો ઇનકાર કર્યો પણ એટલામાં આકાશવાણી થઇ અને તેથી નિર્ભય થઈ રાજાએ ત્હેમનો સ્વીકાર કર્યો. આ રીતે શકુંન્તલા ત્હેની પટ્ટરાણી થઇ અને અંતઃપુરમાં રહેવા લાગી." આ સીધી સાદી વાતને નાટકના રૂપમાં મૂકવા માટે ઘણા અંશો ખૂટતા હતા જે કવિએ પોતાના કલ્પનાબળે પૂરા કર્યા છે. આ પુસ્તકમાં આપેલી વાર્તા વાંચવાથી આ કથનની સત્યતા જણાઇ આવશે. પ્રથમ તો શકુન્તલાનો વૃત્તાંત ત્હેના મ્હોડે ન કહેવડાવતાં પ્રિયંવદાને મ્હોડે કહેવડાવી કવિએ શકુન્તલાને વલ્કલવસ્ત્રનો છેડો મુખ પર આધો ખેંચી લજ્જાવશ બનાવી બાજુમાં કટાક્ષ ફેંકતી ઉભી રાખી છે. અનસૂયા અને પ્રિયંવદા એ બન્ને સખીઓનાં પાત્રો ઉત્પન્ન કરવામાં કવિહૃદયની રસિકતા ઝળકી ઉઠે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે. એ પાત્રો બહુ ઉત્તમ રીતે આલેખાયાં છે.* હેમનું કુદરતી આશ્રમ જીવન, નિર્દોષ પરિહાસ અને આનંદ, સરળ હૃદય, પ્રેમાળ સખ્ય એ સઘળું એટલી સુંદર રીતે અને કલામયતાથી ચીતરેલું છે કે તે વાંચતાં આપણને સ્વાભાવિક આનંદ થયા વિના રહેતો નથી. આશ્રમના એકાંત ખૂણામાં મળેલાં આ ચાર હૃદયોનો અનેક લાગણીઓથી ઉભરાતો વાર્તાલાપ, તથા રાજા અને ઋષિકન્યા વચ્ચે થતો પ્રેમનો ક્રમિક વિકાસ બારીકાઇથી તપાસતાં મનુષ્યહૃદયનું કવિનું જ્ઞાન આપણને સ્પષ્ટ જણાઇ આવે છે. આ ઉપરાંત દુર્વાસાનો શાપ, વીંટીનું ગુમ થવું અને તેથી રાજાની ભયંકર વિસ્મૃતિ, ત્હેને પરિણામે શકુન્તલાનો ઇનકાર તથા તે વખતની રાજાની અસ્તવ્યસ્ત અવસ્થા એ સઘળું વાચકના હૃદયના શોકની લાગણીઓને ઉશ્કેરી સમગ્ર નાટક પર વિષાદની છાયા છાઈ દે છે. ત્યાર બાદ રાજાનું સ્વર્ગગમન, ભરત (સર્વદમન)ની બાળક્રીડા, તથા તપોવનમાં મલિનવસના શકુન્તલા સાથે પુનર્મિલન આ બધા પ્રસંગો કવિની કલ્પનાએ જ ઉત્પન્ન કરેલા છે; અને તે કેટલા અસરકારક છે એ કહેવાની જરૂર નથી.

આ રીતે આ પ્રથમ ભાગમાં કાલિદાસના ગ્રંથોની જ વાર્તાઓ આપવામાં આવેલી છે. આ વાર્તાઓ લખવામાં, ઉપર જણાવ્યા પ્રમાણે, વાર્તારસ અખંડ રાખવાની જ કાળજી રાખેલી છે, અને તે બનતા સુધી મૂળ કવિના જ શબ્દોમાં. જ્યાં જ્યાં વર્ણનભાગ અતિશય અથવા વાર્તાને અનુપકારક જણાયો, ત્યાં ત્યાં ત્હેને સંક્ષિપ્ત બનાવી વાર્તાના અનુસંધાનમાં આપેલો છે. અર્થાત્ ઘણો ખરો ભાગ મૂળ ગ્રંથના અનુવાદ રૂપે જ આપેલો છે, માત્ર વાર્તાના આકારમાં

---

* શકુન્તલાના સાસરે ગયા પછી એ બન્ને પાત્રોનાં પુનર્દર્શન થતાં નથી. ત્હેમના વિષે કવિએ એક પણ શબ્દ કાઢયો નથી; કવિને ત્હેમની ઉપયોગિતા પછી જણાઇ નથી. આ બાબતમાં કવિવર શ્રી રવીન્દ્રનાથ ઠાકુરે પોતાના 'પ્રાચીન સાહિત્યમાં' 'કાવ્યની ઉપેક્ષિતાઓ' એ નામના લેખમાં બહુ જ સુંદર અને માર્મિક ટીકા કરેલી છે: "અમને તો લાગે છે કે રાજસભામાં દુષ્યંત શકુન્તલાને જે ઓળખી શકયો નહિ, તેનું મુખ્ય કારણ એ છે કે સાથે અનસૂયા અને પ્રિયંવદા ન હતી. શકુન્તલા એક તો તપોવનની બહાર અને વળી ખંડિતા! તેને કોણ ઓળખી શકે?" પ્રાચીન સાહિત્ય, પા. ૯૫. (પુરાતત્વમંદિર ગ્રંથાવલી)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એટલો જ ફેર. આ અનુવાદ આપવામાં આ ત્રણે નાટકોનાં મળી શક્યાં તેટલાં ગુજરાતી ભાષાંતરો જોયાં છે અને ત્હેમાંથી પણ કેટલોક કેટલોક સુંદર ગદ્યપદ્ય ભાગ લીધેલો છે તેથી તે તે ભાષાંતરકાર સાક્ષરોનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. રઘુવંશમાંના **અજ**વિલાપનું ભાષાંતર સ્વ. **કીલાભાઈ ઘ. ભટ્ટનું** કરેલું છે, અને તે ત્હેમના એક સંબંધીની ઉદારવૃત્તિથી અહીં આપેલું છે. કુમારસંભવમાંના રતિ-વિલાપનું ભાષાંતર મ્હારા મિત્ર રા. વિવિત્સુએ કરી આપેલું છે. આ ઉભય સજ્જનોનો હું આભારી થયો છું.

છેવટે, શ્રી સયાજી હાઈસ્કુલના પ્રિન્સિપલ સાક્ષર શ્રી. હીરા-લાલ **પ્ર.** શ્રૉફ જેમણે વગર આનાકાનીએ આ ગ્રંથની પ્રસ્તાવના લખી પોતાની વિદ્વત્તાથી તથા કેટલીક ઉપયોગી સૂચનાઓથી મ્હને ઉપકૃત કર્યો છે તે માટે ત્હેમનો પણ અંતઃકરણપૂર્વક આભાર માન-વાની તક લઉં છું.

ઉપયોગી શબ્દ કોષ પણ આપવામાં આવ્યો છે, જે વાચ-કોને કંઇક માર્ગદર્શક થશે એવી આશા છે.

**ન્હાનાલાલ નાથાભાઇ શાહ.**

---

# અનુક્રમણિકા.


પ્રસ્તાવના. ( રા. શ્રી હીરાલાલ વ્રજભૂખણદાસ શ્રૉફ, બી. એ. )
લેખકની પ્રસ્તાવના.
(૧) રઘુવંશ વર્ણન. ... ... ... ... પૃ. ૧—૫૮
(૨) માલવિકાગ્નિમિત્ર. ... ... ... ૫૯—૮૪
(૩) વિક્રમોર્વશીય. ... ... ... ... ૮૫-૧૧૧
(૪) અભિજ્ઞાન શકુન્તલા. ... ... ... ૧૧૨-૧૫૪
(૫) કુમારસંભવ યાને તારકાસુરવધ. ... ... ૧૫૫-૧૯૨
શબ્દકોશ.


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# જ્ઞાનવર્ધક પુસ્તકમાળાનાં પુસ્તકો.

(શરૂઆતથી તે ઇ૦ સન ૧૯૨૫ સુધીનાં)

**નવલકથા—**

૨—૦ હાસ્યમંદિર.
૨—૮ ચોખેરવાલી, ભાગ ૧–૨
૨—૦ ચંદા–રાજસ્થાનની વીરરમણી (ઐતિહાસિક)
૩—૦ ગુલામી વહેપાર, ભા. ૧–૨
૨—૮ ચક્રવર્તી અશોક.
૦—૮ નીલનેની.
૨—૮ ધર્મપાળ. (ઐતિહાસિક)
૧—૮ મહારાણા પ્રતાપસિંહ
૨—૪ શારદાનું સ્વાર્પણ
૨—૦ કથામંજરી, ભા. ૧ લો.
૩—૦ સદર ભા. ૨ જો.
૨—૦ હાસ્યકથામંજરી, ભાગ ૧લો
૨—૦ હાસ્યકથામંજરી, ભા. ૨જો
૩—૦ હરીકેશચંદ્ર, ભા. ૧ લો.
૨—૮ સદર ભા. ૨ જો.
૨—૮ સદર ભા. ૩ જો.
૦–૧૨ સુભદ્રા (સચિત્ર)
૦—૮ પાપીનો પસ્તાવો.
૧–૧૨ સંસ્કૃતસાહિત્યની કથાઓ.
૦—૮ કપૂરમંજરી.

**જીવનચરિત્ર–સંવાદ—**

૦–૧૨ ના. ગોપાલકૃષ્ણ ગોખલે.
૨—૦ ટૉમ્સ એલવા એડીસન.
૨—૦ ગુર્જર સાક્ષર જયંતીઓ.
૦–૧૦ સેક્રેટીસ અને તેના બે સંવાદ
૨—૮ સંવાદમાલા.

**નીતિ-નિબંધ—**

૩—૦ તત્વચિંતન; ખંડ ૧–૨ સાથે
૦—૮ પશુમાંથી દેવ (જેમ્સ એલન)
૦—૮ સ્વર્ગની સામગ્રી. ,,
૦—૮ વિજયધ્વજ. ,,
૧—૮ સુખશાંતિ વિચારણા.
૧—૮ જીવન-સુધારણાના સન્માર્ગ.
૧—૪ કરકસર-પૈસાદાર કેમ થવાય?
૧—૦ મેઝીનીના લેખો–માનવી કર્તવ્યો
`—૪ ગૃહિણી ભૂષણ; ભા. ૧–૨

**નાટક—**

૧—૮ સત્યભામા (સચિત્ર)
૧—૪ મેવાડ–પતન (,,)
૧—૪ સ્વામી વિવેકાનંદ.
૦–૧૨ સીતા (શ્રી. દ્વિજેન્દ્રલાલ રૉય)
૦—૮ મુક્તધારા (મૂ. લે. ડૉ. ટાગોર)

**દેશ–રાજ્ય–શિક્ષણ—**

૨—૦ જર્મનીની ઉન્નતિ શાથી થઇ?
૧—૦ શિક્ષાનો આદર્શ.
૩—૦ દેશદર્શન.

**ધર્મ—**

સંક્ષિપ્ત મહાભારત.
૩—૮ હિન્દુ ધર્મની પાઠમાળા.
૧–૧૨ મુક્તિમાળા, ખંડ ૧ લો.
૦—૮ બાલગીતા–પૂર્વાર્ધ.
૧—૮ ગીતાપરિચય.
૩—૦ આખ્યાન સંગ્રહ; ભા. ૧લો.

**રૂ. એક પ્રવેશ ફી**—ગ્રાહક થતાં એક વખત આપીને ગ્રાહક થયા પછી ચાલુ સાલનાં બધાં પુસ્તકો અર્ધી કીંમતે અપાય છે; ને ઉપલામાંથી જે માગે તે પોણી કીંમતે મળે છે. લખોઃ—

**જીવનલાલ અમરશી મહેતા.**
**સંપાદક; અમદાવાદ.**

# સંસ્કૃત સાહિત્યની કથાઓ.

## ( ભાગ ૧ લો )

## (૧)—રઘુવંશવર્ણન

### પ્રકરણ ૧ લું : દિલીપ

આરંભમાં જગતનાં જનકજનની શંકરપાર્વતીને નમસ્કાર કરી, મહાકવિ કાલિદાસ નમ્રપણે પોતાની લઘુતા દર્શાવે છેઃ 'સૂર્ય-દેવથી ઉત્પન્ન થયેલો વંશ ( સૂર્યવંશ ) ક્યાં, અને ક્યાં મ્હારી અલ્પ બુદ્ધિ ! ઉભયનો યોગ અસ્થાને છે. તોપણ, દુસ્તર મહાસાગરને એક નાનકડા નાવડાથી તરવાનો પ્રયત્ન કરનાર મહામૂર્ખની માફક હું એ ઉદાત્ત વંશનું વર્ણન કરવા માટે તત્પર થયો છું ! ખરેખર ઉંચે લટકતા ફળની આશા કરી હાથ ઉંચા કરનાર ઠીંગણા માણસની પેઠે હું પણ વિદ્વાનોના ઉપહાસને પાત્ર થઇશ. પરંતુ ધન્ય છે પ્રાચીન કવિઓને. ત્હેમણે નિર્દેશેલા માર્ગે જતાં, છિદ્રવાળા મણકામાંથી પસાર થતા દોરાની માફક, મ્હારી ગતિ સરળ અને નિર્વિઘ્ન જ થઇ રહેશે.'

સૂર્યવંશી રાજાઓનું ચરિત્ર અતિ પાવન અને ઉન્નતિકર છે. તેઓ સાર્વભૌમ રાજાઓ હોવા છતાં આમરણાન્ત પવિત્ર, ઉદ્યમી, પરાક્રમી, ધાર્મિક, ઉદાર અને માયાળુ હતા; અપરાધિઓને દંડ આપવામાં તત્પર, સત્ય અને આવશ્યક ભાષણ કરનાર તથા યશસ્વી હતા; કૌમાર અવસ્થામાં વિદ્યાભ્યાસ, યૌવનમાં વિષયભોગ, વૃદ્ધાવસ્થામાં સંન્યાસ અને અંતે યોગમાર્ગે દેહત્યાગ એ આ રાજાઓનું જાણે કુલવ્રત હતું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવા પવિત્ર વંશમાં વૈવસ્વત મનુ નામે એક મહાન રાજા થઈ ગયો છે. જેમ વેદોમાં ઓંકાર એ પ્રથમાક્ષર છે, તેમ રાજાઓ-માં એ પ્રથમ હતો. આગળ જતાં એના વંશમાં દિલીપ નામે એક પરમ પવિત્ર રાજા થયો હતો. જાણે ક્ષત્રિય ધર્મ જ મૂર્તિમાન અવતર્યો હોય એવો કદાવર અને બલવાન ત્હેનો દેહ હતો: ત્હેની છાતી પહોળી, ખાંધ બળદના જેવી મજબુત, હાથ લાંબા અને શરીર વૃક્ષની પેઠે ઉન્નત હતાં. દેહ અને આકાર પ્રમાણે ત્હેની બુદ્ધિ પણ વિશાળ હતી; બુદ્ધિ પ્રમાણે શાસ્ત્રાભ્યાસ પણ ઉંડો; અને ત્હેનાં કાર્યો પણ તેવાં જ ગહન; અને ત્હેમની ફલસિદ્ધિ પણ તેવી જ ઉચ્ચ રહેતી. આવા સુંદર અને ભયંકર ગુણોને લીધે તે સેવકોના હૃદયમાં પ્રેમ અને ભયની છાપ પાડી શકતો. તેથી ત્હેની પ્રજા નિયમમાં રહી સર્વ કાર્ય કરતી. ત્હેમની પાસેથી જે કર લેવામાં આવતો, તે ત્હેમના જ હિતનાં કાર્યોમાં વપરાતો. રાજા પાસે મ્હોટું સૈન્ય રહેતું, પણ તે માત્ર શોભાનું જ; સર્વ કાર્યો તો ત્હેનાં તીક્ષ્ણ બુદ્ધિ અને પરાક્રમી ધનુષ્યની સાહાય્યથી જ થતાં.

આત્મરક્ષણ કરવામાં તે ભય રાખતો નહિ; ધર્મમાં સદા તત્પર રહેતો; લોભ રાખ્યા સિવાય તે ધનસંગ્રહ કરતો અને સુખનો ઉપ-ભોગ કરવા છતાં તે અનાસક્ત રહેતો. ત્હેનામાં જ્ઞાન હોવા છતાં મૌનશક્તિ પણ હતી; બળ સાથે ક્ષમા હતી; દાનવીર હોવા છતાં ત્હેને આત્મપ્રશંસા પસંદ ન હતી; ત્હેનો વિદ્યાભ્યાસંગ એટલો બધો દૃઢ હતો કે તે વૃદ્ધ થયા વિના પણ વૃદ્ધ ( જ્ઞાનવૃદ્ધ ) ગણાતો. સઘળી પ્રજા ત્હેને પિતા તુલ્ય લેખતી. રાજ્યમાં ચોરનું નામ ન મળે. આવી રીતે પ્રેમ અને ભયથી તે આખી પૃથ્વીનું, એક નગરની માફક રાજ્ય ચલાવતો.

દિલીપ રાજાને અનેક રાણીઓ હતી. તે સર્વમાં મગધરાજ-કન્યા સુદક્ષિણા પટ્ટરાણીપદ ભોગવતી હતી. તે અતિશય રૂપવતી અને પતિવ્રતા સ્ત્રી હતી. રાજાને હજુ સુધી એક પણ સંતાન થયું ન હતું, તેથી ત્હેને સર્વ પ્રકારે સુખ હોવા છતાં, ત્હેના અંતઃકરણમાં એક પ્રકારની વ્યથા થયા કરતી હતી. આખરે ત્હેણે સર્વ રાજ્ય-કારભાર પ્રધાનમંડળને સોંપી પોતે પટ્ટરાણી સાથે વસિષ્ઠગુરુને આશ્રમે જઈ સંતાન માટે પ્રયત્ન કરવાનો નિશ્ચય કર્યો. તે પ્રમાણે એક શુભ દિવસે પ્રાતઃકાળમાં એ દંપતી સુંદર રથમાં બેસી વસિષ્ઠઋષિના આશ્રમે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તરફ જવા નીકળ્યાં. આશ્રમને કોઇપણ જાતની પીડા ન થાય એ હેતુથી બહુ જ થોડા, ખપ પૂરતા જ, નોકર ચાકરો સાથે લીધા.

રથે શહેરના રસ્તા મૂકી અરણ્યની વાટ લીધી. હરિયાળાં ખેતરો અને ફુલની વાડીઓમાંથી વાતો સુગંધિ પવન રાજદંપતીની ઘ્રાણેન્દ્રિયોને તૃપ્ત કરવા લાગ્યો. રથનો અવાજ સાંભળીને ઉંચી ડોક કરી ચીસો પાડતા મોરપક્ષીઓના અવાજ વારંવાર કર્ણપટ ઉપર અથડાવા લાગ્યો. અનેક ચપળ હરણાં આમતેમ દોડતાં જણાતાં. આકાશમાં લાંબી ડોક કરીને જોઇ રહેલાં સારસપક્ષીઓનું જાણે તોરણ જ બંધાઇ ગયું હોય એમ લાગતું. માર્ગમાં આવેલી અનેક તળાવડીઓમાં ખીલેલાં સુંદર કમળોમાંથી નીકળતો સુગંધિ વાસ રાજદંપતીને આનંદ આપી રહ્યો હતો. રાજાની સ્વારી આ રસ્તેથી જાય છે એમ ખબર પડતાં આજુબાજુનાં ગામડાંમાંથી અનેક ભરવાડો તાજું માખણ લાવી રાજારાણીને નજરાણો કરતાં. રાજા ત્હેમને વનવૃક્ષોનાં નામો પૂછતો. આ પ્રમાણે અનેક પ્રકારના વિનોદ કરતાં કરતાં રાજદંપતી સંધ્યાકાળે ઋષિના આશ્રમ નજીક આવી પહોંચ્યાં.

તે સમયે કેટલાક તપસ્વિલોકો કુશઘાસ અને સમિધ લઇને અરણ્યમાંથી પાછા ફરતા હતા. પર્ણકુટીઓનાં આંગણાંમાં હરણોનાં ટોળાં મ્હોમાંના કોળીયા વાગોળતાં આમ તેમ પડયાં હતાં. ત્યાં ઉગાડેલાં ઝાડોના ક્યારામાં ઋષિકન્યાઓએ તરતનું રેડેલું પાણી પક્ષીઓ પી રહ્યાં હતાં. અગ્નિમાં નાખેલી આહુતિઓનો ગંધ ચોતરફ પ્રસરતો હતો. રાજારાણીને ત્યાં આવેલાં જોઈ તપસ્વિઓ ભેગા થયા અને ત્હેમનો યથોચિત સત્કાર કર્યો. રાજદંપતી રથમાંથી ઉતર્યાં અને સર્વને પ્રણામ કરી વસિષ્ઠઋષિની પર્ણકુટીમાં ગયાં. ત્યાં ઋષિપત્ની અરુન્ધતી પતિની સેવા કરી રહ્યાં હતાં. રાજદંપતીએ બન્નેને નમસ્કાર કરી ત્હેમના ચરણસ્પર્શ કર્યાં. ઋષિએ પણ ત્હેમને ઉચિત માનપુરઃસર આસન આપી બેસાડયા.

ત્યાર બાદ ઋષિએ રાજ્યના કુશળ સમાચાર પૂછ્યા.

રાજાએ વિનયથી ઉત્તર આપ્યોઃ “ મહારાજ ! રાજ્યમાં સર્વત્ર શાંતિ છે. અમારી દૈવી તથા માનુષી ઉભય આપત્તિઓનો પ્રતિકાર કરવા. જ્યાં સુધી આપ જેવા સમર્થ ગુરુ છે, ત્યાં સુધી અમારૂં કોઇ પણ જાતનું અનિષ્ટ થવું અસંભવિત છે. વર્ષા પણ યોગ્ય સમયે અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અનુકૂળ પ્રમાણમાં પડ્યા કરે છે. આપના તપના પ્રભાવથી પ્રજામાં કોઈ પણ જાતનો ઉપદ્રવ નથી. માત્ર એક જ બાબતની ન્યૂનતા છે, તે એ કે અમને હજુ સુધી સંતતિસુખ પ્રાપ્ત થયું નથી. આથી મ્હને લાગે છે કે મ્હારા પિતૃઓ સંતોષપૂર્વક શ્રાદ્ધનું અન્ન ગ્રહણ કરતા નહિ હોય. તપ, દાન વગેરેનું પુણ્ય તો પરલોકમાં સુખ આપનાર છે, પરંતુ શુદ્ધ સંતતિ તો આ લોક અને પરલોક ઉભયમાં સુખકર છે. પુત્રસુખથી વંચિત રહેલા મ્હને જોઇને આપને પણ જરૂર દુઃખ થતું હશે. તો હે ગુરો! જેથી હું આ પિતૃઋણમાંથી મુક્ત થાઉં એવા ઉપાય મ્હને કૃપા કરી બતાવો."

રાજાની પ્રાર્થના સાંભળી ઋષિને દયા આવી. તે ક્ષણમાત્ર ધ્યાનસ્થ થયા અને રાજાના સંતતિવિચ્છેદનું કારણ જાણી લીધું. પછી મ્હોટેથી તે રાજાને કહેવા લાગ્યાઃ "રાજન્! પહેલાં એક સમયે ત્હમે ઇંદ્રની ઉપાસના કરી રથમાં બેસી સ્વર્ગમાંથી પાછા ફરતા હતા, તે વખતે કલ્પતરુની છાયામાં સ્વર્ગની કામધેનુ સુરભિ આરામથી બેઠી હતી. તે વખતે આ ત્હમારી પત્ની ઋતુસ્નાતા થઇ હતી, અને ત્હમે મનમાં ત્હેનું ચિંતન કરતા હતા, તેથી ત્હમારૂં ધ્યાન સુરભિ તરફ દોરાયું નહિ, અને ત્હમે ત્હેની પ્રદક્ષિણા વગેરે અર્ચન કરવાનું ભૂલી જઇ પૃથ્વી તરફ ઉતરી આવ્યા. આથી કામધેનુએ કુપિત થઇ ત્હમને શાપ આપ્યો કે 'ત્હેં મ્હારૂં અપમાન કર્યું છે માટે જ્યાં સુધી તું મ્હને અથવા મ્હારી પ્રજાને પ્રસન્ન કરીશ નહિ, ત્યાં સુધી ત્હને સંતતિ થશે નહિ.' તે વખતે આકાશગંગામાં પ્રચંડ હાથીઓ બરાડા પાડી ક્રીડા કરી રહ્યા હતા, તેથી ત્હમે કે ત્હમારો સારથિ એમાંથી કોઇ પણ કામધેનુનો શાપ સાંભળી શક્યા નહિ. ત્હમને સંતાન નહિ થવાનું આ એક જ કારણ છે. પૂજ્યની અવમાનના શ્રેયને પ્રતિબન્ધક છે. હાલમાં પાતાળમાં વરુણદેવે લાંબા સમયનો યજ્ઞ આરંભ્યો છે; સુરભિ ત્યાં ગયાં છે. તેથી એકચિત્તથી જો ત્હમે દંપતી ત્હેની પુત્રી **નન્દિની**ની આરાધના કરો, તો થોડા સમયમાં શાપની નિવૃત્તિ થશે, અને ત્હમને સંતાનનું સુખ પ્રાપ્ત થશે."

આ પ્રમાણે **વસિષ્ઠ**મુનિ બોલતા હતા એટલામાં **નન્દિની** વનમાં ચરીને ત્યાં આવી પહોંચી. પોતાના વાછરડાને જોઇને પ્રેમને લીધે ત્હેનાં આંચળમાંથી દૂધની ધારાઓ વહેતી હતી. વસિષ્ઠે ગાયને આવી પહોંચેલી જોઇને રાજાને કહ્યું: "રાજન્! નામનો ઉચ્ચાર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરતાંની સાથે આ શુભલક્ષણા **નન્દિની** આવી પહોંચી; તેથી હું ધારૂં છું કે ત્હમારી કાર્યસિદ્ધિ હવે દૂર નથી. હું વ્રતનો વિધિ ત્હમને કહું છું તે પ્રમાણે કાલથી જ વ્રતનો આરંભ કરો: કેવળ ફળમૂળનો આહાર કરીને ત્હમારે સતત આ ગાયની સેવામાં તત્પર રહેવું પડશે. એ ચાલવા માંડે એટલે ત્હમારે ચાલવું; એ ઉભી રહે એટલે ત્હમારે ઉભા રહેવું; એ બેસે ત્યાર પછી ત્હમારે બેસવું; એ પાણી પીએ ત્યાર પછી ત્હમારે પાણી પીવું. સુદક્ષિણાએ પ્રાત:કાળમાં ગાયની પૂજા કરી ત્હેને તપોવન સુધી વળાવવા જવું, અને સાંજે તે ચરીને આવે ત્યારે ત્હેને સામા લેવા જવું. બન્નેએ સંયમધર્મ પાળવો. આ રીતે **નન્દિની** પ્રસન્ન થાય ત્યાં સુધી ત્હમારે એકનિષ્ઠાથી ત્હેની સેવા કર્યા કરવી."

રાજદંપતીએ સર્વ વિધિ કબુલ કરી અને વ્રતની દીક્ષા લીધી. ઋષિએ બતાવેલી પર્ણકુટીમાં ત્હેમણે દર્ભની શય્યા ઉપર રાત્રિ ગાળી. સવારમાં વિદ્યાર્થીઓનો વેદોચ્ચાર થતાં તેઓ ઉઠયાં અને પ્રાત:કર્મથી પરવારી ગાયની સેવામાં હાજર થયાં.

સુદક્ષિણાએ ઋષિના કહ્યા પ્રમાણે ગન્ધમાલ્ય વડે યથાવિધિ **નન્દિની**ની પૂજા કરી, વાછરડાને ધવડાવ્યું અને ચરવા માટે ત્હેને છોડી. ગાયની પાછળ પાછળ રાજદંપતી ચાલવા લાગ્યાં. જ્યારે ગાયે તપોવન મૂકી અરણ્યનો રસ્તો લીધો, ત્યારે સુદક્ષિણા પાછી ફરી અને એકલો રાજા તે ગાયની પાછળ ચાલ્યો. પોતે ગોસેવામાં દાખલ થયેલો હોવાથી, ત્હેણે રાજ્યમાંથી સાથે આણેલા થોડા નોકરોને પણ રજા આપી, અને પોતે અનન્યભાવથી ગાયની સેવા કરવા લાગ્યો. કોમળ હરિયાળું ઘાસ દેખે, તો રાજા તરત તે ઉપાડી કલ્લા કરી ગાયના મુખમાં મૂકતો; ડાંસ વગેરે જંગલી જંતુઓને તે વારંવાર ઉરાડતો; ગાયના શરીરના કોઈ ભાગમાં ખંજવાળ આવે તો તે જગ્યાએ ત્હેને આરામ થતા સુધી ખણતો અને પંપાળતો. રાજા ગાયને કોઇ પણ રસ્તે દોરતો નહિ, પરંતુ ત્હેને સ્વચ્છંદ વૃત્તિથી જવા દેતો અને પોતે ત્હેની પાછળ પાછળ ચાલ્યો જતો. ગાય ચાલે તો રાજા ચાલતો, ઉભી રહે તો ઉભો રહેતો, બેસે તો બેસતો, પાણી પીએ તો પાણી પીતો. આ પ્રમાણે ગાયના પડછાયાની માફક રાજાએ ત્હેનું અનુસરણ કરવા માંડયું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ વખતે રાજાનો વેશ તદ્દન સાદો હતો. ત્હેણે પોતાના વાળ લતા વડે ઉંચા બાંધ્યા હતા, અને હાથમાં ધનુષ્બાણ લીધું હતું, જાણે કે જંગલનાં હિંસક પશુઓનો ઉચ્છેદ કરવા તત્પર થયો ન હોય ! છતાં પણ ત્હેનું રાજતેજ અને અંતકરણનાં દયા તથા પ્રેમ છૂપાય તેમ ન હતાં. હરણાંનાં ટોળાં નિર્ભય થઇને આંખો ફાડી ફાડીને ત્હેના તરફ જોઇ રહેતાં. અનેક પ્રકારનાં પક્ષીઓ મધુર કલ-રવ કરીને રાજાને આવકાર આપતાં હતાં ! તે અરણ્યમાં થઇને જતો ત્યારે વૃક્ષો અને લતાઓ ત્હેના પર પુષ્પવૃષ્ટિ કરતાં! વાંસનાં ઝુંડોમાં પવન ભરાવાથી એક જાતનું સંગીત પેદા થતું, તેથી એમ લાગતું કે વનદેવીઓ ત્હેનાં યશોગાન ઉચ્ચસ્વરે ગાઇ રહી હતી! અનેક ઝરાઓમાં થઇને વાતો શીતળ પવન, પુષ્પોના સંસર્ગમાં આવી સુગંધમય બની, તાપમાં તપેલા રાજાને આનંદ ઉપજાવતો.

આ પ્રમાણે અનેક રીતે વિનોદ કરતો રાજા તથા **નન્દિની** સાયંકાળે આશ્રમ તરફ આવવા નીકળ્યાં. અરણ્યનાં સાયંકાલીન મનો-હર દશ્યો જોતાં જોતાં બન્ને જણ તપોવનમાં આવી પહોંચ્યાં. રાણી સુદક્ષિણા ગન્ધમાલ્ય અને અક્ષત લઇને ગાયની પૂજા માટે આવીને ઉભી રહી હતી. ત્હેણે યથાવિધિ ગાયની પૂજા કરી; અને પોતાના વાછરડાને જોવા માટે ઉત્સુક થયેલી ગાયે શાંત ઉભી રહીને પૂજાનો સ્વીકાર કર્યો એ જોઇ રાજદંપતીને અત્યાનંદ થયો. રાજા અને રાણી બન્નેની વચ્ચે ઉભેલી રાતી ગાય, રાત્રિદિવસની મધ્યમાં આવેલી સંધ્યા માફક શોભવા લાગી. પછી ત્રણે જણ આશ્રમમાં પહોંચ્યાં. રાજ-દંપતીએ ગુરુ અને ગુરુપત્નીના પાદસ્પર્શ કર્યા અને સાયંવિધિ સમાપ્ત કરી, ફરીથી ગાયની સેવામાં તત્પર થયાં. ગાયના ઉંઘી ગયા પછી, તેઓ પણ પોતાની પર્ણકુટીમાં જઇ ઉંઘી ગયાં અને નિયમ પ્રમાણે પ્રાતઃકાળમાં ઉઠયાં.

આ ક્રમથી રાજદંપતીએ એકવીસ દિવસ સુધી ગાયની અનન્ય ભાવે સેવા કરી. બાવીસમે દિવસે રાજાની પરીક્ષા કરવાની ઇચ્છાથી **નન્દિની** અરણ્યમાં ચરતાં ચરતાં ગંગાના મૂળ આગળ હિમાલયની એક ગુફામાં પેઠી. **નન્દિની**ને કોઈ પણ હિંસક પશુ ઇજા કરી શકે તેમ નથી એવી રાજાની ખાતરી થયેલી હોવાથી તે ગાય તરફ ધ્યાન ન આપતાં પર્વતની નૈસર્ગિક શોભા જોવામાં ગૂંથાયલો હતો. એટલામાં એક સિંહે આવી **નન્દિની** ઉપર ત્રાપ મારી. આથી **નન્દિની**એ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જોરથી અવાજ કર્યો. આ આર્તનાદ સાંભળી રાજાની દૃષ્ટિ એકદમ તે તરફ ખેંચાઇ અને ત્હેણે ગાય ઉપર બેઠેલા એક સિંહને જોયો. રાજા પંજો ઉગામી ક્રુદ્ધ થયો અને તરતજ ત્હેનો જમણો હાથ બાણના ભાથા તરફ ગયો. પરંતુ બાણ કાઢવાને બદલે, ત્હેનો હાથ બાણના છેડાનાં પીછાં ઉપરજ ચિત્રની માફક સ્થિર થઇ ગયો. હવે ત્હેના ક્રોધનો પાર રહ્યો નહિ. ત્હેની મુઝવણ પણ વધી પડી, અને ત્હેની સ્થિતિ મંત્રથી હીનશક્તિ થયેલા સર્પના જેવી થઈ રહી.

અંતે સિંહ મનુષ્યવાણીથી રાજાને ઉદ્દેશીને કહેવા લાગ્યોઃ "રાજન્! વૃથા શ્રમ કરશો નહિ. ત્હમારો હાથ છૂટો હોત અને ત્હમે મ્હારા તરફ બાણ ફેંક્યું હોત, તો પણ તે વૃથા જ નિવડત. વંટોળીયો ઝાડને ઉખાડી નાંખે, પર્વત આગળ તો તે નકામો જ છે. હું સાધારણ સિંહ નથી–મ્હારૂં નામ કુમ્ભોદર, હું ભગવાન **શં**કરનો સેવક છું. જ્યારે ભગવાન નન્દી પર સ્વારી કરવા જાય છે ત્યારે પ્રથમ મ્હારી પીઠ પર પગ મૂકીને ચઢે છે. રાજન્! પેલું દેવદાર વૃક્ષ જણાય છે, તે ભગવાનને બહુ પ્રિય છે; ત્હેમનો ત્હેના તરફ પુત્ર સમાન પ્રેમ છે. સ્વયં **પાર્વતી**દેવીએ પોતાના હાથે પાણી પાઈ ત્હેને ઉછેર્યું છે. એક દિવસ એક જંગલી હાથીએ અહીં આવી પોતાનું ગંડસ્થળ એના થડ સાથે ઘસ્યું, તેથી એની છાલ ઉખડી ગઇ. આથી દેવીને પોતાના પુત્ર કુમારને ઘા વાગ્યો હોય એટલું દુઃખ થયું. તે દિવસથી ભગવાને મ્હને સિંહ બનાવી આ વૃક્ષના રક્ષણ માટે નીમ્યો છે અને આજ્ઞા કરી છે કે 'જે કોઇ પ્રાણી આ ભાગમાં આવી ચઢે ત્હેનું ત્હારે ભક્ષણ કરવું.' માટે ભગવાનના આદેશ અનુસાર આ ગાય મ્હારા ભાગ્યમાં આજે આવી પડી છે અને ત્હેના દેહ વડે હું મ્હારી ક્ષુધાને શાંત કરીશ. રાજન્! માટે અંતરમાંથી સઘળી લજ્જા કાઢી નાંખી ઋષિના આશ્રમે પાછા જાઓ. એથી ગુરુ તરફ ત્હમારી ભક્તિ ઓછી છે એમ કોઈ કહેનાર નથી; કારણ કે જે વસ્તુનું રક્ષણ શસ્ત્રથી પણ શક્ય નથી ત્હેમાં ક્ષત્રિય શું કરી શકે એમ છે?"

આ પ્રમાણે સિંહની હિંમતભરી મનુષ્યવાણી સાંભળીને રાજાને પ્રથમ તો આશ્ચર્ય થયું; અને ભગવાન **શં**કરના પ્રતાપથી પોતાની આવી સ્થિતિ થઇ છે એમ જાણી ત્હેની અપમાનની લાગણી જરા દૂર થઇ; તો પણ આ પહેલી જ વાર પોતાનો શસ્ત્રપ્રયોગ નિષ્ફળ ગયો છે એમ જાણી ત્હેને જરા ખેદ થયો. અંતે તે સિંહ પ્રત્યે કહેવા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લાગ્યો: "હે મૃગેન્દ્ર ! ત્હમે ભગવાન શંકરના સેવક છો, તેથી હું જે કહેવા માગું છું તે પહેલેથી જાણી ગયા તો હશોજ, અને તેથી મ્હને ઉપહાસને પાત્ર પણ ગણશો. ભગવાનની આજ્ઞા હું માથે ચઢાવું છું, પરંતુ મ્હારા ગુરુનું સર્વસ્વ, આ નન્દિની, ત્હેનો મ્હારી આંખ તળે વિનાશ થતો હું સહન કરી શકું નહિ. માટે મ્હારી નમ્ર પ્રાર્થના એ છે કે ત્હમારી ક્ષુધાની શાંતિ આ મ્હારા દેહ વડે કરી મહર્ષિની ગાયને મુક્ત કરો.આથી ગાય પણ સુરક્ષિત રહેશે અને ત્હમારી ભૂખ પણ મટશે."

રાજાની પ્રાર્થના સાંભળી સિંહ જરા હસ્યો અને ફરીથી કહેવા લાગ્યો: "રાજન્ ! ત્હમને શું કહેવું ? આ એક ગાયની ખાતર ત્હમે કેટલું બધું સમર્પણ કરવા બેઠા છો ? આવડું મ્હોટું સામ્રાજ્ય, પ્રફુલ્લ યૌવન, અને આવું મનોહર શરીર ! ખરેખર ત્હમારી મતિમાં ભ્રમ થયો છે ! અગર જો ત્હમારા અંતઃકરણમાં પ્રાણી માત્ર માટે દયા ઉત્પન્ન થતી હોય, તો હું ત્હમને જણાવું છું કે અહીં પણ ત્હમે ભૂલ કરો છો. કારણ કે ત્હમારા દેહાર્પણથી માત્ર આ એકજ ગાય જીવી શકશે. તે કરતાં જો ત્હમે જીવતા રહેશો તો કેટલાયે કાળ સુધી અનેક પ્રાણીઓને દુઃખમાંથી બચાવી શકશો. અગર જો, મહર્ષિના કોપથી ત્હમે બ્હીતા હો, તો ખરેખર એના કરતાં બીજી હલકી ભીતિ હોઈ શકે નહિ; કારણ કે મહર્ષિને બીજી સેંકડો ગાયો આપશો એટલે એમનો ક્રોધ તરત શાંત થઇ જશે. માટે રાજન્ ! મ્હારી એટલી વિનંતી છે કે અનેક કલ્યાણોનો ઉપભોગ કરનાર આ ત્હમારા તેજસ્વી દેહનું કોઇ પણ પ્રકારે રક્ષણ કરવું એ ત્હમારો પ્રથમ ધર્મ છે."

સિંહનાં આવાં લલચાવનારાં વચનો સાંભળીને રાજા પોતાના નિશ્ચયમાંથી જરા પણ ડગ્યો નહિ. ઉલટું, ગાયનો દયામણો ચહેરો અને 'મ્હને બચાવો' એમ જાણે કહેતી હોય એવી ત્હેની આંખો જોઇને, રાજાનો દયાભાવ વિશેષ આર્દ્ર થયો તથા નિશ્ચય વિશેષ દૃઢ થયો. ત્હેણે સ્પષ્ટતાથી સિંહને જણાવ્યું: "હે કેસરિન્ ! જગત્માં 'ક્ષત્રિય' કાંઈ વ્યર્થ કહેવાતો નથી. **क्षतात् त्रायते इति क्षत्रः** । 'ક્ષત' એટલે 'વિનાશ.' તેમાંથી બીજાનું રક્ષણ કરે માટે તે ક્ષત્રિય કહેવાય છે. જો મ્હારૂં વર્તન આથી વિરુદ્ધ હોય, તો મ્હને ધિક્કાર છે ! આવા ગોઝારા જીવતરથી મરણ બહેતર છે. કીર્તિ કલંકિત થઈ પછી રાજ્ય શા કામનું ? વળી ત્હમે કહ્યું કે મહર્ષિને સેંકડો બીજી ગાયો આપવાથી ત્હેમનો ક્રોધ શાંત થઇ જશે. પણ ના. અહીં ત્હમારી ભૂલ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે. સેંકડો શું, પરંતુ કરોડો બીજી ગાયો પણ આ એક ગાયની બરોબર થઇ શકે તેમ નથી. આ કાંઈ સાધારણ ગાય ન્હોય. સ્વર્ગની કામધેનુથી આ કોઇ પણ રીતે ઉતરે તેમ નથી. ત્હમે ત્હેના ઉપર ત્રાપ મારી શકયા તે માત્ર ભગવાન શંકરના જ પ્રતાપથી, બાકી કોઇ પણ પ્રાણીની શક્તિ નથી કે ત્હેના તરફ પંજો સરખો ઉપાડી શકે. હવે ત્હેને છોડવવાનો બીજો કોઇ માર્ગ નથી, તો આ દેહ અર્પણ કરીને પણ ત્હેનું રક્ષણ કરવું એ મ્હારો પ્રથમ ધર્મ છે. અરે, બીજી વાતો જવા દો. હું માત્ર એટલુંજ પૂછું છું—અને ત્હમે પણ સેવકધર્મ જાણો છો, અને તેથી આ દેવદારના બચાવ માટે આટલો બધો પ્રયત્ન કરો છો,—કે કોઈ પણ સેવક, પોતાને સોંપેલી વસ્તુનો વિનાશ કરાવી, શેઠને કેવી રીતે મ્હોઢું બતાવી શકે ? જો કે ત્હમને મ્હારા પર કોઇ પણ રીતે દયા આવતી હોય અને તેથી મ્હને અવધ્ય ગણતા હો, તો પણ મ્હારી આટલી પ્રાર્થનાનો જરૂર સ્વીકાર કરશો. હવે આપણે બન્નેનો પરસ્પર વાર્તાલાપ થયો છે, તો આપણી એક પ્રકારની મિત્રતા થઇ એમ સમજો. હું આ મિત્રતાના દાવાથી આગ્રહપૂર્વક કહું છું કે બીજા બધા વિચાર છોડીને મ્હારા યશ:શરીર ઉપર દયા લાવો, અને આ ભૌતિક શરીરનો ખુશીથી નાશ કરો. આ માટીનો લોચો ગમે ત્યારે નાશ પામવાનો જ છે, અને મ્હારા જેવાને ત્હેના પર જરાયે શ્રદ્ધા નથી."

આટલા શબ્દો ઉચ્ચાર્યા પછી રાજાનો જમણો હાથ જે બાણના ભાથા સાથે ચ્હોંટી ગયો હતો તે એકદમ છૂટો થયો. રાજાએ ધનુપ્ અને ભાથું ઉતારી નીચે મૂકી દીધાં અને માંસનો લોચો હોય તેમ પોતાના દેહને સિંહના આગળ મૂકી દીધો. હમણાં ગાયને છોડી સિંહ મ્હારા પર ત્રાપ મારશે એમ વિચાર કરતો રાજા આંખો મીંચી બેસી રહ્યો. પણ સિંહ તો કયારનો યે અદશ્ય થઈ ગયો હતો; અને આકાશમાંથી રાજા પર પુષ્પવૃષ્ટિ થઇ. જ્યારે શરીર પર પુષ્પનો સ્પર્શ લાગ્યો ત્યારે રાજાએ આંખો ઉઘાડી. ત્હેણે શું જોયું ? પાસે નન્દિની ઉભેલી છે. "વત્સ ! ઉઠ. હું ત્હારી ભક્તિથી પ્રસન્ન થઈ છું. આ સિંહ સાચો ન્હોતો, ફકત ત્હારી પરીક્ષા કરવા માટે મ્હેં આ માયા ઉત્પન્ન કરી હતી. મહર્ષિના પ્રભાવથી યમરાજાની પણ શક્તિ નથી કે મ્હારા પર હાથ ઉગામી શકે, તો બિચારાં બીજાં પ્રાણીઓની શી વાત કહેવી ? ત્હારી ગુરુભક્તિ અને ગોભક્તિથી હું અતિપ્રસન્ન થઇ છું. હું સાધા-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રણ ગાયની માફક દૂધ જ આપી શકું છું એમ નથી, હું તો સ્વયં કામધેનુ છું, ઇચ્છિત વરદાન આપી શકું એમ છું. માટે ત્હારી ઇચ્છા હોય તે વર માગ." આમ બોલતાં બોલતાં ગાયના મ્હોટા આંચળમાંથી દૂધની ધારાઓ વહેવા લાગી.

હવે રાજાના હર્ષનો પાર રહ્યો નહિ. ત્હેણે બે હાથ જોડી નમ્રતાપૂર્વક યાચના કરી: "માતુશ્રી! જો ત્હમે ખરેખર પ્રસન્ન થયાં હો, તો સુદક્ષિણાને પુત્રનો પ્રસવ થાય એમ કરો."

"વત્સ! જા, ત્હારા મનોરથ પરિપૂર્ણ થશે. માત્ર મ્હારૂં દૂધ એક પડીયામાં ભરીને પી જજે," નન્દિનીએ પ્રસન્ન મનથી કહ્યું.

આ પ્રમાણે પોતાના મનની ઇચ્છા પાર પડયાથી રાજા આનંદિત થતો થતો ગાય સાથે સાંજે પાછો ફર્યો. રાજાના ચહેરા ઉપરથી જ મહર્ષિ તથા રાણી સમજી ગયાં હતાં, તો પણ ત્હેણે સઘળી હકીકત સવિસ્તર કહી. પછી ગુરુની આજ્ઞા લઇ, વાછરડાને પીતાં તથા યજ્ઞ-વિધિમાં ઉપયોગમાં લીધા પછી બાકી રહેલું દૂધ રાજા પી ગયો. બીજે દિવસે સવારમાં ઉઠી વ્રતનાં પારણાં કર્યાં અને રાજદંપતી હોમના અગ્નિની, મહર્ષિની, ઋષિપત્ની અરુન્ધતીની તથા સવત્સા નન્દિનીની ઘણા ભક્તિભાવથી પૂજાઅર્ચા અને પ્રદક્ષિણા કરીને આનંદિત થઇ રાજધાની તરફ જવા નીકળ્યાં. રાજધાનીમાં પ્રજાએ આખા નગરને તોરણ તથા ધ્વજાપતાકાથી શણગારી મ્હોટા ઠાઠમાઠથી રાજદંપતીને અભિનંદન આપ્યું.

## પ્રકરણ ૨ જું: રઘુ

થોડા જ સમયમાં સુદક્ષિણાને ગર્ભ રહ્યો. ત્હેના શરીરમાં કૃશતા તથા ફીક્કાશ આવવા લાગ્યાં. પ્રથમ, ત્હેને મૃત્તિકા વિષે દોહદ ઉત્પન્ન થયું, આથી જાણે તે એમ સૂચવવા માગતી હોય કે ત્હેનો ભાવી પુત્ર પૃથ્વીનો અનન્ય ભોક્તા થશે! રાણીનાં દોહદો વિષે રાજા વારંવાર ત્હેની સખીઓને પૂછપરછ કરતો, અને જે જે પદાર્થોની ત્હેને ઇચ્છા થતી તે તે તરત જ મંગાવી આપતો. ત્રણે લોકમાં એવી કોઈ પણ વસ્તુ ન હતી કે જે દિલીપ રાજાને ન મળી શકે. કૃશતા અને દોહદવ્યથા ધીમે ધીમે ઓછી થતાં રાણીનાં અવયવોમાં પુષ્ટતા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવવા લાગી, ત્હેનું શરીર ભરાવા લાગ્યું. રાજાએ પોતાની સંપત્તિ અનુસાર યથાવિધિ પુંસવન, સીમન્તોન્નયન આદિ ધાર્મિક ક્રિયાઓ કરી. નવ માસ પૂર્ણ થતાં અને દશમો માસ બેસતાં, એક શુભ ચોઘડીયામાં રાણીને પુત્રરત્નનો પ્રસવ થયો.

બાળકના તેજથી સૂતિકાગૃહના દીવા ઝાંખા પડી ગયા. તે દિવસે સર્વત્ર આનંદ આનંદ થઇ રહ્યો. આકાશ સ્વચ્છ હતું, અને મન્દ મન્દ સુખદ પવન વાતો હતો—જાણે કુદરતને પણ આનંદ જ લાગતો હોય ! રાજાએ બ્રાહ્મણોને તથા ગરીબોને અનેક પ્રકારનાં દાન આપ્યાં. તે દિવસે કેવળ રાજમંદિરમાં નૃત્ય ગાન થયાં એટલું જ નહિ, પરંતુ દેવસભામાં પણ નૃત્યગાન વગેરે આનંદનાં ચિન્હો પ્રદર્શિત થતાં હતાં.

બાળકનું સુંદર મુખારવિંદ નિહાળીને રાજાના હર્ષનો પાર રહ્યો નહિ. ત્હેનું નામ 'રઘુ' રાખવામાં આવ્યું. ધીમે ધીમે બાલક મ્હોટો થયો અને કાલા કાલા શબ્દો બોલવા લાગ્યો. ત્હેને ખોળામાં લઇને ચુમ્બન કરતાં રાજાને વાત્સલ્ય રસનો સાક્ષાત્કાર થયો. ત્હેના અંગના શીતળ સ્પર્શથી રાજાના અંગે અંગમાં અમૃત રેડાતું.

જ્યારે બાળક પાંચેક વર્ષનો થયો, ત્યારે ત્હેને વિદ્યાધ્યયન માટે ગુરુઓને સ્વાધીન કરવામાં આવ્યો. તે કુશાગ્ર બુદ્ધિ હતો, તેથી થોડા જ વખતમાં ત્હેણે અનેક વિદ્યાઓનો પરિચય કરી લીધો. અસ્ત્રવિદ્યા તો મંત્રસહિત રાજા પાસેથી જ તે શીખ્યો. સર્વ વિદ્યાનું આકલન કર્યા પછી ત્હેણે યુવાવસ્થામાં પ્રવેશ કર્યો. તે વખતે ત્હેનું શરીર મનોહર, ગંભીર અને બલવાન દેખાતું. રૂપવતી અને સુશિક્ષિત રાજ-કન્યાઓ સાથે ત્હેનું લગ્ન કરવામાં આવ્યું; અને ત્હેને યોગ્ય ઉમરે આવેલો જાણી દિલીપરાજાએ ત્હેને યુવરાજ બનાવ્યો અને ઘણા વખત સુધી પોતે ધારણ કરેલી રાજની ધુંસરી ત્હેના ગળે પહેરાવી.

હવે, દિલીપ રાજાને રાજસૂય યજ્ઞો કરવાની ઇચ્છા થઇ. ત્હેણે એક પછી એક એમ નવ્વાણું યજ્ઞો કર્યા પછી સોમા યજ્ઞનો આરંભ કર્યો. યજ્ઞનો પવિત્ર અશ્વ છૂટો મૂક્યો અને ત્હેની પાછળ રઘુ એક વિશાળ સૈન્ય લઇ ચાલવા લાગ્યો. 'જો રાજાના સો યજ્ઞ પૂરા થશે, તો તે ઇંદ્રપદનો અધિકારી થશે' એમ સ્વર્ગમાં ઇંદ્ર રાજાને ભય લાગ્યો, તેથી તે છૂપા વેશે આવીને, કોઈના જાણવામાં ન આવે એવી રીતે યજ્ઞના અશ્વને ઉપાડી ચાલતો થયો. યુવરાજ અને સમગ્ર સૈન્ય,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અશ્વને ન જોતાં, વિસ્મિત થઈ ગયાં. હવે શું કરવું તે ત્હેમને સૂઝયું નહિ. એટલામાં વસિષ્ઠ ઋષિની નન્દિની ગાય ત્યાં એકાએક આવી પહોંચી. રાજપુત્રે ગોમૂત્રથી ભક્તિપૂર્વક અક્ષિપ્રક્ષાલન કર્યું. આથી પહેલાં જે વસ્તુઓ અગોચર હતી તે પણ હવે દેખાવા લાગી. એકદમ ત્હેણે પૂર્વ દિશામાં યજ્ઞાશ્વને પોતાના રથ સાથે જોડીને જતા ઇંદ્રરાજાને દેખ્યો. ત્હેના લીલા ઘોડા અને ત્હેની હજાર આંખો ઉપરથી રાજાએ ઇંદ્ર તરીકે ત્હેને ઓળખ્યો. તે મ્હોટા અવાજે ઘાંટો પાડી ત્હેને કહેવા લાગ્યો: " હે દેવેન્દ્ર ! યજ્ઞાંશનો ઉપભોગ કરનારાઓમાં શાસ્ત્રકારો આપને જ પ્રથમ ગણે છે, છતાં મ્હારા પિતાની યજ્ઞદીક્ષામાં ભંગ પાડવા આપને પ્રવૃત્ત થયેલા જોઇને મ્હને અતિ આશ્ચર્ય થાય છે. ત્રણે લોકના રાજા તરીકે આપે યજ્ઞના શત્રુઓનો વિનાશ કરવો જોઇએ એ આપનો ધર્મ છે, તેમ છતાં જો આપ જ ધર્માચરણમાં અન્તરાયરૂપ થાઓ, તો ખરેખર ધર્મનો લોપ જ થયો સમજી લ્યો. રાજસૂય યજ્ઞના મુખ્ય અંગભૂત આ અશ્વને કૃપા કરી મુક્ત કરો. આવો કુટિલ માર્ગ લેવો એ આપના જેવાને યોગ્ય નથી."

આ પ્રમાણે રઘુનાં હિંમતભર્યા વચનો સાંભળીને ઇંદ્રને આશ્ચર્ય થયું ત્હેણે પોતાનો રથ પાછો ફેરવ્યો અને ઉત્તર આપ્યો: " હે રાજપુત્ર ! તું કહે છે તે યથાર્થ છે; તો પણ પ્રત્યેક યશસ્વી પુરુષે કોઇ પણ પ્રકારે યશનું રક્ષણ તો કરવું જ જોઇએ; જેમ હરિનું 'પુરુષોત્તમ,' મહેશ્વરનું 'ત્ર્યંબક' તેમ મ્હારૂં 'શતક્રતુ' (સો યજ્ઞવાળો ) એ નામ જગત્પ્રસિદ્ધ છે. ત્હારા પિતા સો યજ્ઞ પૂરા કરી મ્હારા યશનો લોપ કરવા પ્રવૃત્ત થયા છે; હું તે શી રીતે સહન કરી શકું ? માટે સગરના પુત્રોની માફક મૂર્ખતા ન કરતાં તું ખુશીથી પાછો જા. "

આવાં અપમાનસૂચક વચનો સાંભળી રઘુને ક્રોધ ચઢ્યો, અને તે નિર્ભયપણે કહેવા લાગ્યો: " દેવેન્દ્ર ! જો આપે એવો જ નિશ્ચય કર્યો હોય, તો લ્યો હાથમાં શસ્ત્ર. આ રઘુનો પરાજય કર્યા સિવાય આપ અશ્વને લઈ જઇ શકો તેમ નથી. " આમ બોલી પેંતરો ભરી ઉભા રહી ત્હેણે પૂર જોસમાં એક બાણ ઇંદ્ર તરફ છોડયું. તે સોંસરૂં ઇંદ્રના વક્ષ:સ્થળમાં પેઠું. આથી ક્રોધમાં આવી તેણે પણ એક બાણ રઘુને માર્યું. આ પ્રમાણે કેટલોક વખત તુમુલ યુદ્ધ ચાલ્યું. બન્ને યોદ્ધામાંથી કોઈ પણ ઉતરે તેમ ન હતું. આખરે અતિશય આવેશમાં આવીને ઇંદ્રે પોતાનું અમોઘ વજ્ર રઘુ ઉપર છોડયું, જેથી તે મૂર્છિત થઇ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ધરણી પર ઢળી પડ્યો. તોપણ ત્હેનું પરાક્રમ જોઇને ઇંદ્રિને આશ્ચર્ય લાગ્યું. થોડી વારે રાજપુત્રને મૂર્ચ્છા વળી અને તે ઉઠ્યો. ત્યારે ઇંદ્રિ ત્હેને ઉદ્દેશીને કહેવા લાગ્યો: "રાજપુત્ર! હું ત્હારા ઉપર પ્રસન્ન થયો છું. મ્હારા આ વજ્રના પ્રહારથી પર્વતો પણ ત્રાસી ગયા હતા. એનો આઘાત સહન કરનાર ત્હારા સિવાય મ્હને હજુ સુધી કોઈ મળ્યો નથી. અશ્વને છોડી, તું જે વર માગીશ તે આપવાને હું તૈયાર છું."

રઘુએ કાઢેલું બાણ ભાથામાં પાછું મૂકી દીધું અને સ્વસ્થ થઇને ઉત્તર આપ્યો: "હે દેવરાજ! જો ત્હમે અશ્વને મુક્ત કરવાને અશક્ત હો, તો મ્હારી આટલી વિજ્ઞપ્તિ પૂર્ણ કરશો: વિધિપુરઃસર આ યજ્ઞને સંપૂર્ણ કરીને મ્હારા પિતા યજ્ઞના નિઃશેષ ફળને પ્રાપ્ત કરે, એવી મ્હારી ઇચ્છા છે. તેમ જ અહીં બનેલો સર્વ વૃત્તાન્ત ત્હેમને ઘેર બેઠાં ખબર પડે એમ યોજના કરશો."

ઇંદ્રે ત્હેની બન્ને માગણીઓ કબુલ કરી, અને પોતે સ્વર્ગ તરફ ચાલતો થયો. રઘુ ઘેર આવ્યો. ઇંદ્રિની યોજનાથી દિલીપે સર્વ વૃત્તાંત પ્રથમથી જાણ્યો હતો, તેથી તેણે પુત્રનો યોગ્ય સત્કાર કર્યો અને યજ્ઞ પૂરો કર્યો. પછી, પોતે વૃદ્ધ થયો છે એમ જાણી ત્હેણે રાજ્યનો સર્વ કાર્યભાર રઘુને સોંપ્યો; અને સુદક્ષિણાને સાથે લઇ અરણ્યવાસ સ્વીકાર્યો.

હવે રઘુને રાજ્ય મળ્યાથી ત્હેના તેજમાં અનેરી વૃદ્ધિ થઇ. તે ગુણોમાં પિતા કરતાં જરા પણ ઉતરે તેવો ન હતો, બલકે ત્હેના કરતાં સવાયો હતો; આથી સઘળી પ્રજામાં અત્યંત આનંદ ફેલાઇ રહ્યો. રાજા નવીન છે એમ ધારી નીતિનિપુણ અમાત્યોએ ત્હેને સત્–અસત્ અને લાભ–અલાભના માર્ગો બતાવી દીધા. પરંતુ ત્હેની બુદ્ધિ એવી કલ્યાણી હતી કે તે સ્વાભાવિક રીતે જ સન્માર્ગનું અવલંબન કરતી. તે જેમ સજ્જનો પર અનુગ્રહ કરવામાં તત્પર રહેતો તેમ દોષિત લોકોને દંડ દેવામાં પણ સતત તત્પર રહેતો હતો. આથી ત્હેનો યશ ધીમે ધીમે એટલો બધો વધ્યો કે ત્હેના શત્રુ–રાજાઓને તે કંટકવત્ સાલવા લાગ્યો. ત્હેનાં અનેકાનેક પરાક્રમો ગીતો અને રાસડામાં ઉતર્યાં હતાં. ખેતરમાં ઝાડની છાયા તળે બેસી ખેડુત સ્ત્રીઓ રઘુનાં યશોગાન ગાતી.

હવે રઘુરાજા દિગ્વિજય કરવા માટે એક ભયંકર સૈન્ય લઇને નીકળી પડ્યો. નગરમાંથી નીકળતી વખતે વૃદ્ધ સ્ત્રીઓએ ત્હેને અક્ષતથી



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વધાવી ત્હેનાં ઓવારણાં લીધાં. હાથીઓ, ઘોડા, રથ તથા મ્હોટું પાયદળ લઇને, ધૂળના ગોટેગોટ ઉરાડી આકાશને અંધકારમય બનાવતો તે પૂર્વ દિશા તરફ નીકળ્યો. ત્યાં સુહ્મદેશ, બંગદેશ, કલિંગદેશ આદિ દેશોને જીતતો સમુદ્રતટ સુધી આવી પહોંચ્યો. શત્રુઓ ત્હેનું ભયંકર સૈન્ય અને પરાક્રમ જોઇને નમ્ર બની જતા અને તે પણ નમ્ર બનેલા રાજાઓનો વિનાશ ન કરતાં પોતાનો અધિકાર ત્હેમની પાસે કબુલ કરાવી, ત્હેમને પુનઃ ગાદી પર બેસાડતો. પરંતુ જે રાજાઓ ઉદ્ધતપણે અને અભિમાનથી ત્હેની સામે થતા ત્હેમનો તથા ત્હેમના દેશનો તે સર્વથા ઉચ્છેદ કરતો; માર્ગમાં ઠેકઠેકાણે ત્હેના સૈનિકો ભેગા મળી રાત્રે અનેક પ્રકારનો આનંદ કરતા, આથી દિવસનો શ્રમ ત્હેમને લાગતો નહિ.

ત્યાંથી, સમુદ્રને કિનારે ચાલતાં ચાલતાં રઘુ દક્ષિણ તરફ આવવા લાગ્યો. કાવેરી નદી ઓળંગી, મલય પર્વત પાસે થઇને રાજ-સૈન્ય આગળ ચાલવા માંડ્યું. પ્રથમ ત્હેણે પાંડ્ય રાજાનો પરાજય કર્યો, પછી કેરલ દેશ જીત્યો. ત્યારબાદ, ત્હેણે ઉદ્ધત થયેલા પારસીક રાજાનો પરાભવ કર્યો. પ્રથમ ત્હેની સાથે તુમુલ યુદ્ધ થયું, પણ પાછળથી તે રાજા પોતાના સૈન્ય સાથે ત્હેના શરણે આવ્યો. તેથી ત્હેને પુનઃ ગાદીનશીન કરી, રઘુ આગળ ચાલ્યો. આ પ્રમાણે દક્ષિણમાં સમગ્ર રાજાઓનો પરાભવ કરી તે ઉત્તર દિશામાં આવ્યો.

સતત પરિશ્રમથી થાકેલા ત્હેના સૈનિકોએ પ્રથમ સિન્ધુ નદીને કિનારે પડાવ નાંખ્યો. ત્યાં આનંદમાં કેટલાક દિવસ ગાળી તેઓ આગળ ચાલ્યા અને હૂણરાજા ઉપર ચઢાઈ કરી; ત્હેનો નિઃશેષ પરાભવ કરી, કામ્બોજરાજા ઉપર ચઢાઈ કરી; ત્હેને હરાવી, ત્હેના દેશમાંથી અઢળક દ્રવ્ય લૂંટી આણ્યું. ત્યાર બાદ આ મહાન્ સૈન્ય હિમાલય ઉપર ચઢવા લાગ્યું. હિમાલયના શીતળ પવનથી તથા ત્હેનાં અનેક સુંદર દશ્યોથી ત્હેમનો શ્રમ ઉતરી ગયો, અને ચિત્ત પ્રસન્ન થયું. નમેરુનાં વૃક્ષોની છાયામાં કસ્તૂરીના સુગંધથી સુવાસિત થયેલી શીતળ શિલાઓ ઉપર બેસી સૈનિક લોકો ઉચ્ચ સ્વરે આલાપ કરવા લાગ્યા. આ પ્રમાણે મઝા કરતા કરતા તેઓ આગળ ચાલ્યા. ત્યાં ત્હેમને હિમાલયની કેટલીક જંગલી જાતો સાથે યુદ્ધ થયું. પણ ત્હેમને પોતાનાં ભયંકર શસ્ત્રોથી મ્હાત કરી, રાજસેના પાછી વળી; અને પ્રાગ્જ્યોતિષ દેશના રાજા, તથા કામરુ દેશના રાજાનો માર્ગમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પરાભવ કરી, હેમની પાસેથી અખૂટ દ્રવ્ય લઇ રઘુરાજા રાજધાનીમાં પાછો આવ્યો. આ રીતે દિગ્વિજય કરીને આણેલી લક્ષ્મીનો સદુપયોગ કરવા માટે હેણે વિશ્વજિત્ નામે મહાયજ્ઞ કર્યો; હેમાં દેશદેશના રાજાઓને આમંત્રી બોલાવ્યા હતા. આ યજ્ઞમાં રાજાએ એટલું બધું દાન કર્યું કે હેનો ખજાનો તદ્દન ખાલી થઇ ગયો.

યજ્ઞની પૂર્ણાહુતિ થયા પછી કેટલેક દિવસે વરતન્તુ નામના ગુરુનો શિષ્ય કૌત્સ ગુરુદક્ષિણા આપવા માટે રાજા પાસે ભિક્ષા માગવા આવ્યો. રાજાએ વિદ્વાન બ્રાહ્મણ જાણી યથોચિત સત્કાર કર્યો, અને આસન પર બેસાડી હેની પૂજા કરી. પછી રાજાએ ઋષિ વિષે સમાચાર પૂછ્યા:

"હે વિદ્વાન બ્રાહ્મણ, જે વરતન્તુ ગુરુ પાસે હમે અધ્યયન કર્યું તે પૂજ્યપાદ ઋષિ કુશળ તો છે ને? હું ધારૂં છું કે મહર્ષિના કાયિક, વાચિક અને માનસિક એમ ત્રિવિધ તપમાં કોઇ પણ જાતનું વિઘ્ન તો આવતું નથી જ. આશ્રમને છાયા તથા ફળફૂલ અર્પનાર વૃક્ષોની વૃદ્ધિ તો સારી રીતે થતી જ હશે. આશ્રમવાસી પ્રાણિમાત્ર સુખી તો છે ને? હેમને કોઇ જાતનો ઉપદ્રવ તો નડતો નથી ને? હમે વિદ્યાભ્યાસ પૂર્ણ કરી આચાર્યની સંમતિથી ઉપાવર્તન કર્યું હશે. હવે હમારે જગતને ઉપકારક એવા ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવાનો હશે. હમે વનમાંથી આવી મ્હારૂં ઘર પાવન કર્યું તે મહાન્ ઉપકાર કર્યો છે. પરંતુ હમારા કેવળ આગમનથી મ્હારા મનને સંતોષ થતો નથી, હમારી આજ્ઞા સાંભળવાને હું ઉત્સુક થઇ રહ્યો છું."

આ પ્રમાણે રાજાનાં વિનયપૂર્વક ઉચ્ચારેલાં વચનો સાંભળી કૌત્સને અત્યંત આનંદ થયો. પરંતુ, રાજાએ સર્વ સંપત્તિ યજ્ઞમાં ખરચી નાંખી હતી, તથા પૂજાની સામગ્રીમાં પણ હેણે સુવર્ણપાત્રને બદલે માટીનાં પાત્રોનો ઉપયોગ કર્યો હતો એ જોઇ આ સ્નાતક બ્રાહ્મણ નિરાશ થયો. તો પણ રાજાનો આગ્રહ જોઇ હેણે ઉત્તર આપ્યો:

"રાજન્! સર્વત્ર કુશળ પ્રવર્તે છે. આપ સરખા પ્રતાપી રાજાના શાસનકાળમાં ઉપદ્રવનો કેવળ અભાવ જ છે. સૂર્યના પ્રકાશમાં અંધકાર કયાંથી હોય? આપનો ભક્તિભાવ જોઇ મ્હને પૂર્ણ સંતોષ થયો છે. આપના પૂર્વજોથી આપ અધિક છો એમ મ્હારે સહર્ષ કહેવું જોઇએ. આમ છતાં પણ મ્હારા મનમાં એટલો જ ખેદ થાય છે કે હું અનવસરે આવ્યો છું. જગતના સમ્રાટ્ હોવા છતાં પણ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પુણ્યદાનથી વ્હોરી લીધેલી આપની અકિંચન અવસ્થા ખરેખર વિશેષ શોભી ઉઠે છે. આપ શરદ્ ઋતુના મેઘ જેવા સ્વચ્છ હોવાથી હું આપની પાસે યાચના કરવા અશક્ત છું. બીજા કોઇ દાનેશ્વરીને ખોળી કાઢી હું મ્હારો મનોરથ પૂર્ણ કરીશ." એમ કહી વરતન્તુ-શિષ્યે ઉઠવા માંડ્યું.

રાજાએ વિનયપૂર્વક બ્રાહ્મણને અટકાવ્યો અને પૂછ્યું: "હે વિદ્વાન્! આપને શું જોઇએ છે? ગુરુદક્ષિણા આપવાની હોય તો તે કેટલી છે તે કૃપા કરી મ્હને જણાવો. 'એક યાચક રઘુ પાસેથી નિરાશ થઇને અન્ય રાજા પાસે ગયો' એ અપયશ મ્હને મરણ તુલ્ય થઈ પડે. હું કોઇ પણ રીતે આપની ઇચ્છા પૂર્ણ કરવા પ્રયત્ન કરીશ."

"રાજન્! વાત એમ બની કે વિદ્યાભ્યાસ સમાપ્ત કરીને હું ગુરુજી પાસે રજા લેવા ગયો. તે વખતે યથાશક્તિ ગુરુદક્ષિણા માગવા માટે મ્હેં ત્હેમને વિજ્ઞપ્તિ કરી. મ્હારી અકિંચન અવસ્થાથી તેઓશ્રી સંપૂર્ણ પરિચિત હતા, તથા મ્હારી અતિશય ભક્તિથી ત્હેમને પૂર્ણ સંતોષ થયો હતો, તેથી ત્હેમણે કોઇ પણ પ્રકારની ગુરુદક્ષિણા લેવા ના કહી. તો પણ, ગુરુજીને કાંઇ પણ દક્ષિણા આપવી એવો મ્હેં નિશ્ચય કરેલો હોવાથી મ્હેં ત્હેમને વારંવાર આગ્રહ કર્યો. આથી ગુસ્સે થઈ ત્હેમણે આજ્ઞા કરી કે 'તું મ્હારી પાસેથી ચૌદ વિદ્યા શીખ્યો છે, માટે ગુરુદક્ષિણા તરીકે ચૌદ કરોડ રૂપિઆ આપ.' ત્હેમની આજ્ઞા માથે ચઢાવી હું આપની પાસે આવ્યો છું." કૌત્સે જણાવ્યું.

રાજાએ બ્રાહ્મણને ધીરજ આપીને કહ્યું: "ત્હમે ગભરાશો નહિ. એ ત્રણ દિવસ મ્હારે ત્યાં રહી આતિથ્ય સત્કાર ગ્રહણ કરો. દરમ્યાનમાં હું એટલું ધન લાવવા પ્રયત્ન કરૂં છું."

આ પ્રમાણે રાજાએ બ્રાહ્મણને ધીરજ આપી પોતાના ઘરમાં રાખ્યો. લોકો પાસેથી કર પણ પહેલેથી ઉઘરાવી લીધેલા હતા, એટલે ત્હેમને ત્રાસ આપવો નિરર્થક ગણી, રઘુએ સંપત્તિના અધિષ્ઠાતા કુબેર ઉપર સ્વારી કરવાનો નિશ્ચય કર્યો. વસિષ્ઠે આપેલા મંત્ર વડે માર્જન કર્યાથી રાજાને એટલી શક્તિ પ્રાપ્ત થઈ હતી કે તે પોતાનો રથ સમુદ્રને તળીયે, આકાશમાં કે પર્વત ઉપર, ગમે ત્યાં, લઇ જઈ શકતો. તેથી સંધ્યાકાળે શસ્ત્રાસ્ત્રથી રથને સજ્જ કરી, પ્રાતઃકાળમાં કુબેર ઉપર ચઢાઈ કરવાનો નિશ્ચય કરી રાજા રાત્રે સૂઇ ગયો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સવારમાં રાજા વહેલો ઉઠયો તેવામાં કોષાગારના અધિકારીઓ હેની પાસે દોડતા આવ્યા અને નમન કરી જણાવ્યું: "મહારાજ! આપણા કોષગૃહમાં આખી રાત સુવર્ણની વૃષ્ટિ થયાં કરી છે, અને તેથી કરીને કોઠાર ઠેઠ સુધી ભરચક ભરાઇ ગયો છે."

આ પ્રમાણે સેવકોના શબ્દો સાંભળી રાજા સંતુષ્ટ થયો અને કૌત્સ પાસે જઈ હેને કોષાગારમાં લઇ ગયો, તથા ચૌદ કરોડ રૂપિયાને બદલે સઘળું ધન હેને અર્પણ કર્યું. બ્રાહ્મણે ચૌદ કરોડ ઉપરાંત એક પાઇ પણ લેવાની ચોકખી ના પાડી. રાજા પણ આગ્રહમાં કાચો પડે તેવો ન હતો. બ્રાહ્મણની નિ:સ્પૃહતા અને રાજાની ઉદારતા જોઇ અયોધ્યાનાં પ્રત્યેક સ્ત્રીપુરુષને આનંદ તથા આશ્ચર્ય ઉપજ્યાં. અંતે, આ અપૂર્વ યુદ્ધમાં રાજાનો વિજય થયો. હેણે સઘળું ધન સેંકડો ઉંટ અને ખચ્ચર ઉપર લદાવીને બ્રાહ્મણની સાથે મોકલ્યું. જતાં જતાં બ્રાહ્મણનાં નયનોમાં હર્ષનાં અશ્રુ ટકટકી રહ્યાં. તે ગદ્‌ગદ્ કંઠે બોલ્યો: "રાજન્! આપના જેવા શીલવાન્ રાજાને પૃથ્વી અનર્ગળ પાક આપે એમાં શી નવાઇ? જ્યારે આપ સ્વર્ગમાંથી પણ સુવર્ણવૃષ્ટિ કરાવી શકો છો, તો પછી આપના પ્રભાવ વિષે મ્હારા જેવો ક્ષુદ્ર બ્રાહ્મણ શું કહી શકે? આપને હું શો આશીર્વાદ આપું? આપની પાસે કોઈ પણ જાતની ન્યૂનતા હું જોઇ શકતો નથી. મ્હારા અંતઃકરણની એટલી જ પ્રાર્થના છે કે આપને રૂપગુણસંપન્ન આપના જેવા જ સુપુત્રની પ્રાપ્તિ થાઓ!" આમ બોલી વરતન્તુ-શિષ્ય કૌત્સ ચાલતો થયો.

## પ્રકરણ ૩ જું: અજ

થોડાજ સમયમાં રઘુરાજાને ત્યાં પુત્રજન્મનો મહોત્સવ ઉજવાયો. પુત્રનો જન્મ બ્રાહ્મ મુહૂર્તમાં થયો હતો, માટે બ્રહ્માના એક નામ ઉપરથી પુત્રનું નામ પણ 'અજ' રાખવામાં આવ્યું. એક દીવામાંથી પ્રકટાવેલા બીજા દીવામાં જેમ જરા પણ તફાવત પડતો નથી, તેમ રઘુ અને અજમાં પણ લગારે તફાવત જણાતો નહિ: એક જ તેજ, એક જ આકૃતિ, એક જ શક્તિ: જાણે કે રઘુએ ફરીથી ન્હાના સ્વરૂપમાં અવતાર લીધો હોય! અજની બુદ્ધિ અને સ્મરણશક્તિ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પણ તેવી જ તીવ્ર હતી. ત્હેણે થોડા વખતમાં સર્વ વિદ્યાઓનો સાર ગ્રહણ કરી લીધો.

હવે **અજ** જુવાનીમાં આવ્યો. એક દિવસે એક દૂત આવીને રાજાને પ્રણામ કરી કહેવા લાગ્યો: "મહારાજ ! **વિદર્ભ**દેશના રાજા **ભોજે** પોતાની બ્હેન ઇંદુમતીનો સ્વયંવર આરંભ્યો છે, અને ત્યાં કુમારને પધારવા માટે આમંત્રણ આપવા આવ્યો છું." એમ કહી તે ફરીથી પ્રણામ કરી ચાલતો થયો. રઘુરાજાએ પુત્રને વિવાહયોગ્ય જોઈ સ્વયંવરમાં જવાની રજા આપી, અને એક મ્હોટી સેના સાથે ત્હેને વિદાય કર્યો. માર્ગ લાંબો હતો, એટલે ઠેકઠેકાણે પડાવ નાંખીને રાતવાસો તંબુમાં રહેવાનું થતું. એક વખતે **નર્મદા**ના કાંઠા ઉપર પડાવ નાંખી સઘળું સૈન્ય પડ્યું હતું, તેવામાં નદીમાં એક બાજુએ ભ્રમરનું ટોળું ગુંજારવ કરતું કરતું ચક્કર ચક્કર ફરતું હતું. થોડી વારમાં એ જગ્યાએ એક મદઝરતા હાથીએ પાણીમાંથી ડોકું ઉંચું કર્યું. તે સૂંઢને ઉંચી નીચી હલાવતો, ડોલતો ડોલતો, નદીના તરંગોમાંથી પોતાનો રસ્તો કાપવા લાગ્યો. એના હેલાથી નદીનો પ્રવાહ તટ સાથે અથડાઇને ઉછળતો. અંતે, શેવાળ તથા ન્હાના ન્હાના છોડવાનું એક મ્હોટું જાળું છાતીથી ધકેલતો ધકેલતો તે નદીકાંઠે આવી પહોંચ્યો.

જળમાં ડુબકી મારીને તે આવ્યો હતો, તેથી એના મદનાં ઝરણો ધોવાઇ ગયાં હતાં, પરંતુ સૈન્યના હાથીઓને જોતાં જ ત્હેના ગંડસ્થળમાંથી ફરીથી મદના પ્રવાહ ઝરવા લાગ્યા. આ મદોન્મત્ત માતંગ સૈન્યની છાવણીમાં ઘૂસ્યો અને આમતેમ દોડવા લાગ્યો. ત્હેના મદની કટુવાસ લીધાથી સૈન્યના હાથીઓ પણ ભયંકર ત્રાડ પાડી મ્હાવતોના અંકુશમાંથી ન્હાસવાનો ભયંકર પ્રયત્ન કરવા લાગ્યા. ભયના માર્યા ઘોડાઓ દોડાદોડ કરવા લાગ્યા. કેટલાક રથ ભાંગી ગયા; યોદ્ધાઓ સ્ત્રીઓનું રક્ષણ કરવા દોડવા લાગ્યા. આ રમખાણની ખબર પડતાં યુવરાજ બહાર નીકળ્યો, અને યુદ્ધ સિવાય અન્યત્ર હાથીને મારવાનો શાસ્ત્રનિષેધ હોવાથી ત્હેણે ધીમેથી પેલા જંગલી હાથી ઉપર બાણ છોડયું. હાથીના કુંભસ્થળમાં બાણ વાગતાં જ તે પડયો, અને ત્હેને સ્થાને એક તેજસ્વી અને મનોહર કાંતિવાળો ગંધર્વ આવીને ઉભો. ત્હેણે **અજ**ને સ્વર્ગીય પુષ્પથી વધાવ્યો, અને નમસ્કાર કરી કહ્યું: "મહારાજ ! હું ગંધર્વપતિ **પ્રિયદર્શન**નો પુત્ર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છું. મ્હારૂં નામ પ્રિયંવદ છે. એક વખતે અભિમાનથી મ્હેં મતંગ-ઋષિનો ઉપહાસ કર્યો હતો, તેથી ક્રોધમાં આવી મહર્ષિએ મ્હને શાપ દીધો કે 'તું માતંગ (હાથી) થઇ પૃથ્વીપર પડ!' મ્હને મ્હારી ભૂલ ખબર પડી અને મ્હેં નમ્રતાથી ઋષિની ક્ષમા માગી. તપસ્વિ લોકો દયાસાગર હોય છે. તરત જ તે પ્રસન્ન થયા અને મ્હને માફી બક્ષી કહ્યું: 'મ્હારૂં બોલેલું વચન તો મિથ્યા થવું અશક્ય છે. પરંતુ હું એટલું કહું છું કે જ્યારે રઘુરાજાનો પુત્ર અજ ત્હારા કુંભ-સ્થળમાં બાણનો પ્રહાર કરશે, ત્યારે તું મ્હારા શાપમાંથી નિવૃત્ત થઈ પુનઃ નિજ સ્વરૂપને પામીશ.' તદનુસાર હું ઘણા સમયથી આપની વાટ જોઇ બેસી રહ્યો હતો. આજ આપે પધારી મ્હને શાપમુક્ત કર્યો છે. બદલામાં મ્હારે પણ આપનું કાંઇક પ્રિય કરવું જોઇએ. મ્હારી પાસે 'સંમોહન' નામનું એક ગાન્ધર્વ અસ્ત્ર છે. ત્હેના પ્રયોગ અને સંહાર કરવાના ભિન્ન ભિન્ન મંત્રો હું આપને શીખવું છું. એ અસ્ત્રના પ્રયોગથી શત્રુની હિંસા કર્યા વિના વિજય પ્રાપ્ત થાય છે."

રાજાએ નર્મદાજલનું આચમન કર્યું અને ઉત્તર તરફ બેસી યથાવિધિ મંત્ર ગ્રહણ કર્યો. પછી બન્ને પ્રસન્ન થઈ એક બીજાની વિદાય લીધી અને છૂટા પડયા. પ્રિયંવદ ગંધર્વલોકમાં ગયો, અજ વિદર્ભદેશ તરફ ચાલ્યો.

કેટલેક દિવસે અજ વિદર્ભરાજાની રાજધાનીમાં આવી પહોંચ્યો. રાજાએ ત્હેનો માનપુરઃસર સત્કાર કર્યો અને યોગ્ય સ્થળે ઉતારો આપ્યો. રાત્રે સુખથી નિદ્રા લઈ સવારમાં અજ ઉઠયો, અને સ્નાન વગેરે નિત્યકર્મથી પરવારી, ભોજન કરી સ્વયંવરમાં જવા માટે તૈયારી કરવા લાગ્યો.

સ્વયંવર માટે એક ભવ્ય મંડપ બાંધ્યો હતો. ત્હેમાં યોગ્યતા પ્રમાણે સર્વ રાજાઓ માટે આસનો ગોઠવ્યાં હતાં. એક પછી એક રાજા આવી, વિદર્ભેશ્વર બતાવે તે પ્રમાણે પોતાના આસને બેસી જતો. થોડા સમયમાં સર્વ રાજાઓ પોતપોતાનાં આસને યથાસ્થિત ગોઠવાઈ ગયા. દરેકે પોતાનાં ઉત્તમોત્તમ વસ્ત્રો અને આભૂષણો પહેર્યા હતાં. ત્હેમના તેજના અંબારમાં આ મંડપ દેવસભા માફક દીપી ઉઠતો. ચોતરફ ધ્વજા પતાકા ફરફરી રહ્યા હતા; અને ઠેકઠેકાણેથી અગરતગરનો ધૂપ મંડપને સુગંધિ બનાવી રહ્યો હતો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પછી માગણ લોકોએ સૂર્યવંશી અને ચંદ્રવંશી રાજાઓનો ઇતિહાસ મનોરંજક ભાષામાં કહી સંભળાવી, ત્હેમની પ્રશંસા કરી. એટલામાં ચોતરફથી નોબત અને સરણાઇના અવાજ થવા લાગ્યા, અને દૂરથી દેવકન્યા સરખી ઈન્દુમતી એક સુંદર પાલખીમાં બેસી મંડપમાં પ્રવેશ કરતી જણાઈ. એક સાથે સેંકડો નેત્રો ત્હેના પર ઠરી ગયાં. રાજાઓનાં અંતઃકરણો ક્યારનાં યે ત્હેની પાસે પહોંચી ગયાં હતાં, માત્ર ત્હેમના દેહ આસન ઉપર રહ્યા હતા.

ઈન્દુમતી રાજાઓની હાર તરફ ચાલી આવતાં, તેઓ અનેક પ્રકારની શૃંગારચેષ્ટાઓ કરવા લાગ્યા. એક રાજા હાથમાં કમળનો દાંડો લઇ, ત્હેને વિનોદથી ચક્કર ચક્કર ફેરવતો પોતાની સરળતા બતાવવા લાગ્યો. એક બીજો રાજા, પોતાનું મનોહર મુખ વાંકું કરીને, ખભા ઉપરથી ખસી ગયેલી અને હાથના કાંડાંમાં ભરાઈ ગયેલી માળાને ઉંચી નીચી કરવા લાગ્યો. એક રાજા આંખને જરા વાંકી કરી કટાક્ષ નાંખતો પગની આંગળી વડે સુવર્ણનું સિંહાસન ખોતરતો જાણે ઇન્દુમતીને પોતાના તરફ આવવા ઈશારો કરવા લાગ્યો. એક બીજો રાજા પોતાનો ડાબો હાથ સિંહાસનના હાથા ઉપર મૂકી સ્હેજ ઉંચો થઇ સાથેના રાજા સાથે મંદમંદ હાસ્ય કરતો વાત કરવા લાગ્યો. એક યુવાન રાજા હાથમાં કોમળ કેતકીપત્ર લઇને પોતાના નખાગ્રથી ત્હેને ફાડવા લાગ્યો. એક બીજો રાજા પોતે દ્યૂતવિદ્યામાં કુશળ છે એમ જણાવવા કમળ જેવા લાલ હાથ વડે રમતો રમતો પાસા ઉછાળવા લાગ્યો. એક બીજો રાજા, મસ્તક પર યથાસ્થિત રહેલા કિરીટને, જાણે ખસી ગયો હોય તેમ સમારતો હાથ વડે પંપાળવા લાગ્યો. આ પ્રમાણે રાજાઓ યથેચ્છપણે અનેક ચેષ્ટાઓ કરવા લાગ્યા.............

એટલામાં ઈન્દુમતી પોતાની સખીઓ સાથે રાજાઓની હારમાં આવી પહોંચી. સુનન્દા નામની એક દ્વારપાલિકા એક પછી એક રાજાનું વર્ણન કરી ત્હેનો પરિચય કરાવવા લાગીઃ—"આ મહારાજા **પરંતપ**. એ મગધ દેશના રાજા છે. પોતાની અપાર શક્તિથી તેઓ સ્વપ્રજાનું પાલન કરી શત્રુઓને સંતાપ આપે છે માટે લોકો ત્હેમને પરંતપ કહે છે તે બરાબર છે. પૃથ્વી પર રાજાઓની ખોટ નથી, પરંતુ પૃથ્વીપતિ આજ કહેવાય છે. સેંકડો તારાઓ હોવા છતાં પણ એક ચંદ્રને લીધે જ રાત્રિ અજવાળી લાગે છે. એમણે અનેક યજ્ઞો

કરી, ત્હેમાં ઇંદ્રને બોલાવી વારંવાર શચીને વિરહદુઃખમાં નાંખી છે. ત્હેમની રાજધાની પુષ્પપુર નામે સુંદર નગરમાં છે.”

સુનન્દાનાં વચન સાંભળી ઇન્દુમતીએ રાજા સામું જરા જોયું અને કંઇ પણ બોલ્યા વિના એક પ્રણામ કરી આગળ ચાલી. સુનન્દા ત્હેને બીજા રાજા સમક્ષ લઈ જઇ બોલવા લાગી: “આ અંગદેશના રાજા કહેવાય છે. દેવકન્યાઓ ત્હેમની સાથે ઉપભોગ કરવા પ્રાર્થના કરી રહી છે. ત્હેમની પાસે કેળવેલા હાથીઓનું એક મ્હોટું સૈન્ય છે. નૈસર્ગિક રીતે જ અલગ અલગ રહેતાં લક્ષ્મીદેવી અને સરસ્વતીદેવી આ મહારાજના ભુવનમાં એક સાથે રહે છે. હે ઇન્દુમતી દેવી! ત્હમે પણ કાન્તિમાં અને શિષ્ટ વાણીમાં ત્હેમની સ્પર્ધા કરી શકો તેમ છો.”

અંગરાજા તરફ એક કટાક્ષ નાંખી ઇન્દુમતીએ પ્રતિહારીને આગળ ચાલવા કહ્યું. અંગરાજ કાંઇ ગુણશૂન્ય હતો એમ ન્હોતું, તેમજ ઇન્દુમતીને ગુણની પરીક્ષા ન્હોતી એમ પણ ન્હોતું. પરંતુ, રુચિ રુચિમાં ફેર પડે છે!

સુનન્દા એક બીજા રાજા પાસે આવીને ઉભી રહી, અને કહેવા લાગી: “આ અવન્તિનાથ કહેવાય છે. ત્હેમનું તેજ હંમેશાં શત્રુઓને અસહ્ય થઈ પડે છે. જ્યારે તેઓ યુદ્ધ માટે પ્રયાણ કરે છે, ત્યારે ત્હેમના ભયંકર ચતુરંગી સૈન્યથી ઉડલી રજ સામન્તોના કિરીટોને ઝાંખા પાડી દે છે. ત્હેમની રાજધાનીનું નગર અવન્તિ મહાકાલ–જ્યોતિર્લિંગથી બહુ દૂર નથી; તેથી કૃષ્ણપક્ષમાં પણ ત્હેમને ત્યાં શુકલપક્ષની રાત્રિઓ દેખાય છે. આ યુવાન રાજા સાથે સંબંધમાં જોડાવાથી સિપ્રાનદીના શીતળ કાંઠા ઉપર આવેલા ઉદ્યાનોમાં વિહાર કરવાનું ભાગ્ય પ્રાપ્ત થશે.”

ત્યાંથી પણ સુનન્દાને આગળ ચાલવા જણાવ્યું. તે એક બીજા રાજા નજીક આવીને જરા લંબાણથી વર્ણન કરવા લાગી:

“પ્રાચીનકાળમાં કાર્તવીર્ય નામે એક પ્રતાપી રાજા થઇ ગયા છે. ભગવાન દત્તાત્રેયના પ્રસાદથી ત્હેમને યોગની સિદ્ધિઓ પ્રાપ્ત થઇ હતી. ત્હેમને એક હજાર બલિષ્ઠ બાહુ હતા. તે સાર્વભૌમ રાજા કહેવાતા. ત્હેમણે અઢારે દ્વીપોમાં યજ્ઞના સ્તંભો રોપ્યા હતા. પોતાના યૌગિક પ્રભાવથી તે પ્રત્યેક મનુષ્યના અંદરના વિચારો જાણી શકતા;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને કોઇના અંતઃકરણમાં અસદ્ વિચાર ઉત્પન્ન થાય કે તરત કાર્તવીર્ય ધનુષ્ સાથે ત્યાં હાજર થયેલા જ જણાતા. આ પ્રમાણે ત્હેમણે પ્રજાના માનસિક દોષો પણ જડમૂળથી ઉખેડી નાંખ્યા હતા. ત્હેમણે રાવણ જેવાને પણ પોતાના બન્ધનાગારમાં કેદ કર્યો હતો. એવા મહા પ્રતાપશાલી કાર્તવીર્યના વંશમાં આ મહારાજનો જન્મ થયેલો છે. ત્હેમનું નામ પ્રતીપ. 'લક્ષ્મી સ્વભાવે ચંચળ છે' એ લક્ષ્મીની કલંક–કાલિમા એમણે ધોઈ નાંખી છે. ક્ષત્રિયકુલશત્રુ મહાપ્રતાપી જામદગ્ન્યનો પરશુ એમના કંઠમાં પુષ્પની માફક પડે છે. અગ્નિદેવ તરફથી એમને એવું વરદાન મળેલું છે કે 'ત્હમારા નગરને જીતવા આવનાર શત્રુને હું સ્વયં બાળીને ભસ્મ કરી દઇશ.' રાજકન્યા ! જો નર્મદા તટનો આનંદ લૂંટવો હોય, તો મહારાજની માહિષ્મતી નગરીનું ભૂષણ થાઓ."

એ રાજા પણ રાજકન્યાને પસંદ પડ્યો નહિ. બીજા રાજા પાસે આવી સુનન્દા કહેવા લાગી;

"આ શૂરસેન દેશના મહારાજા સુષેણ. તેઓ નીપવંશના કહેવાય છે. પોતાના પવિત્ર આચારથી તેઓ ઉભય કુળના દીપક થઈ રહ્યા છે. ત્હેમનાં યશોગાન પૃથ્વી ઉપર ભાટચારણો કરે છે, એટલું જ નહિ, પરંતુ સ્વર્ગના ગંધર્વ–કિન્નરો ઇંદ્રસભામાં ઉચ્ચ સ્વરે ગાય છે. ત્હેમના પ્રતાપી તેજની અનુપમ શીતળતા ત્હેમના રાજભવનમાં પ્રસરી રહી છે, જ્યારે તે જ તેજની અસહ્ય ગરમી શત્રુકુળમાં જામી ગઇ છે. ત્હેમના અંતઃપુરની રાણીઓ જ્યારે યમુનામાં વિહાર કરે છે, ત્યારે ત્હેમનાં સ્તન ઉપર ચર્ચેલા ચંદનથી યમુનાપ્રવાહનો એક ભાગ શ્વેત બની જાય છે. ગરુડના ભયથી ન્હાસી આવી યમુનામાં રહેનારા કાલિનાગે આપેલો એક તેજસ્વિ મણિ પહેરી જ્યારે સુષેણ રાજા બહાર નીકળે છે, ત્યારે કૌસ્તુભ ધારણ કરનાર કૃષ્ણને પણ લજ્જા આવતી હશે ! હે દેવિ ! આવા રાજાને મેળવવાથી વૃન્દાવનની હરિયાળી ભૂમિમાં વિહાર કરવાનું ભાગ્ય પ્રાપ્ત થશે. ત્યાં ગોવર્ધન પર્વતની ગુફાઓમાં શીતળ શિલાઓ ઉપર આરામ લેતાં લેતાં મોરપક્ષીનાં કળાયુક્ત નૃત્ય જોવાનો લ્હાવો લેવાશે."

તે રાજાને પણ પડતો મૂકી રાજકન્યા આગળ ચાલી. ત્યાં આગળ સુનન્દાએ પોતાનું વર્ણન ચલાવ્યું:

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"આ મહારાજા હેમાંગદ. એ કલિંગદેશના રાજા છે. એમની સત્તા નીચે મહેન્દ્ર પર્વત અને મહાસાગર આવેલાં છે. પ્રાતઃકાળમાં, પોતાના ગંભીર ધ્વનિથી મહાસાગર ત્હેમને નિદ્રામાંથી જગાડે છે. સમુદ્રતટે આવેલા તાડવનમાં, શીતળ મંદમંદ લહરીઓમાં આ મહારાજ સાથે વિહાર કરવો એ જીવનની એક લ્હાણ છે."

ત્યાંથી પણ રાજકન્યાએ પ્રતિહારીને આગળ ચાલવા કહ્યું. તેઓ એક બીજા રાજા પાસે આવ્યાં. સુનન્દાએ પોતાનું કથન શરૂ કર્યું.

ઈન્દુમતી બ્હેન ! આ પાંડ્ય દેશના રાજા. ત્હેમની રાજધાનીનું નામ ઉરગપુર છે. ત્હેમણે શરીરે હરિચંદનનો સુગંધિ લેપ કર્યો છે, અને ખભેથી પગ સુધીનો લાંબો હાર પહેર્યો છે. તેથી ત્હેમની આકૃતિ ઉદય પામતા સૂર્યથી દેદીપ્યમાન થયેલા શિખરવાળા અને પાણીનાં વહેતાં ઝરણવાળા પર્વતરાજ જેવી લાગે છે. વિન્ધ્યાચળની વૃદ્ધિને અટકાવનાર અને સમુદ્રને સમગ્ર પી જનાર અગસ્ત્ય મહર્ષિ આ મહારાજા ઉપર પ્રેમ રાખી એમના અશ્વમેધ યજ્ઞોને અંતે સ્નાનની કુશળતા પૂછવા આવે છે. શંકર પાસેથી બ્રહ્મશિરસ્ નામનું તેજસ્વિ અસ્ત્ર મેળવીને લંકાધિપતિ રાવણ ઇંદ્રને જીતવા જતો હતો, તે પહેલાં ત્હેને પાંડ્યરાજા સાથે સંધિ કરવી પડી હતી. મલયભૂમિમાં ચંદન અને એલચીનાં વનોમાં આ મહારાજા સાથે વિહાર કરવાનું ભાગ્ય ત્હમને પ્રાપ્ત થાઓ. રાજા શરીરે શ્યામ છે, ત્હમે ગોરોચન જેવાં ગોરાં છો—એટલે ત્હમારો સંબંધ મેઘ અને વિદ્યુત્‌ના સંબંધ જેવો પરસ્પર શોભામાં વૃદ્ધિકર થશે."

એ રાજા પણ ઈન્દુમતીને પસંદ પડયો નહિ.

આ પ્રમાણે જે જે રાજાઓની પાસે થઇને તેઓ આગળ જતાં, તે તે રાજાના મ્હોંની લાલી જાણે તેઓ સાથે જ લઇ જતાં હોય એમ લાગતું ! આમ ચાલતાં ચાલતાં તેઓ રઘુપુત્ર અજની સમક્ષ આવી પહોંચ્યાં. 'બીજા રાજાઓના જેવી આપણી પણ ગતિ થશે કે શું ?' એમ ત્હેના મનમાં ચિંતા થવા લાગી. એટલામાં ત્હેના જમણા હાથે નકારમાં ઉત્તર આપ્યો.

અજને જોઈ ઇન્દુમતીના હૃદયપ્રદેશમાં એક અદૃષ્ટ ભાવનો સંચાર થવા લાગ્યો. ચતુર સુનન્દા આ મર્મ સમજી ગઈ અને વિસ્તારપૂર્વક અજનું વર્ણન કરવા લાગીઃ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"ઇક્ષ્વાકુ વંશમાં કકુત્સ્થ નામના એક પ્રસિદ્ધ રાજા થઇ ગયા છે, ત્હેમના નામ ઉપરથી ઉત્તર કોસલના રાજાઓ 'કાકુત્સ્થ' કહેવાય છે.

એક વખતે એ મહારાજા ઇંદ્રિને બળદ બનાવી પોતે ભગવાન શંકરની માફક ત્હેની ખૂંધ (ककुद्) ઉપર બેસી અસુરોનો સંહાર કરવા ગયા હતા, ત્યારથી ત્હેમનું ઉપનામ 'કકુત્સ્થ' એમ રૂઢ થયું. સ્વર્ગપતિ ઇંદ્રિરાજા ત્હેમને પોતાના આસન પર બેસાડી હંમેશાં સત્કારતો. એ પ્રખ્યાત વંશમાં દિલીપ નામે રાજા થઈ ગયા છે. ત્હેમણે ઇંદ્રની ઇર્ષ્યા દૂર કરવા ખાતર જ પોતાનો સોમો યજ્ઞ અપૂર્ણ રાખ્યો. દિલીપ રાજાના શાસનકાળમાં માર્ગમાં પડેલી મત્ત સ્ત્રીઓના વસ્ત્રને વાયુ સરખો હલાવી શકતો નહિ, માણસની શક્તિનું તો કહેવું જ શું ? એવો એમનો પ્રતાપ હતો. ત્હેમના પુત્ર રઘુરાજા હાલ ગાદી ઉપર છે. એમણે દિગ્વિજયમાંથી આણેલી સર્વ સંપત્તિ વિશ્વજિત્ યજ્ઞમાં વાપરી પોતાની ઉદારતા સિદ્ધ કરી છે. ત્હેમનો યશ દશે દિશામાં એટલો પ્રસરેલો છે કે ત્હેની મર્યાદા બાંધવી કેવળ અશક્ય છે. જેમ ઇંદ્રિને જયન્ત, તેમ રઘુરાજાને અજ થયા. આ સામે બેઠેલા મહારાજા અજ છે. કુળમાં, કાન્તિમાં, યૌવનમાં અને અન્ય અનેકાનેક ગુણોમાં ત્હમો બન્ને સરખાં છો. સુવર્ણમાં મણિને જડાવા દો."

સુનન્દાનાં કોમળ વચન સાંભળી, ઇન્દુમતીએ પ્રસન્ન દૃષ્ટિથી પણ શૃંગાર–લજ્જાયુક્ત એક કટાક્ષ અજ ઉપર ફેંક્યું. ત્હેના હૃદયમાં પ્રેમ ઉભરાવા લાગ્યો, અને રોમાંચરૂપે ત્હેનાં બાહ્ય દર્શન થયાં. સખીઓએ ત્હેની પ્રેમાળ દૃષ્ટિ ઓળખી લીધી, અને મશ્કરી ખાતર ત્હેને કહ્યું: "બ્હેન ! હવે ચાલો આગળ." ઇન્દુમતીએ ઉત્તર ન આપતાં ત્હેમના તરફ એક કુટિલ દૃષ્ટિપાત કર્યો, અને દાસીના હાથમાંથી વરમાળ લઈ અજના કંઠમાં પહેરાવી દીધી. 'આ કેવળ પુષ્પમાળા જ નથી પરંતુ સ્વયં ઇન્દુમતીનું હસ્તાલિંગન છે' એમ અજને લાગ્યું.

વરમંડપમાં બેઠેલા રાજાઓ સિવાય, સર્વ કોઇ મનમાં બોલવા લાગ્યું: "વાહ ! જોડી તો બરાબર પસંદ થઇ છે. જાણે ચંદ્ર અને ચંદ્રિકા !"

આ પ્રમાણે સ્વયંવરનું કાર્ય સંપૂર્ણ થવાથી વરકન્યાનો વરઘોડો સ્વયંવર મંડપમાંથી શહેરમાં આવવા નીકળ્યો. આ નવદંપતીને જોવા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જાળીઓ, અટારીઓ, બારી બારણાં સર્વસ્થળે લોકોની ઠઠ જામી ગઈ હતી. નિશાન, ડંકા, વાજાં અને સરણાઇઓના અવાજ સાંભળીને સ્ત્રીઓ તથા પુરુષો પોતપોતાનાં કામ પડતાં મૂકીને વરકન્યાને જોવા આવતાં: વરઘોડાનો અવાજ સાંભળતાં જ ચોટલો વાળવા બેઠેલી એક સ્ત્રી એકાએક ઉઠી અને હાથમાં વાળની લટો ઝાલીને બારીએ આવી ઉભી રહી. બીજી એક સ્ત્રીના પગે દાસી અળતો ચોપડતી હતી; ત્હેણે સરણાઇનો રણકાર સાંભળીને એકદમ પોતાનો પગ ખેંચી લીધો અને લાલ પગલાં પાડતી પાડતી જોરથી બારી તરફ દોડી. એક સ્ત્રી એક આંખમાં સૂરમો આંજી બીજી આંખમાં આંજવા જતી હતી, એટલામાં તુરઇનો નાદ સાંભળતાં તે હાથમાં સૂરમાની સળી લઇને જ બારણા તરફ દોડી અને બહાર જોવા લાગી. એક બીજી સ્ત્રી જેવી ઉઠીને દોડવા લાગી કે તરત જ ત્હેણે પહેરેલા લૂગડાની ગાંઠ છૂટી ગઈ. તે બાંધવા ઉભી ન રહેતાં, લૂગડું હાથમાં ઝાલીને જાળીયા આગળ જઇ એકી ટશે બ્હાર જોવા લાગી. એક સ્ત્રી મોતીની સેર પરોવતી હતી; તે આ વરઘોડાનો અવાજ સાંભળીને જેમ જેમ બારણા તરફ દોડતી જાય, તેમ તેમ ત્હેની સેરમાંથી એક પછી એક મોતી ગરતાં જાય. આખરે તે બારણા આગળ પહોંચી, ત્યારે ત્હેના હાથમાં કેવળ દોરો જ રહી ગયો. આ પ્રમાણે જાળીયાં તથા બારી બારણાંમાં ગાંડાતુર લોકોની મેદની જામી ગઈ.

વરકન્યાનું જોડું નીહાળી સર્વને આનંદ ઉપજતો. કેટલીક સ્ત્રીઓ પરસ્પર કહેવા લાગી: " રાજાઓનાં માગાંનો તિરસ્કાર કરી ઇન્દુમતીએ સ્વયંવર કરાવ્યો એ ઠીક જ કર્યું. બન્ને રૂપ, ગુણ, વયમાં સમાન છે. જો વિધાતાએ આ બન્નેનું જોડું ન રચ્યું હોત, તો એણે આપેલી રૂપસંપત્તિ વૃથા જાત, તથા આવું અનુપમ સૌંદર્ય પેદા કરવામાં ત્હેને પડેલો શ્રમ પણ નકામો જ જાત. આ દંપતી સર્વ રીતે રતિ અને મદન જેવાં લાગે છે. આટલા બધા રાજાઓ-માંથી ઇંદુમતીએ આ જ રાજકુમારને પસંદ કર્યો એથી એમ લાગે છે કે ખરેખર મન પૂર્વજન્મની પ્રીતિને પીછાણી શકે છે." આવી રીતના અનેક વાર્તાલાપો સ્પષ્ટ–અસ્પષ્ટ રીતે સાંભળતાં નવદંપતી રાજમહેલમાં આવી પહોંચ્યાં.

રાજમહેલમાં લગ્નની તૈયારીઓ પૂર ઠાઠમાં ચાલી રહી હતી. હાથી ઉપરથી ઉતરીને વરકન્યા લગ્નમંડપમાં ગયાં. ત્યાં ત્હેમણે



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મધુપર્ક ગ્રહણ કરી રાજાએ આણેલાં રેશમી વસ્ત્રો પહેર્યાં અને અગ્નિકુંડ સમીપ સુવર્ણ સિંહાસનપર તેઓ બેઠાં. ત્યાં કેટલીક ક્રિયાઓ થયા પછી રાજપુરોહિતે વરકન્યાનો હસ્તમેળાપ કરાવ્યો. હસ્તમાં હસ્ત પડતાં એકને રોમાંચ, અને બીજાને સ્વેદનો અનુભવ થયો. બન્નેના મુખ ઉપર લજ્જાના શેરડા પડયા. પછી અગ્નિની પ્રદક્ષિણા કરાવવામાં આવી. ત્યાર બાદ સિંહાસન પર બેઠેલાં વરકન્યાને સ્નાતકો, સૌભાગ્યવતી આધેડ વયની સ્ત્રીઓ, તથા સગાં સહોદર સાથે વિદર્ભરાજે આવીને ચંદન-અક્ષતથી વધાવ્યાં. પછી, આવેલા સર્વે અન્ય રાજાઓની પણ એક પછી એક યથાયોગ્ય સત્કારપૂજા થઇ, એટલે તેઓ ઉપર ઉપરથી હસવાનો અને આનંદનો ડોળ કરીને ચાલતા થયા, અને શહેર બહાર કેટલેક દૂર જઇ અજ પાસેથી કન્યા પડાવી લેવા માટે ટોળે થઇ પડાવ નાંખી રહ્યા.

શુભ દિવસ જોઇને રાજાએ પોતાનાં બ્હેન બનેવીને વળાવ્યાં અને થોડેક સુધી પોતે સાથે ગયો. ત્રણ રાત્રિ ત્હેમની સાથે રહીને તે પોતાના નગર તરફ પાછો ફર્યો. ત્યાર પછી અજ કેટલેક દૂર ગયો એટલે માર્ગમાં પડાવ નાંખી પડેલા રાજાઓને ત્હેણે જોયા. રઘુના હાથે હાર ખાવાથી આ રાજાઓને મૂળ વેર તો હતું જ, વળી અજને કન્યા મળવાથી ત્હેમાં વૃદ્ધિ થઇ. તેઓ અજનો માર્ગ રોકીને બેઠા હતા. રાજકુમારે ત્હેમને બાજુએ હટી જવા જણાવ્યું. ત્હેમણે ના પાડી; તેથી બન્ને વચ્ચે એક તુમુલ યુદ્ધ થયું. પ્રથમ તો અજના સૈન્યનો ઘણો ખરો ભાગ કપાઇ મૂઓ, તેથી એમ લાગતું કે અજનો પરાભવ થશે. આથી ત્હેનો ક્રોધ અતિશય ઉછળી આવ્યો અને થોડા સૈનિકો સાથે પણ તે શત્રુસેના પર તૂટી પડયો. શત્રુ રાજાઓએ ત્હેને લગભગ ઘેરી લીધો અને સખત મારો ચલાવવા માંડયો. અહીં અજે પોતાનું ખરેખરૂં પરાક્રમ દાખવ્યું. એકલે હાથે ત્હેણે શત્રુઓને હંફાવવા માંડયા. પરંતુ ત્હેમની સંખ્યા વિશેષ જોઇને ત્હેણે પ્રિયંવદ ગન્ધર્વે આપેલા અસ્ત્રનો પ્રયોગ કર્યો, જેથી સર્વ રાજાઓ ઉંઘમાં પડયા હોય એમ થઇ ગયા. અજે વિજયનો શંખ ફુંકયો, અને કન્યા પડાવી લેવા આવેલા રાજાઓની લાચાર સ્થિતિ ઇંદુમતીને બતાવી.

આ પ્રમાણે સર્વનો પરાજય કરી પત્ની સાથે રાજકુમાર અજ પોતાને ઘેર આવી પહોંચ્યો. રઘુએ બહુ માનપૂર્વક દંપતીનો સત્કાર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કર્યો, અને ત્હેમને રાજ્ય સોંપી પોતે અરણ્યવાસ કરવા માટે ચાલ્યો ગયો.

હવે અજરાજા ન્યાયથી પ્રજાનું પાલન કરવા લાગ્યો. ત્હેના સમયમાં લોકોને કોઈ જાતનો અસંતોષ ન હતોઃ તેમ રાજા તરફ કોઇનો પ્રેમ પણ ઓછો ન હતો. કેટલોક વખત આમ પસાર થયા પછી ઈન્દુમતીએ એક પુત્રરત્નને જન્મ આપ્યો. ત્હેનું નામ દશરથ પાડવામાં આવ્યું. તે પ્રસંગે રાજાએ પોતાની યોગ્યતા પ્રમાણે દાનપુણ્ય કર્યાં.

એક વખતે અજરાજા પોતાના નન્દન નામના ઉદ્યાનમાં પત્ની સાથે વિહાર કરતો હતો. તે સમયે દક્ષિણ સમુદ્રના તટ ઉપર આવેલા ગોકર્ણેશ્વર મહાદેવની ઉપાસના કરવા માટે વીણાપાણિ મહર્ષિ નારદ આકાશમાર્ગે જતા હતા. ત્હેમની મહતી નામની વીણાની ટોચ ઉપર સ્વર્ગીય પુષ્પોની એક માળા બાંધેલી હતી; પવનના સપાટાથી આ માળા વીણા ઉપરથી ઉડી અને નીચે ઉદ્યાનમાં બેઠેલી ઈન્દુમતીના સ્તન ઉપર આવીને પડી. માળા પડતાંની સાથે રાણી અચેતન થઇને પડી, અને થોડી ક્ષણમાં જ મરણ પામી. રાજાએ ત્હેનું મસ્તક પોતાના ખોળામાં લીધું, અને તે વાયુ ઢોળવા લાગ્યો. પણ મૃત્યુ પામેલી રાણી હવે ક્યાંથી ઉઠે? આખરે રાજાએ નિરાશ થઇ મુક્તકંઠે રડવા માંડ્યું:

## અજ વિલાપ

( વિરહિણી વૃત્ત )

કરુણાર્ત રવે છુટે મુખે, રડતાં ધીરજ સૌ છુટી ગઈ;
પિગળે તપી લોહ તો પછી, ક્યમ રે' ધીરજ કહો મનુષ્યની? ૧

" કુસુમો કદિ અંગ વાગતાં, પળમાં પ્રાણ હરે અરે! કદી?
" વિધિ તત્પર હોય મારવા, ન બને સાધન શું કહો પછી? ૨

" અથવા મૃદુ વસ્તુને હણે, મૃદુ વસ્તુ થકી કાળ સર્વદા;
" હિમ પદ્મિનીને યથા હણે, કુસુમે તેમ હણી અરે! પ્રિયા. ૩

" જીવલેણ જ માળ હોય આ, હણી જેણે પટરાણી માહરી;
" લઇને હૃદયે પછાડતાં, મુજને શે હણતી હવે નથી? ૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

" પણ ભાવિ ન અન્યથા બને, પ્રભુ ઇચ્છા બળવાન હોય છે;
" વિષ અમૃતરૂપ રે' બની, પળમાં અમૃત ઝેર થાય છે. ૫
" અથવા મુજ હીન ભાગ્યથી, ફુલ માળા થઇ વજ્રની પડી;
" ન હણ્યો તરુરૂપ દેહ આ, પણ છેદી મૃદુ પુષ્પવેલડી. ૬
" કરતી નહિ કોપ તું પ્રિયે! મુજ થાતો અપરાધ જો કદી;
" કયમ આજ વિનાપરાધ તું, નથી બોલાવી જવાબ આપતી? ૭
" શઠ ધૂર્તરૂપે શુચિસ્મિતે! મન તારે વસવાથી નક્કી હું;
" પરલોક કહ્યા વિના મને, નહીં પાછી વળવા સિધાવી તું. ૮
" ગયું જીવન વ્હાલી સાથ તું, કયમ પાછું વળ્યું, છોડી એહને?
" લીધી હાથથી વ્હોરી આવતાં, ખમજે દુઃખનિવેદના હવે. ૯
" સુરતશ્રમનાં કપાળથી, હજી તો બિન્દુ સુકાયલાં નથી;
" ગઈ તેમ છતાં વિરામી તું, ધિક્ એ ભંગુરતા શરીરની. ૧૦
" નથી અપ્રિય ત્હારૂં મેં કર્યું, મનથી, તોય તું જાય શું તજી?
" પૃથિવીપતિ નામનો છતાં, રતિ મા'રી તુજમાં વસી હજી. ૧૧
" ભમરા સમ શ્યામ કુન્તલો, ઝુલતા કોમળ પુષ્પથી ભર્યા;
" પવને કરભોરુ! હાલતાં, તુજ જીવ્યા તણી આશ આપતા. ૧૨
" હર જાગ્યો વિષાદ માહરો, સલુણી! એજ હવે ઘટે ત્હને;
" વન-ઔષધિ જેમ રાત્રિએ, સ્ફુરિ અંધારૂં હિમાદ્રિનું હરે. ૧૩
" ઝુલતાં મૃદુ કુન્તલો ભર્યું, મુખ નિઃશબ્દ મૃગાક્ષિ! તાહરૂં;
" ભ્રમરસ્વરશૂન્ય પદ્મ શું, પ્રજળે અંતર દેખી માહરૂં. ૧૪
" શશિને રજની ફરી મળે, ચકવી તેમજ ચક્રવાકને;
" ગણી એમ, વિયોગ એ સહે, કયમ બાળે મરતાં ન તું મ્હને? ૧૫
" મૃદુ પલ્લવ પુષ્પસેજમાં, ખુંચતાં કોમળ અંગ તાહરે;
" કયમ અગ્નિ તું સાંખશે અરે! વદ વામોરુ! સુતાં ચિતા વિષે? ૧૬
" સુતિ દેખી ફરી ન ઉઠવા, સખી એકાન્તની ત્હારી મેખલા,
" ગતિ ત્હારી વિલાસી તૂટતાં, થઇ નિઃશબ્દ વિરામિ સાથ, હા! ૧૭
" મદમંથર ચાલ હંસીમાં, મૃદુ મીઠો સ્વર કોકિલા વિષે;
" હરિણી મહિં લોલ દૃષ્ટિનો ઝુલતી વેલી વિષે વિલાસને. ૧૮
" થઇ ઉત્સુક સ્વર્ગમાં જતાં, મુજ અર્થે ગુણ આમ ત્હેં ધર્યા;
" વિરહે ભર્યું દુઃખભારથી, મન ધારી શકશે ન તે પ્રિયા. ૧૯
" સહકાર તથા પ્રિયંગુની, જુગતી સુંદર જોડ બાંધિને;
" અધુરું મુકી લગ્ન એમનું, ન ઘટે ચાલી જવું પ્રિયા! ત્હને. ૨૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

" તુજ હાથથી દોહદો પુરી, નવલાં પુષ્પ અશોક આપશે;
" કયમ ભૂષણુ એવું કેશનું, અરપાશે મરણક્રિયા વિષે ! ૨૧
" સ્મરિ નૂપુરશબ્દથી ભર્યો, ચરણસ્પર્શ સુગાત્રિ ! તાહરો,
" કરતો કુસુમાશ્રુ વર્ષિને, સલુણી ! શોક અશોક કયારનો. ૨૨
" મુજ સાથ ગુંથી બકુલની, તુજ નિઃશ્વાસ સમાન મ્હેંકતી;
" અધુરી મુકી આમ મેખલા, કયમ તું કિન્નરકંઠિ ! કે' સુતી? ૨૩
" સખીઓ સુખદુઃખભાગિણી, સુત છે બાળ શશાંક શો હજી;
" પ્રીતથી અનુરક્ત હું છતાં, કયમ ચાલી ગઇ, સર્વને ત્યજી? ૨૪
" ગઇ ધીરજ, મોજ પર્વરી, ઋતુ ઉત્સાહ વિનાની સૌ થઇ;
" ગયું ગાન, વિનોદ વ્હાલનાં, સખિ ! સૂતી સુખસેજ આ થઈ. ૨૫
" ગૃહિણી, ગૃહની સચિવ, ને પ્રિયશિષ્યા મધુરી કળાની તું;
" થઈ નિર્દય આજ મૃત્યુએ, હરતાં શું નથી માહરૂં હર્યું? ૨૬
" મધુરૂં મધુ, માહરા મુખે, અરપેલું મદિરાક્ષિ ! પી પછી;
" કયમ પીશ તું આંસુથી ભરી, પરલોકે વસિને જલાંજલિ? ૨૭
" વિભવો બહુ છે છતાં પ્રિયા ! દુઃખ રૂપે તું જવાથી તે થયા;
" નથિ મોહ રહ્યો કશા વિષે, વિષયો સૌ વિષરૂપ થૈ રહ્યા." ૨૮
કરુણાર્થ ભર્યા વિલાપથી, રડતા કોસલભૂપ સાંભળી;
રડવા તરુવૃંદ લાગિયાં, વરસાવી મધુ-અશ્રુ આંખથી. ૨૯

આ પ્રમાણે રાજાનો અત્યંત કરુણ વિલાપ સાંભળીને ભેગા થયેલા રાજપુરુષો અને અન્ય પ્રજાજનોને પણ અતિશય ખેદ થયો. ત્હેમણે રાજાના અંકમાંથી રાણીના શબને ઉપાડી લીધું અને ચંદન-કાષ્ઠથી ત્હેનો અગ્નિસંસ્કાર કર્યો. તેઓ રાજાને શહેરમાં લાવ્યા અને શૂન્ય પડેલા રાજમહેલમાં લઈ ગયા. કોઈ પણ રીતે અજનો શોકાગ્નિ શાંત થયો નહિ, ત્યારે ત્હેમણે **વસિષ્ઠ**ગુરુને ખબર આપી. આ વખતે **વસિષ્ઠ** યજ્ઞમાં બેઠા હતા, તેથી ત્હેમણે એક શિષ્ય સાથે અતિબોધક સંદેશો કહાવ્યો. તે શિષ્યે આવીને રાજાને નમ્રપણે બોધ આપ્યોઃ—

" રાજન્ ! ગુરુજી આપના શોકનું કારણ જાણી બહુ ખિન્ન થયા છે. પરંતુ, તેઓ યજ્ઞકાર્યમાં રોકાયલા હોવાથી હાલમાં આપની પાસે આવી શકે તેમ નથી. તેથી ત્હેમણે બે શબ્દો કહેવા માટે મ્હને મોકલ્યો છે, તે સાંભળવા કૃપા કરો. ગુરુજી ત્રિકાળદર્શી છે એ આપ જાણો છો. તેથી ત્હેમણે ઇન્દુમતીબ્હેનનો પૂર્વ વૃત્તાન્ત જ્ઞાનદષ્ટિથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જાણી આપની સાંત્વના માટે કહેવડાવ્યો છેઃ એક વખતે તૃણબિન્દુ નામના ઋષિએ એવી ભયંકર તપશ્ચર્યા કરી કે ઇંદ્રને પોતાના પદ વિષે શંકા ઉત્પન્ન થઈ. તેથી ત્હેણે હરિણી નામની એક અપ્સરાને મહર્ષિના તપમાં ભંગ પાડવા માટે મોકલી. આ અપ્સરાએ તપસ્વીના સમક્ષ અનેક પ્રકારના શૃંગારિક હાવભાવ કરવા માંડયા. આવી રીતે પોતાના તપમાં ભંગ પાડવાનો પ્રયત્ન કરાતો જોઇને ઋષિને અત્યંત ક્રોધ ચઢયો. તેથી ત્હેમણે 'સ્વર્ગીય મટી પૃથ્વી પર પડ' એવો અપ્સરાને શાપ આપ્યો. શાપથી ભયભીત થયેલી હરિણીએ ઋષિના ચરણમાં મસ્તક મૂકી રડતાં રડતાં જણાવ્યું: 'મહારાજ! મ્હેં આપનો અપરાધ કર્યો છે એ કબુલ છે, પરંતુ હું સ્વતંત્ર નથી; ઇંદ્રના આદેશથી હું આપની પાસે આવી હતી, તો આપ આ મૂઢ બાળાનો અપરાધ ક્ષમા કરો.'

"અપ્સરાનાં કરુણ વચનો સાંભળી ઋષિનો ક્રોધ શાંત થયો. તેથી ત્હેના પર અનુગ્રહ કરવા ત્હેમણે કહ્યું: 'હરિણી! મ્હારા શબ્દો હવે પાછા ફરે તેમ નથી. પરંતુ જા, એટલું થશે કે જ્યારે તું માનુષી રૂપમાં હોઇશ ત્યારે સ્વર્ગીય પુષ્પના દર્શનથી મ્હેં આપેલો શાપ નિવૃત્ત થશે અને તું પાછી સ્વર્ગમાં આવી જઈશ.'

"આવી રીતે શાપ પામેલી હરિણી અપ્સરા તે આપની રાણી ઈન્દુમતી. તે આપની સાથે કેટલોક સમય રહી હવે પોતાના ધામમાં સિધાવી છે. તો ત્હેને માટે ખાલી શોક કરવો છોડી દો અને સ્વસ્થતાથી પૃથ્વીનું પાલન કરો. જગતમાં દુઃખ કોને નથી આવતું? જન્મ્યાં તે સઘળાં જીવતાં હશે? આપ તો વિદ્વાન છો, શાસ્ત્રના અભ્યાસી છો, એટલે આપને વધુ કહેવાની જરૂર નથી. રુદન કરવાથી હવે ઈન્દુમતી મળે એમ છે? ત્હેની પાછળ મરવાથી પણ તે મળી શકે એમ નથી; કારણ સર્વની ગતિ સ્વકર્માનુસાર થાય છે. મરણ તો સર્વને માથે સર્જ્યું છે. જે થોડો ઘણો વખત માણસ જીવી લે છે એ જ બહુ છે એમ હું તો ધારૂં છું. સગાં સંબંધીના મરવાથી મૂઢ લોકોને દુઃખ થાય છે; પણ વિદ્વાનો તો 'ભલું થયું ભાંગી જંજાળ' એમજ માને છે. માટે મહારાજ! પ્રાકૃત જનની માફક શોક મૂકી સંયમ ધારણ કરો. આપ જેવાને આમ શોક કરવો છાજે નહિ. જો પવનના જોસથી ઝાડ અને પર્વત બન્ને હાલવા મંડી જાય, તો એ એમાં તફાવત શો?"

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ પ્રમાણે ઋષિકુમારનાં વચન સાંભળી, અજ રાજાનો તાત્કાલિક શોક દૂર થયો; પરંતુ ત્હેના અંતરમાંથી વિરહવ્યથા કદી પણ દૂર થઇ શકી નહિ. ગમે તેમ કરી, બાળ દશરથને મ્હોટો કરવામાં ત્હેણે આઠ વર્ષ ગાળ્યાં. હવે દશરથ કવચટોપ પહેરી શકે એવો થયો હતો. આ વખતે અજના શરીરમાં અસાધ્ય રોગે ઘર કર્યું હતું, તેથી હવે તે સંસારથી કંટાળી ગયો હતો. ત્હેણે દશરથને રાજગાદી સોંપી અને પોતે ગંગા અને સરયૂ નદીના સંગમ આગળના તીર્થપ્રદેશમાં રહી પ્રાયોપવેશન* કરી મૃત્યુ પામ્યો.

## પ્રકરણ ૪ થું: દશરથ

હવે, દશરથ રાજા પ્રધાનોની મદદથી રાજ્યકારભાર ચલાવવા લાગ્યો. ત્હેના શાસનથી પ્રજા સંતુષ્ટ રહેતી, અને દિન પરદિન ત્હેની સર્વ પ્રકારે વૃદ્ધિ થયાં કરતી. રાજાને ખાસ કરી કોઈ પણ જાતનું વ્યસન ન હતું, માત્ર મૃગયાનો અતિશય શોખ હતો. એ કળામાં ત્હેણે એટલી બધી પ્રવીણતા મેળવી હતી કે લક્ષ્યને પ્રત્યક્ષ જોયા વિના માત્ર ત્હેનો અવાજ સાંભળીને તે ત્હેને વીંધી શકતો.

એક વખતે, પ્રધાનોને રાજ્યકારભાર સોંપી, રાજા મૃગયાવિહાર કરવા નીકળ્યો. ત્હેણે શિકારી કૂતરાઓ, શિકારીઓ અને પારધી-

---

* 'પ્રાયોપવેશન' એટલે કોઈ પણ જાતનો ખોરાક લીધા વિના શરીરને સૂકવી નાંખી ત્હેનો ત્યાગ કરવો. મહારોગી અને મહાપાતકીને માટે આ વિધિશાસ્ત્રમાં જણાવેલો છે, માટે તે આત્મઘાત કહેવાતો નથી. સરખાવો

समासक्तो भवेद्यस्तु पातकैर्महदादिभिः ।
दुश्चिकित्स्यैर्महारोगैः पीडितो वा भवेत्तु यः ॥
स्वयं देहविनाशस्य काले प्राप्ते महामतिः ।
आब्रह्माणं वा स्वर्गादिमहाफलजिगीषया ॥
प्रविशेज्ज्वलनं दीप्तं कुर्यादनशनं तथा ।
एतेषामधिकारोऽस्ति नान्येषां सर्वजन्तुषु ॥
नराणामथ नारीणां सर्ववर्णेषु सर्वदा ॥

× × × ×

यथाकथंचित्तीर्थेऽस्मिन्देहत्यागं करोति यः ।
तस्यात्मघातदोषो न, प्राप्नुयादीप्सितान्यपि ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઓનું એક ટોળું પહેલેથી અરણ્યને ઘેરી લેવા માટે મોકલ્યું, અને પાછળથી પોતે ધનુષ્ તથા તીક્ષ્ણ બાણોનું ભાથું લઇને ગયો. વનમાં કેટલાક દિવસ સુધી ત્હેણે હરણ, વરાહ, વાઘ, સિંહ આદિ અનેક જાતનાં પ્રાણીઓનો શિકાર કર્યો. એક દિવસે ત્હેણે એક ચપળ હરણને લક્ષમાં રાખી ત્હેની પાછળ ઘોડાને મારી મૂકયો. ઘોડો એટલો જલદી દોડયો કે રાજાનાં સઘળા સાથીઓ પાછળ પડી ગયા, અને ઘોડો જાતે પાણી પાણી થઈ ગયો; ત્હેના મુખમાંથી ફીણ નીકળવા માંડયું. આમ છતાં પણ હરણ તો હાથમાં આવ્યું નહિ, અને ઘોડો દૂર તમસા નદીના કિનારા ઉપર આવી પહોંચ્યો. રાત્રિનો અંધકાર પ્રસરવા માંડયો હતો. ત્યાં દૂરની ઝાડીમાં નદીના પ્રવાહમાંથી ઘરઘર અવાજ રાજાના કાન પર પડયો. રાજા શબ્દવેધી હોવાને લીધે, ત્હેણે ‘આ અવાજ પાણી પીતા કોઇક હાથીનો હશે’ એમ ધારી તે તરફ બાણ છોડયું. યુદ્ધ સિવાય અન્યત્ર હાથીને મારવો એ રાજાઓને માટે પાતક છે એમ શાસ્ત્રવચન જાણવા છતાં પણ રાજાએ હાથીનો અવાજ જાણી બાણ છોડયું.

ધાર્યા પ્રમાણે જ બાણે વેધ કર્યો. તરત જ એ ઝાડીમાંથી “હા તાત!” એવો કરુણ અવાજ રાજાના કાન પર પડયો. એ અવાજ સાંભળી રાજાના પેટમાં ધ્રાસકો પડયો. ત્હેણે ઘોડા ઉપરથી ઉતરી ઝાડીમાં આવીને જોયું તો હાથીને બદલે એક તપસ્વી બાળકને પોંતાના બાણથી વીંધાયલો જોયો. રાજા એકદમ પાસે ગયો અને બાળકને પૂછપરછ કરી. બાળકે ઉત્તર આપ્યો: “મહારાજ! હું શૂદ્ર તપસ્વી છું, અને પેલી સામેની ઝાડીમાં મ્હારાં અંધ માબાપ બેઠાં છે. હું ત્હેમને કાવડમાં બેસાડી તીર્થયાત્રા કરાવું છું. આજ અત્યંત તૃષા લાગવાથી હું ત્હેમને માટે જલ લેવા આ નદીના પ્રવાહમાં ઉતરી ઘડો ભરતો હતો, તેવામાં આપના તીક્ષ્ણ બાણે આવી મ્હારી જીવનયાત્રાનો અંત આણ્યો છે. મ્હેં આપનો શો અપરાધ કર્યો હશે તે તો પ્રભુ જાણે! મ્હને મ્હારાં અંધ માબાપ પાસે લઇ જાઓ, અને ત્હેમને સર્વ વૃત્તાંત જણાવી દો. તેઓ અત્યંત તૃષાતુર છે, એટલે વિલંબ કરવાની જરૂર નથી.”

મુનિપુત્રના કહેવા પ્રમાણે રાજા ત્હેને ઉપાડી ત્હેનાં માબાપ પાસે લઇ ગયો. પણ ત્યાં પહોંચતાં પહેલાં જ ત્હેના પ્રાણ દેહમાંથી નીકળી ચાલતા થયા. રાજા બ્હીલે મ્હોંએ વૃદ્ધ મુનિ પાસે ગયો. માણસ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નો પગરવ સાંભળી અંધ મુનિ બોલી ઉઠ્યો: "બેટા! જળ લાવતાં કયમ આટલી બધી વાર લાગી?"

રાજાએ તે અંધ દંપતીને પાણી આપી, પોતાના હાથે થએલા અપરાધનો વૃત્તાંત સવિસ્તર કહી સંભળાવ્યો. પુત્રમરણના શોક-સમાચાર સાંભળી અંધ દંપતી અતિશય દુઃખી થયાં અને વિલાપ કરવા લાગ્યાં. પછી રાજાના હાથે ચિતા રચાવી પુત્ર સાથે બન્ને જણાં બળી મૂઆં. મરતાં મરતાં વૃદ્ધ તપસ્વીનો આત્મા ક્રોધ અને પીડાથી ઉકળી ગયો હતો. તેથી ત્હેના મુખમાંથી એકાએક આ પ્રમાણે વચનો નીકળી ગયાં: "રાજન્! જેમ અમને ત્હેં પુત્રવિયોગથી દુઃખી કરી માર્યા છે તેમ ત્હારૂં પણ મૃત્યુ પુત્રવિયોગને લીધે જ થશે!"

અંધમુનિનો શાપ સાંભળી રાજાને હર્ષ અને શોક ઉભય પ્રાપ્ત થયાં. હજુ સૂધી ત્હેને પુત્રદર્શન થયું ન હતું, એટલે આ શાપ ત્હેને માટે એક રીતે આશીર્વાદરૂપ હતો.

દરમ્યાનમાં રાજાના સાથીઓ અને સેવકો ત્યાં આવી પહોંચ્યા હતા. ત્હેમની સાથે હતાશ થઇને તે રાજધાની તરફ પાછો વળ્યો.

× × × ×

દશરથ રાજાને રાજ્ય કરતાં કરતાં દશ હજાર વર્ષ વીતી ગયાં છતાં પણ ત્હેને પુત્રદર્શનનું સુખ પ્રાપ્ત થયું નહિ. તેથી, આખરે ઋષ્યશૃંગ તથા બીજા કેટલાક ઋષિઓએ મળી રાજાને પુત્રપ્રાપ્તિ કરાવવા માટે પુત્રેષ્ટિ યજ્ઞ આરંભ્યો. એજ પ્રસંગમાં, લંકાના રાક્ષસ-રાજા રાવણથી ત્રાસ પામીને ઇંદ્ર સહિત દેવતાઓ વિષ્ણુ પાસે જવા નીકળ્યા. તેઓ ક્ષીરસમુદ્રમાં પહોંચ્યા, તે જ વખતે ભગવાન્ વિષ્ણુ યોગનિદ્રામાંથી જાગીને શેષનાગના દેહ ઉપર આરામથી બેઠેલા હતા. પાસે લક્ષ્મીજી બેસી, ત્હેમનું પાદસેવન કરતાં હતાં, અને સામે ગરુડજી હાથ જોડીને ઉભા હતા. સઘળા દેવો ત્હેમની પાસે ગયા અને પ્રણામ કરી ત્હેમની સ્તુતિ કરવા લાગ્યા:

"હે પ્રભો! આપ સમગ્ર વિશ્વના સ્રષ્ટા, પાલન કર્તા અને સંહર્તા છો; આપ અવ્યક્ત હોઇ, વ્યક્તના કારણભૂત છો; એકરૂપ હોઈ અનેક રૂપો ધારણ કરો છો; સર્વના ઇશ છો. યોગી લોકો સર્વદા ધ્યાનસ્થ થઈ આપના તેજનું ચિન્તન કરે છે. આપના સ્વરૂપને યથાર્થ રીતે જાણવા કોણ શક્તિમાન્ છે? સિદ્ધિ માટે વેદોમાં કર્મયોગ, ભક્તિયોગ, જ્ઞાનયોગ આદિ જે અનેક માર્ગો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બતાવ્યા છે, તે સઘળા આપના ચરણારવિંદ તરફ જ વળે છે. આપના સ્મરણ માત્રથી પાતકીનાં પાતકો બળીને ભસ્મ થાય છે, તો આપનાં દર્શનથી શા શા લાભ થાય એ અમારી ક્ષુદ્ર બુદ્ધિમાં આવી શકતું નથી. આપ તો પરિપૂર્ણ છો, એટલે આપને મેળવવા જેવું કાંઈ પણ અવશિષ્ટ રહેતું નથી. કેવળ લોકના અનુગ્રહની ખાતર જ આપ ભિન્ન ભિન્ન અવતાર લઇ અનેક ન્હાનાં મ્હોટાં કાર્યો કરો છો. આપનો મહિમા ગાતાં ગાતાં વાણી અટકી પડે છે, ત્હેનું કારણ આપના ગુણરાશિની મર્યાદા નથી, પણ અમારી અશક્તિ છે."

દેવતાઓની સ્તુતિ સાંભળી ભગવાન્ વિષ્ણુ પ્રસન્ન થયા અને ગંભીર સ્વરે બોલવા લાગ્યા:

"હે દેવ લોકો! ત્હમારા આગમનનું કારણ હું સમજી ગયો છું. રાક્ષસોના ત્રાસથી એકલા સ્વર્ગવાસીઓ જ ભયભીત થયા છે એમ નથી, મ્હારા ત્રણે ભુવનમાં સઘળા લોકો દુઃખી થયા છે એ હું સારી રીતે જાણું છું. તેથી આ બાબતમાં ત્હમારી પ્રાર્થનાની પણ આવશ્યક્તા રહેતી નથી. અત્યાર સુધી મ્હેં રાવણની દુષ્ટતા તરફ ઉપેક્ષા કરી ત્હેને ફુલાવા દીધો છે, ત્હેનું કારણ બ્રહ્માએ ત્હેને આપેલું વરદાન છે. હવે, વધારે વખત ત્હેની દુષ્ટતા હું સહન કરી શકવાનો નથી. થોડા જ સમયમાં હું દશરથ રાજાના પુત્ર તરીકે અવતાર લઈશ, અને ત્હેનાં દશ મસ્તકો ફુલની માફક ઉખેડી નાંખીશ. માટે હવેથી ત્હમે રાવણનો ભય કાઢી નાંખજો; ત્હેના પુષ્પક વિમાનથી બ્હીશો માં."

આ પ્રમાણે બોલી ભગવાન વિષ્ણુ ત્યાંથી અંતર્ધાન થયા. દેવો પણ રામકાર્યમાં મદદ કરવા માટે પોતાને યોગ્ય અવતાર ગ્રહણ કરવાની તૈયારી કરવા લાગ્યા.

દશરથ રાજાનો પુત્રેષ્ટિ યજ્ઞ પૂર્ણ થતાં, યજ્ઞકુંડમાંથી એક દિવ્ય પુરુષનો પ્રાદુર્ભાવ થયો. તે પુરુષના હાથમાં એક વજનદાર સુવર્ણપાત્ર હતું, ત્હેમાં પાયસાન્ન* ભરેલું હતું. તે પાત્ર રાજાના હાથમાં મૂકતાં મૂકતાં તે દિવ્ય પુરુષે રાજાના ગુણો તથા ભાગ્યની પ્રશંસા કરી અને જણાવ્યું કે 'રાજન્! ત્રૈલોક્યના કારણભૂત

* 'પાયસાન્ન' એટલે દૂધમાં પકવેલા ચોખા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભગવાન્ વિષ્ણુ આપને ઘેર જન્મ લેવા ઇચ્છે છે.' એમ કહી તે અંતર્ધાન થઇ ગયો.

પછી, રાજાએ તે દિવ્ય પાયસાન્નના બે સરખા ભાગ કરી પોતાની પ્રિય પત્ની કૌસલ્યા અને કૈકેયીને વહેંચી આપ્યા. આ બન્ને સ્ત્રીઓએ પોતપોતાના ભાગમાંથી અર્ધો ભાગ સુમિત્રાને આપ્યો. આ રીતે રાજાની ત્રણે સ્ત્રીઓ ગર્ભવતી થઇ. હવે ત્હેમને નિદ્રામાં અનેક જાતનાં સ્વપ્નો દેખાવા લાગ્યાં. શંખ, ચક્ર, ગદા, પદ્મ વગેરે-થી વિભૂષિત થયેલા ઠીંગણા પુરુષો ત્હેમની આજુબાજુ રક્ષણ કરવા ઉભા હોય એમ રાણીઓને જણાયું; સુવર્ણની પાંખો ફફડાવતો ગરુડ વાદળાંઓને ખસેડતો જાણે ત્હેમને આકાશમાં લઈ જતો હોય એમ ત્હેમને ઘણીવાર ભાન થતું; છાતી ઉપર કૌસ્તુભનો હાર લટકાવીને હાથમાં કમળપત્રનો પંખો ધારણ કરેલાં લક્ષ્મીદેવી ત્હેમની સેવા કરતાં હોય એમ ત્હેમને લાગતું; ઘણી વાર, આકાશગંગામાં સ્નાન કરીને વેદોચ્ચાર કરતા સપ્તર્ષિઓ જાણે ત્હેમની સ્તુતિ કરતા હોય એમ ત્હેમને ભાસતું. આવાં આવાં અનેક શુભ સ્વપ્નો સાંભળી રાજાના હર્ષનો પાર રહેતો નહિ. વિશ્વપિતાના પણ પિતા થવાનું ભાગ્ય પોતાને પ્રાપ્ત થશે એ વિચારથી તે ઘણી વાર મનમાં મલકાતો.

આખરે ત્હેની પટ્ટરાણી કૌસલ્યાએ, એક શુભ દિવસે, એક પુત્રરત્નને જન્મ આપ્યો. આ બાળકનો દેહ એટલો બધો તેજસ્વી અને અભિરામ (સુંદર) હતો, કે રાજાએ ત્હેનું નામ 'રામ' પાડ્યું. ત્યાર પછી કૈકેયીને જે પુત્ર આવ્યો ત્હેનું નામ ભરત પાડ્યું. સુમિત્રાએ લક્ષ્મણ અને શત્રુઘ્ન નામના બે જોડીયા પુત્રને જન્મ આપ્યો. રામચંદ્રના જન્મ સમયે રાવણના કિરીટમાંથી કેટલાંક મણિ આપોઆપ ખરી પડ્યાં. દેવતાઓને અત્યંત હર્ષ થયો. અયોધ્યામાં નોબતો વાગે તે પહેલાં સ્વર્ગમાં દુન્દુભિનો અવાજ સંભળાવા લાગ્યો. દશરથના રાજભવનમાં દિવ્ય પુષ્પોની વૃષ્ટિ થઇ.

રાજાએ વિદ્વાન બ્રાહ્મણોને બોલાવી બાળકોને વિધિપુરઃસર જાતકર્માદિ સંસ્કાર કરાવ્યા. ધીમે ધીમે બાળકો મ્હોટા થવા લાગ્યા. પિતા પ્રેમપૂર્વક ત્હેમનું પાલન કરતો અને આનંદ માણતો. મ્હોટા થતાં સ્વાભાવિક રીતે જ રામ અને લક્ષ્મણ, તથા ભરત અને શત્રુઘ્ન એમ બબ્બેની જોડીઓ બંધાઇ ગઇ. તેઓ પરસ્પર પ્રેમથી રમતા, વિદ્યાભ્યાસ કરતા અને યુદ્ધકળા શીખતા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૫ મું: રામ–બાલચરિત

રાક્ષસોનો ત્રાસ ધીમે ધીમે વધતો જતો હતો. ઋષિમુનિઓ નિર્વિઘ્ને પોતાની ધાર્મિક વિધિઓ પણ કરી શકતા નહિ.

એક દિવસે વિશ્વામિત્ર ઋષિ દશરથ રાજા પાસે આવ્યા અને રાક્ષસો તરફથી પડતી વિપત્તિઓનું સવિસ્તર વર્ણન કરી, ત્હેમનો વિનાશ કરવા માટે રામને પોતાની સાથે મોકલવા માટે માગણી કરી. રાજાને વૃદ્ધાવસ્થામાં પુત્રસુખ પ્રાપ્ત થયું હતું, તથા રામની ઉમર પણ રાક્ષસો સાથે યુદ્ધ કરવા જેટલી પ્રૌઢ થઇ ન હતી; તેથી ત્હેમની ઇચ્છા રામને ઋષિ સાથે મોકલવાની ન થાય એ સ્વાભાવિક છે, તો પણ રાજાએ યાચકની માગણીનો અનાદર ન કરવો તથા ગોબ્રાહ્મણનું પાલન કરવું જોઇએ, એવા વિચારથી ત્હેમણે રામ તથા લક્ષ્મણ બન્ને કુમારોને વિશ્વામિત્ર સાથે જવાને આજ્ઞા કરી. રઘુના કુળમાં પ્રાણની યાચના કરનારને પ્રાણ પણ અપાતા !

પિતાની આજ્ઞા માથે ચઢાવી બન્ને રાજકુમારો ધનુષ્ અને બાણનાં ભાથાં લઇ તૈયાર થઈ ગયા. ત્હેમણે પિતાના ચરણમાં નમસ્કાર કર્યા. રાજાના નેત્રમાંથી બે મ્હોટાં અશ્રુબિન્દુઓ નીકળી પુત્રોનાં મસ્તક પર પડયાં. પુત્રોને આશીર્વાદ આપી ત્હેણે ઋષિ સાથે ત્હેમને વિદાય કર્યા. બન્ને રાજકુમારો અંતઃપુરમાં જઈ માતાના આશીર્વાદ લઇ ઋષિની પાછળ પાછળ ચાલવા લાગ્યા. આ બે સુકુમાર બાળકોને ઋષિ સાથે જતા જોઇને નગરના લોકો એકી ટશે ત્હેમના તરફ નિહાળવા લાગ્યા.

નગરમાંથી નીકળી ઋષિએ અરણ્યની વાટ લીધી. માર્ગમાં ત્હેમણે આ બન્ને રાજકુમારોને બલા તથા અતિબલા નામની વિદ્યાઓ શીખવાડી, જેના પ્રભાવથી ત્હેમને ભૂખ, તરસ કે થાક લાગતો નહિ. અત્યાર સુધી રાજકુમારોને ગાડીમાં કે ઘોડા અથવા હાથી ઉપર બેસી ફરવાની ટેવ હતી; પરંતુ આજ પગે ચાલવા છતાં પણ ત્હેમને શ્રમ લાગતો નહિ. રસ્તો લાંબો ન લાગે તે માટે ઋષિ વચમાં વચમાં પુરાણોની જૂની રસિક વાર્તાઓ કહેતા જાય; અનેક કમળોથી સુશોભિત સરોવરો બતાવે. પક્ષીઓનાં અને વૃક્ષોનાં નામો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કહેતા જાય. ઋષિને પણ આ વીરકુમારોને જોઈ જેટલો આનંદ થતો, તેટલો વનશોભા નિહાળી અને પક્ષીઓનાં મધુર ગીતો સાંભળી થતો નહિ.

આ પ્રમાણે ચાલતાં ચાલતાં વિશ્વામિત્ર બન્ને રાજકુમારો સાથે મદનવનમાં આવી પહોંચ્યા. ત્યાં આવતાં જ તાડકા નામની એક ભયંકર રાક્ષસીનો ઘોર અવાજ સંભળાયો. મહર્ષિ અગસ્ત્યના શાપથી આ રાક્ષસીનું રૂપ બહુ વિકૃત અને ભયંકર થઈ ગયું છે એમ વિશ્વામિત્રે રાજકુમારોને સમજાવ્યું. એટલામાં માણસની ખોપરીનાં કુંડળ તથા આંતરડાનો કંદોરો પહેરી, વૃક્ષોને પાડતી તાડકા દૂરથી આવતી જણાઈ. તે પાસે આવતાં જ રામ ઉપર હલ્લો કરવાને ધસી. રામે ક્યારનુંયે પોતાનું ધનુષ્ સજ્જ કરી રાખ્યું હતું. પ્રથમ તો સ્ત્રી તરફ બાણ મારતાં ત્હેમને લજ્જા આવી, પરંતુ જ્યારે તે રાક્ષસીને પોતાના તરફ જોસમાં આવતી જોઇ, ત્યારે ત્હેમણે ત્હેની છાતીમાં એક બાણ માર્યું. રામબાણ વાગતાં જ તાડકા લોહી ઓકતી નીચે પડી. થોડી વારમાં ત્હેના પ્રાણ નીકળી ગયા.

રામની ચપળતા અને અદ્દભુત પરાક્રમ જોઇને ઋષિ પ્રસન્ન થયા અને ત્હેમને રાક્ષસોનો વિનાશ કરનારૂં એક દિવ્ય અસ્ત્ર અર્પણ કર્યું.

ત્યાર પછી તેઓ ઋષિના આશ્રમે આવી પહોંચ્યા. પૂર્વે આ આશ્રમ વામન ઋષિનો હતો. ઋષિના શિષ્યોએ રાજકુમારો સાથે ગુરુનો સત્કાર કરી પૂજા કરી.

હવે રામ અને લક્ષ્મણના રક્ષણ તળે રહી વિશ્વામિત્રે યજ્ઞનો આરંભ કર્યો. પરંતુ યજ્ઞવેદિમાંથી ધૂમાડો નીકળતાં પહેલાં તો આકાશમાં રાક્ષસોનું સૈન્ય ગોઠવાઈ ગયું હતું. થોડી વારમાં યજ્ઞભૂમિ ઉપર લોહીનો વરસાદ થવા લાગ્યો. આ દૃશ્ય નિહાળી રામે પોતાનું ધનુષ્ સજ્જ કર્યું અને તાડકાપુત્ર મારીચને એક વાયવીયાસ્ત્ર મારી નીચે પાડયો; અને બીજા એક બાણ વડે રાક્ષસસેનાપતિ સુબાહુને વીંધી નાખ્યો. આ પ્રમાણે પોતાના નાયકો મરાયાથી રાક્ષસસૈન્ય ભયભીત થઇ નાસી ગયું. ઋષિનો યજ્ઞ શાંતિથી પૂર્ણ થયો.

આ વખતે જનકરાજાએ મિથિલામાં પધારવા વિશ્વામિત્ર ઋષિને આમંત્રણ મોકલ્યું.

રામને પણ જનકરાજાનું શિવ–ધનુષ્ જોવાની ઈચ્છા ઉત્પન્ન થઈ હતી. તેથી રાઆજ્ઞા નુંમંત્રણ સ્વીકારી ઋષિ રાજકુમારોને સાથે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લઇ મિથિલા તરફ જવા નીકળ્યા. માર્ગમાં રામે ગૌતમપત્ની અહલ્યાનો ઉદ્ધાર કર્યો. જનકરાજાએ વિશ્વામિત્ર તથા બન્ને રાજકુમારોને ભારે આવકાર આપી વાજતે ગાજતે નગરમાં આણ્યા, અને ત્હેમને અતિથિ તરીકે સત્કારપૂર્વક રાજમહેલમાં રાખ્યા.

એક દિવસ ઋષિએ જનકરાજાને શિવ-ધનુષ્ જોવાની રામની ઇચ્છા જણાવી. રાજાને આ બન્ને મનોહર રાજકુમારોને જોઇ ક્યારની યે સાહજિક પ્રીતિ ઉત્પન્ન થઈ હતી. સીતાના વિવાહ માટે શિવ-ધનુષ્ ભાંગવાની ભયંકર પ્રતિજ્ઞા રાખવા માટે ત્હેને જરા પશ્ચાત્તાપ થયો. ત્હેણે કરુણ સ્વરે ઋષિને કહ્યું: “ભગવન્, મ્હોટા મ્હોટા દિગ્ગજો જેવા નરેશ્વરો આવી બળપૂર્વક આ ધનુષ્‌ને ઉપાડતાં હારી જઇ, મનમાં પોતાને ગાળો દેતા હાથ ધોઇ ચાલ્યા ગયા છે, તો સુકુમાર હાથીના બચ્ચા જેવો આ રાજકુમાર આ કામ માટે લાયક નથી એમ મ્હારે સખેદ જણાવવું જોઇએ.”

રાજાનાં વચન સાંભળી મહર્ષિ જરા અકળાયા અને કહેવા લાગ્યા, “રાજન્, રામનું પરાક્રમ હજુ ત્હારા કાને આવ્યું નથી. લે, હું એનું થોડુંક વર્ણન કરૂં છું તે સાંભળ. અથવા, વર્ણન કરવાની યે શી જરૂર છે? રામ આગળ ત્હારા શિવ-ધનુષ્‌ની શક્તિ કેટલી છે તે જણાઈ જશે. માત્ર એક વાર ત્હેને ધનુષ્ આગળ લઇ જા.” ઋષિના આવા ઉત્તેજક શબ્દો સાંભળી રાજાને રામ ઉપર વિશ્વાસ આવ્યો, અને ત્હેણે પોતાના સેવકોને શિવ-ધનુષ્ સભામંડપમાં આણવા આજ્ઞા કરી.

ભગવાન્ શંકરનું આ ભયંકર ધનુષ્ મહાપ્રયત્ને સભામંડપમાં લાવવામાં આવ્યું. રામે ત્હેને હાથમાં લઈ પણછ ચઢાવી જરા ખેંચ્યું, એટલામાં તડતડ અવાજ કરતું ધનુષ્ ભાંગી ગયું. સભાજનો ભય અને આશ્ચર્યથી દિઙ્મૂઢ બની ગયા. રાજાનો આનંદસાગર પૂર જોસથી ઉછળવા લાગ્યો. પોતે કરેલી પ્રતિજ્ઞા પ્રમાણે ત્હેણે રામને સ્વપુત્રી સીતાનું પાણિગ્રહણ કરવા માટે યાચના કરી, અને દશરથ રાજાને આ સમાચાર જણાવવા એક પુરોહિતને મોકલ્યો.

આ વખતે દશરથ રાજા પ્રધાનો સાથે રામના વિવાહ વિષે જ મસલત કરતા હતા. તેવામાં જનકના પુરોહિતને આવેલો જોઇ ત્હેને માનપુરઃસર આસન આપ્યું. પુરોહિતે રામના પરાક્રમની સર્વ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હકીકત સવિસ્તર જણાવી અને જાન લઇ મિથિલા પધારવા રાજાને વિજ્ઞપ્તિ કરી. પોતાનો મનોરથ તત્કાળ ફળેલો જોઈ રાજાને અત્યંત હર્ષ થયો. ત્હેણે લગ્નની સર્વ સામગ્રી તૈયાર કરાવી એક મ્હોટું લશ્કર લઈ મિથિલા તરફ કૂચ કરી.

મિથિલામાં રામ અને સીતાનો વિવાહસમારંભ અત્યંત આનંદભેર ઉજવાયો. તે ઉપરાંત, જનકકન્યા ઊર્મિલાનો વિવાહ લક્ષ્મણ સાથે, તથા જનકના લઘુબંધુ કુશધ્વજની પુત્રી માંડવી અને શ્રુતકીર્તિના વિવાહ અનુક્રમે ભરત અને શત્રુઘ્ન જોડે હર્ષથી ઉજવાયા. મિથિલામાં કેટલાક દિવસ રહી દશરથ રાજા ચારે વધૂઓને સાથે લઇ પોતાની રાજધાની તરફ જવા નીકળ્યા. ત્હેમને થોડેક દૂર સુધી વળાવી જનકરાજા પાછા વળ્યા.

દશરથ બહુ દૂર પહોંચ્યા નહિ એટલામાં માર્ગમાં એકાએક પવનનું તોફાન થવા લાગ્યું. ત્હેમની સામે જોરથી પવન ફૂંકાવા લાગ્યો. આજુબાજુનાં ઝાડો ઉખડી ઉખડી નીચે પડયાં. ધૂળથી આંખો પૂરાવા લાગી. શિયાળવાંનો કરુણ પણ ભયાનક અવાજ કાને અથડાવા લાગ્યો. આ સર્વ અપશુકનો જોઇ રાજાનાં મનને શંકા આવી, તેથી ત્હેણે વસિષ્ઠગુરુની પાસે જઈ પોતાનો સંદેહ જણાવ્યો. ગુરુએ રાજાને સાંત્વના આપી જણાવ્યું કે, " આ અપશુકનોથી કાંઇ અનિષ્ટ પરિણામ થવાનું નથી. થોડાજ વખતમાં આ સઘળું દૂર થઇ જશે."

થોડી વારમાં, એક તેજસ્વી પુરુષાકૃતિ સામેથી આવતી જણાઇ. પાસે આવતાં, ત્હેમનાં ધનુષ્ અને પરશુથી આ ભૃગુપુત્ર પરશુરામ છે એમ સર્વેને જણાયું. ત્હેમણે એકવીસ વાર પૃથ્વીને નિઃક્ષત્રિય કરી નામના મેળવેલી જ હતી. તેથી, તથા અત્યારે ત્હેમની ભયંકર મુખમુદ્રા જોઇને દશરથ ભયભીત થઈ ગયા અને "મહર્ષિની પૂજા માટે અર્ઘ્ય લાવો, અર્ઘ્ય લાવો" એમ સેવકોને ઉતાવળથી પોકારવા લાગ્યા. પણ પરશુરામ ત્હેમનો અર્ઘ્ય સ્વીકારવા કાંઇ આવ્યા નહોતા. તે તો ક્રોધથી એકદમ સૈન્યમાં ઘૂસ્યા અને રામને શોધવા લાગ્યા. રામ તરત જ ત્હેમની સામે આવી નમસ્કાર કરી હાથ જોડી ઉભા રહ્યાં. પરશુરામે ત્હેમના તરફ એક ભયંકર દૃષ્ટિપાત કરી, પગથી માથા સુધી નિહાળી આવેશથી કહેવા માંડયું: " ક્ષત્રિય જાતે મ્હારા પિતાનો ઘાત કરી મ્હારા ઉપર ઘણો મ્હોટો અપકાર કર્યો છે. ત્હેના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પરિણામે મ્હેં અનેક વાર ક્ષત્રિયોનો નાશ કરી શાન્તિ ધારણ કરી હતી. પણ આજ આ ઉંઘતા સાપને ત્હેં જગાડયો છે. શિવ-ધનુષ્નો ભંગ કરી ત્હેં મ્હારા પરાક્રમમંદિરનું શિખર તોડી પાડયું છે. પૂર્વે 'રામ' શબ્દથી હંમેશાં મ્હને જ ઓળખવામાં આવતો, પણ આજ તું 'રામ' નામધારી નવો જાગ્યો છે. ત્હેં મ્હારા નામમાં ભાગ પાડી મ્હને શરમમાં ડૂબાવ્યો છે. ક્રૌંચાદ્રિને ફાડી નાંખનાર અસ્ત્ર ધારણ કરતાં છતાં પણ મ્હારે બે શત્રુઓ સરખા અપરાધી ઉત્પન્ન થયા છે. ત્હેમાંનો એક કાર્તવીર્ય અર્જુન, જેણે અમારી કામધેનુના વાછરડાનું જબરદસ્તીથી હરણ કર્યું હતું; અને આજ મ્હારી કીર્તિનું હરણ કરનાર તું બીજો ઉભો થયો છે! આટઆટલા ક્ષત્રિયોનો ઉચ્છેદ કર્યા છતાં પણ જ્યાં સુધી ત્હારો નાશ કરૂં નહિ ત્યાં સુધી મ્હારા પરાક્રમથી મ્હને સંતોષ થશે નહિ." આ ભયાનક શબ્દો સાંભળી સર્વ સેનામાં ભયનો સંચાર થયો. સર્વ કોઇ થરથર કાંપવા માંડ્યા.

ત્હેમણે આગળ ચલાવ્યું: "અરે રામ! ત્હેં જે શિવ-ધનુષ્ ભાંગી નાખ્યું તે જૂનું ખોખરૂં થઇ ગયું હતું. વળી વિષ્ણુએ ત્હેની શક્તિ પણ હરી લીધી હતી. તેથી ત્હેં કોઈ મ્હોટું પરાક્રમ કરી નાંખ્યું છે એમ ધારી તું ફુલાઇ જતો નહિ. ચાલ, યુદ્ધની વાત જવા દે, આ મ્હારૂં ધનુષ્ લે અને ચઢાવ જોઇએ. ત્હારામાં કેટલી શક્તિ છે તે જણાઇ જશે. પણ આ મ્હારો ચકચકિત ધારવાળો કુહાડો જોઇ ત્હને ભય લાગતો હોય, તો ત્હારો મિથ્યા ગર્વ છોડી, હાથ જોડી મ્હારે પગે પડ."

આવા અપમાનસૂચક શબ્દો સાંભળી રામે જરા હસી ઉત્તર આપ્યા વિના ત્હેનું ધનુષ્ ઉપાડી લીધું; ત્હેનો એક છેડો પગ તળે જમીન પર ટેકવી, કામઠું વાળી પણછ ચઢાવી દીધી અને બાણનું સંધાન કર્યું. આ ચમત્કાર જોઈ પરશુરામનું તેજ હણાઇ ગયું, અને રામ અધિક તેજસ્વી દેખાવા લાગ્યા. રામે નમ્ર બનેલા ભાર્ગવને કહ્યું, "ઋષિજી! ત્હમે બ્રાહ્મણ છો એટલે હું ત્હમને મારી શકતો નથી. પણ આ રામબાણ વૃથા જાય એમ નથી, તો જલદીથી કહો કે આ બાણથી ત્હમારી ગતિનો નાશ કરૂં કે યજ્ઞયાગથી સિદ્ધ થયેલી ત્હમારી સ્વર્ગપ્રાપ્તિનો નાશ કરૂં?"

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પરશુરામે તરત હાથ જોડી કહ્યું, "મહારાજ! આપ પુરાતન પુરુષ છો. તાત્ત્વિક દૃષ્ટિથી મ્હેં આપને ઓળખ્યા ન હતા એમ નહિ; પરંતુ પૃથ્વી પર અવતરેલા આપનું તેજ નિરખવા માટે મ્હેં આપને કુપિત કર્યા હતા. મ્હને ક્ષમા કરશો. પિતાના શત્રુઓનો અનેક વાર નાશ કરી પૃથ્વીને ગરીબડી ગાય જેવી બનાવ્યા પછી મ્હારો આપ ભગવાને પરાજય કર્યો એ ખરેખર શ્લાઘ્ય છે. તેથી, ભગવન્! પવિત્ર તીર્થોમાં જવાની મ્હારી ગતિના નાશ કરતાં મ્હારી સ્વર્ગપ્રાપ્તિનો આપ નાશ કરશો એવી મ્હારી પ્રાર્થના છે. મ્હને સ્વર્ગસુખની લગારે લોલુપતા નથી."

રામે ત્હેની પ્રાર્થના સ્વીકારી પૂર્વાભિમુખ થઇ બાણ છોડ્યું; અને પછી "મહારાજ! ક્ષમા કરો" એમ બોલી ભાર્ગવનાં ચરણ-સ્પર્શ કર્યાં. પરશુરામે ત્હેમને અટકાવી નમ્રતાપૂર્વક કહ્યું: "ભગવન્! આપે મ્હારી રાજસ વૃત્તિનો નિગ્રહ કરી મ્હારા પર મહાન અનુગ્રહ કર્યો છે. હવે, હું આપની રજા લઇને જાઉં છું. આપ નિર્વિઘ્ને દેવ-કાર્ય સમાપ્ત કરો." આ પ્રમાણે બોલી પરશુરામ ચાલ્યા ગયા.

થોડાક દિવસમાં દશરથ રાજા સર્વ સૈન્ય સાથે અયોધ્યા આવી પહોંચ્યા.

## પ્રકરણ ૬ ઠું: રામ-વનવાસ

દિવસો આનંદમાં વ્યતીત થતા ગયા. એક દિવસ જરાદેવીએ આવી જાણે દશરથ રાજાના કાનમાં કહ્યું: "રાજન્! હવે તું વૃદ્ધ થયો છે માટે રામનો રાજ્યાભિષેક કર." રાજાએ પ્રધાન મંડળની સલાહ લઇ લોકમાં પડો વજડાવ્યો કે 'હવે થોડા દિવસમાં રામને રાજ્યા-ભિષેક કરવાનો છે.' પુરોહિતોને બોલાવી દિવસ નક્કી કર્યો. દેશ પરદેશમાં રાજાઓ, ઋષિઓ તથા અન્ય વિદ્વાન્ બ્રાહ્મણોને આમંત્રણ અપાયાં. સર્વ તૈયારીઓ પૂર જોસમાં થવા લાગી. લોકોના આનંદનો પાર રહ્યો નહિ.

પણ નસીબ એ ડગલાં આગળનું આગળ. દુષ્ટ કૈકેયીએ રાજા પાસે પાછલાં બાકી રહેલાં બે વરદાનની અત્યારે માગણી કરી. એક વરદાનથી રામને ચૌદ વર્ષ વનવાસ અને બીજાથી ભરતનો રાજ્યાભિષેક.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આથી દશરથના સર્વ મનોરથો ધૂળ મળી ગયા. જે દિવસ રામના રાજ્યાભિષેક માટે નક્કી કર્યો હતો તે જ દિવસે પિતૃભક્ત **રામ** **લક્ષ્મણ** અને **સીતા** સાથે વનવાસ જવા નીકળ્યા; આખી પ્રજાની આંખમાંથી ચોધાર આંસુ વહેવા લાગ્યાં; આનંદનો દિવસ શોકમાં પલટાઇ ગયો.

**રામે** પ્રથમ દંડકારણ્યમાં નિવાસ કર્યો. વૃદ્ધ **દશરથથી** પુત્ર-વિયોગનું દુઃખ સહન થઇ શક્યું નહિ. ત્હેને શૂદ્ર મુનિદંપતીનો શાપ યાદ આવ્યો. દેહત્યાગ કરી ત્હેણે શોકનો અંત આણ્યો. આ વખતે રાજપુત્ર **ભરત** પોતાના મામાને ત્યાં રહેતો હતો. ત્યાંથી રાજસેવકો ત્હેને બોલાવી લાવ્યા. આ સર્વ અનિષ્ટ વૃત્તાંત, તથા તે સર્વનું કારણ પોતાની મા છે એમ જાણી **ભરત** માતાનો અને રાજ્યનો ત્યાગ કરી **રામને** શોધવા નીકળી પડ્યો. વનવાસી લોકોને પૂછતાં પૂછતાં તે ચિત્રકૂટ વનમાં આવી પહોંચ્યો. ત્યાં બન્ને ભાઇઓનો અતિકરુણ સમાગમ થયો. **ભરતે** **રામના** ચરણમાં પડી પુનઃ રાજ્ય સ્વીકારવા માટે ગદ્‌ગદ્ કંઠે પ્રાર્થના કરી. પણ પિતાની આજ્ઞાનું ઉલ્લંઘન કરી **રામ** રાજ્ય કરવા તત્પર ન હતા. આખરે **ભરત** અત્યંત આગ્રહથી ત્હેમની પાદુકાઓ લઈ પાછો ફર્યો અને પોતે **નન્દિગ્રામમાં** રહી **રામના** વતી રાજ્યનો વહીવટ કરવા લાગ્યો. આ પ્રમાણે **ભરતે** માતાના પાપનું પ્રાયશ્ચિત્ત કર્યું.

**રામ, લક્ષ્મણ** અને **સીતા** આનંદપૂર્વક વનવાસ ભોગવતાં હતાં. એક દિવસ **રામ** ફરી ફરીને થાકી જઇ, એક વૃક્ષની છાયાને પોતાના પ્રભાવથી સ્થિર કરી, **સીતાના** ખોળામાં મસ્તક મૂકી ઉંઘી ગયા હતા એટલામાં ઇન્દ્રનો પુત્ર **જયન્ત** દુષ્ટ વૃત્તિથી કાગડાનું સ્વ-રૂપ લઈ ત્યાં આવ્યો, અને પોતાના નખ વડે **સીતાનાં** સ્તન ખોત-રવા લાગ્યો. રામ જાગ્યા, એટલે **જયન્ત** નાઠો. **રામે** ત્હેને ઓળખી, ત્હેના તરફ એક બાણ ફેંક્યું. **રામબાણથી** કોણ બચી શક્યું છે? આખરે ઇંદ્રની દરમ્યાનગિરીથી ત્હેનો જીવ બચ્યો, પણ હંમેશને માટે ત્હેની એક આંખ જતી રહી.

હવે **ચિત્રકૂટથી** નીકળી **રામ** દક્ષિણ તરફ આગળ વધ્યા, અને ઋષિઓના આદરસત્કાર સ્વીકારતા ગયા. એક વખત **વિરાધ** નામનો એક રાક્ષસ ત્હેમનો માર્ગ અટકાવી ઉભો રહ્યો અને રામ તથા **લક્ષ્મણની** વચ્ચે ચાલનારી **સીતાને** ઉપાડવા લાગ્યો. **રામે** ત્હેનો સંહાર કરી ત્યાં ને ત્યાં ત્હેને દાટી દીધો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ત્યાર પછી **અગસ્ત્ય** ઋષિની સૂચનાથી આ ત્રિપુટી **ગોદાવરી**-તીરે પંચવટીમાં જઇને રહી. ત્યાં એક દિવસ **રાવણ**ની બ્હેન શૂર્પ-ણખા સુંદર સ્વરૂપ ધારણ કરી **રામ**ની પાસે આવી પ્રેમયાચના કરવા લાગી. **રામે** ઠંડા પેટે ઉત્તર આપ્યોઃ “બ્હેન, હું તો સ્ત્રીવાળો છું. મ્હારો ન્હાનો ભાઈ એકલો છે, માટે તું ત્હેની પાસે જા.”

શૂર્પણખા **લક્ષ્મણ** પાસે આવી, રતિયાચના કરવા લાગી. **લક્ષ્મણે** કહ્યુંઃ “જ્યેષ્ઠ બંધુએ સ્વીકાર કર્યાં વિના હું ત્હારો સ્વીકાર કરી શકતો નથી; માટે પહેલી એમની પાસે જા.” તે ફરીથી **રામ** પાસે આવી. **સીતા** ત્હેનાં તરફ જોઈ ખડખડ હસી પડયાં.

બન્ને ભાઇઓએ ત્હેને આમથી તેમ ધકેલવાથી ત્હેના હૃદયમાં કોપનો સંચાર તો થયો જ હતો, પણ **સીતા**દેવીના હસવાથી બળતામાં ઘી ઉમેરાયું. તે આવેશમાં આવી ગાજી ઉઠીઃ “દુષ્ટા! આ હસવાનું ફળ ત્હને હમણાં જ ચખાડું છું. ત્હને ભાન નથી કે વાઘણની હાંસી કરે છે!” એમ બોલી ત્હેણે પોતાનું ભયંકર સ્વરૂપ પ્રકાશ્યું. **લક્ષ્મણે** તરત જ આવી ત્હેનાં નાક કાન કાપી નાંખી ત્હેના કદ્રૂપા દેહને વિશેષ કદ્રૂપ બતાવ્યો. આથી અતિશય ચીડાઇને તે આકાશમાં ઉડી, અને **જનસ્થાન**ના પ્રદેશમાં જઈ **ખર**, દૂષણ વગેરે રાક્ષસોને પોતાનો સર્વ વૃત્તાંત જણાવ્યો. થોડી જ વારમાં **રામ**ની આગળ એક ભયંકર રાક્ષસ-સૈન્ય ઉપસ્થિત થયું. **રામે** **સીતા**ને **લક્ષ્મણ**ના તાબામાં સોંપી એકલે હાથે સઘળા રાક્ષસોનો સંહાર કર્યો અને ગીધ પક્ષીઓની છાયામાં ત્હેમને સૂવાડી દીધા. આ માઠા સમાચાર **રાવણ** પાસે લઇ જવા માટે એકલી શૂર્પણખા જ જીવતી રહી. ત્હેણે આ સઘળો વૃત્તાંત જણાવી **રાવણ**ને અતિશય ઉત્તેજિત કર્યો.

**રાવણે** **સીતા**નું અપહરણ કરવા માટે એક પ્રપંચ રચ્યો. ત્હેણે પોતાના પ્રધાન **મારીચ**ને સુવર્ણ મૃગ બનાવી **પંચવટી**માં ફરવા મોકલ્યો. **સીતા**ના આગ્રહથી **રામ** ત્હેની પાછળ પડયા અને ઘણે દૂર નીકળી ગયા. મરતાં મરતાં આ સુવર્ણમૃગે **રામ**ના જેવા જ અવાજે **લક્ષ્મણ**ને બૂમ મારી; આથી **લક્ષ્મણ** તે તરફ જવા નીકળ્યો. આ પ્રસંગનો લાભ લઈ **રાવણ** **સીતા**ને ઉપાડી આકાશ માર્ગે ચાલતો થયો. એકાએક ગૃધ્રરાજ **જટાયુ**એ ત્હેને જોયો. બન્ને વચ્ચે ભયંકર યુદ્ધ થયું, પણ વૃદ્ધ **જટાયુ**ની પાંખો કપાઇ જવાથી તે જમીન પર પડયો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રામ અને લક્ષ્મણ સુવર્ણ મૃગને મારી પાછા ફર્યા. પર્ણકૂટી શૂન્ય જોઈ તેઓ શોકસાગરમાં ગરક થઇ ગયા. આખરે બન્ને બંધુઓ સીતાની શોધમાં નીકળી પડયા. માર્ગમાં મરવા પડેલા જટાયુએ ત્હેમને સર્વ હકીકત કહી. પછી જટાયુ મૃત્યુ થતાં ત્હેને અગ્નિસંસ્કાર કરી તેઓ આગળ ચાલ્યા. માર્ગમાં કબન્ધ નામના રાક્ષસનો વધ કર્યો. કબન્ધે દિવ્ય રૂપ ધારણ કરી રામને નમસ્કાર કર્યા, અને સુગ્રીવ નામના વાનરરાજા સાથે મૈત્રી કરવાની સૂચના કરી. તે પ્રમાણે રામ–લક્ષ્મણ સુગ્રીવને મળ્યા, અને ત્હેની ઇચ્છાથી ત્હેના મ્હોટા ભાઈ વાલીનો વધ કરી ત્હેનું રાજ્ય પાછું સોંપ્યું. હવે સુગ્રીવની આજ્ઞાથી સઘળા વાનરો સીતાની શોધમાં નીકળી પડયા. ત્હેમાંથી હનુમાન નામના એક બલવાન વાનરને જટાયુના ભાઈ સંપાતિ સાથે ભેટો થયો. સંપાતિએ ત્હેને સીતા વિષેની સર્વ હકીકત કહી. તેથી તે સાગર કૂદીને લંકામાં ગયો. ત્યાં શોધ કરતાં કરતાં અશોક–વાટિકામાં રાક્ષસી-ઓથી વીંટળાયલી સીતાને ત્હેણે જોઇ. ઝાડ પર રહી ત્હેણે રામની વીંટી નીચે બેઠેલી સીતાના હાથમાં નાખી, અને સીતાની સાંત્વના કરી કહ્યું કે, “ રામચંદ્ર થોડા જ વખતમાં અહીં આવી આપનો છૂટકારો કરશે.”

હનુમાન મારફતે સીતાનો પત્તો મળવાથી રામ, લક્ષ્મણ, સુગ્રીવ વગેરેને આનંદ થયો. હવે, વાનરો અને રીંછોનું એક ભયા-નક સૈન્ય તૈયાર થયું. રામે સાગર ઉપર પત્થરનો પૂલ બાંધ્યો અને એ માર્ગે સર્વ સૈન્ય લંકામાં પહોંચ્યું. રાવણને ખબર પડતાં, ત્હેણે પોતાના પુત્ર મેઘનાદને સૈન્ય આપી વાનરો સામે મોકલ્યો. બન્નેનું તુમુલ યુદ્ધ થયું. ત્હેમાં, મેઘનાદનું શક્તિ નામનું શસ્ત્ર લક્ષ્મણની છાતીમાં ભોંકાયું; તેથી લક્ષ્મણ મૂર્ચ્છા પામી નીચે પડયો. પણ હનુ-માન સંજીવિની નામની ઔષધિ લઇ આવ્યા, જે સુંઘાડવાથી લક્ષ્મણ પુનઃ સચેત થઇ યુદ્ધ કરવા લાગ્યો. મેઘનાદનો વધ થયો. ત્યાર પછી વાનરસૈન્ય સામે કુમ્ભકર્ણ યુદ્ધ કરવા આવ્યો. રામબાણે આ નિદ્રાપ્રિય રાક્ષસને દીર્ઘ નિદ્રામાં સૂવાડી દીધો.

આ પ્રમાણે અનેક રાક્ષસસેનાપતિઓનો અનુક્રમે સંહાર થયા પછી લંકાપતિ રાવણ જાતે યુદ્ધ કરવા નીકળ્યો. ‘આજ જગત્માં કાં તો રામ નહિ, કાં તો રાવણ નહિ’ એવો દૃઢ નિશ્ચય ત્હેણે બાંધી દીધો હતો. રાવણ રથમાં બેઠેલો હતો, અને રામ પગપાળા હતા. તેથી ઇંદ્રિરાજાએ રામને બેસવા માટે પોતાનો રથ મોકલ્યો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માતલિ સારથિએ આવી રામને એક અભેદ્ય કવચ આપ્યું. પછી રામ રાવણનો અપૂર્વ સંગ્રામ જામ્યો. બન્ને યોદ્ધા અનેક શસ્ત્રાસ્ત્રોથી યુદ્ધ કરવા લાગ્યા; કોઇ કોઇથી ઉતરે એમ ન હતું. દેવોની પુષ્પવૃષ્ટિ બન્ને વીરો પર ચાલુ જ હતી. અંતે રામના બ્રહ્માસ્ત્રથી રાવણનાં મસ્તક ધડથી જુદાં થયાં; રાવણ પૃથ્વી પર પડયો.

રામચંદ્રે લંકામાં પ્રવેશ કરી વિભીષણનો રાજ્યાભિષેક કર્યો, અને સીતાને અગ્નિશુદ્ધ કરાવી ત્હેનો સ્વીકાર કર્યો. પછી, યુદ્ધમાં જે જે વાનરો, રીંછો અને રાક્ષસોએ મદદ આપી હતી તે સઘળાને સાથે લઈ રામ, સીતા અને લક્ષ્મણ પુષ્પક વિમાનમાં બેસી અયોધ્યા તરફ જવા નીકળ્યા.

પૂરવેગમાં ચાલી જતા આ પુષ્પક વિમાનમાંથી બહાર જોતાં નીચે કોઇક અદ્ભુત દશ્ય દેખા દેતું હતું. આજ રામચંદ્રનું અંતઃકરણ અતિશય ઉલ્લાસમાં હતું. તે સીતાને એક પછી એક પરિચિત સ્થળો બતાવી પૂર્વવૃત્તાંતનું સ્મરણ કરાવતા હતાઃ “પ્રિયે ! આ સાગરનો આટલો વિસ્તાર પૂર્વે સગરના પુત્રોએ કર્યો હતો. ત્હેના પર આ પત્થરનો સેતુ બાંધી અમે લંકામાં પ્રવેશ કર્યો હતો. અહા ! આ નીચે કેટલા બધા મગર–મચ્છો કૂદી કૂદી પાણી અને ફીણ ઉરાડી રહ્યા છે ! જાણે પાણીનાં મોજાં સાથે તે યુદ્ધ કરતા ન હોય ! અને, આ ઉંચે ડોકીયાં કરતા નાગનાં મણિઓમાં સૂર્યકિરણો કેવાં પ્રકાશી રહ્યાં છે ! આ આપણે સમુદ્રને કિનારે આવ્યાં. પ્રિયે ! જરા પાછી ફરી સમુદ્રનું મનોહર દશ્ય તો જોઇ લે. વાહ ! આ વિમાનરાજ પણ ઠીક જલ્દીથી રસ્તો કાપે છે ! આ આપણે વાદળાંની વચમાં થઇને જનસ્થાનના પ્રદેશમાં આવી પહોંચ્યા. હવે, રાક્ષસોનો ત્રાસ દૂર થવાથી પેલા તાપસો પોતાની જૂની ઝૂંપડીઓમાં પાછા આવી વસે છે. પ્રિયે ! પેલી જગ્યાએ ત્હારૂં એક નૂપુર મ્હારા જોવામાં આવ્યું હતું; બીચારૂં જાણે ત્હારા ચરણના વિયોગ દુઃખમાં ડૂબી જઇ શાન્ત પડી રહ્યું હતું ! અરે ! જે દિશાએ દુષ્ટ રાવણ ત્હને ઉપાડી ચાલતો થયો તે દિશામાં આ મૂગી લતાઓ પોતાની શાખાઓ ઝુકાવી મ્હને સૂચના કરતી હતી ! અરે આ હરણીઓ પણ ચરવાનું મૂકી દઇ ઉંચી આંખો કરી મ્હને દક્ષિણ દિશા બતાવવા લાગી હતી ! આ રહ્યો માલ્યવાન્ પર્વત. એના શિખર પર ઉભેલા આ મોરના અવાજો ત્હારા વિયોગમાં મ્હને અસહ્ય થઇ પડયા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"આ પમ્પાસરોવરનાં સારસ પક્ષીઓ કેવાં ક્રીડા કરી રહ્યાં છે! હે પ્રિયે! આ કિનારા પર ઉગેલી લતાને હું સીતા જાણી આલિંગન આપવા જતો હતો, એટલામાં લક્ષ્મણે મ્હને રોકી રાખ્યો! આ પંચવટીનાં દર્શન કરી લે. અહા! ત્યાં લતાગૃહોમાં કરેલી ક્રીડાઓ મરણ પર્યન્ત સ્મૃતિમાં કોતરાઈ રહેશે. નહુષ રાજાને એક આંખના પલકારાથી ઇંદ્રિપદ પરથી દૂર કરનાર મહર્ષિ અગસ્ત્યનો આ આશ્રમ દેખાય. આ સુતીક્ષ્ણ ઋષિ આપણને માન આપવા પોતાનો જમણો હાથ ઉંચો કરે છે. દેવિ! એમને નમસ્કાર કરો. આ શરભંગ ઋષિનું તપોવન: શી ઝાડોની ઘટા જામી રહી છે! પેલો રહ્યો ચિત્રકૂટ પર્વત, જાણે માતેલો સાંઢ! અને પેલી પ્રસન્ન ગંભીર મન્દાકિની! પ્રિયે! પેલા તમાલતરુનાં પલ્લવ ત્હારા કર્ણમાં આભૂષણ તરીકે મ્હેં ખોસ્યાં હતાં તે સ્મરણમાં તો હશે જ! આ આવ્યો શ્યામ વટ, જેની ત્હેં પૂજા કરી હતી! અરે! આ ગંગા યમુનાનો સંગમ કેવો મનોહર દીસે છે! બન્ને બ્હેનો એકમેક-ને આલિંગન કરતી હોય એમ દેખાય છે! આ સ્થળે દેહત્યાગ કરનારને જરૂર મુક્તિ પ્રાપ્ત થાય છે. આ રહ્યું નિષાદપતિ ગુહનું શૃંગવેર પુર. અહીં મ્હેં મુકુટ કાઢી જટા બાંધી હતી. ત્યારે 'કૈકેયિ! ત્હારા મનોરથ હવે ફળ્યા!' એમ સુમન્તે કહેલું યાદ છે કે? આ સરયૂ નદી આવી! એનું પવિત્ર જળ ઇક્ષ્વાકુરાજાઓએ યજ્ઞાન્તે સ્નાન કરી કરી વિશેષ પવિત્ર બનાવ્યું છે. પેલી આપણી અયોધ્યા! પ્રિયે! જો, આપણા આગમનના સમાચાર જાણી નગરજનો તથા વૃદ્ધ અમાત્યોને સાથે લઈ ભરત આવે છે. એ ખરેખર સજ્જન છે: ચરણમાં આવી પડેલી રાજ્યલક્ષ્મીનો અસ્વીકાર કરી એણે આટલાં વર્ષ સુધી દુષ્કર વ્રત પાળ્યું છે!"

ભરતને નજીક આવતો જોઇ રામે વિમાનને અટકાવ્યું અને પોતે નીચે ઉતરી પડયા. બન્ને ભાઇઓની આંખમાં અશ્રુબિંદુઓ ચળકી રહ્યાં. ભરતે રામ તથા સીતાને પ્રેમપૂર્વક નમસ્કાર કર્યા. લક્ષ્મણે સુગ્રીવ, વિભીષણ વગેરે યોદ્ધાઓની ત્હેને ઓળખાણ કરાવી. કૌસલ્યા અને સુમિત્રા પણ ત્યાં આવ્યાં હતાં. ત્હેમણે રામ લક્ષ્મણ-ને આનન્દાશ્રુથી નવરાવ્યા. સીતા વિનીત ભાવે પાસે જઇ "સાસૂજી, સ્વામીને દુ:ખમાં નાખનાર આ અશુભ-લક્ષણા સીતા આપને વંદન કરે છે," એમ બોલી ત્હેમના ચરણમાં પડી. બન્ને જણે ત્હેને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉઠાડી અને "બેટા! ત્હારા પતિવ્રતધર્મનાં પ્રતાપથી તો બન્ને ભાઇઓ દુઃખમાંથી પાર ઉતર્યા છે, માટે એમ ઓછું આણીશ માં" એમ કહી ત્હેના મસ્તકે હાથ મૂક્યો. આ સાકેત ઉપવનમાં જ રામનો રાજ્યાભિષેકસંસ્કાર કરવામાં આવ્યો. પછી સર્વે જણે ધ્વજા-પતાકાથી સુશોભિત કરેલી અયોધ્યા નગરીમાં પ્રવેશ કર્યો. શત્રુઘ્ન અને લક્ષ્મણ રાજદંપતીને ચમ્મર ઢોળવા લાગ્યા, અને ત્હેમના મસ્તક પર છત્ર ધરી રાખ્યું. નગરજનોનાં વન્દન સ્વીકારતા સ્વીકારતા રામ રાજમહેલમાં આવી પહોંચ્યા. મહેલમાં પિતાનું ચિત્ર જોઇ ત્હેમણે વિનયપૂર્વક નમસ્કાર કર્યા અને પછી કૈકેયી પાસે જ હાથ જોડી કહેવા લાગ્યાઃ "માતુશ્રી! મ્હારા પિતા પ્રતિજ્ઞા બરોબર પાળી શક્યા તેથી તેઓ સ્વર્ગસુખ ભોગવી રહ્યા છે, એ આપના સુકૃતનું પરિણામ છે!"

ત્યાર પછી રામે સત્કાર કરવા આવેલા ઋષિ મુનિઓને તથા રાક્ષસ વાનર સેનાપતિઓને માનપૂર્વક વિદાય કર્યા, અને કુબેરને ત્હેનું પુષ્પક વિમાન પાછું સોંપ્યું. રામરાજ્ય ધર્મપુરઃસર ચાલવા લાગ્યું.

## પ્રકરણ ૭ મું: રામ–ઉત્તરચરિત

આ પ્રમાણે નિયમિત રીતે વર્ષો વીતતાં ગયાં. સીતાદેવી સગર્ભા થયાં. ત્હેમને ગંગાતીરે તપોવનમાં રહેવાની ઇચ્છા થઇ. તે પ્રમાણે રામે લક્ષ્મણને રથ લઇ આવવા કહ્યું.

એટલામાં ભદ્રમુખ નામનો એક દૂત આવી પહોંચ્યો. રામ બહાર નીકળી ત્હેને મળ્યા અને લોકસમાચાર પૂછ્યા. ત્હેણે સર્વ શુભ સમાચાર કહ્યા, પણ અંતે રામના આગ્રહથી અશુભ સમચાર પણ જણાવ્યાઃ "મહારાજ! નગરજનો આપના ચારિત્ર્યની સર્વ રીતે પ્રશંસા કરે છે, માત્ર કેટલાક 'રાક્ષસના ઘરમાં રહેલી સીતાનો રામે સ્વીકાર કર્યો!' એમ બોલી આપની નિન્દા કરતા જોવામાં આવ્યા."

આ અનિષ્ટ સમાચાર સાંભળી રામને મસ્તક પર ભયંકર વજ્ર-પાત થયા જેવું લાગ્યું. પ્રથમ તો ત્હેમના મનમાં 'આ લોકનિન્દા તરફ ધ્યાન જ ન આપવું, અથવા તો નિર્દોષ પત્નીનો ત્યાગ કરવો' એ બે પ્રશ્નોની ગડભાંગ થવા લાગી; પણ અંતે પત્નીનો ત્યાગ કરીને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પણ યશોરક્ષા કરવી એમ ત્હેમણે નિશ્ચય કર્યો. તરત જ ત્રણે ભાઈ-ઓને બોલાવી પોતાનો નિશ્ચય જાહેર કરી ત્હેમણે કહ્યું, "આપણા પવિત્ર સૂર્યવંશને કલંક લાગે એ મ્હારાથી સહન થઈ શકે એમ નથી. હું જો કે જાણું છું કે જનકતનયા નિર્દોષ છે, તો પણ લોકમત તરફ ધ્યાન આપવું મ્હને વધારે યોગ્ય લાગે છે. આ ઉપરથી એમ માનવું નહિ કે રાવણનો વધ મ્હેં નિરર્થક કર્યો. ના; એ તો કેવળ વેર લેવા માટે હતો. જો મ્હને જીવતો રાખવો હોય તો મ્હારા આ નિશ્ચયની વચમાં આવશો નહિ એવી મ્હારી પ્રાર્થના છે."

ત્રણે ભાઇઓ ચિત્રવત્ ઉભા રહ્યા; કોઈની પણ અનુમોદન આપવાની કે નિષેધ કરવાની હિંમત ચાલી નહિ.

પછી રામે **સીતા**ને **વાલ્મીકિ**ના આશ્રમમાં મૂકી આવવા **લક્ષ્મણ**ને આજ્ઞા કરી. જ્યેષ્ઠ ભ્રાતાની આજ્ઞા માન્યા સિવાય **લક્ષ્મણ**-ને બીજો માર્ગ ન હતો. ત્હેણે રથ આણીને ઉભો રાખેલો જ હતો. તરત જ **સીતા**ને બોલાવી રથમાં બેસાડયાં, અને હૈયું કઠણ રાખી રથ હાંકી મૂક્યો. અરણ્યના રમ્ય પ્રદેશોમાં રહેવાનો પોતાનો મનોરથ પરિપૂર્ણ થવાથી **સીતા**ને આ વખતે આનંદ લાગતો હતો, પણ તે આનંદ વધારે સમય ટકવાનો ન હતો.

ગંગાને કિનારે રથ આવી પહોંચ્યો. **લક્ષ્મણે** રથમાંથી **સીતા**ને ઉતારી એક નાવડામાં બેસાડી. બન્ને જણાં ગંગાને સામે કાંઠે ઉતર્યાં. હવે, **લક્ષ્મણે** હાથ જોડી ગળગળા થઇને **રામચંદ્ર**ની આજ્ઞા **સીતા**-દેવીને કહી સંભળાવી. જેમ એક ભયંકર વાવાઝાડોથી એકાદ ઝાડ ઉખડી પડે, તેમ **લક્ષ્મણ**ના શબ્દો સાંભળતાં **સીતા** મૂર્છા ખાઈ જમીન પર પડયાં. સુખ દુઃખથી અભિન્ન દશામાં તે થોડી વાર શબવત્ પડી રહ્યાં. અંતે મૂર્છા વળી અને તે જાગૃત થયાં.

ત્હેમણે **રામ**નો વાંક ન કાઢતાં પોતાના જ નસીબનો વાંક કાઢ્યો અને પોતાની જાતને વારંવાર ધિક્કારને પાત્ર ગણી. **લક્ષ્મણે** સાંત્વના આપી અને **વાલ્મીકિ**ના તપોવનનો માર્ગ દૂરથી બતાવ્યો. પોતે ગદ્-ગદ્ થઇ કહેવા લાગ્યો, "દેવિ ! જ્યેષ્ઠ બંધુની આજ્ઞાથી મ્હારામાં આટલી કઠોરતા આવી છે; માટે મ્હને ક્ષમા કરશો. હું પરાધીન છું." **લક્ષ્મણે** આંસુથી ત્હેમનાં ચરણ પલાળ્યાં. ત્હેને ઉઠાડી **સીતાએ** કહ્યું: "વત્સ ! એમાં ત્હારો દોષ નથી. તું આજ્ઞાંકિત બંધુ છે. ઘેર જઇ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મ્હારી સાસૂઓને મ્હારા નમ્ર પ્રણામ જણાવી મ્હારા ગર્ભને શુભાશિષ આપવા કહેજે; અને મહારાજાને પણ મ્હારો આટલો સંદેશો પહોંચાડજે: 'અગ્નિમાં પરિશુદ્ધ થયા છતાં પણ, લોકોક્તિથી બ્હીને, મ્હારો આમ ત્યાગ કરવો એ શું ત્હમારા પ્રાચીન કુળને છાજે છે? ત્હમારા જેવા બુદ્ધિમાન માણસે સ્વચ્છંદતાથી મ્હારો ત્યાગ કર્યો હોય એમ હું માની શકતી નથી. ખરેખર મ્હારાં પૂર્વ જન્મનાં દુષ્કર્મોનું જ આ ફળ હોવું જોઇએ એમ હું ધારૂં છું. રાક્ષસોથી ભયભીત થઇને જે ઋષિપત્નીઓ મ્હારે શરણે આવતી, હવે ત્હમારા જીવતા છતાં પણ, હું ત્હેમને શરણે જાઉં એ કેટલું લજ્જાસ્પદ છે! અરે રે! ત્હમારી પ્રજા મ્હારા ઉદરમાં છે તેથી આ દુઃખી દેહનો પણ હું ત્યાગ કરી શકતી નથી! પ્રસૂતિ થયા પછી, હું ઉંચા હાથ કરી સૂર્યનારાયણની પ્રાર્થના કરી એવું તપ આચરીશ કે જેથી આવતા જન્મમાં ત્હમે જ મ્હારા પતિ થાઓ, પણ આ વિયોગ જરા યે રહે નહિ. વર્ણાશ્રમનું પાલન કરવું એ રાજાનો ધર્મ છે, તે પ્રમાણે હવે બીજા તપસ્વિઓની માફક મ્હારૂં પણ ત્હમારે રક્ષણ કરવું જોઇશે."

**સી**તાનો સંદેશો લઈ **લક્ષ્મણ** પાછો વળ્યો. પ્રથમ તો ત્હેની પાછળ પાછળ **સી**તા એકી ટશે જોઇ રહ્યાં, પણ જ્યારે તે દેખાતો બંધ થયો, ત્યારે તે છાતીફાટ રડવા લાગ્યાં. ચોતરફ ઝાડપાન અને પશુપક્ષીઓને પણ જાણે દુઃખ થતું હોય તેમ તે સઘળાં નિશ્ચેષ્ટ થઇ ઉભાં રહ્યાં. આ કરુણ રુદન સાંભળી વાલ્મીકિ ઋષિ ત્યાં આવી પહોંચ્યા. **સી**તાએ આંસુ લૂછી નાંખી ત્હેમને વંદન કર્યું. ઋષિએ ધ્યાનથી ત્હેની સ્થિતિ જાણી લીધી અને આશીર્વાદ આપી કહ્યું: "પુત્રિ! લોકોના મિથ્યા આરોપથી બ્હીને **રા**મચંદ્રે ત્હારો ત્યાગ કર્યો છે, તો કાંઈ હરકત નહિ. આ ત્હારા પિતાનું ઘર છે એમ જાણી અહીં સુખેથી રહેજે. ત્હારા પિતા **જ**નક, અને સસરા દશરથ એ બન્ને મ્હારા પરમ મિત્ર થાય હો. કોઇ પણ જાતનો ભય રાખ્યા વિના અહીં સત્સમાગમમાં રહેજે. ત્હારી પ્રસૂતિને સંસ્કારો પણ વિધિપૂર્વક અહીં જ કરવામાં આવશે. અહીં **ત**મસા નદીના બાહામાં દેવતાઓનું પૂજન-અર્ચન કરવાથી ત્હારૂં ચિત્ત પ્રસન્ન રહેશે. મુનિકન્યાઓ નવાં નવાં ફુલફળ લાવી ત્હારી સેવામાં હાજર રહેશે. કેડે ઘડા લઇ આશ્રમનાં વૃક્ષોને નિત્ય પાણી પાવાથી ત્હારી



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પુત્રવત્સલતામાં વધારો થશે." આ પ્રમાણે આશ્વાસન આપી શાંત પાડીને મહર્ષિ સીતાદેવીને લઇ આશ્રમે ગયા.

લક્ષ્મણે ઘેર આવી રામને સર્વ વૃત્તાંત તથા સીતાનો સંદેશો કહી સંભળાવ્યો. રામ ચોધાર આંસુએ રડયા, અને શોક તથા વિયોગમાં દિવસો ગાળવા લાગ્યા.

× × × ×

એક દિવસે લવણ નામના રાક્ષસના ત્રાસથી કંટાળી યમુના-તીરવાસી તપસ્વિઓ રામચંદ્ર પાસે આવ્યા, અને એ દુષ્ટ રાક્ષસને મારવા માટે પ્રાર્થના કરવા લાગ્યા. રામે શત્રુઘ્નને મુનિઓ સાથે મોકલ્યો. શત્રુઘ્ન એક મ્હોટું લશ્કર લઇને નીકળ્યો અને રાતવાસો કરવા માટે વાલ્મીકિના આશ્રમમાં ઉતર્યો. તે જ રાત્રે સીતાએ બે પુત્રોને જન્મ આપ્યો. બીજે દિવસે પ્રાતઃકાળમાં વાલ્મીકિને પ્રણામ કરી શત્રુઘ્ને આગળ કૂચ કરી. યમુનાતીરે જઇ ત્હેણે લવણનો સંહાર કર્યો અને ત્યાં મથુરા નામની નગરી વસાવી. પછી શત્રુઘ્ન પાછો ફરી ઘેર આવ્યો અને સીતાના પુત્રજન્મ સિવાય સર્વ હકીકત રામને સવિસ્તર કહી.

સીતાના બે પુત્રોની ગર્ભમલિનતા કુશ ( દર્ભઘાસ ) અને લવ ( ગોપુચ્છના વાળ ) થી સાફ કરવામાં આવી, માટે ઋષિએ ત્હેમનું નામ કુશ અને લવ પાડ્યું. બાળકો મ્હોટા થતાં મહર્ષિએ ત્હેમને વેદ–વેદાંગનું અધ્યયન કરાવ્યું; અને પોતે બનાવેલું રામાયણ કંઠસ્થ કરાવ્યું. બન્ને બાળકો માતાના આગળ આવી મધુર સ્વરે રામાયણનું ગાન કરતા. આથી સીતાને વિરહશોકમાં જરા રાહત મળી.

એક પછી એક દિવસો વ્યતીત થવા લાગ્યા.

એક દિવસ, એક બ્રાહ્મણ મરેલું બાળક લઇને રામના દરબારમાં આવ્યો અને મ્હોટેથી વિલાપ કરવા લાગ્યો: " અરે રે વસુંધરા! ત્હારા શોકનો પાર નથી. દશરથ રાજા ગયા, અને હવે તું રામના હાથમાં આવી પડી છે! માબાપ પહેલાં બાળકનું અવસાન થાય એ ખરેખર રામના શાસનકાળમાં જ સંભવે ! "

બ્રાહ્મણનાં આવાં વચન સાંભળી રામને જરા લજ્જા આવી. ત્હેમણે બ્રાહ્મણની ક્ષમા માગી અને યમરાજા ઉપર સ્વારી કરવા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માટે પુષ્પક વિમાનનું સ્મરણ કર્યું. પરંતુ એટલામાં આકાશવાણી સંભળાઈઃ "હે રાજન્! ત્હારા રાજ્યમાં એક શૂદ્ર તપસ્યા કરી રહ્યો છે. ત્હેનો વધ કર્યાં સિવાય ત્હારો સઘળો પરિશ્રમ નિરર્થક છે!"

રામચંદ્ર તરત જ પુષ્પક વિમાનમાં બેસી શૂદ્રતાપસની શોધમાં નીકળી પડ્યા. ફરતાં ફરતાં, ત્હેમણે દંડકારણ્યમાં વૃક્ષશાખાએ ઉંધે માથે લટકી રહેલો ધૂમ્રપાન કરનારો એક શૂદ્ર તપસ્વી જોયો. ત્હેની પાસે જઇ રામે ત્હેનું નામ તથા ગોત્ર પૂછ્યાં. ત્હેનું નામ શમ્બૂક હતું, અને તે સ્વર્ગપ્રાપ્તિ માટે તપસ્યા કરતો હતો. રામે ત્હેનું મસ્તક ઉડાવી દીધું. ત્હેને દિવ્ય દેહ પ્રાપ્ત થયોઃ તેથી તે નમસ્કાર કરી ચાલ્યો. તરત જ પેલા બ્રાહ્મણનો મરેલો બાળક ઉઠીને ઉભો થયો; બ્રાહ્મણ હર્ષિત થઇ ચાલ્યો ગયો.

પાસે જ અગસ્ત્ય મુનિનો આશ્રમ હતો, તેથી ત્હેમને પાદ-વંદન કર્યાં સિવાય જવાય નહિ એમ શિષ્ટાચારને માન આપી રામચંદ્ર ઋષિના આશ્રમમાં ગયા. ઋષિએ પ્રસન્ન થઇ ત્હેમને એક દિવ્ય અલંકાર અર્પણ કર્યું. પછી ઋષિ અને ઋષિપત્નીને પ્રણામ કરી રામચંદ્ર અયોધ્યા આવ્યા, અને એક મહાન અશ્વમેધ યજ્ઞની તૈયારીઓ કરવા લાગ્યા.

રામના યજ્ઞમાં દેશ પરદેશથી રાજાઓ અને ઋષિઓ એકઠા થયા. રામે સીતાને બદલે સુવર્ણની પ્રતિમા મૂકી યજ્ઞવિધિ સમાપ્ત કરી. આ યજ્ઞ વિષે ખાસ જાણવા જોગ વાત તો એ હતી કે યજ્ઞમાં વિઘ્નકર્તા રાક્ષસો જ સ્વયં રક્ષકો થઇ ત્યાં ઉભા હતા. અંતે, વાલ્મીકિ ઋષિએ સભાજનોના વિનોદ માટે પોતે બનાવેલું રામા-યણ કુશ-લવ પાસે ગવરાવ્યું. રામનું ચરિત્ર, વાલ્મીકિની કૃતિ, અને કિન્નરકંઠવાળા બે સુકુમાર બાળકો—આ સર્વ ઉત્કૃષ્ટ વસ્તુઓનો યોગ થવાથી સભાજનોને અપૂર્વ આનન્દ પ્રાપ્ત થયો એટલુંજ નહિ, પણ તે સર્વ મુગ્ધ બની ગયા. રામ અને સીતાની કરુણ કહાણી સાંભળી તેઓ દયાથી પીગળી ગયા. વિશેષમાં, રામ અને આ બન્ને બાળકોની મુખાકૃતિમાં સમાનતા જોઈ લોકોને ખાસ આશ્ચર્ય લાગ્યું. રામે તથા ત્હેમના ત્રણે ભાઇઓએ આ સંગીતમય ચરિત્ર સાંભળ્યું હતું. આખરે રામે બાળકોને પૂછ્યુંઃ "વત્સ! આ ચરિત્ર કોણે બનાવ્યું? ત્હમને ગાતાં કોણે શીખવાડ્યું?"

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ પ્રશ્નો સાંભળી બાળકોએ ઉત્તર ન આપતાં ઋષિના સામું જોયું. રામ આસન પરથી ઉઠી ગદ્‌ગદ્‌ કંઠે ઋષિના ચરણમાં પડયા અને સમગ્ર રાજ્ય ત્હેમને સમર્પણ કર્યું. ઋષિએ બાળકોનો પરિચય કરાવ્યો, અને સીતાનો પરિગ્રહ કરવા માટે પ્રાર્થના કરી. રામે નમ્રપણે ઉત્તર આપ્યો: "મહારાજ! જનકતનયાની પરિશુદ્ધિ અગ્નિમાં કરાવી હતી. પરંતુ રાવણની દુષ્ટતા જોઇ આ લોકોને ત્હેના પર વિશ્વાસ આવ્યો નહિ; હવે આ સર્વ સભાની સમક્ષ તે પોતાના ચારિત્ર્યની પરિશુદ્ધિ કરી બતાવે એમ હું ઇચ્છું છું; અને ત્યાર પછી આપની આજ્ઞાથી હું ત્હેનો પુનઃ સ્વીકાર કરવા તત્પર છું."

વાલ્મીકિએ પોતાના શિષ્યો મોકલી જાનકીને આશ્રમમાંથી બોલાવરાવ્યાં.

બીજે દિવસે સઘળા નગરજનોને ભેગા કરી રામે વાલ્મીકિને બોલાવ્યા. તરત જ ઋષિ સીતા અને બે બાળકો સાથે આગળ આવ્યા. ભગવાં વલ્કલ પહેરેલી અને નીચી દૃષ્ટિ કરીને ઉભેલાં સીતાદેવીને જોઈ સર્વ લોકોને પોતાની દુષ્ટતા માટે લજ્જા આવી. ઋષિના કહેવાથી સીતાએ જળનું આચમન કરી મ્હોટેથી કહ્યું: "જો મન, વાણી કે કર્મથી મ્હેં મ્હારા પતિનો અપરાધ ન કર્યો હોય અને હું નિર્દોષ હોઉં, તો હે વિશ્વંભરા દેવી! મ્હને ત્હમારી અંદર સમાવી દ્યો!"

સીતાદેવી આ શબ્દો બોલી રહ્યાં કે તરત જ પૃથ્વીમાં ફાટ પડી અને અંદરથી નાગફણા પર સિંહાસને બેઠેલાં વસુંધરા દેવી પ્રકટ થયાં. ત્હેમણે સીતાને પોતાના ખોળામાં લીધાં, અને એકદમ પાતાળમાં પલાયન કર્યું. સર્વ લોકો બેબાકળા થઇ આંખો ફાડી ફાડી જોવા લાગ્યા. સીતા સર્વથા અદૃશ્ય થઈ ગયાં.

રામે ઋષિઓને તથા અન્ય મિત્રોને માનપૂર્વક વિદાય કર્યા અને લવ–કુશને સ્નેહપૂર્વક ઘરમાં રાખ્યા. હવે, ત્હેમના પત્નીસ્નેહનું અપત્યસ્નેહમાં પરિવર્તન થયું. રામચંદ્રના આગ્રહથી ભરતે પોતાના બે પુત્રોને પુષ્કલાવતી અને તક્ષશિલામાં રાજ્યાભિષેક કર્યો; લક્ષ્મણે ચંદ્રકેતુ અને અંગદ નામના બે પુત્રોને કારાપથ દેશમાં રાજ્યાભિષેક કર્યો; શત્રુઘ્ને બહુશ્રુત અને સુબાહુ નામના બે પુત્રોને અનુક્રમે મથુરા અને વિદિશામાં રાજ્યાભિષેક કર્યો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એક દિવસ કાલ (યમદેવ) મુનિવેષ લઇને રામચંદ્ર પાસે આવ્યા અને ત્હેમની સાથે એકાન્તમાં વાત કરવા માટે રજા માગી. બન્નેએ નિશ્ચય કર્યો કે જે કોઇ વચમાં આવી ત્હેમની વાતમાં ભંગ પાડે ત્હેનો સર્વથા ત્યાગ કરવો. લક્ષ્મણને દ્વારપાળ તરીકે ઉભો રાખવામાં આવ્યો. તેવામાં દુર્વાસા મુનિ દ્વાર આગળ આવી પહોંચ્યા અને ત્હેમના આગમનના સમાચાર રામને જણાવવા માટે લક્ષ્મણને કહ્યું. લક્ષ્મણે આનાકાની કરી, અને કરેલી પ્રતિજ્ઞા વિષે સમજાવ્યું. પણ ક્રોધી દુર્વાસાએ પોતાનો આગ્રહ જારી રાખ્યો. તેથી લક્ષ્મણ અંદર ગયો અને સમાચાર કહ્યા. રામની પ્રતિજ્ઞા પૂર્ણ કરવા માટે તે સરયૂ નદીને કિનારે ગયો અને યોગથી દેહત્યાગ કર્યો.

હવે, રામને પૃથ્વી પર રહેવા માટે કોઇ પણ જાતનું પ્રયોજન રહ્યું ન હતું. ત્હેમણે કુશને કુશાવતીમાં અને લવને શરાવતીમાં રાજ્યાભિષેક કર્યો, અને પોતે બન્ધુઓ સાથે, અગ્નિપુરઃસર ઉત્તર દિશામાં પ્રયાણ કર્યું. વાનરો અને રાક્ષસો ત્હેમનો નિશ્ચય સમજી ગયા અને ત્હેમની પાછળ ચાલવા લાગ્યા. શરયૂના કિનારે આવી પોતે વિમાનમાં બેઠા, અને ભક્તોને નદીમાં ભૌતિક દેહનો ત્યાગ કરાવી, દિવ્ય દેહ ધારણ કરાવી પોતાની સાથે લઇ ગયા, તથા એક નવું જ સ્વર્ગ વસાવી ત્હેમાં ત્હેમનો વાસ કરાવ્યો.

## પ્રકરણ ૮ મું: કુશ

એક દીવામાંથી જેમ ભિન્ન ભિન્ન દીવાઓ સળગે, તેમ આ એક વંશમાંથી આઠ વિભાગ પડી ગયા. આઠે ભાઇઓ સુલાહ સંપથી રહી જ્યેષ્ઠબંધુ કુશને માન આપવા લાગ્યા.

એક દિવસ મધ્યરાત્રે કુશરાજા પોતાના શય્યાગૃહમાં સૂતો હતો. સઘળા પરિજનો ઘસઘસાટ ઉંઘતા હતા, અને દીવા ઝગઝગાટ બળી રહ્યા હતા. એટલામાં ત્હેના પલંગ આગળ પ્રવાસ કરવા નીકળી હોય એવો વેષ ધારણ કરેલી એક અપૂર્વ સ્ત્રીને ત્હેણે જોઇ: તે સ્ત્રી કુશનો જય ઇચ્છી હાથ જોડી ઉભી રહી. શય્યાગૃહનાં સઘળા દ્વાર બંધ હોવા છતાં આ સ્ત્રી કેવી રીતે અંદર આવી શકી તે વિષે કુશને ઘણું આશ્ચર્ય લાગ્યું. તે પલંગમાંથી અર્ધો ઉભો થઇ બોલ્યો:

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"આ રાજમહેલમાં ત્હમે પ્રવેશ કરી શક્યાં છો, પરંતુ ત્હમારામાં હું યોગશક્તિ જોઇ શકતો નથી. ત્હમારા આકાર ઉપરથી ત્હમે દુઃખી હો એમ લાગે છે. ત્હમે કોણ છો, અને કોનાં ધર્મપત્ની છો, તથા મ્હારી પાસે આવવાનું ત્હમને શું પ્રયોજન છે? રઘુવંશીય રાજાઓનાં મન વ્યભિચારિ હોતાં નથી એ ત્હમારે જાણવું જોઇએ."

પેલી સ્ત્રીએ જવાબ આપ્યો: "રાજન્! જે નગરીનાં સર્વ મનુષ્યોને ત્હમારા પૂજ્ય પિતાશ્રી સાથે લઇ ગયા તે અનાથ નગરીની હું અધિદેવતા છું. જેણે અલકાપુરી તથા ઇંદ્રપુરીથી પણ વિશેષ ઉપભોગો અને મહોત્સવો જોયા છે ત્હેની આજ આવી લાચાર સ્થિતિ થઇ છે, અને તે પણ ત્હમારા શાસનકાળમાં! જ્યાં પ્રથમ મ્હોટા મ્હોટા ગગનચુંબી પ્રાસાદો ગાજી રહ્યા હતા, ત્યાં આજ ભાગ્યાં તૂટયાં ઝુંપડાં જોવામાં આવે છે! જે રાજમાર્ગો ઉપર રાત્રે નૃપુરના ખણખણાટ કરી અભિસારિકાઓની આવજાવ થતી, તે જ માર્ગો પર આજ અમંગલ અવાજ કરતાં શિયાળવાં માંસના ટુકડાની શોધમાં દોડી રહ્યાં છે! જે સરોવરોનાં પાણી પ્રમદાઓના હાથથી ખળખળ અવાજ કરતાં, આજ ત્હેમાં જંગલી પાડા મસ્તી મચાવી રહ્યા છે! જે નિસરણીનાં પગથીયાં પર સુંદર સ્ત્રીઓ કમલ સરખાં પગલાં પાડતી, ત્યાં આજ લોહીઆળ પગલાં મૂકી વાઘ ઉભા રહે છે! જે મોરને નગરજનો ઘરમાં રાખી મૃદંગના ધ્વનિ સાથે નૃત્ય શીખવતા હતા, તે જ મોર આજે જંગલી બની જઇ ઝાડ પર પડી રહે છે! પદ્મવનમાં આબેહુબ ચીતરેલા હાથીઓ પર આજ સિંહો ત્રાપ મારી રહ્યા છે! મહેલોના સ્તંભો પર જે જે સુશોભિત સ્ત્રીઓનાં ચિત્રો ચીતરેલાં હતાં, ત્હેના રંગ ઉખડી જઇ આજ ત્હેના પર ધૂળ ચ્હોંટી છે, તથા એ પ્રમદાઓની કાંચળીઓ પર આજ સર્પની કાંચળીઓ વીંટાઇ છે! જે મહેલોની લીસી અને ચકચકિત ભીંતો પર ચંદ્રનાં કિરણો ખીલી ઉઠતાં તે જ ભીંતો પર આજ પાંદડાં ને વેલા ઉગી ગયા છે! જે ઉદ્યાનલતાની શાખાઓ પ્રેમપૂર્વક નીચી નમાવી વિલાસી નારીઓ પુષ્પ ચૂંટતી તે લતાઓ પર આજ વાનરો કૂદાકૂદ કરી રહ્યા છે! પુરાતન પ્રાસાદોની ભાંગી તૂટી બારીઓ દિવસે શૂન્ય બની રાત્રે અંધકારમાં ડૂબી રહે છે! જ્યાં હજારો સ્ત્રીપુરુષો હમેશાં સ્નાન કરતાં એ શરયૂના ઓવારા જોઇ, મ્હારૂં હૃદય બળીને ખાખ થઇ જાય છે! માટે, હે રાજન્! મ્હારી પ્રાર્થના એટલી જ છે કે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ નવીન રાજધાની છોડી ત્હમારી પુરાતન પુરીમાં પાછા પધારો."

કુશ રાજાએ દેવતાની પ્રાર્થના કબુલ રાખી; તેથી તે આશીર્વાદ આપી અદૃશ્ય થઈ ગઈ.

પ્રાતઃકાળમાં વિદ્વાન બ્રાહ્મણોને બોલાવી રાજાએ રાત્રિનું સઘળું વૃત્તાંત ત્હેમને જણાવ્યું. બ્રાહ્મણો પ્રસન્ન થયા, અને ત્હેને અભિનંદન આપી ત્યાં જવા રજા આપી. એક શુભ દિવસે કુશાવતી શ્રોત્રિય બ્રાહ્મણોને સમર્પણ કરી કુશરાજાએ અંતઃપુરની સ્ત્રીઓ તથા નગરજનો સાથે અયોધ્યા તરફ કૂચ કરી. વિન્ધ્ય પર્વત ઓળંગી સઘળું સૈન્ય ગંગાકિનારે આવી પહોંચ્યું, અને ત્યાંથી નાવડામાં બેસી બીજી પાર ઉતર્યું. ત્યાર પછી ચાલતાં ચાલતાં કેટલેક દિવસે તેઓ શરયૂકિનારે આવ્યા. રાજાએ સાથે આણેલા કારીગરોને અયોધ્યાની નવીન રચના કરવાની આજ્ઞા આપી. થોડા દિવસમાં સઘળું તૈયાર થયું એટલે વાસ્તુ-વિધાન કરી રાજાએ નગરમાં પ્રવેશ કર્યો. અયોધ્યાનગરી પૂર્વવત્ પુનઃ શોભવા લાગી.

સમય પોતાનું કામ કરવા લાગ્યો.

એક વખત વસંત ઋતુમાં રાજાને શરયૂનદીમાં અંતઃપુરની સ્ત્રીઓ સાથે જલક્રીડા કરવાની ઇચ્છા થઇ. ત્હેણે નદીમાંથી મગર વગેરે હિંસક પ્રાણીઓને બહાર કઢાવી નાંખ્યા. પછી પોતે સ્ત્રીઓ સાથે જળમાં ઉતર્યો અને એક હાથી હાથણીઓ સાથે, અગર ઇંદ્ર અપ્સરાઓ સાથે મંદાકિનીમાં ક્રીડા કરે, તેમ ત્હેણે જલવિહાર કરવા માંડ્યો. રાજા અને સ્ત્રીઓ પરસ્પર પ્રેમપૂર્વક પાણી ઉરાડવા લાગ્યાં. આ પ્રમાણે ઘણા સમય સૂધી ક્રીડા કરતાં કરતાં બન્ને પક્ષને અતિશય શ્રમ લાગ્યો. અંતે પાણીમાંથી બહાર નીકળી તેઓ તટ પર નાંખેલા તંબુમાં ગયાં. ત્યાં જતાં જ રાજાને ખબર પડી કે અગસ્ત્ય ઋષિએ રામચંદ્રને આપેલું અમૂલ્ય આભૂષણ જલક્રીડા કરતાં નદીમાં પડી ગયું. તેથી ત્હેણે નદીના તારાઓને બોલાવીને આભૂષણની શોધ કરવા માટે આજ્ઞા કરી. ઘણા વખત સુધી પ્રયત્ન કરી નદી ડહોળી નાંખ્યા છતાં પણ જ્યારે આભૂષણ હાથ ન લાગ્યું, ત્યારે તેઓ નિરાશ થઇ રાજા પાસે આવ્યા અને હાથ જોડી કહેવા લાગ્યાઃ "મહારાજ! આભૂષણનો પત્તો લાગતો નથી. કદાચ પાણીમાં રહેનાર કુમુદ નાગે ચપળતાથી લઇ લીધું હોય તો તે બનવા જોગ છે ખરૂં."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ સાંભળી રાજાને ક્રોધ ચઢયો. ત્હેણે હાથમાં ધનુષ લઈ કુમદને મારવા માટે તૈયારી કરી. પણ એટલામાં પાણીનાં મોજાં જોરથી ઉછળવા લાગ્યાં અને ત્હેમાંથી ભુજંગરાજ કુમુદ એક સુંદર કન્યા લઈ બહાર નીકળ્યો. ત્હેણે રાજાને પ્રણામ કરી કહ્યું: "મહારાજ! ભગવાન રામચંદ્રના પુત્રના કાર્યમાં વિઘ્ન નાખવા કોણ શક્તિમાન છે? પણ, આ મ્હારી બ્હેન દડે રમતી હતી, એટલામાં આપનું આભૂષણ પાણીમાં પડ્યું. ત્હેની સુંદરતા જોઇ એણે તે ઉપાડી લીધું. લ્યો આ રહ્યું આપનું આભૂષણ; આપના હસ્તનો વિયોગ સહન કરવાને એ યોગ્ય નથી; અને મહારાજ! આપનો અપરાધ કર્યો તે બદ્દલ આ મ્હારી બ્હેન કુમુદ્વતી હંમેશને માટે આપના ચરણની સેવામાં સોંપું છું; તો આપ એનો સ્વીકાર કરશો એમ હું ઇચ્છું છું." આ પ્રમાણે બોલી કુમુદે પેલું આભૂષણ તથા કુલભૂષણ કન્યા રાજાને સમર્પણ કર્યાં. રાજાએ પ્રસન્ન થઈ બન્નેનો સ્વીકાર કર્યો.

## પ્રકરણ ૯ મું: વંશવિસ્તાર

કુમુદ્વતીથી કુશને અતિથિ નામનો પુત્ર થયો. તે મ્હોટો થતાં શસ્ત્રાસ્ત્રવિદ્યામાં અતિશય નિપુણ થયો.

એક વખત કુશરાજા ઇંદ્રના આગ્રહથી દુર્જય નામના દૈત્ય સાથે યુદ્ધ કરવા ગયો. ત્હેણે દૈત્યને માર્યો, પણ અંતે ત્હેનો પોતાનો ઘાત થયો. કુમુદ્વતી ત્હેની પાછળ સતી થઇ. વૃદ્ધ અમાત્યોએ ભેગા થઈ અતિથિનો રાજ્યાભિષેક કર્યો. તે બાળક હોવા છતાં પણ ચતુર હતો. તેથી થોડા જ વખતમાં ત્હેણે પ્રજાનો પ્રેમ સંપાદન કર્યો. ત્હેનાં બાણ અને વસિષ્ઠગુરુના મંત્રો આગળ ત્રણે ભુવનમાં કાંઇ પણ અસાધ્ય ન હતું. તે સારી રીતે જાણતો કે શૌર્ય વિનાની નીતિ માત્ર ભીરુતા છે, તથા નીતિ વિનાનું શૌર્ય માત્ર પશુતા છે. તેથી ત્હેણે પોતામાં બન્નેનો સમપ્રમાણમાં યોગ સાધ્યો હતો. કોઈ પણ કાર્ય કરતા પહેલાં તે હંમેશાં મંત્રિઓની સલાહ લેતો, અને પછી પોતાના વિચાર પ્રમાણે કાર્ય કરતો. ધર્મ, અર્થ અને કામ એ ત્રણે પુરુષાર્થનો, પરસ્પર વિરોધ આવ્યા વિના, તે ઉપભોગ કરતો. તે સત્પુરુષોને સતત

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દાન આપતો, અને દુષ્ટોને દંડ દેતો. આ પ્રમાણે શાસ્ત્રાનુસાર આચરણ કરવાથી ઉત્તમ રાજાઓમાં ત્હેની ગણના થવા લાગી. સર્વ રાજાઓ ઇંદ્રની માફક ત્હેની આજ્ઞા માનવા લાગ્યા. ત્હેણે એક અશ્વમેધ યજ્ઞ કરી એટલું બધું દાન કર્યું કે લોકો ત્હેને કુબેરના નામથી ઓળખવા લાગ્યા. ત્હેના રાજ્યતંત્રમાં સઘળી પ્રજા સુખમાં રહેતી.

ત્હેણે **નૈષધ**રાજાની કન્યા સાથે લગ્ન કર્યું હતું, અને ત્હેનાથી ત્હેને એક પુત્ર થયો જેનું નામ **નિષધ** રાખવામાં આવ્યું. પુત્ર ઉમ્મરલાયક થતાં **અતિથિ**એ ત્હેનો રાજ્યાભિષેક કર્યો, અને કેટલાક વખત પછી પોતે સ્વર્ગ તરફ પ્રયાણ કર્યું.

**નિષધ**ને **નલ** નામનો પુત્ર થયો. **નલ**નો યશ દેવલોકો પણ આનંદપૂર્વક ગાતા. ત્હેને **નભ** નામનો પુત્ર થયો. **નભ**ને રાજ્યલક્ષ્મી સોંપી **નલ** રાજા અરણ્યમાં તપસ્યા કરવા ગયો. તે જ પ્રમાણે, સમય આવતાં **નભ** રાજા પણ પોતાના પુત્ર **પુંડરીક**ને રાજ્યગાદી સોંપી મોક્ષમાર્ગે વળ્યો. **પુંડરીકે** પણ રાજ્યસુખ ભોગવી અંતે **ક્ષેમધન્વા** નામના પુત્રને ગાદી સોંપી અરણ્યમાં ઘોર તપશ્ચર્યા આરંભી. **ક્ષેમધન્વા**ને **દેવાનીક** નામનો પુત્ર થયો. **દેવાનીક**ને **અહિનગુ** નામે પુત્ર થયો. ત્હેને **પારિયાત્ર** નામે પુત્ર થયો. **પારિયાત્ર**ને **શિલાખ્ય**, અને **શિલાખ્ય**ને **ઉન્નાભ** નામે પુત્ર થયો. ત્હેને **વજ્રણાભ** નામનો પુત્ર થયો. **વજ્રણાભ**ના મરણ પછી ત્હેનો પુત્ર **વ્યુષિતાશ્વ** ગાદીએ આવ્યો. કાશીવિશ્વેશ્વરની આરાધનાથી ત્હેને **વિશ્વસહ** નામનો પુત્ર થયો. **વિશ્વસહ** પછી ત્હેનો પુત્ર **હિરણ્યનાભ** ગાદીએ આવ્યો. ત્હેને **કૌસલ્ય** નામનો પુત્ર થયો. **કૌસલ્ય**ને **પુત્ર** નામે દીકરો થયો. ત્હેની સ્ત્રીએ પુષ્ય નક્ષત્રમાં પૂર્ણિમાના દિવસે **પુષ્ય** નામના પુત્રને જન્મ આપ્યો. **પુષ્ય** રાજા એક વખત મૃગયા કરવા નીકળ્યો હતો, તે વખતે એક વિકરાળ સિંહે આવી ત્હેને મારી નાંખ્યો. ત્યાર પછી, ત્હેના પુત્ર **સુદર્શન**નો રાજ્યાભિષેક થયો. તે ૭ વર્ષનો બાળક હોવા છતાં પણ, બળવાન અને ચપળ હોવાને લીધે પ્રજા ત્હેની આજ્ઞામાં રહેતી. રાજ્યલક્ષ્મીનો સંપૂર્ણ ઉપભોગ કર્યા પછી તે પોતાના પુત્ર **અગ્નિવર્ણ**ને ગાદી આપી નૈમિષારણ્યમાં તપ કરવા ગયો.

અગ્નિવર્ણ ઘણો સ્ત્રીલંપટ અને વિલાસી રાજા હતો. રાજ્યકારભાર અમાત્યોને સોંપી તે હંમેશાં રંગરાગમાં મસ્ત રહેતો. પ્રજાને મળવાની પણ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ત્હેને ફુરસદ ન હતી. કદાચ પ્રજાને દર્શન આપવા મંત્રિઓ ત્હેને આગ્રહ કરતા તો તે બારીમાંથી કેવળ પગ લાંબો કરી બ્હાર ઉભેલા પ્રજાજનોને બતાવતો. ત્હેના ચરણને નમસ્કાર કરી લોકો પાછા ફરતા. તે એકાન્તમાં અનેક સ્ત્રીઓ સાથે જલક્રીડા કરતો. દિવસે દિવસે ત્હેની કામવૃત્તિ વૃદ્ધિંગત થવા લાગી. નાચનારી વારાંગનાઓ સાથે તે જાતે ઢોલક લઈ વગાડવા બેસતો. આ કામમાં ત્હેણે એટલી બધી નિપુણતા મેળવી હતી કે વારાંગનાઓના અભિનય(હાવભાવ)માં તે ભૂલો કાઢવા શક્તિમાન થયો હતો. નૃત્ય પૂરૂં થતાં નર્તકીઓના મુખ પર આવેલાં પરસેવાનાં બિંદુઓ પોતે પ્રેમપૂર્વક લૂછી નાંખતો. દાસીઓ અને વેશ્યાઓ સાથે વિહાર કરવામાં ત્હેને લજ્જા આવતી નહિ.

આ પ્રમાણે ઇન્દ્રિયસુખમાં મગ્ન રહી તે પોતાનો સમય વીતાડતો હતો. અત્યંત કામાસક્તિથી ત્હેને ક્ષયરોગ લાગુ પડ્યો. વૈદ્યોના કહ્યા પ્રમાણે તે પથ્ય પાળતો નહિ. સ્ત્રીમદ્યાદિકનો ત્યાગ કરવો ત્હેને મરણતુલ્ય લાગતો, આથી ત્હેનો રોગ અસાધ્ય થઈ ગયો. મ્હોં પીળું પડી ગયું, અવાજ મન્દ થઈ ગયો, ચાલવાની શક્તિ રહી નહિ. આખરે તે મૃત્યુવશ થયો.

અનેક સ્ત્રીઓ સાથે ઉપભોગ કર્યા છતાં પણ ત્હેને સંતતિ પ્રાપ્ત થઈ ન હતી ! ત્હેના મરણ સમયે અંતઃપુરની એક સ્ત્રી સગર્ભા હતી. તેથી ત્હેને ગાદી પર બેસાડી અમાત્યો રાજ્યકારભાર ચલાવવા લાગ્યા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# (૨)—માલવિકાગ્નિમિત્ર

## પ્રકરણ ૧ લું: ચિત્રદર્શન

પૂર્વે વિદિશા* નગરીમાં અગ્નિમિત્ર નામે રાજા રાજ્ય કરતો હતો. ત્હેને ધારિણી, ઇરાવતી આદિ અનેક રાણીઓ હતી. ત્હેના પિતા પુષ્પમિત્ર સેનાપતિએ લાંબા સમય સુધી રાજ્ય કરી, રાજ્યનો લગભગ સઘળો કારભાર અગ્નિમિત્રને સોંપી દીધો હતો; અને હવે તે એક અશ્વમેધ યજ્ઞ કરવાની તૈયારી કરતો હતો. ત્હેમણે અગ્નિમિત્રના યુવાન પુત્ર વસુમિત્રને યજ્ઞના અશ્વનો રક્ષક નીમી, અશ્વને દેશે દેશ ફરવા માટે છૂટો મૂકી દીધો હતો.

તે વખતે વિદર્ભ દેશમાં યજ્ઞસેન નામે રાજા રાજ્ય કરતો હતો. ત્હેને માધવસેન નામે એક પિતરાઈ ભાઇ (કાકાનો દીકરો) હતો. આ બન્ને ભાઇઓ વચ્ચે અણબનાવ હતો. માધવસેનને એક સ્વરૂપવતી બ્હેન હતી, ત્હેનું સગપણ અગ્નિમિત્ર સાથે કરવાનો તે ઇરાદો રાખતો હતો. એ જ કારણને લીધે એક વખતે તે સપરિવાર વિદિશા તરફ જવા નીકળ્યો. માર્ગમાં યજ્ઞસેનના સીમાધિકારીએ ત્હેને પકડયો અને પરિવાર સાથે કેદ કર્યો. આ વાતની અગ્નિમિત્રને ખબર પડતાં તેણે વિદર્ભ રાજાને કહાવી મોકલ્યું કે "ત્હમારા કાકાના દીકરા માધવસેને પોતાની બ્હેનની સગાઈ મ્હારી સાથે કરવાનું કહેણ મોકલેલું છે. તે મ્હારા તરફ આવતો હતો એટલામાં ત્હમારા અંતપાલે તેને માર્ગમાં પકડી કેદ કર્યો છે. માટે મ્હારી ઇચ્છા મુજબ ત્હેને સપરિવાર મુક્ત કરવો."

આના ઉતરમાં યજ્ઞસેને જણાવ્યું કે "એકજ રાજકુળના વારસોમાં આવી વૃત્તિ સ્વાભાવિક હોય છે. માટે આ બાબતમાં આપે પક્ષપાત ન કરતાં મધ્યસ્થ રહી વિચાર કરવો જોઇએ. માધવસેનને પકડતી વખતે ત્હેની બ્હેન ચોરાઇ ગઇ છે, ત્હેનો પત્તો મેળવવા હું બનતો પ્રયત્ન કરીશ. તેમ છતાં જો માધવસેનને મુક્ત

* વિદિશાને હાલમાં ભીલ્સા કહે છે. તે બેટ્વા નદી ઉપર સિંધિઆના રાજ્યમાં આવેલું છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરાવવાની જ આપની દૃઢ ઇચ્છા હોય તો હું આપના આગળ એક સરત મૂકું છું. તે એ કે મ્હારો સાળો મૌર્યસચિવ જે આપને ત્યાં બંધનમાં છે ત્હેને જો મુક્ત કરવાનું આપ કબુલ કરો તો માધવસેનને મુક્ત કરવા હું તૈયાર છું, એ જાણજો."

યજ્ઞસેનનો ઉત્તર સાંભળી અગ્નિમિત્ર ક્રોધથી રાતો પીળો થઈ ગયો. ત્હેણે પોતાના અમાત્યને બોલાવી કહ્યું: "વાહતક, વિદર્ભરાજા પડોશનો રાજા હોઇ સહજ રીતે આપણો શત્રુ તો છે જ; ત્હેમાં વળી તે ઉદ્ધતપણે આવો ઉત્તર આપે છે. માટે વીરસેનને એક લશ્કર આપી ત્હેના તરફ જલદીથી મોકલો." અમાત્યે તે પ્રમાણે યોજના કરી.

ઉપર જે વીરસેનનું નામ આવ્યું, તે ધારિણી રાણીનો ભાઇ થતો હતો. ત્હેને નર્મદાતટે અન્તપાલ (સીમાડાના અધિકારી) તરીકે નીમેલો હતો. ત્હેણે એક વખતે પહાડી લૂટારૂ લોકો પાસે એક સુંદર કન્યા જોઇ. ત્હેને જોતાં જ એ કોઈ ઉંચા કુળની કન્યા હોય એમ ત્હેને લાગ્યું, તેથી ત્હેણે લૂટારૂઓ પાસેથી એ કન્યા પડાવી લીધી અને પોતાની બ્હેનની તહેનાતમાં તેને મોકલી દીધી. ધારિણીએ ત્હેનું સ્વરૂપ અને ગુણો જોઈ ગણદાસ નામે પોતાના ખાસ માનીતા એક સંગીતશાસ્ત્રી પાસે સંગીત, નૃત્ય વગેરેનું જ્ઞાન લેવા માટે ત્હેને મૂકી. તે કન્યાનું નામ માલવિકા હતું. થોડા જ વખતમાં આ કન્યાની બુદ્ધિ અને નિપુણતા જોઇ ગણદાસ ઘણો ચકિત થયો. જેમ સારા વિદ્યાર્થીને વિદ્યા આપવાથી ગુરુને સંતોષ અને યશ પ્રાપ્ત થાય છે, તેમ ગણદાસને પણ બન્યું. ઉપર કહ્યું કે માલવિકા ઘણી જ સ્વરૂપવતી હતી, સાથે અતિશય બુદ્ધિમતી પણ અને હવે તે કલાવતી પણ થઈ. સુવર્ણ અને સુગંધનો યોગ અલૌકિક જ હોય છે. ચતુર રાણીને રાજાના વિષયી સ્વભાવનો બરાબર પરિચય હતો, તેથી રાજાને માલવિકા વિષે જરા યે ખબર ન પડે તે માટે તે કાળજી રાખતી હતી.

એક દિવસે ધારિણી ચિત્રશાળામાં ગઇ હતી. ત્યાં એક તાજું ચીતરેલું ચિત્ર નીહાળતી તે ઉભી હતી. એટલામાં રાજા અગ્નિમિત્ર ત્યાં જઈ ચઢ્યો. રાજા અને રાણી બન્ને એક આસન પર બેસી પેલું ચિત્ર બારીકાઇથી જોવા લાગ્યાં. તે ચિત્રમાં વચ્ચે રાણી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બેઠેલી હતી અને આજુબાજુએ તેનાં દાસદાસીઓનું ટોળું ચીતરેલું હતું. તે ટોળામાં માલવિકા પણ હતી. ત્હેનું અપૂર્વ સૌંદર્ય જોઈ રાજાએ પ્રશ્ન કર્યો, "આ કોણ?" રાણીએ પ્રશ્નનો ઉત્તર ન આપતાં વાત ઉડાવી દીધી. આથી રાજાના મનમાં વિશેષ શંકા ઉત્પન્ન થઇ. ત્હેણે પુનઃ પુનઃ એ જ પ્રશ્ન કર્યો. એટલામાં પાસે બેઠેલી વિદ્યાર્થિ-કન્યાઓમાંથી વસુલક્ષ્મી નામે એક ન્હાની છોકરી બોલી ઉઠી, "મહારાજ, એ તો માલવિકા."

ચિત્ર જોઇને રાજા રાણી ઘેર ગયાં. તે દિવસથી રાણીએ માલવિકાને રાજાની દૃષ્ટિમાંથી છૂપાવવા ખાસ પ્રયત્ન કરવા માંડયો. ચિત્રમાં જોયા પછી માલવિકાને પ્રત્યક્ષ જોવાની તીવ્ર ઇચ્છા રાજાના મનમાં ઉત્પન્ન થઈ. પણ રાણીની કાળજી આગળ ત્હેનું કાંઇ ચાલતું નહિ. વિદૂષક રાજાના પ્રણયકાર્યમાં હમેશાં સહાયક હોય છે. તેથી રાજાએ માલવિકા વિષેની સઘળી હકીકત વિદૂષકને કહી. તેણે રાજાને માલવિકાનાં દર્શન કરાવવા માટે એક ઉત્તમ યુક્તિ રચી. ગણદાસ અને હરદત્ત એ બન્ને રાજ્યના નાટયાચાર્યો હતા. બેઉને આડું અવળું ભરવી તેણે તે બેઉ વચ્ચે કલહ ઉત્પન્ન કર્યો.

એક દિવસે વિદૂષક રાજા પાસે બેઠો હતો, એટલામાં એ બન્ને સંગીતશાસ્ત્રીઓ "બસ, બસ, બહુ થયું, બહુ થયું; ચાલો રાજાજી પાસે. ત્યાં નક્કી થશે કે કોણ ઉંચું ને કોણ નીચું" એમ પરસ્પર ઝઘડતા રાજમહેલમાં આવ્યા. બન્નેનો અવાજ સાંભળી રાજા મનમાં હસવા લાગ્યો. કંચુકી બન્નેને લઇ દિવાનખાનામાં દાખલ થયો. રાજાને વિનયપૂર્વક નમસ્કાર કરી તેઓ રાજાએ બતાવેલા આસન ઉપર બેઠા. રાજાએ ધીમે રહી પૂછયું: "કેમ આચાર્યજી, અત્યારે શાળાના સમયમાં સાથે જ આપનું અહીં આવવું થયું?" ત્હેના ઉત્તરમાં ગણદાસે જણાવ્યું: "મહારાજ, સાંભળો. મેં ગુરુચરણે અભિનયવિદ્યા પ્રાપ્ત કરી છે. તેમ અનેક વિદ્યાર્થીઓને ત્હેનું પઠન પણ કરાવ્યું છે. આપ નામદારે તથા રાણીજીએ મારો યથાયોગ્ય સત્કાર પણ કર્યો છે. છતાં, આ હરદત્ત સારા સારા લોકો આગળ કહેતો ફરે છે કે 'ગણદાસ તો મારા પગની ધૂળ બરોબરે નથી;'—" એટલામાં હરદત્ત વચમાં જ બોલી ઉઠયો:–"મહારાજ, પ્રથમ તો એણે જ 'મ્હારામાં અને એનામાં સમુદ્ર ને ખાબોચીયા જેટલું અંતર છે' એમ કહી મ્હારી



P. P. Ac. Gunratnasuri M.S.    Jin Gun Aaradhak Trust

નિન્દા કરવા માંડી. માટે હું આપને અરજ ગૂજારૂં છું કે આપ જ મધ્યસ્થ રહીને અમ્હારા બેઉની, શાસ્ત્ર અને પ્રયોગમાં પરીક્ષા લેશો."

"હરદત્તનું કહેવું બરોબર છે," એમ કહી વિદૂષકે ટેકો આપ્યો. ગણદાસે પણ એ દરખાસ્ત કબુલ રાખી.

રાજાએ ઉત્તરમાં જણાવ્યું: "ત્હમારી દરખાસ્ત હું પસંદ કરૂં છું; પરંતુ એ કામ હું એકલો માથે લઇશ નહિ. રાણીને તથા પંડિતા કૌશિકીને પણ સાથે બોલાવો, અને એ સર્વના સમક્ષમાં જે નિર્ણય આવે તે ખરો;" એમ કહી ત્હેણે રાણીને તથા પરિવ્રાજિકાને બોલાવવા માણસ મોકલ્યું.

થોડી વારમાં બન્ને આવી પહોંચ્યાં. રાજાએ પરિવ્રાજિકાને નમન કર્યું. ત્હેણે પ્રત્યુત્તરમાં રાજાને આશીર્વાદ આપ્યો: "રાણી ધારિણી અને ભૂતધારિણી (પૃથ્વી) એમ ઉભયના ભર્તા રહી સો વર્ષનું આયુષ્ય ભોગવો !"

બધાં યથાસ્થાને ગોઠવાઇ ગયા પછી રાજાએ પરિવ્રાજિકા તરફ ફરીને જણાવ્યું, "ભગવતિ ! આ બન્ને નાટયાચાર્યો વચ્ચે જ્ઞાનકલહ ઉત્પન્ન થયો છે; માટે આપે મધ્યસ્થવૃત્તિ ધારણ કરી ત્હેમનો નિર્ણય કરવો જોઈએ." કૌશિકીએ મંદહાસ્ય કરી ઉત્તર આપ્યો: "મહારાજ, ઠીક મશ્કરી કરવા માંડી છે. મ્હોટું શહેર મૂકી રત્નની પરીક્ષા કરાવવા ગામડામાં જવું ઉચિત ન કહેવાય."

રાજાએ નમ્રતાથી કહ્યું: "ના, ના. એમ બોલો મા. આપ તો પંડિતા કૌશિકી છો. મ્હારે અને રાણીજીને તો આચાર્યો તરફ પરસ્પર સ્વાર્થ લાગેલો છે. માટે આપ જ મધ્યસ્થ રહી ન્યાય આપી શકો એમ છો." એમ કહી રાજાએ બન્નેને વિવાદ ચલાવવાની આજ્ઞા કરી.

પણ વચમાં જ પરિવ્રાજિકાએ કહ્યું: "મહારાજ, નાટયશાસ્ત્ર પ્રયોગાધીન છે. એમાં મ્હોંએ થૂંક ઉરાડવાથી શું ? તેથી મ્હારો મત એવો છે કે કેટલાક આચાર્યો જ્ઞાનપરિપૂર્ણ હોય છે, તેમ જ કેટલાકની જ્ઞાન આપવાની પદ્ધતિ બહુ ઉત્કૃષ્ટ હોય છે. માટે જેઓ ઉભયમાં નિષ્ણાત હોય ત્હેમને જ હું તો ઉત્તમ શિક્ષક કહું." એ સાંભળી વિદૂષક બોલી ઉઠયો: "સાંભળી લ્યો ભગવતીનું કથન. ત્હેમના કહેવાનું તાત્પર્ય એ છે કે શિક્ષકની શિક્ષણપદ્ધતિ જોઇને જ આ બાબતનો નિર્ણય કરવો જોઇએ."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાજાએ રાણીનો અભિપ્રાય પૂછ્યો. ચતુર રાણી આ કલહનું રહસ્ય પહેલેથી જ સમજી ગઇ હતી. તેથી ત્હેણે કહ્યું: "ખરૂં પૂછો તો આ બેનો કલહ જ મ્હને પ્રિય નથી.—"

વિદૂષક વચમાં બોલી ઉઠ્યો: "ના, ના. બેની ઘેટાંકુસ્તી જોવામાં આપણું શું જાય છે? તેઓ મફતના પગાર ખાધા કરે છે! અને જ્યાંસુધી બેમાંથી એક પણ હારશે નહિ, ત્યાંસુધી ત્હેમની લઢાઇનો પાર આવવાનો નથી. માટે એમ બને જ નહિ."

તેમ છતાં યે રાણીએ આગળ ચલાવ્યું: "મ્હારૂં કહેવું એમ છે કે જો શિષ્ય નબળો અને જડ હોય અને તેથી તે શિક્ષણ સારી રીતે ધારણ કરી શકતો ન હોય, તો શું ત્હેમાં શિક્ષકનો દોષ કહેવાય?"

રાજાએ ઉત્તર આપ્યો: "દેવિ! એમ તો ખરૂં જ. શિષ્ય અમુક વિષય ગ્રહણ ન કરી શકે તો ત્હેમાં શિક્ષકની મતિમંદતા ખરી સ્તો."

જ્યારે રાણીએ જોયું કે આ પ્રમાણે દલીલ કરવી નિરર્થક છે, ત્યારે ત્હેણે ગણદાસને પાસે બોલાવી કહ્યું: "ગણદાસ, નીકળી જા આ નકામા કજીયામાંથી. એમાં ત્હને શો લાભ છે?"

બટકબોલો વિદૂષક વચમાં બોલી ઉઠ્યો: "સાંભળ્યું? ગણદાસ. નિરાંતે સંગીતના બહાને સરસ્વતીની ભેટનાં લાડવા ઉડાવ્યા કરને! આવા નકામા કજીયામાંથી શું મળવાનું છે?"

વિદૂષકની વક્રોક્તિ સાંભળી ગણદાસથી રહેવાયું નહિ. ત્હેણે કહ્યું: "જે મનુષ્ય 'મ્હેં પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે' એમ ધારીને વિવાદથી બ્હીને પારકાની નિન્દા સહન કરી લે છે, જેનું જ્ઞાન કેવળ જીવિકા માટે જ છે ત્હેને જ્ઞાનનો વેપાર કરનાર વાણીયો કહેવો જોઇએ."

રાણીએ બીજી યુક્તિ વાપરી જણાવ્યું: "પણ, ગણદાસ, ત્હમારી શિષ્યા તો બીલકુલ નવીન છે. માટે ત્હેને પરીક્ષામાં આણવી એ તદ્દન અન્યાય છે." "નવીન છે માટે જ મ્હારો વિશેષ આગ્રહ છે." ગણદાસે એકદમ ઉત્તર આપ્યો.

"જો પરીક્ષા લેવાવી જ હોય, તો એકલાં પંડિતા કૌશિકીની આગળ જ ચાલવા દો. ત્હેમાં બધાની શી જરૂર છે?" રાણીએ ઉલટ પ્રશ્ન કર્યો. ત્હેના ઉત્તરમાં પરિવ્રાજિકાએ કહ્યું: "રાણીજી, એ તો અન્યાય કહેવાય. ભલે સર્વજ્ઞ હોય તો પણ એક આદમીએ કરેલો નિર્ણય નિર્દોષ તો ન જ કહેવાય."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હવે રાણી માટે વિશેષ બોલવાનું રહ્યું નહિ. તે નિરાશ થઇ નિરુત્તર બની મ્હોં ફેરવીને મનમાં બબડવા લાગીઃ "અરે મૂર્ખી, મ્હને જાગતીને પણ તું ઉંઘતી બનાવે છે!" રાજાએ પરિવ્રાજિકા તરફ જોયું. તે રાણીને મનાવવા લાગી.

એટલામાં વિદૂષક બોલી ઉઠયોઃ "રાણીજીને પોતાના માણસને બચાવી લેવો છે માટે જ આમ કરે છે. (ગણદાસ તરફ ફરીને) ગણદાસ, રાણીજીએ ધારણ કરેલા કોપથી ઠીક તમે બચી ગયા. બધાએ ભણેલા ભણાવવામાં નિપુણ હોય છે એમ કાંઈ નથી."

એ સાંભળી ગણદાસનું લોહી ઉકળી ગયું. તેણે કહ્યુંઃ "રાણીજી, સાંભળ્યું? બધા લોકો આમ બોલશે. આપ મ્હારા વિષે જરા યે શંકા લાવો નહિ. મ્હને મ્હારો પ્રયોગ બતાવવાની રજા આપો. નહિ આપો તો હું માર્યો જઇશ."

હવે રાણી કંટાળી ગઈ. તેણે કહ્યુંઃ "ઠીક, ચાલવા ઘો."

રાણીની અનુજ્ઞા મળવાથી ગણદાસે કહ્યું: "મહારાજ, મ્હારી શિષ્યા કયી જાતના અભિનયનો પ્રયોગ કરે તે ફરમાવો."

રાજાના આગ્રહથી પરિવ્રાજિકાએ જણાવ્યુંઃ "ચતુષ્પદી 'છલિત' નાટય બહુ કઠિન મનાય છે, ત્હેનો સાભિનય પ્રયોગ જોવો જોઇએ. બન્ને આચાર્યોના પ્રયોગો જોઈ આપણે નિર્ણય કરીશું."

બન્ને આચાર્યોએ કબુલ કર્યું અને પ્રયોગની તૈયારી કરવા માટે તેઓ નાટયગૃહ તરફ જવા લાગ્યા. જતાં જતાં ત્હેમને અટકાવી પરિવ્રાજિકાએ કહ્યું: "પણ, પ્રત્યેક અંગનું અભિનય સ્પષ્ટ દેખાય તે માટે વસ્ત્રો બહુ જ આછાં પહેરાવજો, હો."

"બહુ સારૂં, એ કહેવાની અમને જરૂર નહિ રહે" એમ કહી તેઓ ચાલતા થયા.

રાણીના પેટમાં ક્યારનું યે તેલ રેડાયું હતું. તે રાજા તરફ ફરીને કહેવા લાગીઃ "જો આર્યપુત્ર રાજકાર્યમાં આટલી બધી ઝીણવટ બતાવતા હોય તો કેવું સારૂં?" રાજાએ ત્હેનો ઉત્તર આપતાં જણાવ્યું: "દેવિ! મનમાં કાંઇ અવળું માની લેશો નહિ. આ બધું મ્હેં ઉભું કર્યું છે એમ નથી. મુખ્ય કારણ તો એમ છે કે સ્વાભાવિક રીતે સરખા જ્ઞાનવાળા માણસો પરસ્પરના યશની ઇર્ષ્યા કરનારા હોય છે."

થોડી વારમાં નાટયશાળામાં મૃદંગનો ધ્વનિ થયો, એટલે સર્વે ઉઠી ત્યાં જવા નીકળ્યાં.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૨ જું: પ્રત્યક્ષ દર્શન

નાટચશાળામાં સર્વે આસન ઉપર ગોઠવાઈ ગયાં. પછી રાજાએ કહ્યું: "ભગવતિ! આ બન્ને આચાર્યોમાંથી કોનો પ્રયોગ આપણે પહેલો જોઈશું?" પરિવ્રાજિકાએ ઉત્તર આપ્યો: "બન્ને આચાર્યો જ્ઞાનવૃદ્ધ તો છે જ. પણ ગણદાસ વયોવૃદ્ધ છે માટે ત્હેમને પહેલી પસંદગી આપવી જોઇએ."

તે પ્રમાણે ગણદાસના કહેવાથી માલવિકાએ પડદા પાછળથી રંગભૂમિ ઉપર પ્રવેશ કર્યો. રાજા તો ત્હેને જોવા ક્યારનો યે તલપાપડ થઇ જ રહ્યો હતો. તે હવે માલવિકાને પ્રત્યક્ષ જોતાં વિદૂષકને કહેવા લાગ્યો: "જ્યારે મ્હેં ચિત્રમાં ત્હેની આકૃતિ જોઈ ત્યારે મ્હને લાગતું હતું કે ત્હેનું ખરેખરૂં રૂપ તો આટલું સુંદર હોય જ નહિ. પણ હવે મ્હને લાગે છે કે ચિત્ર પૂરૂં થતાં સુધી ચિત્રકારની એકાગ્રતા ટકી શકી નથી! અહા! ત્હેનું પ્રત્યેક અંગ લાવણ્યમય છે! શું સ્વરૂપ! નાટચાચાર્યના મગજમાં જેવો અભિપ્રાય છે તેવું જ આબેહુબ આનું શરીર લાગે છે!"

માલવિકાએ ધીમે રહી ગાવા માંડ્યું:—

दुल्लहो पिओ तस्सि भव हिअअ णिरासं ।
अह्मो अपङ्गवो मे परिप्फुरइ किं पि वामो ।
एसो सो चिरदिट्ठो कहं उण उवणइदव्वो
णाह मं पराहीणं तुइ परिगणअ सतिण्हम् ॥*

(રસાનુકૂળ અભિનય કરી બતાવે છે.)

ત્હેનું ગીત સાંભળી વિદૂષકે કહ્યું: "મહારાજ, આ શબ્દો તો ત્હેમને જ ઉદ્દેશીને ત્હેણે ગાયા હોય એમ લાગે છે."

રાજાએ તેના કાનમાં ઉત્તર આપ્યો: "વયસ્ય, ત્હારો તર્ક બરાબર છે. 'હે નાથ, મ્હારી ત્હમારા ઉપર દૃઢ પ્રીતિ છે' એ ભાવ મ્હને જણાવવા માટે, ધારિણી નજીક હોવાથી, ત્હેણે આ પ્રમાણે ચતુષ્પદીમાં કોમળ પ્રાર્થના કરી છે."

---

* દુર્લભ પ્રિય, ત્હેમાં થાય હૃદય નિરાશ
અહો અપાંગ મ્હારો પ્રસ્ફુરે અહીં વામ.
આ એ તો ચિરદૃષ્ટ, થાય કયમ સુલભ?
નાથ પરાધીન મુજને જાણજો સતૃષ્ણા તમમાં.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગાયન પૂરૂં કરી માલવિકા પડદા તરફ જતી હતી. પરંતુ રાજાને હ્હેના દર્શનનો વિશેષ લાભ મળે એ હેતુથી વિદૂષકે હ્હેને એકદમ અટકાવી કહ્યું: " બ્હેન, ઉભી રહે. તું કંઈક ભૂલી છે, તે હું કહેવા માગું છું." તે ઉપરથી ગણદાસે માલવિકાને જતી અટકાવી.

રાણીથી રહેવાયું નહિ. તેથી તે એકદમ બોલી ઉઠી: " અરે ગણદાસ, મૂર્ખ ગૌતમ( વિદૂષક )ના કહેવા તરફ પણ હ્મે ધ્યાન આપો છો ! "

ગણદાસે નમ્રતાપૂર્વક જણાવ્યું: " રાણીસાહેબ, એમ મા બોલો. મહારાજના સંસર્ગથી હ્હેનામાં પણ વિદ્વત્તા સંભવી શકે. ( વિદૂષક તરફ ) આર્ય, કહો, આપને શું કહેવાનું છે ? "

વિદૂષકે જણાવ્યું: " નહિ, હું હમણાં નહિ કહું. પહેલાં ભગવતી કૌશિકીને કહેવા દો. પછી મ્હેં જે ભૂલ શોધી કાઢી છે તે હું જણાવીશ." પરિવ્રાજિકાએ ઉત્તર આપ્યો: " વાહ, ગણદાસ, કામ તો બીલકુલ સુંદર થયું છે. હ્હેમાં જરા યે ખોડ કે ખાંપણ રહી નથી. હ્હેના અભિનયો પણ બરાબર અર્થને અનુકૂળ હતા, એમાં લગારે શંકા રહેતી નથી." રાજાએ પણ જણાવ્યું: ગણદાસ, હરદત્ત તરફનું અમારૂં અભિમાન આજ ઉતરી ગયું છે. કામ બહુ જ સુંદર થયું છે." રાણીએ પણ ગણદાસને ખાસ અભિનન્દન આપ્યું. આથી તે ઘણો સંતુષ્ટ થયો. પછી હ્હેણે વિદૂષકને ભૂલ બતાવવા માટે કહ્યું. વિદૂષકે હસતાં હસતાં જણાવ્યું: " જુઓ આચાર્યજી, શિક્ષણનું આ પ્રથમ પ્રદર્શન હતું માટે સૌથી પહેલાં હ્મારે બ્રાહ્મણની પૂજા કરવી જોઇએ. એ હ્મે અહીં ભૂલી ગયા. કેમ ભૂલ ખરી કે નહિ ? "

પરિવ્રાજિકાએ કહ્યું: "વાહ! દોષ તો બહુ જ બારીક બતાવ્યો લાગે છે!" વિદૂષકે ઉત્તર આપ્યો: "અરે ! તું પાંડિત્યનું અભિમાન રાખે છે! લાડુના કડકા કરતાં તો હ્હને આવડતા નથી, તે તું શું સમજે ? આ મ્હોટા લાંબા શ્વેત ચંદ્રકિરણ જેવા વાળથી તું આ બધાને બ્હીવડાવે છે કેમ ? " હ્હેનું કથન સાંભળી સૌ હસી પડયાં માલવિકા પણ ખીલતા કમળની માફક મન્દ હાસ્ય કરવા લાગી. " પણ જો આપ સર્વને સંતોષ જ થયો હોય," વિદૂષકે આગળ ચલાવ્યું, " તો આ હું હ્હેને પારિતોષિક આપું છું." એમ કહી તે રાજાના હાથમાંથી સોનાનું કડું ઉતારવા લાગ્યો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાણીએ ત્હેને અટકાવી કહ્યું: "ગુણદોષ સમજ્યા વિના શાનો તું આભૂષણ આપવા જાય છે?"

"પારકાનું છે માટે," વિદૂષકે તરત જવાબ આપ્યો.

આ વિનોદથી રાજાને ઘણા વખત સુધી માલવિકાને જોવાનો સમય મળ્યો. માલવિકા અને ગણદાસ હવે પડદા પાછળ ચાલ્યાં ગયાં. એટલામાં હરદત્તે આવીને રાજાને પ્રણામ કરી જણાવ્યું: "મહારાજ, હવે મ્હારો પ્રયોગ જોવાની કૃપા કરશો."

રાજાનો મનોરથ હવે સિદ્ધ થયો હતો. બીજો પ્રયોગ જોવાની ત્હેને મુદ્દલ ઇચ્છા ન હતી. પરંતુ રાણીને શંકા ન આવે માટે ત્હેણે તરત જ ઉત્તર આપ્યો: "હરદત્ત, ત્હમારો પ્રયોગ જોવા અમે તૈયાર જ થઇ રહ્યા છીએ ને. ચાલવા દો."

પણ એટલામાં વૈતાલિકોનું મધ્યાન્હગીત સંભળાયું. તેથી વિદૂષકે કહ્યું: "સાંભળો. આ બ્રાહ્મણની તેમ જ આપ સર્વેની ભોજન-વેળા થઈ છે. ભોજનનો સમય વીત્યા પછી ભોજન કરવું એ વૈદ્યકશાસ્ત્રની દૃષ્ટિએ દોષ ગણાય. માટે ચાલો, સર્વે ઉઠો. કેમ હરદત્ત, ત્હમારો શો મત છે?"

રાજાએ કહ્યું: "હરદત્ત, ત્હમારો પ્રયોગ કાલે જોઇશું. આજ વિશ્રાંતિ લ્યો."

હરદત્તે નમ્રતાથી જણાવ્યું: "જેવી આપની ઇચ્છા."

પછી વિદૂષક અને રાજા માલવિકાનાં સોંદર્ય અને કળાની પરસ્પર પ્રશંસા કરતા રાજમહેલ તરફ ગયા.

## પ્રકરણ ૩ જું: પ્રમદવન

બીજે દિવસે હરદત્તનો પ્રયોગ પણ ભજવાયો. અંતે નિર્ણય એ આવ્યો કે ઉભય આચાર્યો પરસ્પર જ્ઞાન અને શિક્ષણમાં સરખા છે. પરંતુ ઉત્તમ શિષ્યા મળવાને લીધે ગણદાસની પદવી ઉચ્ચ લેખવામાં આવી.

રાજા અને માલવિકાના પરસ્પર પ્રેમની વાત રાજસેવકોમાં વીજળીની માફક ફેલાઇ ગઇ. ધારિણીનું મન સાચવવા રાજા પોતાનો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માલવિકા પ્રત્યેનો પ્રેમ પ્રકટ કરી શકતો નહિ. માલવિકાની મુખ-કાન્તિ દિન પ્રતિદિન મ્લાન થતી જતી હતી. તે ઉપરથી ત્હેનું વિરહદુઃખ ઓળખી શકાતું હતું.

એક દિવસે રાજા અને વિદૂષક વાતો કરતા બેઠા હતા. રાજા પોતાની વિરહાવસ્થાનાં રોદણાં રડતો હતો. વિદૂષકે ત્હેને સાંત્વના આપી કહ્યું: "મહારાજ, આમ શોક કરવાની જરૂર નથી. મ્હેં એક ઉપાય યોજ્યો છે. માલવિકાની પ્રિય સખી જે બકુલાવલિ નામે છે ત્હેને મ્હેં આપનો સંદેશો જણાવ્યો છે અને ત્હેણે આપનું દૂતીપણું કરવાનું કબુલ રાખ્યું છે. દુઃખ માત્ર એટલું જ છે કે આજ-કાલ ધનના કોઠાર ઉપર જેમ એક નાગ રક્ષા કરે, તેમ રાણીએ માલવિકા ઉપર બારીક નજર રાખવાનું શરૂ કર્યું છે. તો પણ હાલમાં જ એક યુક્તિ કરી મ્હેં રાણીને હીંડોળા ઉપરથી પડાવી નાંખી પગને ઘણી ઈજા કરી છે, તેથી ત્હેમનાથી હલાતું ચલાતું કે બહાર નીકળાતું નથી. તેથી માલવિકાને વિશેષ છૂટ મળવાનો સંભવ છે ખરો."

રાજાએ જરા મલકાઇને ઉત્તર આપ્યો: "ઠીક, ભાઇ, ત્હારી યુક્તિ પાર પડો! આખો દિવસ રાજકાજમાં ગયો. પણ આ સાંજનો વખત હવે કયાં ગાળું? મ્હને કાંઇ ચેન પડતું નથી."

વિદૂષકે કહ્યું: "મહારાજ, ઈરાવતી રાણીએ અશોકનાં તાજાં ફુલો ભેટ કરી કહાવ્યું હતું કે 'આર્યપુત્ર સાથે હીંડોળામાં ઝુલવા મ્હારો મનોરથ છે' અને આપે પણ ત્હેમને પ્રમદવનના બાગમાં આવવાનું કહ્યું હતું તે ભૂલી ગયા કે?"

રાજાએ ઉત્તર આપ્યો: "પણ ભાઈ, તે બનવું શકય નથી. કારણ કે સ્ત્રીઓ બહુ નિપુણ હોય છે. તેઓ ભાવ વગરનો વિનોદ સમજી જાય છે....પણ જો બીજો કોઇ ઉપાય ન હોય તો ચાલો ત્યારે પ્રમદવનમાં જઇએ." એમ કહી તેઓ બન્ને પ્રમદવનમાં ગયા. ત્યાં જઈ બાગની શોભા જોતાં જોતાં રાજા કહેવા લાગ્યો: "વયસ્ય, શી વસન્તની બ્હાર ખીલી છે! વસન્ત જાણે કે કુલીન લાગે છે: તે આંબાના મોરથી સુગંધિ થયેલા વાયુ રૂપી પોતાનો કોમળ હસ્ત મ્હારા શરીર પર ફેરવીને મસ્ત થયેલી કોકિલના ટહુ-કારમાં મ્હને દયાભાવથી પૂછે છે 'રાજન્, પ્રેમવેદના સહન થાય છે?' આ રાતો અશોક, આ રંગ બેરંગી કુરબક, આ ભમરાઓના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગુંજારવ વાળું તિલક—એ સઘળાં વસન્તની શોભાનાં ચિન્હો કેવાં સુંદર દેખાય છે!"

× × × ×

ઉપર આપણે જોયું કે વિદૂષકની યુક્તિથી રાણી હીંડોળા ઉપરથી પડી ગઇ હતી અને તેથી ત્હેના પગને ભારે ઈજા થઇ હતી. દરમ્યાનમાં પ્રમદવનના એક પીળા અશોકને વસન્ત ઋતુ બેઠા છતાં કળીઓ પણ આવી ન હતી, તેથી ત્હેનું દોહદ* નિવૃત્ત કરવા માટે બાગની માળણે રાણી ધારિણીને પ્રમદવનમાં આવવા જણાવ્યું હતું. તેથી રાણીએ તે કામ કરવા માલવિકાને કહ્યું હતું, અને ત્હેના પગ રંગી નૂપુર પહેરાવાનું કામ બકુલાવલિને સોંપ્યું હતું. વળી, વધારામાં રાણીએ ત્હેને કહ્યું હતું કે 'જો ત્હારા દોહદ પૂરવાથી અશોકને પાંચ દિવસમાં ફુલ બેસશે તો હું ત્હારા અભિલાષ પૂરા કરીશ.' તે પ્રમાણે માલવિકા પ્રમદવનમાં આવી, શીતળ છાયામાં આવેલી એક શિલા પર બેઠી અને બકુલાવલિની વાટ જોવા લાગી. એકાંતમાં તે વિચાર કરવા લાગીઃ "અરે રે! રાજા મ્હારૂં હૃદય ઓળખતા નથી, તેથી મ્હારા પ્રેમની મ્હને શરમ આવે છે. મ્હારે એવી સખીઓ પણ નથી કે જેને મ્હારા પ્રેમની કથની કહી હૃદય ખાલી કરૂં! આ પ્રમાણે ક્યાં સુધી હું મદનનું દુઃખ ભોગવ્યા કરીશ?" ઇત્યાદિ વિચારોની પરંપરા તેના મનમાં ચાલવા લાગી.

વિદૂષકે પ્રમદવનમાં પેસતી માલવિકાને દૂરથી જોતાં જ રાજાને ત્હેની ખબર આપી હતી. રાજાને તો 'ભાવતું હતું ને વૈદે કર્યું'

---

* સ્ત્રીઓને જેમ સગર્ભાવસ્થામાં અન્યાન્ય અભાવો (દોહદ) ઉત્પન્ન થાય છે તેમ કેટલાંક વૃક્ષોને પણ પુષ્પોદ્ભવ થતાં પહેલાં અભાવ (દોહદ) થાય છે એમ કવિઓ કલ્પના કરે છે. નીચેના શ્લોકમાં આવાં કેટલાંક વૃક્ષો તથા ત્હેમનાં દોહદોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અશોક વૃક્ષનું દોહદ યુવતિ સ્ત્રીઓના રંગેલા કોમળ પગની લાત ખાવાથી પૂર્ણ થાય છેઃ

पादाघातादशोकस्तिलककुरबकौ वीक्षणालिङ्गनाभ्यां
स्त्रीणां स्पर्शात् प्रियङ्गुर्विकसति बकुलः सीधुगण्डूषसेकात्।
मन्दारो नर्मवाक्यात् पटुमृदुहसनात् चंपको वक्त्रवातात्
चूतो गीतान्नमेरुर्विकसति च पुरो नर्तनात् कर्णिकारः॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એમ જ થયું. તેથી તેઓ બન્ને ખુશી થતા થતા માલવિકા બેઠી હતી તે શિલાની પાછળ વેલને ઓથે ઉભા રહી જોવા લાગ્યા.

વિદૂષકે કહ્યું: "મહારાજ, હવે ઈરાવતી આવતાં હશે. તે કદાચ આપને જોશે!" રાજાએ બેધડક ઉત્તર આપ્યો: "કાંઈ નહિ. કમલિનીને જોયા પછી હાથી મગરની દરકાર કરતો નથી." એટલામાં નૂપુર વગેરે રાણીના પગનાં આભૂષણો લઇ બકુલાવલિ ત્યાં આવી પહોંચી, અને માલવિકાને મળી.

"કેમ, બ્હેન, ત્હારા શરીરને સુખ તો છે ને?" બકુલાવલિએ બોલાવવાની શરૂઆત કરી, "બાસાહેબે ત્હને જે આ કામ સોંપ્યું તે તો બરાબર ત્હને લાયક જ છે. લાવ ત્હારો એક પગ; ત્હેને અળતો ચોપડી નૂપુર પહેરાવું. રાણીજી આ પીળા અશોકને ફુલ આણવા માટે બહુ આતુર બની ગયાં છે." એમ બોલી ત્હેણે માલવિકાનો પગ પોતાના હાથમાં લીધો. ત્હેના શબ્દો સાંભળી માલવિકા પોતાના સુખ અને દુઃખનો મનમાં વિચાર કરવા લાગી.

બન્નેની વાતચિત ઉપરથી રાજાએ જાણ્યું કે અશોક વૃક્ષને માટે રાણીએ માલવિકાને અહીં મોકલી હતી. બકુલાવલિના હાથમાં માલવિકાનો લાલ કોમળ ચરણ જોઈ રાજા વિદૂષકને કહેવા લાગ્યો: "ભાઈ, આ ચળકતા નખવાળો પગ જેમ અણખીલેલા અશોકને મારવાનો છે, તેમ આ અપરાધી કાન્તને પણ મારવો જોઇએ."

વિદૂષકે આશ્વાસન આપી કહ્યું: "તે પણ બનશે."

× × × ×

એટલામાં રાણી ઇરાવતી નિપુણિકા નામની એક દાસી સાથે વાતચિત કરતી પ્રમદવનમાં આવી પહોંચી. "અરે નિપુણિકા, આર્યપુત્રને મળવા માટે મ્હારૂં હૃદય બહુ ઉત્સુક થઈ રહ્યું છે, પણ પગ પાછા પડે છે...આ આપણે હીંડોળાઘરમાં તો આવી પહોંચ્યાં. અરે! તું તો કહેતી'તી કે રાજાજી તો હીંડોળાઘરમાં આવીને બેસી રહ્યા છે! ને અહીં તો કોઇ યે નથી."

નિપુણિકાએ ઉત્તર આપ્યો: "રાણીજી, જુઓને કંઈ આજુબાજુ મશ્કરી કરવા કદાચ છુપાઈ બેઠા હશે...પણ, બા સાહેબ, જુઓ તો ખરાં પેલા અશોક વૃક્ષની છાયામાં બકુલાવલિ બેઠી બેઠી માલવિકાના પગને શણગારે છે."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માલવિકાને જોઈ રાણી શંકાશીલ થઇ મનમાં વિચાર કરવા લાગી '... કદાચ ધારિણીને પગે દૂખે છે માટે માલવિકાને આ અશોકનું દોહદ પૂરવા માટે મોકલી હશે. બરોબર એમ જ. નહિ તો રાણીજી પોતાનાં નૂપુર કંઈ દાસીને આપે ખરાં કે? માલવિકા તરફ એમનું હેત બહુ જણાય છે!...પણ મ્હારૂં મન અહીં પાછું પડે છે. લાવ મ્હારી શંકા ખરી છે કે ખોટી તે તો જોઉં.' એમ બોલી બન્ને જણાં એક બાજુએ છુપાઇને માલવિકા અને બકુલાવલિનો વાર્તાલાપ સાંભળવા લાગ્યાં.

"સખી, ત્હારા એક ચરણને તો અળતો ચોપડાઈ ગયો. હવે જરા મ્હોમાંથી ફુંક મારવાની જરૂર છે. અથવા અહીં પવન વાય છે જ, એટલે ફુંક મારવાની જરૂર નથી. એ એની મેળે જ સૂકાઇ જશે." બકુલાવલિએ કહ્યું.

એ સાંભળી રાજા વિદૂષકને કહેવા લાગ્યો, "મિત્ર, ત્હેની સેવા કરવાનો આ પહેલો અને ખરેખરો અવસર છે. લાવ ત્હેના અળતાવાળા પગને ફુંક મારૂં." પણ વિદૂષકે ત્હેને અટકાવી કહ્યું: "મહારાજ, એવી એવી સેવા કરવાના ભવિષ્યમાં ઘણા યે પ્રસંગ આવશે. હમણાં જરા ધીરજ રાખો."

બકુલાવલિએ આગળ ચલાવ્યું: "બ્હેન, ત્હારો પગ સો પાંખડીવાળા ખીલેલા લાલ કમળ જેવો દેખાય છે હો. બધી રીતે તું રાજાજીના ખોળામાં બેસવાને યોગ્ય છે."

ઇરાવતીએ નિપુણિકા સામું જોયું.

રાજા મનમાં બોલ્યો: "મ્હારો પણ એવો જ આશીર્વાદ છે!"

માલવિકાએ ઉત્તર આપ્યો: "અલિ! આવું આવું બોલ નહિ."

"મ્હેં તો કહેવા જેવું હતું તે ત્હને કહ્યું. કંઇ ખોટું કહ્યું છે?" બકુલાવલિ બોલી.

"હું ત્હને બહુ વ્હાલી લાગું છું કેમ?" માલવિકાએ કહ્યું.

"મ્હને એકલીને જ નહિ, પણ–" બકુલાવલિએ ઉત્તર આપ્યો.

"ત્યારે બીજા કોને?" માલવિકાએ આતુરતાથી વચમાં પૂછ્યું.

"ગુણગ્રાહી રાજાજીને સ્તો" બકુલાવલિએ હસતાં હસતાં કહ્યું.

"જા, જા. ખોટું કહે છે. એવું કાંઈ મ્હારામાં નથી" માલવિકાએ જણાવ્યું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"ના બ્હેન, ત્હારામાં તો નથી, પણ મહારાજના આજકાલ સુકાયલા, પીળા, સુંદર અંગમાં દેખાય છે તો! પ્રેમની પરીક્ષા પ્રેમ જ કરી શકે." બકુલાવલિએ હાવકું મ્હોં રાખીને કહ્યું.

"જા, જા. અલિ. તું ત્હારા મનની બનાવટી વાત કહે છે." માલવિકાએ તેના વચનનો ઈનકાર કરતાં જણાવ્યું.

"ના બ્હેન, ના. આ તો રાજાજીના પોતાના જ પ્રેમભર્યાં શબ્દો છે" બકુલાવલિએ આગ્રહપૂર્વક કહ્યું.

રાજા મનમાં બબડવા લાગ્યો: "ખરેખર, કામીલોકોના પ્રાણ દૂતીને આધીન છે."

ઈરાવતીએ નિપુણિકાને કહ્યું: "અલિ નિપુણિકા! જોયું? બકુલાવલિએ માલવિકાનું મન રાજા ઉપર બરોબર ચ્હોંટાડી દીધું હો!" "બા સાહેબ, નિર્વિકારી માણસના મનમાં પણ વિકાર પેદા કરે એવાં તો એનાં વચનો છે!" નિપુણિકાએ ઉત્તર આપ્યો.

"બ્હેન માલવિકા, આ ત્હારો બીજો પગ પણ રંગાયો. લાવ બન્નેને નૂપુર પહેરાવી દઉં...જો, આ ત્હારા સામો રહ્યો."

"કોણ, ભર્તા?"

"ના ના; પેલો અશોક."

માલવિકાએ ધીમે રહી અશોકવૃક્ષને પગ અડકાડી કહ્યું: "બ્હેન, આપણો મનોરથ પૂર્ણ થશે?"

"વાહ, બ્હેન! આવા કોમળ ચરણનો સત્કાર પામીને આ અશોક ફુલે ફાલે નહિ તો જાણવું કે એ વાંઝીયો જ છે!" બકુલાવલિએ ઉત્તેજન આપી કહ્યું.

હવે રાજા અને વિદૂષક પોતાની જગ્યાએથી નીકળી માલવિકા અને બકુલાવલિ પાસે જઈ ઉભા. આ જોઇને ઈરાવતી રાતી પીળી થઈ ગઇ.

વિદૂષકે શરૂઆત કરી: "અરે યુવતિ! આ અમારા પ્રિયમિત્ર–અશોકને આપનો ડાબા પગનો સ્પર્શ કરાવી દોહદ પૂરૂં કરશો." રાજાને જોઇ બન્ને સખીઓને આશ્ચર્ય લાગ્યું. બન્ને જણાં રાજાના ચરણમાં પડયાં. બકુલાવલિએ કહ્યુ; "મહારાજ, આ તો રાણીજીના હુકમથી આટલું કામ કરવા અહીં આવ્યાં'તાં. તેથી વિશેષ થાય તો રાણીજી ક્રોધે ભરાય. માટે માફ કરશો." રાજાએ માલવિકાને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પોતાના હાથ વડે ઉઠાડી કહ્યું: "પ્રિયે! આ કઠણ ઝાડમાં અથડાવાથી ત્હારા કોમળ ચરણને કાંઇ ઈજા તો લાગી નથી ને?"

માલવિકા લજ્જામાં ડૂબી ગઇ. ત્હેણે ધીમે ધીમે કહ્યું: "બકુલાવલિ, ચાલો આપણે હવે રાણીજીને આપણા કાર્યનું નિવેદન કરીએ."

"ત્યારે મહારાજની રજા માગી લે" બકુલાવલિએ જરા હસતાં હસતાં કહ્યું. રાજાએ ઉત્તર આપ્યો, "ભદ્રે, જા, પણ મ્હારી એક વાત સાંભળી લે; પેલા અશોકની માફક આ સેવકને પણ ઘણો વખત થયા છતાં ધૈર્યપુષ્પ બેસતું નથી, માટે ત્હારા સ્પર્શામૃતથી એનું દોહદ પણ પૂર્ણ કરજે."

ઇરાવતીથી આ શબ્દો સહન થઈ શક્યા નહિ. તે એકદમ વચમાં આવી કહેવા લાગી: "પૂર્ણ કરજે. અશોકના ઝાડને તો ફુલ બેસે કે ન બેસે, પણ આ અશોકને તો ફુલે બેસશે ને ફળે બેસશે."

ઇરાવતીનાં આ એકાએક માર્મિક વચનો સાંભળી સઘળાં જ સ્તબ્ધ બની ગયાં. રાજાએ વિદૂષકને કાનમાં પૂછ્યું: "મિત્ર, હવે શું કરવું?" "બસ્તો, હવે અહીંથી દોડ લગાવો" વિદૂષકે ઝટ ઉત્તર આપ્યો.

"બકુલાવલિ, ત્હેં પણ ખૂબ કરી! માલવિકા, હવે ભર્તાના મનોરથ પૂર્ણ કરો." ઇરાવતીએ કહ્યું.

"બા સાહેબ, માફ કરો. મહારાજ ક્યાં ને અમે ક્યાં!" બન્ને સખીઓએ ઉત્તર આપ્યો, અને પોતાને રસ્તે ચાલતી થઈ.

"અરે રે! પુરુષો વિશ્વાસને પાત્ર નથી. ખરેખર હું છેતરાઇ!" ઇરાવતીએ નીસાસો નાંખી કહ્યું.

રાજાએ હવે ઉત્તર સંભારી કાઢી કહેવા માંડ્યું: "સુંદરી! મ્હારે માલવિકા સાથે શી નીસ્બત છે? ત્હમને આવતાં વાર થઇ ત્યારે મ્હેં જાણ્યું કે લાવ જરા મઝા કરી લઇએ."

"વાહ! ત્હમે તો વિશ્વાસને લાયક છો! મ્હેં રાંડે પહેલેથી ના જાણ્યું કે વિનોદની આવી અદ્‌ભુત વસ્તુ ત્હમને મળી છે. નહિ તો આમ કરત નહિ" ઇરાવતીએ વક્રોક્તિમાં કહ્યું.

"પણ બા સાહેબ, જો રાણીજીનાં દાસદાસી સાથે જરા વાતચિત કરવી. એને ત્હમે દોષ ગણતાં હો તો પછી આપણું કામ ચાલે જ શી રીતે એ ત્હમે જ કહોને" વિદૂષકે મિત્રનો બચાવ કરતાં ઉમેર્યું.

૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"સારૂં, ભાઈ. વાતોચિતો કરો. ત્હેમાં મ્હારે શું?" એમ બોલી ઇરાવતી ક્રોધમાં ચાલવા લાગી.

રાજા ત્હેની પાછળ જઇ આજીજી કરી કહેવા લાગ્યો: "સુંદરી! શાંત થાઓ. પ્રેમી જન તરફ આમ કરવું ત્હમને લાજમ નથી."

"શઠ, ત્હારૂં હૃદય વિશ્વાસને પાત્ર નથી" એમ બોલતી બોલતી રાણી ચાલતી થઇ. રાજા ત્હેની પાછળ દોડતો "પ્રસન્ન થાઓ, દેવી, પ્રસન્ન થાઓ" એમ પોકારતો ત્હેના ચરણમાં પડવા લાગ્યો. પણ ઇરાવતીને અતિશય ક્રોધ ચઢેલો હતો. "જા, માલવિકાના ચરણમાં પડ કે ત્હારૂં સ્પર્શદોહદ પૂરૂં થાય" એમ બોલતી બોલતી તે ચાલી ગઇ. રાજા અને વિદૂષક પણ ધીમે રહી ચાલતા થયા.

## પ્રકરણ ૪ થું: દિવાસંકેત

બીજે દિવસે, ધારિણી રાણીના પગે ઈજા થઇ હતી તેથી ત્હેની ખબર કાઢવા ઇરાવતી ત્હેના મહેલમાં આવી. ત્યાં વાતચિતમાં ઇરાવતીએ પહેલે દિવસે બનેલી સઘળી હકીકત વિસ્તારપૂર્વક કહી. આ ઉપરથી ગુસ્સે થઇને ધારિણીએ માલવિકા અને બકુલાવલિ બન્નેને ભોંયતળીયે કોઠારમાં પૂરી, ત્હેને તાળું લગાવી, માધવિકા નામની એક બીજી દાસીને ત્હેનો હવાલો સોંપ્યો. માધવિકાને ત્હેણે સખ્ત સૂચના આપી હતી કે 'જ્યાંસુધી મ્હારી આજ્ઞા અગર નાગ-મુદ્રિકા (નાગના ચિહ્નવાળી વીંટી) ત્હને મળે નહિ ત્યાંસુધી ત્હારે આ કોઠારમાં કોઇની પણ આવજા થવા દેવી નહિ.'

આ વાત પરિવ્રાજિકા પાસેથી વિદૂષકે જાણી લઇ રાજાને કહી. રાજા ભારે વિમાસણમાં પડી ગયો. વિદૂષક પણ કાંઈક યુક્તિ શોધવા લાગ્યો. જ્યાંસુધી રાણીની વીંટી મળે નહિ ત્યાંસુધી આગળ કાંઇ પણ કાર્ય થઇ શકે નહિ એમ ત્હેના મનમાં પાકી ખાત્રી થઇ ગઇ હતી. માટે, તે વીંટી મેળવી માલવિકાને મુક્ત કરવા ત્હેણે એક આબાદ યુક્તિ રચી, ને રાજાને બરાબર સમજાવી દીધી. જયસેના નામની દ્વારપાલિકાને પણ ત્હેમાં સહાયક તરીકે રાખી. તે પ્રમાણે રાજા ધારિણીની તબીયત જોવાના મિષે જયસેનાને સાથે લઇ રાણીના મહેલમાં ગયો. ત્યાં થોડીક વાર બેસી તે વાતચિત કરતો હતો એટલામાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિદૂષક અંગૂઠાને ઉપવીત વડે બાંધી હાંફતો હાંફતો ત્યાં આવી પહોંચ્યો, અને જોરથી બોલવા લાગ્યો: "મહારાજ! બચાવો, બચાવો. મ્હને સાપ કરડયો."

"અરરર! કયાંથી સાપ કરડયો?" રાજાએ દયા બતાવતાં પૂછ્યું.

વિદૂષક: "હા આ આ! આજ રાણીજીની ખબર કાઢવા અહીં આવવાનો હતો. તેથી ભેટ કરવા થોડાંક તાજાં ફૂલ લેવા પ્રમદવનમાં ગયો હતો. ત્યાં અશોકનાં ફુલ લેવા હાથ લાંબો કર્યો કે એક બખોલમાંથી કાળા સાપે ફણા બહાર કાઢી આ અંગૂઠે ડંસ કર્યો. જુઓ આ એના બે દાંત પડયા." એમ કહી અંગૂઠો બતાવવા લાગ્યો.

"અરે રે! મ્હારે લીધે આ બીચારા બ્રાહ્મણની જીંદગી જોખમમાં પડી! દાસીઓ, એને ઝાલો, રખે બાપડો પડી જાય!" એમ બોલી રાણી ખેદ કરવા લાગી.

રાજાએ તરત જ રાજવૈદ્ય ધ્રુવસિદ્ધિને બોલાવવા જયસેનાને મોકલી. દરમ્યાનમાં વિદૂષક હોઠ ફફડાવવા, ને દાંત કકડાવવા લાગ્યો. તે ગળગળો થઇ બોલ્યો: "મહારાજ, બસ હું મરી ગયો. હવે હું બચવાનો નથી. હું આપનો બાળસખા. હવે મ્હારી ઘરડી માની કાળજી લેવાનું આપને સોંપું છું. એ ડોશીને સાચવજો."

"અરે મિત્ર; બ્હીવાની કાંઇ જરૂર નથી. આપણો રાજવૈદ્ય હમણાં જ સાપનું ઝેર બેર ઉતારી નાંખશે." રાજાએ ધીરજ આપતાં કહ્યું.

"રાણીજી, હું હવે જીવું કે ના જીવું, પણ આપની સેવા કરતાં જે હાનિ મ્હારા હાથે આપને થઈ છે ત્હેને માટે આપની છેવટની માફી માગી લઉં છું." વિદૂષકે રાણીની આજીજી કરતો હોય તેમ કહ્યું.

રાણીએ આશીર્વાદ આપતાં કહ્યું: "ભાઇ, દીર્ઘાયુ થા!"

એટલામાં જયસેનાએ આવીને કહ્યું: "મહારાજ, રાજવૈદ્ય કહે છે કે ગૌતમને મારી પાસે જ લઇ આવો." રાણીએ તે પ્રમાણે ત્હેને ધ્રુવસિદ્ધિ પાસે મોકલવાની વ્યવસ્થા કરી. થોડીક વારમાં જયસેનાએ ફરીથી આવીને કહ્યું: "મહારાજ, વૈદ્યરાજ કહે છે કે ઉદકુમ્ભની ક્રિયામાં સાપની મુદ્રાવાળું કંઇક જોઇએ. માટે એવું કાંઇક લેવા આવી છું."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભોળી રાણી વિદૂષકનો પ્રપંચ સમજી નહિ. ત્હેણે પોતાની નાગમુદ્રાવાળી વીંટી તરત કાઢીને જયસેનાને આપી કહ્યું: “ કામ થઇ જાય એટલે તરત આવીને મ્હારા જ હાથમાં આપી જજે; અને ગૌતમની શી ખબર છે તે પણ મ્હને તરત કહી જજે.” જયસેના વીંટી લઇ ત્યાંથી તરત જ ચાલી ગઇ.

થોડી વારમાં રાજા પણ રાજકાર્યનું બ્હાનું કાઢી ત્યાંથી ચાલતો થયો. દરમ્યાનમાં વિદૂષક પેલી વીંટી લઈ માલવિકા તથા બકુલાવલિને છોડાવવા કોઠારમાં ગયો. ત્યાં જઈ ત્હેણે માધવિકાને રાણીની વીંટી બતાવી કહ્યું: “આજકાલ રાજાજીના ગ્રહ નબળા છે, માટે જોષી લોકોએ ત્હેમને કહ્યું છે કે સર્વને બન્ધનમાંથી મુક્ત કરવાં. તે પ્રમાણે રાણીજીના હુકમથી ત્હેમની વીંટી લઇ હું આવ્યો છું. માટે માલવિકા અને બકુલાવલિને એકદમ છૂટાં કરી દો.” માધવિકા ત્હેનો મર્મ સમજી નહિ. તે છેતરાઈ ગઇ. ત્હેના કહ્યા પ્રમાણે બન્નેને છૂટાં કરીને ચાલતી થઇ. વિદૂષક એ બન્નેને લઇને પ્રમદવનમાં આવેલા સમુદ્રમહેલમાં આવ્યો. થોડી વારમાં રાજા પણ જયસેના સાથે એક છૂપા રસ્તે ત્યાં આવી પહોંચ્યો. સઘળું કાર્ય બરોબર પાર ઉતર્યું, તેથી રાજા ઘણો પ્રસન્ન થયો અને અંતઃકરણથી વિદૂષકનો આભાર માનવા લાગ્યો.

“ મહારાજ, ઉતાવળ કરો. સમુદ્રમહેલમાં માલવિકાને મૂકી આપને બોલાવા આવ્યો છું,” એમ કહેતો કહેતો વિદૂષક રાજાને મહેલ તરફ લઇ ગયો. અંદર એક ઓરડામાં મૂકેલી રાજાની છબી જોઇને માલવિકા તથા બકુલાવલિ પરસ્પર વાતો કરતાં હતાં. રાજા અને વિદૂષક તે વાતો સાંભળતા બહાર છૂપાઇને ઉભા રહ્યા.

“ સખી, તે દિવસે સામા બેઠેલા સ્વામીને જોઇને મ્હારી દર્શનલાલસા પૂરી થઈ ન્હોતી; આજ આ છબીમાં ત્હેમને જોઇને મ્હારી લાલસા પૂર્ણ થાય છે. પણ બ્હેન, આ વાંકું મ્હોં કરીને પાસે કોણ બેઠી છે? મહારાજ પણ ત્હેના સામું પ્રેમભરી આંખે જોઈ રહ્યા છે!” માલવિકાએ પોતાનું હૃદ્ગત જણાવ્યું.

“ અરે, આ તો રાણી ઇરાવતી.” બકુલાવલિએ ઉત્તર આપ્યો.

“ પણ અલી, આ તો ઠીક નહિ, આટલી બધી રાણીઓ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મૂકી ભર્તા એકના તરફ જ જોઇ રહ્યા છે !" માલવિકાએ પોતાની શંકા રજુ કરી.

માલવિકાને ચીડવવાની ઇચ્છાથી બકુલાવલિએ કહ્યું: "બ્હેન, એ તો મહારાજની પ્રાણપ્રિયા છે."

"ત્યારે તો મ્હારે શા માટે મ્હારી જાતને જોખમમાં નાખવી જોઇએ ?" એમ બોલી રીસ ચઢાવી ત્હેણે મ્હોં ફેરવી નાંખ્યું.

રાજાને પણ ત્હેની ઈર્ષ્યા અને કોપ જોઇને હસવું આવ્યું. ત્હેને મનાવવા તે વિદૂષક સાથે એકદમ અંદર દાખલ થયો.

રાજાને જોઈ બન્ને સખીઓ "મહારાજની જે!" કહીને હાથ જોડી ઉભી રહી.

રાજાએ કહ્યું: "મિત્ર, ત્હારી સખી વિશ્વાસને પાત્ર નથી. જો સ્વપ્નમાં તે આંખ આગળ આવે કે તરત અલોપ થઈ જાય, અબળા છે તો પણ મ્હારા બે બાહુ વચ્ચે આવી છે એમ લાગે કે તરત તે છટકી જાય. આ પ્રમાણે સમાગમના ભ્રમમાં હું ઘણી વાર વંચિત થયો છું, તો કહે જોઇએ શી રીતે મ્હારૂં મન ત્હેના પર વિશ્વાસ લાવે ?"

બકુલાવલિએ કહ્યું: "બ્હેન, ઘણી વાર ત્હેં મહારાજને છેતર્યા છે, તો હવે ત્હારા પર વિશ્વાસ આવે એવું કાંઈક કર."

"સખી, પણ હું તો એવી અભાગણી છું કે મ્હને તો સ્વપ્નમાં યે ભર્તાનો-જરા પણ સમાગમ થયો નથી," માલવિકાએ ધીમે રહી ઉત્તર આપ્યો.

"હવે, મહારાજ એનો ઉત્તર આપશે" બકુલાવલીએ જણાવ્યું.

"એનો વળી ઉત્તર શો આપવાનો હોય ? કામદેવના અગ્નિને સાક્ષી રાખી આ મ્હારી જાતને જ મ્હેં ત્હારી સખીના ચરણમાં સમર્પણ કરી દીધી છે. આ ત્હેના એકાન્તસેવકની ત્હેણે સેવા ઉઠાવવાની જરૂર નથી." રાજાએ પોતાનું દાક્ષિણ્ય દાખવ્યું.

એટલામાં વિદૂષકે: "અલી બકુલાવલી, આ અશોકનાં પલ્લવ હરણું ખાઈ જાય છે, કાઢી મૂક એને" એમ કહીને બકુલાવલિને બહાર કાઢી પોતે પણ બહાર નીકળ્યો અને રાજાને એકાન્ત કરી આપ્યું. બકુલાવલિ બહાર બારણું સાચવવા ઉભી રહી, અને વિદૂષક બહારની તપાસ રાખવા બાજુની શિલા પર બેઠો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હવે, એકાન્ત થવાથી રાજા માલવિકાને કહેવા લાગ્યોઃ "હે સુંદરી, ત્હમારાં ભય અને લજ્જાનો ત્યાગ કરો. આ પ્રેમીને ત્હમારૂં પ્રેમાલિંગન આપી કૃતાર્થ બનાવો." પણ માલવિકાએ ચતુરતાથી જવાબ આપ્યોઃ "જેને ભય લાગતો નથી તે મહારાજ ઇરાવતી આગળ તો ભયથી કાંપતા હતા !"

"એ તો દાક્ષિણ્ય. એ તો અમ્હારૂં કુલવ્રત છે. મ્હારા પ્રાણ તો ત્હારી જ આશા ઉપર ટકી રહ્યા છે." રાજાએ દાક્ષિણ્યથી ઉત્તર આપ્યો.

* * * *

ઇરાવતી રાણીની ચંદ્રિકા નામની એક દાસીએ વિદૂષકને એકલો બહારની શિલા ઉપર પડેલો જોયો હતો. ત્હેણે જઇને નિપુણિકા મારફત એ વાત રાણીને પહોંચડાવી. આથી રાણીને કાંઈક વિશેષ શંકા પડી. તેથી સમુદ્રમહેલમાં રાજા અને માલવિકાની વિનોદવાર્તા ચાલતી હતી એટલામાં રાણી તથા નિપુણિકા પ્રમદવનમાં આવ્યાં. રાણીને બીજાં પણ કેટલાંક કામ હતાં. એક તો ગૌતમને સર્પ કરડયાની વાત ત્હેણે સાંભળી હતી તેથી ત્હેની ખબર કહાડવાનું કામ હતું, તેમ તે દિવસે રાજાની અવજ્ઞા કરી હતી ત્હેના પ્રાયશ્ચિત્ત રૂપે તે સમુદ્રમહેલમાં મૂકેલી રાજાની છબી આગળ માફી માગવાની હતી. તે જાણતી હતી કે રાજાનું ચિત્ત અન્ય સ્ત્રી ઉપર ચોંટયું છે, માટે સ્વયં રાજાની માફી માગવા કરતાં પેલા ચિત્રમાંની સ્નેહાળ છબી આગળ માફી માગવી એ વધારે સારૂં છે.

બન્ને જણાં આવીને જુવે છે તો સમુદ્રમહેલના બારણા આગળ એક મ્હોટી શિલા ઉપર ગૌતમભટ આખલાની માફક બેઠા બેઠા ઘોર્યા કરે છે. એની આવી સ્થિતિ જોઇને ઇરાવતીએ જાણ્યું કે હજુ ત્હેને સાપનું ઝેર બરાબર ઉતર્યું નહિ હોય. એટલામાં ગૌતમભટ ઉંઘમાં બબડવા લાગ્યાઃ "માલવિકા, તું ઇરાવતીથી ચઢતી થજે." આ સાંભળી નિપુણિકા બોલી ઉઠી "સાળો ભામટો અહીંના સ્વસ્તિ-વચનના લાડવા ખાઈ માલવિકાને આશીર્વાદ આપે છે! સાળાને સાપ કરડે એ જ દાવનો છે. લાવ, આ થાંભલા પાછળ સંતાઇને એ બીકણ બામણાને આ વાંકડીયા લાકડીથી બ્હીવરાવું." એમ બોલી ત્હેણે એક લાકડી ત્હેના પર ફેંકી. આથી તે એકાએક ચમકીને "બાપ રે! મ્હારા પર સાપ પડયો" એમ બૂમો પાડતો ઉઠયો. ત્હેની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બૂમ સાંભળીને રાજા " અરે શું છે ? બ્હીતો નહિ " એમ બોલતો એકદમ બહાર આવ્યો. ત્હેની પાછળ માલવિકા અને બકુલાવલિ " મહારાજ, ત્યાં જતા નહિ, સાપ છે " એમ બોલતી બહાર નીકળી આવી.

આ બધું વિચિત્ર દૃશ્ય જોઇને ઇરાવતી રાજા પાસે આવી કહેવા લાગી, "મહારાજ, ત્હમારા બેનો દિવાસંકેત નિર્વિઘ્ને સફળ થયો ને ?" એકાએક ઇરાવતીને જોઇ બધાં ગભરાઈ ગયાં.

" બકુલાવલિ, ત્હેં પણ દૂતીનું કામ બરાબર બજાવ્યું છે હો" ઇરાવતી બોલી.

" રાણી સાહેબ, દેડકાં રટરટે એટલે શું મેઘ પૃથ્વીને ભૂલી જતો હશે ? મ્હેં શું કર્યું છે એ તો રાજાજી જાણે છે. " બકુલાવલિએ ધીરે રહી ઉત્તર આપ્યો.

"રાણીજી, આપનાં દર્શન માત્રથી જ રાજાજી તો આપે આપેલું અપમાન ભૂલી ગયા. આપનો કોપ તો હજુએ શાંત થતો નથી." વિદૂષકે કટાક્ષ કર્યો.

" ભાઈ, કોપ કરીને હું શું કરી શકવાની હતી ?" ઇરાવતીએ નિરાશાથી ઉત્તર આપ્યો.

" ના. ત્હમારો કોપ અસ્થાને છે, માટે જ અસંગત છે, "રાજાએ પોતાના બચાવમાં ઉમેર્યું.

" બરોબર, આર્યપુત્રનું કથન વ્યાજબી છે. અમારાં ભાગ્ય વિપરીત થયાં છે એટલે અમારો કોપ 'અસ્થાને'જ હોય. નહિ તો હું ઉપહાસને પાત્ર થાઉં" ઇરાવતીએ કટાક્ષમાં ઉત્તર આપ્યો.

આ વાતચિત ચાલતી હતી એટલામાં જયસેનાએ ત્યાં આવીને કહ્યું: " મહારાજ, મહારાજ ! કુમારી વસુલક્ષ્મી દડે રમતી 'તી એટલામાં એક પીળા રંગના માંકડાએ ત્હેને ઉઝરડા ભર્યા; હજુ પણ ત્હેનો ધ્રુજારો શાંત થતો નથી !"

" અરરર ! છોકરીને મહા પીડા થઇ " રાજા બોલી ઉઠ્યો.

" મહારાજ, દોડો દોડો. નહિ તો પીડા ભારે થઇ પડશે." ઇરાવતીએ અરજ કરી.

રાજાએ એકદમ ચાલવા માંડ્યું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"ભલું થજો ત્હારૂં, માંકડા. ત્હેં ઠીક બચાવ્યા છે" એમ કહી વિદૂષક રાજા પાછળ ચાલવા લાગ્યો. ઇરાવતી અને નિપુણિકા પણ ચાલ્યાં ગયાં.

"હવે આપણી શી વલે થશે!" એમ વિચાર કરતી કરતી માલવિકા અને બકુલાવલિ પોતપોતાને રસ્તે ચાલતાં થયાં.

## પ્રકરણ ૫ મું: પાણિગ્રહણ

માલવિકાના ભાગ્યમાં હવે દુઃખપરંપરાનો અંત આવ્યો હતો. રાણી ધારિણી જે ઇરાવતી જેવી ઇર્ષ્યાળુ અને અભિમાનિની નહિ, પરંતુ સરળ અને ઉદાર મનવાળી સ્ત્રી હતી ત્હેણે હવે રાજા અને માલવિકાનાં ખુલ્લી રીતે લગ્ન કરવાની વ્યવસ્થા કરી. તે પ્રતિજ્ઞા પાળવામાં ચોક્કસ હતી. આપણે ઉપર જોયું કે ત્રણ ચાર દિવસ પહેલાં અશોકવૃક્ષનું દોહદ પૂર્ણ કરાવતી વખતે ત્હેણે માલવિકાને કહ્યું હતું કે "જો પાંચ દિવસની અંદર આ પીળા અશોકને ફુલકળીઓ બેસશે તો હું ત્હારા મનોરથ પૂરા કરીશ." દૈવયોગે ત્રણ ચાર દિવસમાં એ અશોકવૃક્ષ ફુલના ફાલથી લચી પડયું. આથી રાણીનું મન ઘણું જ પ્રસન્ન થયું. તેથી આજ ત્હેણે તે નિમિત્તે એક ઉત્સવ આરંભ્યો. પરિવ્રાજિકા પાસે ત્હેણે માલવિકાને વિદર્ભ દેશને છાજે તેવાં લગ્નનાં વસ્ત્રાભૂષણો પહેરાવરાવ્યાં અને ત્રણે જણાં પેલા ખીલેલા અશોક પાસે આવ્યાં. રાજાને પણ અશોક વૃક્ષની શોભા નીહાળવાનું આમંત્રણ આપવા માટે ત્હેણે એક દાસીને મોકલી.

સેનાપતિ વીરસેને વિદર્ભ દેશના રાજા યજ્ઞસેનને હરાવી માધવસેનને બંદીખાનામાંથી મુક્ત કર્યાના સમાચાર તરત જ રાજાને મળ્યા હતા. તેથી રાજાનું મન એક રીતે પ્રસન્ન હતું. પરંતુ બીજી રીતે માલવિકાની માઠી અવસ્થા તથા ત્હેની દુર્લભતાને લીધે ત્હેના મનમાં ખેદ પણ રહ્યા કરતો હતો. આવી દ્વિવિધ દશામાં તે વિદૂષક સાથે રાણીના આમંત્રણનો સ્વીકાર કરી પ્રમદવન તરફ જવા નીકળ્યો. બન્ને જણા વસન્તની શોભા જોતા જોતા પેલા અશોક પાસે આવી પહોંચ્યા. ત્યાં માલવિકાને વિવાહવસ્ત્રો પ્હેરેલી જોઇને બન્નેને અત્યાનંદ થયો. ત્હેમને આવતા જોઈ રાણીએ સ્મિતપૂર્વક કહ્યું: "આર્ય-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પુત્ર, તરુણ સ્ત્રીઓ સહિત આપને માટે અમે આ અશોકવૃક્ષને સંકેત-સ્થાન બનાવ્યું છે."

"મિત્ર, આપનાં ભાગ્ય તો ફળ્યાં" વિદૂષકે સમયોચિત કહ્યું. રાજાએ લજ્જાથી નીચું જોયું. તે મનમાં વિચાર કરવા લાગ્યો કે માલવિકા પાસે હોવા છતાં પણ ત્હેનો વિયોગ અનુભવવો પડે એ ખેદની વાત છે. હું છું ચક્રવાક અને તે મ્હારી પ્રિય સહચરી ચક્રવાકી. વચમાં આવેલી ધારિણીરૂપી રાત્રિ અમ્હારો સંયોગ થવા દેતી નથી."

એટલામાં એક કંચુકીએ પ્રવેશ કરી જણાવ્યું: "મહારાજ, પ્રધાનજીએ નિવેદન કર્યું છે કે, વિદર્ભરાજ માધવસેને સંગીતકુશળ બે કન્યાઓ ભેટ તરીકે આપની પાસે મોકલી છે. ત્હેમને આપની હજૂરમાં લાવવાની આજ્ઞા આપશો." રાજાની આજ્ઞાથી કંચુકી બન્ને કન્યાઓને રાજા પાસે લઇ આવ્યો.

"કયી કળામાં ત્હમે નિપુણ છો?" રાજાએ પ્રશ્ન કર્યો.

"મહારાજ, સંગીતકળામાં," કન્યાઓએ વિનયથી ઉત્તર આપ્યો.

"દેવી, આ બન્નેમાંથી પસંદ પડે તે કન્યા ત્હમે સ્વીકારી લો." રાજાએ ધારિણીને કહ્યું.

ધારિણીએ માલવિકાને કહ્યું: "માલવિકા, આ બેમાં સંગીતમાં ત્હને સહાયક થાય એવી કયી કન્યા પસંદ પડે છે?"

બન્ને કન્યાઓએ માલવિકા તરફ જોયું અને એકદમ આશ્ચર્યથી "અહો રાજકુંવરી, રાજકુંવરી! અહીં કયાંથી?" એમ બોલી ઉઠી. આ શબ્દો સાંભળી સર્વને અચંબો લાગ્યો. રાજાએ પૂછ્યું: "ત્હમે કોણ છો, અને એ કોણ છે?"

એ તો અમ્હારાં રાજકુંવરી. વિદર્ભનાથને હરાવી જે માધવ-સેનને આપે હમણાં જ મૂક્ત કરાવ્યા ત્હેમનાં ન્હાનાં બ્હેન માલ-વિકા." કન્યાઓએ જલદી જલદી કહી નાંખ્યું.

"અહો! આ રાજકુમારી છે! વાહ! ચંદનને પગે ઘસી ઘસી દૂષિત કર્યું." રાણીએ પોતાનું આશ્ચર્ય વ્યક્ત કર્યું.

"ત્યારે ત્હમારી આ સ્થિતિ કયાંથી આવી?" રાજાએ માલવિકાને પ્રશ્ન કર્યો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"દૈવનિર્માણથી" માલવિકાએ ઉત્તર આપ્યો.

"મહારાજજી, જ્યારે અમ્હારા રાજકુમાર માધવસેન વિદર્ભ-રાજાના બંદીખાનામાં પડયા, ત્યારે અમાત્ય સુમતિ અમ્હારા જેવાં દાસદાસીઓનો ત્યાગ કરી રાજકુંવરીને લઇ છૂપી રીતે ચાલતા થયા. એથી આગળ શું બન્યું ત્હેની મ્હને ખબર નથી." બેમાંની એક કન્યાએ કહ્યું.

"એથી આગળની વાત કહેવાની આ અભાગણીના માથે છે." પરિવ્રાજિકાએ જણાવ્યું.

પરિવ્રાજિકાના અવાજ ઉપરથી બન્ને છોકરીઓ ત્હેને ઓળખી ગઈ અને કહેવા લાગી: "અહો આર્યા કૌશિકી! આ આપના યતિ-વેષથી ઓળખાતાં યે નથી. ભગવતી! નમસ્તે." રાજાએ આશ્ચર્યથી પૂછ્યું: "ભગવતી! આ બધાં આપનાં સંબંધી છે કે શું?"

પરિવ્રાજિકાએ ઉત્તર આપ્યો: "જી હા, મહારાજ. માધવસેનના અમાત્ય સુમતિ એ મ્હારા મ્હોટાભાઈ થાય. તેઓ મ્હને અને માલવિકાને સાથે લઇ આપની સાથે ત્હેનો વિવાહ કરવા, આ તરફ આવતા મુસાફરોના એક ટોળામાં સામેલ થયા. માર્ગમાં ધનુષ્ય બાણથી સજ્જ થયેલા, બૂમો પાડતા વનચરોની એક ટુકડી અમ્હારી સામે આવી. અમ્હારા ટોળાના રક્ષકો ત્હેમની સાથે ખૂબ બહાદુરીથી લડયા પણ અંતે મરાયા. મ્હારા ભાઈ પણ માલવિકાને બચાવવાનો પ્રયત્ન કરતાં કરતાં યુદ્ધમાં પડયા અને આ પ્રમાણે ધણીનું લૂણ હલાલ કર્યું." આટલા શબ્દો બોલતાં બોલતાં ત્હેની આંખમાંથી આંસુ નીકળી પડયાં. રડતાં રડતાં ત્હેણે આગળ ચલાવ્યું: "ત્યાર પછી આવેલી મૂર્ચ્છામાંથી હું જાગું એટલામાં તો રાજકુંવરી અદ્રશ્ય થઈ ગઇ. મૂર્ચ્છા વળ્યા પછી ભાઈના શરીરને અગ્નિદાહ કરી દુઃખમાં ડુબેલી હું આપના દેશમાં આવી અને આ ભગવાં ધારણ કર્યાં. રાજકુંવરીને વનચરો ઉપાડી ગયા, વનચરો પાસેથી વીરસેન પાસે અને વીરસેન પાસેથી તે રાણીજીના મહેલમાં આવી. મ્હેં પણ અહીં આવ્યા પછી ત્હેને જોઈ."

"અહા! શું દુર્ભાગ્યપરંપરા! 'દેવી' પદને લાયક આ રાજ-કુંવરીને અમે દાસી તરીકે રાખી!...પણ ભગવતી! માલવિકા વિષેની સઘળી વાત ત્હમે છૂપાવી રાખી એ અયોગ્ય તો કર્યું." રાજાએ પોતાનો ભાવ પ્રદર્શિત કર્યો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

“મહારાજ, એમ મા બોલો,” પરિવ્રાજિકાએ કહ્યું, “કારણ વિના હું મૌન રાખું એવી નથી. સાંભળો, વાત એવી છે કે એના પિતાના જીવતાં એક રમતા રામ સાધુમહાત્મા મ્હને મળ્યા હતા. ત્હેમણે મ્હારી સમક્ષમાં માલવિકાને કહ્યું હતું કે ‘એક વર્ષ પર્યંત દાસીનું કામ કર્યા પછી તું યોગ્ય પતિને પામીશ.’ તે આદેશ અનુસાર આપના ચરણની સેવા કરવી ત્હેના ભાગ્યમાં અવશ્ય લખેલી હતી. ત્હેના દાસીભાવના અંત સમયની હું વાટ જોઇ રહી હતી. તેથી મ્હેં કાંઇ અનુચિત કર્યું છે એમ હું માનતી નથી.”

“ના. આપે કર્યું તે બરાબર છે” રાજાએ પોતાની સંમતિ આપી. આ વાત ચાલતી હતી એટલામાં કંચુકીએ આવી કહ્યું: “મહારાજ, વૃદ્ધ મહારાજ પુષ્પમિત્ર પાસેથી ભેટ સાથે આ પત્ર આવ્યો છે.” રાજાએ ભેટ માથે ચઢાવી, પત્ર ઉઘાડી વાંચવા માંડયો:

સ્વસ્તિ. યજ્ઞશાળામાંથી સેનાપતિ પુષ્પમિત્ર શ્રી વિદિશામાં રહેતા ચિરંજીવી પુત્ર અગ્નિમિત્રને સ્નેહાલિંગન આપી જણાવે છે કે “રાજસૂય યજ્ઞની દીક્ષા પામી અમે ચિ. કુમાર વસુગિત્રને સો રાજપુત્રો સાથે યજ્ઞના અશ્વને રક્ષક નીમી તે અશ્વને એક વર્ષ માટે છૂટો મૂકયો હતો. એ અશ્વ ફરતો ફરતો સિન્ધુના દક્ષિણ કિનારે જઇ ચઢયો. ત્યાં યવનોના એક દળે ત્હેને બાંધ્યો. આથી બન્ને સેનાઓ વચ્ચે એક તુમુલ યુદ્ધ થયું. ત્હેમાં ચિ. વસુમિત્રે શત્રુદળને સજ્જડ હાર ખવડાવી અશ્વ પાછો આણ્યો. પૂર્વે જેમ અંશુમાને સગરને યજ્ઞનો અશ્વ આણી આપી ત્હેનો યજ્ઞ સંપૂર્ણ કરાવ્યો હતો, તેમ હવે અમારો યજ્ઞ સંપૂર્ણ થશે. માટે આ પત્ર દેખી તરત જ સહપરિવાર યજ્ઞનાં દર્શન કરવા આ તરફ પ્રયાણ કરશો.”

પત્ર વાંચી રાજાએ પિતાની આજ્ઞા માથે ચઢાવી. પુત્રના વિજયના સમાચાર સાંભળી રાણીને અત્યાનંદ થયો. પરિવ્રાજિકા તથા વિદૂષકે ત્હેને અંતઃકરણપૂર્વક. અભિનન્દન આપ્યું. આખા અંતઃપુરમાં આ સમાચાર વીજળીની માફક ફેલાયા. સર્વ રાણીઓને સરખો આનંદ થયો.

આટલી આડકથા થઇ રહ્યા પછી ધારિણીએ પોતાનું મૂળ કાર્ય હાથમાં લીધું. ત્હેણે કહ્યું: “ભગવતી! આપની અનુજ્ઞાથી પ્રથમ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અમાત્ય સુમતિએ નિશ્ચિત કરેલો માલવિકાનો વિવાહ હું આર્યપુત્ર સાથે કરૂં છું."

"હવે તો ત્હમારા જ આધકારની વાત છે." પરિવ્રાજિકાએ ધીમે રહી કહ્યું.

"આર્યપુત્ર, આજના હર્ષનિમિત્તે આ ભેટ આપને સાદર કરૂં છું તે સ્વીકારવા કૃપા કરશો" એમ કહી ધારિણીએ માલવિકાનો હાથ રાજાના હાથમાં મૂક્યો.

"દેવિ, ત્હમારી આજ્ઞાએ મ્હને નિરૂત્તર બનાવી મૂક્યો છે." એમ કહી લજ્જાપૂર્વક રાજાએ માલવિકાનો હાથ ગ્રહણ કર્યો.

"આર્યપુત્ર, હવે શી આજ્ઞા છે? હવે આપનું શું વિશેષ પ્રિય હું કરી શકું?" ધારિણીએ ઉદારતા અને વિનયથી પૂછ્યું.

રાજાએ સહર્ષ ઉત્તર આપ્યો: "દેવિ! આથી વિશેષ શું પ્રિય હોઈ શકે? તો પણ આટલું તો થાઓ—

(વસન્તતિલકા)

તું થા પ્રસાદસુમુખી અયિ ચંડિ! નિત્ય,
છે પ્રાર્થના મુજ તવૈવ સપત્ની કાજે;
જ્યાં અગ્નિમિત્ર નૃપ રાજ્ય સદા કરે છે,
ત્યાં *ઈતિનાશ, હિત સર્વ પ્રજાનું વાધે.

---

* 'ઇતિ' એટલે છ જાતની આપત્તિઓ, કેટલાકના મત પ્રમાણે સાત ઇતિઓ છે:-

अतिवृष्टिरनावृष्टिः शलभा मूषकाः शुकाः ।
प्रत्यासन्नाश्च राजानः षडेता ईतयः स्मृताः ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# (૩)–વિક્રમોર્વશીય

## પ્રકરણ ૧: પ્રેમાંકુર.

સૂર્યવંશ અને ચંદ્રવંશ એ ભારતવર્ષનાં બે અતિપ્રાચીન ક્ષત્રિય કુળો છે. તે બન્ને વંશોમાં ઘણા મહાન્ અને પ્રતાપી રાજાઓ થઈ ગયા છે.

પૂર્વે એક સમયે ચંદ્રવંશમાં પુરૂરવા નામે એક રાજા થયો હતો. તે એવો પરાક્રમી હતો કે યુદ્ધના વખતમાં સ્વર્ગનો રાજા ઇંદ્રિ પણ ત્હેને માનપુરઃસર મૃત્યુલોકમાંથી બોલાવી પોતાનો સેનાધિપતિ બનાવતો. ત્હેની રાજધાની હિમાલય પાસે આવેલા પ્રતિષ્ઠાન નામે નગરમાં હતી. એક વખતે તે સૂર્યપૂજાથી નિવૃત્ત થઇ રથમાં બેસી પાછો ફરતો હતો, એટલામાં 'ધાઓ રે, કોઈ ધાઓ ! જેને દેવ વ્હાલા હોય ને જેની ગગનમાં ગતિ હોય, તે અમ્હારી વ્હારે ધાઓ !' એમ આક્રંદ કરતી કેટલીક અપ્સરાઓનો કરુણ રવ ત્હેના કાન ઉપર પડ્યો. રાજાએ પાસે જઇ ત્હેમને પૂછ્યું: "અરે, શા માટે આક્રન્દ કરો છો ? શાંત થઇ મ્હને કહો કે કોના સામે વ્હારે ચડવાનું છે? હું પુરૂરવા છું અને સૂર્યભગવાનની પૂજા કરી પાછો વળું છું."

તે અપ્સરાઓમાંથી રમ્ભાએ આગળ આવી વિનયપૂર્વક નિવેદન કર્યું: "મહારાજ, ઉગ્ર તપશ્ચર્યાથી ભયભીત થતા ઇંદ્રનું સુકુમાર અસ્ત્ર, સ્વર્ગના અલંકારરૂપ તથા રૂપગર્વિતા લક્ષ્મીને પણ લજાવે એવી, અમારી પ્રિય સખી ઉર્વશી આજ કુબેર ભગવાનના ભવનથી પાછી વળી આવતી હતી, તેવામાં હિરણ્યપુરનો વાસી, પેલો દુષ્ટ કેશી દાનવ એકાએક ચડી આવ્યો ને ચિત્રલેખા સાથે એને ઉપાડી આ ઇશાન ખુણામાં ચાલતો થયો !"

"ઓહ ! ત્હેમાં શોક શા માટે કરો છો ? હમણાં જ ત્હમારી સખીને હું આણી આપું છું." એમ અપ્સરાઓને સાંત્વન આપી રાજાએ તે દિશામાં ઘોડા મારી મૂકવાની સારથિને આજ્ઞા આપી. જતાં જતાં અપ્સરાઓએ કહ્યું, "મહારાજ, અમે હેમકૂટના શિખર ઉપર આપની વાટ જોતાં બેઠાં છીએ."



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાજાનો રથ ત્યાંથી પવનવેગે ઉડ્યો: ત્હેની તળે પીસાતાં વાદળો રજની માફક આગળ ઉડવા લાગ્યાં; રથના વેગથી પૈડાંના આરાઓમાં જાણે બીજા વિશેષ આરાઓ હોય એમ લાગતું; ઘોડાને માથે બેસેલી મ્હોટી ચમરીઓ ચિત્રવત્ સ્થિર થઇ ગઇ; અને ધ્વજાનું વસ્ત્ર ત્હેના દંડ સાથે અક્કડ બની ગયું. આથી રાજા મનમાં કહેવા લાગ્યો: "વાહ વાહ! આ વેગે તો આગળ ગયેલા ગરુડને પણ પકડી શકાય, તો પછી એ મહાન ઇંદ્રના અપરાધીના શા ભાર છે?"

× × × × × ×

થોડીવારમાં તો હરિણની ધ્વજાવાળો રાજાનો સોમદત્ત નામનો વિજયી રથ દૂરથી પાછો આવતો જણાયો. ત્હેમાં ચિત્રલેખના ખભા ઉપર હાથ ટેકીને, ભયથી આંખો મીંચીને ઉર્વશી મૂર્છામાં પડેલી હતી. ચિત્રલેખા ત્હેને આશ્વાસન આપી રહી હતી. પાસે બેઠેલા રાજાએ કહ્યું: "સુંદરિ, શાંત થાવ, શાંત થાવ. પ્રાતઃકાળના કમળ જેવાં ત્હમારાં નેત્ર ખોલો. જુઓ, એ દુષ્ટ દાનવનો ભય હવે જતો રહ્યો છે. ખરેખર ઇંદ્રનો મહિમા ત્રણે લોકનું રક્ષણ કરે છે." હજુ પણ ઉર્વશીને ભાન આવ્યું નહિ; તે માત્ર દીર્ઘ શ્વાસોચ્છ્વાસ ખેંચતી હતી. એ જોઈ રાજા બોલી ઉઠ્યો: "એ અત્યંત ભયભીત થયેલી છે. ત્હેનું કુસુમ સરખું સુકોમળ હૃદય હજુ પણ ધડકે છે!"

ધીમે ધીમે ત્હેને ભાન આવવા લાગ્યું, એટલે ત્હેણે આંખો ઉઘાડી. ચિત્રલેખા તરફ ફરી રાજાએ કહ્યું: "જુઓ, ત્હેની પ્રકૃતિ હવે ઠેકાણે આવતી જાય છે. ચંદ્રોદયને લીધે અંધકારનો નાશ થવાથી જેમ રાત્રિ શોભે છે, ધુમાડો શાંત થતાં જેમ રાત્રે અગ્નિની જ્યોતિ વિરાજે છે, તેમ આ લલના મૂર્છા વળવાથી શોભાયમાન લાગે છે. બાજુના કિનારાની માટી અંદર પડવાથી ડહોળાયલું ગંગાજળ જેમ ધીમે ધીમે શુદ્ધિને પામતું જાય છે તેમ આ ભયભીત થયેલી મૂર્છાગત સુંદરીમાં ધીરે ધીરે પ્રસન્નતા આવતી જણાય છે."

ચિત્રલેખાએ કહ્યું: "બ્હેન, સ્વસ્થ થા. સ્વર્ગના શત્રુઓ દાનવોનો પરાજય થયો છે."

"શું, પોતાના પ્રભાવથી મ્હારી દુર્દશા જાણી લઈ મહેંદ્ર ભગવાને મ્હારી વ્હાર કરી કે?" ઉર્વશીએ આતુરતાથી પૂછ્યું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચિત્રલેખાએ ઉત્તર આપ્યો: " ના બ્હેન, મહેંદ્રે નહિ, પણ મહેંદ્ર સરખા પ્રતાપી આ રાજર્ષિએ."

આ સાંભળી ઉર્વશીએ આંખ ઉંચી કરી રાજા સામું જોયું અને મનમાં ગણગણી: "હાશ, ભૂંડા દાનવે ભલું કર્યું!"

હવે, પ્રસન્નતામાં આવેલી ઉર્વશીને નિહાળી રાજા પુરૂરવા મનમાં વિચાર કરવા લાગ્યો: " અહા! મહર્ષિ નારાયણને છળવા આવેલી સૌ અપ્સરાઓ ત્હેમણે ઊરુમાંથી ઉપજાવેલી આ સુંદરીને જોઇ લજવાઇ ગઈ કહે છે તે બરાબર છે. અથવા મ્હારૂં મન તો એમ કહે છે કે એ તપસ્વીની સૃષ્ટિ જ ન હોય. એની ઉત્પત્તિમાં તો બ્રહ્મદેવ, સુશોભિત ચંદ્રમા, અગર તો સ્વયં શૃંગારરસપ્રધાન કામદેવ અથવા વસંતનો જ હાથ હોવો જોઇએ. વેદાભ્યાસજડ અને સંસારવિમુખ એ તપસ્વી ખખ્ખ બાવાજી આવી લાવણ્યવતી અપ્સરા નિર્માણ કરી શકે એ કેવળ અસંભવિત છે."

આ પ્રમાણે રાજા વિચારમાં તલ્લીન હતો એટલામાં ઉર્વશીએ પૃછયું: "બ્હેન ચિત્રલેખા, આપણી વ્હાલી સખીઓ બધી ક્યાં હશે?" રાજાએ જ વચમાં કહ્યું: " સુંદરિ, એકવાર જેના નેત્રપથમાં ત્હમે આવી જાઓ તે મનુષ્ય આતુર બની જાય, તો પછી સ્નેહભીની ત્હમારી સખીઓનું તો શું કહેવું? તેઓ બીચારી પેલા હેમકૂટના શિખર ઉપર ગ્રહણમુક્ત ચંદ્રની માફક ત્હમારૂં મુખ જોવા ઉત્સુક બની રહી છે." રાજાનાં મધુર વચનો સાંભળી ઉર્વશી ત્હેના તરફ એકી ટશે જોઈ રહી. તે મનમાં કહેવા લાગી: "રાજાની વાણી કેવી મધુર છે! અથવા, ચંદ્રમાંથી અમૃત ઝરે એમાં વળી આશ્ચર્ય શું?"

આ પ્રમાણે વાતચિત કરતાં કરતાં તેઓ હેમકૂટ પાસે આવી પહોંચ્યાં. ત્હેમને જોતાં વેંત જ રંભા હર્ષથી બોલી ઉઠી: " અહો! ચિત્રલેખા સહિત ઉર્વશીને લઇને વિશાખાયુક્ત ચંદ્ર સરખા આ રાજર્ષિ આવી પહોંચ્યા!"

મેનકા એ ઉમેર્યું: " આપણું બેવડું પ્રિય થયું: આપણી વ્હાલી સખી યે આવી મળી અને મહારાજે સાજા તાજા આવી પહોંચ્યા."

સર્વે અપ્સરાઓ સાથે બોલી: " મહારાજનો જય થાઓ! મહારાજનો જય થાઓ! મહારાજનું અમર રાજ્ય અનંત કાળ સુધી તપો!"

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ હર્ષનાદ વચ્ચે રાજા બન્ને અપ્સરાઓ સાથે રથમાંથી ઉતર્યો. ઉતરતી વખતે પથ્થરમાં પૈડાના ખચકાટથી હેલો લાગતાં રાજા અને ઉર્વશીના ખભા પરસ્પર અથડાયા: બીજ રૂપે રહેલા મદનવૃક્ષનો અંકુર ફુટયો. ઉર્વશી રથમાંથી ઉતરી સર્વ સખીઓને ભેટી કહેવા લાગી: "બ્હેનો, મ્હને આશા ન હોતી કે હું ફરીથી આપને બધાંને મળી શકીશ." એટલામાં સારથિએ કહ્યું: "મહારાજ, પૂર્વ દિશામાં રથના વેગનો ભારે સુસવાટ સંભળાય છે; અને ચકચકિત સોનાનાં કડાં પહેરેલું આ કોઇક ઉતરી આવે છે." રાજા અને અપ્સરાઓએ તે તરફ દષ્ટિ નાંખી કહ્યું "અહો! આ તો ગન્ધર્વરાજ ચિત્રરથ છે!"

ચિત્રરથે રાજાને વિજય પ્રાપ્ત કર્યા બદ્દલ અભિનંદન આપી કહ્યું: "મિત્ર, કેશી દાનવ ઉર્વશીને લઇ ન્હાસી ગયો એમ નારદ પાસેથી સાંભળીને ઇંદ્રિ રાજાએ ગંધર્વસેના લઇ ત્હેના રક્ષણ માટે જવાની અમને આજ્ઞા આપી. તે ઉપરથી અમે ચાલી નીકળ્યા. પણ માર્ગમાં જ કિંનર–ચારણો આપના વિજયનાં ગીત ગાતા હતા તે અમે સાંભળ્યાં, અને તેથી બારોબાર અહીં જ આવ્યા. હવે, આપ અમારી સાથે મહેન્દ્રભવને પધારો. આપે ઇંદ્રનું ઘણું પ્રિય કર્યું છે: પ્રથમ નારાયણ ઋષિએ ઇંદ્રિને આ અપ્સરા અર્પણ કરેલી, અને હવે દૈત્યના હાથમાંથી છોડાવીને આપે પણ ત્હેમને અર્પણ કરી."

પોતાનાં યશોગાન સાંભળી રાજાએ વિનયથી કહ્યું: "મિત્ર, એમ મા બોલો. વજ્રધારી ઇંદ્રની શક્તિ અગાધ છે. જેમ પર્વતની ગુફામાં ઘોળાતો સિંહનો પ્રતિધ્વનિ પણ હાથીઓનાં ઝુંડને વિખેરી નાંખે છે, તેમ ઇંદ્રના પ્રભાવથી જ એમના પક્ષકારો શત્રુ ઉપર જિત મેળવી શકે છે. વયસ્ય, હાલમાં મહેંદ્રને મળવા આવવા જેટલો મ્હને અવકાશ નથી. માટે આપ આ સ્ત્રીમંડળ સાથે પધારો."

"ઠીક, વિનય વીર પુરુષોનું ભૂષણ છે." એમ કહી ચિત્રરથે અપ્સરાઓ સાથે ચાલવા માંડયું.

જતાં જતાં ઉર્વશીએ ચિત્રલેખાને કહ્યું: "સખિ! આ ઉપકાર કરનાર રાજર્ષિની છેલ્લી રજા માગવા હું સમર્થ નથી; મ્હને શરમ આવે છે. માટે તું મ્હારૂં મુખ થા." તેથી, ચિત્રલેખા રાજા પાસે જઇને કહેવા લાગી: "મહારાજ, ઉર્વશી આપને વિજ્ઞાપના કરે છે કે પ્રિયસખી માફક આપની કીર્તિને ઇંદ્રલોકમાં લઈ જવા અનુજ્ઞા આપશો."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"ભલે સિધાવો; વળી કોઇ વાર દર્શન દેજો," એમ કહી રાજા રથમાં બેસવા લાગ્યો.

બીજી અપ્સરાઓ ઉડવા લાગી; પણ ઉર્વશી જતાં જતાં એકદમ અચકી પડી અને બોલી ઉઠી, "અરે, આ વેલમાં મારી એકાવલી ગુંચાઇ ગઇ છે. ચિત્રલેખા, જરા કાઢ જોઇએ, બ્હેન." ચિત્રલેખાએ હસતાં હસતાં કહ્યું: "અરે, ખૂબ ગુંચાઈ ગઈ છે. હવે છૂટવી મુશ્કેલ છે. ઠીક, પ્રયત્ન કરૂં છું." એમ કહી ત્હેણે તે માળા છોડવી. ઉર્વશી રાજા તરફ જોતી જોતી નિઃશ્વાસ નાંખતી ચિત્રલેખા સાથે ઉઠી ગઇ.

આ તરફ રાજાએ પેલી વેલને "ઠીક, ત્હેં પણ જતાં જતાં વિઘ્ન નાંખી ઉર્વશીને ઘડીભર અટકાવી" એમ કહી આશીર્વાદ આપ્યો; અને ઉર્વશીના માર્ગ તરફ જોતો જોતો તે રથમાં નીકળ્યો. તે મનમાં કહેવા લાગ્યો: "અહો, કામદેવ શાં શાં કૌતુક કરે છે! જેમ એક રાજહંસી છેદાયલા કમલદંડમાંથી સૂત્ર ખેંચી કાઢે, તેમ આ સુરાંગના બળપૂર્વક મ્હારા ભેદાયલા દેહમાંથી હૃદય ખેંચી કાઢી આકાશમાં ઉડી ગઇ!"

## પ્રકરણ ૨: પ્રેમમાં આડખીલી

માણવક નામે એક બ્રાહ્મણ પુરૂરવા રાજાનો સહચર અને મિત્ર હતો. તે વિદૂષકનું કામ કરતો. તે ખાઉધરો, અછકલો અને બટકબોલો હતો. જમવાનું નિમંત્રણ મળતાં ત્હેને સ્વર્ગસુખ પ્રાપ્ત થતું. તેમજ તરણા ઉપર જેટલો વખત ઝાકળનું ટીપું ટકી રહે તેટલો વખત ત્હેના પેટમાં છૂપી વાત ટકી રહેતી. તે મૂર્ખ હતો; છતાં પણ રાજા ત્હેને પોતાના પ્રણય-કાર્યમાં સહાયક તરીકે લેતો.

રાજાઓને પરિણીત અને અપરિણીત એવી અનેક પ્રિયાઓ હોય છે. પરિણીત સ્ત્રીઓમાં પણ પટ્ટરાણી મુખ્ય હોય છે. રાજા ઉપર થોડે ઘણે અંશે ત્હેનો અધિકાર હોય છે. રાજાને પણ બીજી સ્ત્રીઓ કરતાં ત્હેના પર વિશેષ પ્રેમ હોય છે. છતાં, રાજા કોઇ નવી સુંદરીના મોહમાં ફસાય કે તે પટ્ટરાણીને પણ વિસરી જાય છે. પુરૂરવા રાજાના સંબંધમાં પણ તેમ જ બન્યું. પુરૂરવાની પટ્ટરાણી ઔશીનરી કાશીરાજાની પુત્રી હતી. તે બુદ્ધિશાળી અને ઉદાર મનની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સ્ત્રી હતી. રાજાના પ્રણય–સંબંધની ત્હેને ક્યારની યે ગંધ આવી હતી. જ્યારથી રાજા સૂર્યપૂજા કરીને આવ્યો હતો ત્યારથી ત્હેનું ચિત્ત રાણી જાણી ગઈ હતી. પરંતુ, ત્હેને ચોક્કસ ખબર ન હતી કે રાજા કયી સ્ત્રીના ફંદમાં ફસાયો છે. તેથી એક દિવસે ત્હેણે નિપુણિકા નામની એક નિપુણ દાસીને રાજાનું પ્રણય–રહસ્ય જાણી લાવવા માટે માણવકભટ પાસે મોકલી.

ઉપર અમે જણાવ્યું કે માણવક સ્વભાવે અછકલો હતો. ત્હેનાથી રાજાના ઉર્વશી સાથેના પ્રેમની છૂપી વાત જીરવી શકાતી ન હતી. એક દિવસે રાજા રાજસભામાં રોકાયલો હતો, તેથી માણવક એકલો એક ઠેકાણે ઉભો ઉભો બબડયા કરતો હતો: "હું તો હવે થાક્યો. રાજાની પેલી છૂપી વાત 'ફૂટું, ફૂટું' કરે છે; ને બંદાનો સ્વભાવ છે ભરભડીયો; એટલે કોઇને દેખું છું કે આ સળવળ સળવળ થતી જીભડી સખની જ નથી રહેતી. માટે ચાલ, પ્રિયમિત્ર કાર્યાસનથી ઉઠે ત્યાં સુધી ઓછી આવજાવાળા મહીવિમાન મહેલની ચાલમાં ભરાઇ બેસું" એમ બબડતો બબડતો તે ત્યાં જઇને બેઠો.

એટલામાં રાણીની મોકલેલી પેલી નિપુણિકા દાસી માણવકને ખોળતી ખોળતી ત્યાં આવી ચઢી. પાસે જઇ ત્હેણે કહ્યું: "નમસ્કાર, ભૂદેવજી." આ દાસીને જોતાં ભૂદેવનું મન તનમનાટ કરવા લાગ્યું. તે મનમાં બોલવા લાગ્યો: "તોબા! તોબા! પેલી રાજાજીની છૂપી વાત તો આ રાંડ દાસીને દેખી નીકળી જવાનું કરે છે!" તેથી મનને જરા કાબુમાં રાખી તે મ્હોડેથી બોલવા લાગ્યો: "કેમ અલિ નિપુણિકા! સંગીતની મઝા મૂકી કયાં પગલાં ચલાવ્યાં?"

નિપુણિકાએ ઠાવકું મ્હોં રાખીને ઉત્તર આપ્યો: "ભૂદેવજી! બા સાહેબની પાસેથી ચાલતી ચાલતી આપની પાસે જ આવી છું ને."

માણવક: "રાણી સાહેબનો શો હુકમ છે?"

નિપુણિકા: "મહારાજે બા સાહેબને દૂભવ્યાં એ તો ત્હમે જાણતા હશો. એમણે એવું દુઃખ કોઈ કાળે વેઠયું નથી. તેથી બા સાહેબે કહાવ્યું છે કે ત્હમે આ દુઃખમાં મ્હને સહાય થવાનું વિસરશો નહિ. એવી મ્હારી ખાતરી છે. મ્હારી દાઝ જાણનાર એક ત્હમે જ છો."

માણવક: (વિચારમાં પડી જઇ) "મહારાજે એવું શું કર્યું કે જેથી રાણી સાહેબનું મન દૂખાયું?"

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નિપુણિકાઃ "અરે ભૂદેવજી, શું કહું? પ્રભુ જેના માટે ઝુર્યા કરે છે તે સુંદરીના નામથી એમણે બા સાહેબને બોલાવ્યાં!"

માણવક (સ્વગત): "થયું! મહારાજે પોતે તો ભેદ ખોલી દીધો! ત્યારે મ્હારે શા માટે મ્હોડે ડૂંચો દઈ દુઃખ વેઠવું? (પ્રકટ) હેં! ઉર્વશીના નામે રાણી સાહેબને બોલાવ્યાં? રાજાજી એ અપ્સરાના દર્શનઘેલા બની રાણી સાહેબને જ સંતાપે છે એમ કાંઈ નથી; મ્હને પણ એ ખાનપાન આદિ વિનોદ વિસારી હેરાન કરે છે. મ્હારા તરફથી રાણી સાહેબને વિનવજો કે 'હું પછીથી બા સાહેબને મળીશ. દરમ્યાન આ ઝાંઝવાના જળથી મિત્રને પાછા વાળવા હું અચૂક પ્રયત્ન કરીશ."

બસ. હવે ચતુર નિપુણિકાએ આ ભરભડીયા મૂર્ખ બ્રાહ્મણ પાસેથી પોતાનો સ્વાર્થ સાધી લીધો હતો. ત્હેને ખાત્રી થઈ કે 'રાજા ઉર્વશી નામની કોઇ અપ્સરાના પ્રેમપાશમાં ફસાયો છે.' તેથી "ભૂદેવની આજ્ઞા" કહીને તે ત્યાંથી ચાલી ગઇ.

થોડી વારમાં રાજસભાનું કામ પૂરૂં થવાથી રાજાના ઉઠયાનું વૈતાલિકનું યશોગાન સંભળાયું. તેથી માણવક ઉઠી તે તરફ ગયો અને રાજાને મળ્યો. રાજા પ્રેમપીડિત દશામાં હતો. ત્હેના મનમાં સતત ઉર્વશીનું ચિંતન ચાલ્યા કરતું હતું. વિદૂષકને જોતાં જ ત્હેણે પૂછ્યું: "કેમ, પેલી વાત પેટમાં રાખી મૂકી છે ને?"

રાજાનો પ્રશ્ન સાંભળી તે આભો જ બની ગયોઃ 'માર્યાસ્તો! રાંડ નિપુણિકાએ ખરેખર થાપ દીધી! નહિ તો મિત્ર આમ પૂછે નહિ.'

રાજાને સંદેહ થવાથી ત્હેણે ફરીથી પૂછ્યું: "કેમ તું બોલતો નથી.?" હવે માણવકે વાત છૂપાવીને કહ્યું: "મ્હેં જીભ એવી તો ઝાલી રાખી છે કે તે હાલવા ચાલવાનું જ ભૂલી ગઇ છે; એટલે ત્હમને પણ, મિત્ર, ઉત્તર અપાતો નથી?" રાજાને સંતોષ થયો!

રાજાનું ચિત્ત અસ્વસ્થ હતું. ત્હેને કોઈ પણ સ્થળે ચેન પડતું નહિ. તેથી ત્હેણે કહ્યું: "મિત્ર માણવક, હવે ક્યાં જાઉં તો જીવને સુખ થાય?" માણવક ભટે પોતાના સ્વભાવ મુજબ જણાવી દીધું કે "ચાલો પાકશાળામાં જઇએ. ત્યાં અનેક પાત્રોમાં પાંચ પ્રકારની ભોગસામગ્રી જોઇ આપણું મન રંજિત થશે."

પણ રાજાને ઉર્વશીની લત લાગી હતી, તેથી ત્હેનું મન માન્યું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નહિ. ત્હેણે કહ્યું: "તું જે ઝંખે છે તે સમીપ હોવાથી ત્હારૂં મન ત્યાં ગોઠશે. પરંતુ મ્હારે માટે ?"

હવે, માણવકે આતુરતાથી પૃછયું "ત્હમે જેને માટે ઝંખ્યા કરો છો એ ઉર્વશી શું એવી રૂપાળી છે કે મ્હારી પેઠે એનો જોટો જ દુનિયામાં નથી ?" રાજાએ કહ્યું: "ભાઇ, એનું નખશિખ વર્ણન કરવું અશક્ય છે. તેથી ટુંકાણમાં કહું તે સાંભળ:

[ ગાથા ]

ભૂષણ ભૂષણનું એ સોહે, શણગારનો ય શણગાર,
ઉપમાન જ ઉપમાનનું એ તન તરુણીનું નિર્ધાર."

એ સાંભળી માણવક મલકાતો મલકાતો મનમાં બબડવા લાગ્યો: 'હં હં, દિવ્ય રસની લ્હેમાં મહારાજ બપૈયાનું વ્રત લઈ બેઠા છે તે એથી જ. હું સમજ્યો."

રાજાએ કહ્યું: "મિત્ર, એકાંત સ્થળ સિવાય પ્રેમાતુર જનને વીસામાનું સ્થાન બીજું છે નહિ. માટે ચાલો પ્રમદવનમાં જઇએ." એમ વિચાર કરી બન્ને પ્રમદવન નામના બાગમાં ગયા.

ત્યાં ગયા તો ખરા, પણ રાજાને કાંઈ ચેન પડયું નહિ. ત્હેણે કહ્યું: "મિત્ર, આ ઠીક કર્યું નહિ, કારણ કે જે મદનતાપ શમાવવા હું બાગમાં આવ્યો છું, ત્હેમાં તો અહીંની નૈસર્ગિક રમણીયતા અને વસંતની શોભા જોઇને વૃદ્ધિ થાય છે: એક તો, ઉર્વશી સ્વર્ગાંગના હોઈ દુર્લભ છે, અને મ્હારૂં મન ત્હેને માટે ઝંખ્યા કરે છે; ત્હેમાં વળી આ આમ્રવૃક્ષોને નવપલ્લવ ફૂટવા લાગ્યાં છે. એવી રમણીય પરિસ્થિતિમાં મ્હારી બાધા દુઃસહ થઇ પડે છે." માણવકે સાંત્વન આપતાં જણાવ્યું: "મિત્ર, મૂઝાઓ મા; ભગવાન્ કામદેવ જ ત્હમારી કામના પૂર્ણ કરી સુખ ઉપજાવશે ! આ માધવી લતાનો માંડવો રાજાજીના પધારવાની વાટ જુએ છે. મ્હાલામ્હાલ કરતા ભમરા તાજાં પુષ્પ પાથરી એની ભૂમિ શણગારી રહ્યા છે; અને સ્ફાટિકનું આસન પણ સજ્જ છે. એના ઉપર બેસવાની મહેરબાની કરો."

"ભલે, ત્યાં જઇએ" એમ કહી રાજા વિદૂષક સાથે માધવી-મંડપમાં ગયો.

ત્યાં પણ રાજાના મનને વિનોદ થયો નહિ. ત્હેણે કહ્યું: "માણવક, એવો કોઈ ઉપાય શોધી કાઢ, જેથી મ્હારો અભિલાપ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પૂર્ણ થાય." માણવકે ઉત્તર આપ્યો: "મહારાજ, અહલ્યાને ઝંખતા ઇંદ્રની પેઠે ઉર્વશીની લ્હેમાં ત્હમે ગાંડાતુર બન્યા છો. ક્યાં એ ગ્રૈલછા અને ક્યાં આ મ્હારા જેવો વૈદ્ય ! હા હ્ હા હા !" રાજાએ આજીજી કરતાં કહ્યું: "એમ શું બોલે છે, મિત્ર ! સ્નેહ ત્રીજું નેત્ર છે. તે સૌ ગૂંચો ઉકેલે છે." "ઠીક, હું વિચારૂં છું. પણ જો જો વચ્ચોપાતથી મ્હારી એકાગ્રતામાં ભંગાણુ પાડતા" એમ કહી માણવકે ધ્યાનમાં પડી ગયો હોય એવો ડોળ કર્યો.

એટલામાં શુભ શકુન સૂચવનાર રાજાનું જમણું અંગ ફરકવા લાગ્યું. તેથી રાજાના મનમાં ઉર્વશીના આગમનની આશા દૃઢ થવા લાગી.

અહીં જેવી રાજાની આતુર અવસ્થા હતી, તેવી જ સ્વર્ગમાં ઉર્વશીની પણ થઈ હતી. જ્યારથી એણે રાજાનાં છેલ્લાં દર્શન કર્યાં હતાં, ત્યારથી ત્હેની મદનબાધા ઉત્તરોત્તર વધતી ગઇ હતી. આજ ચિત્રલેખા સાથે તે રાજા પાસે આવવાને ઉત્સુક થઈ હતી. પણ દાનવોનો ભય ત્હેના મનમાંથી હજુ પણ ગયો ન હતો. ત્હેણે ચિત્રલેખાને કહ્યું: "બ્હેન, તું મ્હને એવો માર્ગ ન બતાવે, જ્યાં જરા પણ વિઘ્ન આવે નહિ ?" ચિત્રલેખાએ ઉત્તર આપ્યો: "ગભરા મા, બ્હેન 'અપરાજિતા' આગળ વિઘ્ન જખ મારે છે. એ ઓષધિ અંબોડે બાંધવાનું બતાવી ગુરુદેવ બૃહસ્પતિએ આપણને અસુરોના ઉપદ્રવથી મુક્ત કર્યા છે." બન્ને જણાંએ તે પ્રમાણે કર્યું અને તેઓ ચાલી નીકળ્યાં. સિદ્ધલોકોના માર્ગે ચાલી, ગંગા યમુનાના પવિત્ર સંગમને દૂરથી નિહાળતાં તેઓ પ્રતિષ્ઠાન નગરમાં આવી પહોંચ્યાં. ત્યાં આવી શોધ કરતાં કરતાં ત્હેમણે પ્રમદવનમાં માધવી મંડપમાં બેઠેલા રાજા અને વિદૂષકને જોયા.

ચિત્રલેખા હર્ષથી બોલી ઉઠી: "અહો, બ્હેન, પ્રથમ ઉગેલો ચંદ્ર ચાંદનીની વાટ જુએ, તેમ એ તો આ ત્હારી વાટ જોતા જ બેઠા છે."

ઉર્વશીએ બરાબર નિહાળી ઉત્તર આપ્યો: "અલી, મહારાજનું દર્શન આજે ઓર મધૂરૂં લાગે છે !" બન્ને સખીઓ ગુપ્ત રહી રાજા તથા માણવક સામે જોવા લાગી. એટલામાં માણવક બોલી ઉઠ્યો: "બસ થયું. મિત્ર, ત્હમે જેને ઝંખો છો, ત્હેના સમા-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગમનો ઉપાય શોધી કાઢયો છેઃ તે એ કે ત્હમે નિદ્રાનું સેવન કરો એટલે સ્વપ્નમાં મેળાપ થશે. તેમ નહિ, તો ઉર્વશીની છબી ચીતરો, એટલે ચિત્રમાં દર્શન થશે." રાજાએ ઉત્તર આપ્યો: "ભાઇ, એકે ઉપાય કામમાં આવે તેમ નથી. સ્વપ્નમાં ત્હેનું દર્શન થવું અશકય છે, કારણ કે કામદેવનાં ક્રૂર બાણોથી મ્હારી નિદ્રાનો કયારનો યે નાશ થયો છે; તેમ ચિત્રમાં છબી ચીતરતાં પહેલાં તો મ્હારી આંખો આંસુથી ઉભરાઈ જાય. [ નિઃશ્વાસ નાંખી ] અરે રે! શું ઉર્વશી મ્હારા મનની અસંત કઠિન વેદના જાણતી નથી? અગર તો પોતાના સ્વર્ગીય પ્રભાવથી જાણીને મ્હારા પ્રેમને તુચ્છકારે છે? ઠીક એવી યુવતિના સમાગમનો લૂખો મનોરથ જગાડી કામદેવ કૃતકાર્ય થાઓ!"

રાજાની આ પરવશ દશા નિહાળી ઉર્વશીને ઘણું લાગી આવ્યું. છતાં પણ એકાએક રાજા પાસે પ્રકટ થવાની ત્હેણે હિંમત ધરી નહિ. તેથી ત્હેણે એક ભોજપત્ર ઉપર કેટલીક કડીઓ લખી તે પત્ર રાજાની પાસે નાંખ્યો. **માણવક** તે પત્રને જોઈ પ્રથમ તો ત્હેને સાપની કાંચળી ધારી બીધો, પરંતુ પાછળથી ત્હેમાં અક્ષરો જોઈ ત્હેણે તે ઉપાડી લઇ રાજાને આપ્યો. રાજાએ વાંચવા માંડયું:

[ ઉદાહરણ. ]

"જેવી અજાણપણમાં મનથી માનો મુજને,
પ્રેમ પ્રીતમ પ્રતિ જો તેવી હોઉં કદીને,
તો શું સુરતરુવરની કૂંપળ કેરા શયને;
નંદનવનના વા એ હોયે હુતાશ તનને?"

પત્રિકા વાચી રાજાને અત્યાનંદ થયો. **માણવકે** કહ્યું: "ત્હમારે એની પ્રીતિ સરખી છે. એમાં કોઈ કોઇથી ઉતરે એમ નથી." રાજાએ કહ્યું: "આ પ્રિયાનો હસ્તલેખ, મિત્ર, ત્હારી પાસે રાખ. મ્હારી આંગળીના પરસેવાથી વખતે લખેલું ચ્હેરાઈ જાય." એમ કહી ત્હેણે તે પત્ર **માણવકને** સોંપ્યો. એટલામાં પ્રથમ **ચિત્રલેખા** અને પાછળ ઉર્વશી રાજાની સમક્ષ પ્રકટ થયાં.

"જય, જય, મહારાજ" ઉર્વશી બોલી:

"સુંદરિ, જે 'જય' શબ્દથી ત્હમે ઇંદ્ર સિવાય અન્ય કોઇને વધાવતાં નથી, તે 'જય' શબ્દ આજ મ્હને વધાવે છે; માટે ખરેખર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મ્હારો વિજય થયો છે." એમ કહી રાજાએ ઉર્વશીનો હાથ ઝાલી ત્હેને પોતાની પાસે બેસાડી.

પરંતુ, એટલામાં રાજાના સમાગમમાં વિચ્છેદ કરનાર દેવદૂતની વાણી આકાશમાં સંભળાઇ:

"જે અષ્ટરસપ્રધાન નાટયપ્રયોગ ભરત મુનિએ ત્હમને શીખવાડયો છે તે લોકપાલો અને ઇંદ્રરાજા અભિનય સાથે ભજવાયલો જોવા ઇચ્છે છે; માટે હે ચિત્રલેખા, ઉર્વશીને સાથે લઇને ઉતાવળથી ચાલી આવ."

આકાશવાણી સાંભળી ઉર્વશીએ નીસાસો નાંખ્યો. ઇંદ્રના અપરાધમાંથી બચવા માટે બન્ને અપ્સરાઓ સ્વર્ગમાં પાછી જવા ત્યાંથી ચાલી નીકળી. જતી વખતે રાજાએ કહ્યું: "સુખે સિધાવો, પણ અમને સંભારજો ખરાં."

ઉર્વશીનું રૂપલાવણ્ય જોઇને માણવક તો આભો જ બની ગયો હતો. ત્હેના હાથમાંથી પેલું ભોજનપત્ર પડીને પવનથી ઉડી ગયું તો પણ એને ત્હેનું ભાન રહ્યું નહિ. રાજાને પણ હવે કાંઇ ઉદ્યોગ ન હતો. ત્હેને પહેલાંની માફક બેચેની લાગવા માંડી. વિનોદનું સાહિત્ય શોધતાં ત્હેને પેલું ભોજપત્ર યાદ આવ્યું અને માણવક પાસે તે માગ્યું. ત્હેણે ખેદ સાથે જણાવ્યું: "એ તો કયાંક પડી ગયું, મહારાજ." એમ કહી તે આમ તેમ શોધવા લાગ્યો.

રાણીની દાસી નિપુણિકા, જે રાજા અને માણવકની પાછળ છુપાતી છુપાતી પ્રમદવનમાં આવી હતી, તે આ બન્નેને માધવી મંડપમાં બેઠેલા જોઇને રાણીને ખબર આપવા ગઇ હતી. હવે, રાણી ઔશીનરી અને નિપુણિકા આ વખતે ત્યાં આવી પહોંચ્યાં. પ્રમદવનમાં પેસી રાણીએ કહ્યું: "અલી, આપ્ત મિત્ર સાથે અહીં એકાંતમાં મોકળે મને શી વાતચિત કરે છે, તે માધવી વેલના ઓઠે રહી સાંભળીશું. પણ, અલી, પેલું જીરણ પટોળાની ચીંદરડી જેવું પવનમાં આપણા ભણી શું આવે છે?" નિપુણિકાએ તે હાથમાં લઇ, બરોબર નિહાળી કહ્યું: "બા સાહેબ, આ તો પેલી જ વાત લાગે છે. રાજાજી ઉપર ઉર્વશીએ કવિતામાં કાગળ લખ્યો છે; તે ભટજીની ભૂલને લીધે આપણે હાથે ચડયો." રાણીએ કાગળ વાંચી કહ્યું: "ચાલો, આ જ ભેટ લઇને એ અપ્સરાના રસિયાને મળીયે." એમ કહી બન્ને જણાં રાજા પાસે જવા નીકળ્યાં. ત્યાં જઇ જુએ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે તો રાજા અને માણવક ભોજપત્રની શોધમાં આમતેમ ગોથાં ખાતા હતા. રાણીએ એકાએક પાસે આવીને કહ્યું: "શોક મા કરો, મહારાજ. આ રહ્યું એ ભોજપત્ર."

રાજાએ ગભરાટમાં કહ્યું: "અહો! દેવી, ભલે પધાર્યાં. અમારૂં ખોવાયલું પત્ર એ ન હોય. ખોળીયે છીયે તે તો બીજું છે." માણવક વચમાં બોલી ઉઠ્યો: "ચાલો રાણીસાહેબ, વ્હેલાં વ્હેલાં કાંઈક મીઠું ભોજન કરાવીએ, જેથી એમને શાંતિ થાય." રાણીએ કહ્યું: "નિપુણિકા! બ્રાહ્મણભાઈએ મિત્રનું ભલું ઈચ્છી ઠીક કહ્યું હો!"

માણવકે ઉમેર્યું: "એના જ માટે એ આકુળવ્યાકુળ જણાય છે, નહિ કે ઉર્વશીના માટે."

હવે રાજાથી રહેવાયું નહિ. તે બોલી ઉઠ્યો: "જા, રે, જા, મૂર્ખા! મ્હને પરાણે અપરાધી બનાવે છે!"

રાણી વચમાં બોલી ઉઠી, "આપ શાના, હું જ અપરાધી કે ખાલી અકારી બની આંખ આડી ઉભી છું. આ ચાલી હું" એમ કહી ત્હેણે ગુસ્સામાં ચાલવા માંડયું. રાજા ત્હેની પાછળ દોડયો, અને "ક્ષમા કરો, દેવી, ક્રોધ શાંત કરો; હું જ અપરાધી છું" એમ બોલતો બોલતો રાણીના પગે પડયો. પણ રાણી તો રોષમાં ચાલતી જ થઈ. હવે, માણવકે આવીને કહ્યું: "મહારાજ, ઉઠો. રાણીજી તો રોષભર્યાં ચાલ્યાં ગયાં, વર્ષાકાળની નદીની પેઠે. આપને ફાવતું થયું. આંખો દૂખવા આવી હોય, ત્હેનાથી દીવાની જ્યોત ક્યાં ખમાય છે?"

રાજાએ કહ્યું: "મિત્ર, એમ મા બોલ. ઉર્વશીમાં મ્હારૂં મન રમી રહ્યું છે ખરૂં, પણ દેવી ઉપર મ્હારો ભાવ તેનો તે જ છે."

હવે, મધ્યાહ્ન થયા હતા, તેથી બન્ને જણા સ્નાનભોજન કરવા રાજમહેલમાં ચાલ્યા ગયા.

## પ્રકરણ ૩: પ્રિયપ્રસાદન વ્રત

ઉર્વશીના સ્વર્ગમાં ગયા પછી ઈંદ્રસભામાં સરસ્વતીકૃત **લક્ષ્મી-સ્વયંવરનો** ખેલ ભજવાયો. ત્હેમાં ઉર્વશીએ લક્ષ્મીનો અને મેનકાએ વારુણીનો વેશ લીધો હતો. નાટ્યપ્રયોગના આરંભમાં જ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મેનકાએ ઉર્વશીને પૂછ્યું: "સખિ, કેશવ, લોકપાલો અને ત્રણે લોકના સત્પુરુષો અહીં પધાર્યા છે. ત્હારો પ્રેમ કોનામાં આરૂઢ થયો છે?" પણ 'હૈયે તે હોઠે' એ કહેવત પ્રમાણે "પુરુષોત્તમમાં" એમ કહેવાને બદલે "પુરૂરવામાં" એમ ત્હેનાથી બોલાઇ જવાયું. આ સાંભળી ભરતમુનિ ક્રોધથી રાતા પીળા થઇ ગયા; ત્હેમણે ઉર્વશીને શાપ આપ્યો: "ત્હેં મ્હારા શિક્ષણને વગોવ્યું છે માટે તું સ્વર્ગમાં રહેવાને લાયક નથી. જા પૃથ્વી ઉપર પડ." પરંતુ પ્રયોગ થઈ રહ્યા પછી લજ્જાથી નીચું મુખ રાખીને તે એક બાજુ ઉભી હતી તે વખતે ઇંદ્ર રાજાએ ત્હેને કહ્યું: "ઉર્વશી, ત્હારૂં ચિત્ત જેના ઉપર ચોંટયું છે તે મ્હારા રણસહાયક રાજર્ષિ પુરૂરવાનું પ્રિય કરવું જોઇએ. માટે તું પૃથ્વી ઉપર ત્હેની સાથે રહે, અને ત્હેનાથી ઉત્પન્ન થયેલું ત્હારૂં સંતાન એ જુએ ત્યાર પછી તું પાછી સ્વર્ગમાં આવજે." આ પ્રમાણે શાપનો અનુગ્રહ સાંભળી ત્હેને આનંદ થયો. તે આછાં આભૂષણ અને શ્યામ સાડી પહેરી ચિત્રલેખા સાથે અભિસારિકાના વેશમાં રાજા પાસે જવા નીકળી.

* * * * *

આપણે ઉપર જોયું કે રાણી ઔશીનરી પ્રમદવનમાં રાજાનો તિરસ્કાર કરીને ચાલી ગઇ તો ખરી, પરંતુ એ સાધ્વી સ્ત્રીને પોતાના આ વર્તન માટે પાછળથી પસ્તાવો થયો. વિશેષમાં તે સારી પેઠે જાણતી હતી કે ઉર્વશી ઉપરથી રાજાનું મન ખસી શકે તેમ નથી. આ ઉભય કારણને લઇને ત્હેણે એક વ્રત આરંભ્યું. લગભગ સાંજ થવા આવી એટલે એક કંચુકીને ત્હેણે રાજા પાસે મોકલ્યો અને કહેવડાવ્યું કે 'જેમનું દર્શન સુંદર છે એવા ચંદ્રભગવાનનું આજે મણિમહેલની અગાશીએથી પૂજન કરવાનું છે ને રોહિણીસંયોગનું મુહૂર્ત છે. તે સધાય એમ મહારાજ મહેલે પધારશો.' તદનુસાર રાજા અને માણવક મણિમહેલની અગાશીએ જઇ બેઠા.

ધીમે ધીમે ચંદ્ર ક્ષિતિજની ઉપર આવવા લાગ્યો. તે જોઈ માણવક બોલી ઉઠયો: "જુઓ, જુઓ પેલો ચંદ્ર, લાડુના કડકા જેવો ઉગે છે." આ સાદૃશ્ય સાંભળી રાજાને જરા હસવું આવ્યું. ત્હેણે કહ્યું: "જ્યાં જાય ત્યાં ખાઉધરને ખાવાની જ વાત! (હાથ જોડી) હે ભગવન્ રજનીપતિ, ત્હમે પવિત્ર લોકોની ધાર્મિક ક્રિયાઓને માટે અમાવાસ્યાને દિવસે સૂર્યમાં પ્રવેશ કરો છો; દેવો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને પિતૃઓને અમૃતદાન દઈ પુષ્ટ કરો છો; રાત્રે અંધકારનો નાશ કરો છો; એવા મહેશ–મસ્તકે વિરાજનાર, ચંદ્રભગવાનને મ્હારા નમસ્કાર હજો!" થોડી વાર ચંદ્ર સામું જોઇ વળી રાજા કહેવા લાગ્યો: "મિત્ર, હજુ એક મુહૂર્ત પછી રાણીનું આગમન થશે. એટલામાં હું મ્હારી અવસ્થા ત્હને કહું તે સાંભળ: હાલમાં, મનમાં અતિશય ઉદ્વેગ રહ્યા કરે છે. જેમ એક નદીનો પ્રવાહ ખડકો અને પથરામાં અથડાઈ કૂટાઇ વિશેષ જોસમાં વહે છે, તેમ મ્હારા સમાગમ સુખમાં વિઘ્નો આવવાથી મ્હારી મદનવ્યથા સો ગણી વધે છે."

એટલામાં ઉર્વશી અને ચિત્રલેખા ત્યાં આવી પહોંચ્યાં અને છૂપી રીતે રાજાનું એકાન્ત કથન સાંભળવા લાગ્યાં.

રાજાએ આગળ ચલાવ્યું: "મિત્ર, જેમ રાત્રિ વધે છે તેમ મદનબાધા પણ વધતી જાય છે." માણવકે સલાહ આપી: "ત્યારે, મહારાજ, આ ચંદ્રનાં અમૃતમય કિરણોનો ઉપભોગ કરો, જેથી આપને શાંતિ વળશે." રાજાએ ઉત્તર આપ્યો: "મિત્ર, આ રોગમાં એમ બનવું શકય નથી. તાજાં પુષ્પની શય્યાથી, ચંદ્રનાં કિરણોથી, સર્વાંગે ચોપડેલા ચંદનથી કે મોતીની માળાઓથી આ દુઃખ શમે એમ નથી. તે દિવ્ય સુંદરી જાતે આવીને મ્હારી વ્યથા દૂર કરી શકે, અગર તો ત્હેના વિષેની વાતથી મ્હારૂં દુઃખ કૈંક ઓછું થાય. ......અરે રે! રથના હેલકારાથી આ એક ખાંધ ઉર્વશીની ખાંધને અથડાઇ હતી, માટે આખા શરીરમાં એ એક જ અંગને ધન્ય છે; બાકીનું શરીર તો પૃથ્વીને ભારરૂપ છે."

આ શબ્દો સાંભળી ઉર્વશીથી રહેવાયું નહિ. તે એકદમ રાજાની આગળ પ્રકટ થતી હતી, એટલામાં "પધારીએ, બા સાહેબ. ઘણી ખમા" એવા શબ્દો ત્હેના કાને પડયા. તેથી તે અટકી ગઈ. રાજા પણ રાણીનું આગમન જાણી બોલતો અટકી ગયો.

તરત જ રાણી અગાશીમાં આવી પહોંચી. ત્હેણે શ્વેત વસ્ત્રો ધારણ કર્યાં હતાં. આભૂષણો પણ થોડાં અને તે માત્ર સૌભાગ્ય-સૂચક જ. દેવને ચઢાવેલી પવિત્ર દૂર્વા ત્હેણે મસ્તક ઉપર વાળમાં ખોસેલી હતી. વ્રત કરેલું હોવાથી ત્હેણે પોતાના અભિમાનનો ત્યાગ કર્યો હતો. ત્હેનું મન પણ આનંદી અને શાંત લાગતું હતું. સાથે નિપુણિકા વગેરે દાસીઓના હાથમાં પૂજાનો સામાન હતો. ત્હેનું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ સુંદર અને પવિત્ર રૂપ જોઈ ઉર્વશી ઘડીભર આશ્ચર્યમાં ગરકાવ થઈ ગઇ. ત્હેણે ઇંદ્રાણી સાથે ત્હેની સરખામણી કરી લીધી.

"જય, જય, આર્યપુત્ર!" કહી રાણીએ શરૂઆત કરી: "મ્હારે કૈંક વ્રત ઉજવવાનું છે, ત્હેમાં આર્યપુત્રના વિના ચાલે એમ નથી; માટે બે ઘડી આપને જરા અડચણ વેઠવી પડશે." રાજાએ ઉત્તર આપ્યો: "અરે! અડચણ શાની? હું તો આ અનુગ્રહ માનું છું. પણ દેવીના વ્રતનું નામ શું?" નિપુણિકાએ જવાબ આપ્યો: "આ વ્રતનું નામ પ્રિયપ્રસાદન." રાજાએ કહ્યું: "દેવિ, આવાં વ્રતવર્તુળાં કરી કમળ સરખા કોમળ દેહને શા માટે દુઃખી કરો છો? જે દાસ જન આતુરતાથી ત્હમારા પ્રસાદની આકાંક્ષા રાખે છે ત્હેને વળી પ્રસન્ન કરવા પ્રયત્ન શા માટે કરવો જોઇએ?" રાણીએ મ્હોં મલકાવી ઉત્તર આપ્યો: "આર્યપુત્રના મુખમાંથી જે આવાં વચન નીકળ્યાં તે, ખરે જ, આ વ્રતનો પ્રભાવ છે. છોકરીઓ! પૂજાની સામગ્રી લાવો. મણિમહેલના મસ્તકે વિરાજતાં ચંદ્રકિરણોનું હું પૂજન કરૂં," એમ કહી ત્હેણે ગન્ધપુષ્પાદિથી ચંદ્રની પૂજા કરી અને નૈવેદ્યના મોદકો માણવકને આપ્યા. માણવકે આશીર્વાદ આપ્યો: "રાણીજીની મનકામના પૂર્ણ થાઓ."

પછી રાણીએ રાજાની પૂજા કરી, બે હાથ જોડી ત્હેને નમસ્કાર કર્યા અને કહ્યું: "દિવ્ય દંપતી ચંદ્ર–રોહિણીને સાક્ષી રાખી આ હું કહું છું કે જેને આર્યપુત્ર ઝંખે છે, અને જે આર્યપુત્રને મળવા તલસે છે તે સુંદરીએ આજથી મ્હારી આડખીલ ન લેખવી." રાજાએ કહ્યું: "દેવિ! ત્હમારો અગર પારકાનો મ્હને દાસ કરી રાખવા ત્હમે સમર્થ છો; પરંતુ, ત્હમે મ્હારે માટે જેવો વહેમ રાખો છો તેવો હું નથી." રાણીએ કહ્યું: "હો કે ન હો. બસ થયું. પ્રિયપ્રસાદન વ્રત પૂર્ણ થયું. છોકરીઓ, ચાલો હવે." રાજા બોલી ઉઠ્યો: "વ્હાલી, આમ મ્હને તજીને ચાલ્યાં જાઓ એ પ્રિયપ્રસાદન નહિ, પણ પ્રિયસંતાપન છે. પરંતુ રાણી તો ચાલતી જ થઈ.

ઉર્વશી અને ચિત્રલેખા અદૃશ્ય રહી આ સઘળું દૃશ્ય જોઇ રહ્યાં હતાં. ત્હેમના મનમાં રાજા અને રાણી વિષે અનેક વિચારો આવતા હતા. રાણી ગયા પછી ઉર્વશીએ કહ્યું: "બ્હેન ચિત્રલેખા, રાજાને રાણી તો બહુ વ્હાલી છે; છતાં મ્હારૂં મન પાછું વાળી શકાય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેમ નથી." ચિત્રલેખાએ ધીરજ આપી કહ્યું: "પણ ત્હારે શા માટે નિરાશ થઈ પાછું વળવું જોઇએ ? પરસ્ત્રીમાં આસક્તિવાળા પુરુષો અતિ ચતુર હોય છે."

હવે, રાણીને દૂર ગયેલી જોઇ રાજા ઉર્વશીની ઝંખનામાં પડયો. ત્હેણે કહ્યું: "હા ! ઉર્વશી આવે તો કેવું સારૂં ! છૂપી રહીને ત્હેના નૂપુરનો રણકાર જ મ્હારા કાનમાં પાડે ! અગર તો, ધીમે રહી પાછળથી આવી મ્હારી આંખો દાબી દે !" રાજાનાં આ વચનો સાંભળી "ચાલ બ્હેન, નાથનો મનોરથ પૂરો કરીએ" એમ કહી ઉર્વશીએ પાછળથી આવી રાજાનાં નેત્રો પોતાના હાથ વડે દાબ્યાં. રાજા ચેતી ગયો અને કહ્યું: "મિત્ર, નારાયણના ઊરુમાંથી ઉત્પન્ન થયેલી સુંદરી સિવાય આવો સુખદ સ્પર્શ બીજા કોઇનો હોઇ શકે જ નહિ !" તેથી "મહારાજનો જય થાઓ" એમ કહી ઉર્વશી આગળ આવી. રાજાએ ત્હેને પોતાની સાથે આસન ઉપર હાથ ઝાલી બેસાડી. ઉર્વશીએ કહ્યું: "સખિ, દેવીએ, મહારાજ મ્હને સોંપ્યા છે. તેથી, ત્હેમની પ્રિયા થઇને હું ત્હેમની સાથે અડોઅડ બેઠી છું. રખે મ્હને ચપળ ધારતી." રાજાએ વિનોદથી ઉત્તર આપ્યો: "દેવીએ તમને મ્હારી સુપ્રત કરી, તેથી મ્હારા શરીર ઉપર તમારો અધિકાર ચલાવો છો; પરંતુ જ્યારે પહેલાં મ્હારૂં હૃદય ચોરી લીધું ત્યારે કોની સંમતિ માગી હતી ?"

ઉર્વશી ઉત્તર આપી શકી નહિ.

ચિત્રલેખાએ કહ્યું: "મિત્ર, તમે એનું મ્હોં ઠીક બંધ કર્યું. હવે હું તમને કૈંક વિનંતી કરૂં છું, તે કાને ધરશો. વસંતઋતુ ઉતરી ગ્રીષ્મ ઋતુ બેસે છે. તેથી મ્હારે સૂર્ય ભગવાનની સેવામાં રોકાવાનું થશે. માટે પ્રિયસખી સ્વર્ગને સંભારે નહિ એમ કરશો." રાજાએ ઉત્તર આપ્યો: "સખિ, સ્વર્ગનાં સુખનું વર્ણન કરી શકાય તેમ નથી. તે શી રીતે ભૂલાય ! છતાં પણ આ પુરૂરવા ત્હેનો અનન્ય દાસ થઇને રહેશે."

તેથી સંતોષ પામી ચિત્રલેખા "બ્હેન, મ્હને વિસારતી મા" એમ કહી, રાજાને પ્રણામ કરી ઉઠી ગઇ.

ચિત્રલેખાના ગયા પછી માણવકે કહ્યું: "અહોભાગ્ય, મહારાજ ! હવે આપના મનોરથ પૂર્ણ થયા."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાજાએ ઉલ્લાસમાં આવી ઉત્તર આપ્યો: “ખરેખર, મિત્ર, હું આ અહોભાગ્ય જ માનું છું. અનેક રાજાઓનાં કિરીટોને ઝૂકાવનાર, પૃથ્વીનું એકછત્ર સામ્રાજ્ય પામીને જેટલો આનંદ ન થાય તેટલો આનંદ ઉર્વશીના ચરણની સેવા પામીને મ્હને થાય છે. (ઉર્વશીનો હાથ ઝાલી) અહો, ઈષ્ટ વસ્તુની પ્રાપ્તિ કેવી અનેરી અસર કરે છે! જે ચંદ્રનાં કિરણો, જે કામનાં બાણો પૂર્વે અનહદ દુઃખ આપી રહ્યાં હતાં તે જ કિરણો અને તે જ બાણો અત્યારે, શરીરમાં અને મનમાં, અપરંપાર સુખ ઉપજાવી રહ્યાં છે.” એમ બોલતો બોલતો રાજા ઉર્વશી સાથે પોતાના શયનગૃહમાં ગયો.

## પ્રકરણ ૪ થું: પ્રિયાવિરહ અને ઉન્માદ.

હવે પુરૂરવા અને ઉર્વશીનો આ પ્રમાણે સમાગમ થયો. રતિસુખનો સંપૂર્ણ લ્હાવો લેવા માટે રાજાએ રાજ્યનો સમગ્ર કારભાર અમાત્યોને સોંપ્યો અને પોતે ઉર્વશી સાથે નેપાળ તરફ આવેલા ગંધમાદન વનમાં ગયો. અલબત, વિહારને માટે ખરેખરૂં યોગ્યસ્થાન તો એ જ છે. ત્યાં વિલાસમાં ત્હેમનો કેટલોક સમય વીતી ગયો. એક દિવસે મંદાકિની નદીના રેતાળ પટમાં ઉદયવતી નામે એક વિદ્યાધર–કુમારિકા રેતીના ઢગ બનાવી ક્રીડા કરતી હતી; તે તરફ રાજાની દૃષ્ટિ ગઇ. રાજા ત્હેના તરફ ઉત્સુકતાથી જોવા લાગ્યો એટલે ઉર્વશીએ રીસ ચઢાવી ચાલવા માંડ્યું. ત્હેને મનાવવા માટે રાજાએ ઘણો પ્રયત્ન કર્યો, પણ ભરતમુનિના શાપથી મૂઢ બની ભારે રોષના આવેશમાં તે ભાન ભૂલી ગઈ; અને સ્ત્રીઓએ તજવા યોગ્ય કુમારવનમાં ત્હેણે પ્રવેશ કર્યો. તે વનની સીમા ઉપર પગ મૂકતાં જ લતારૂપમાં ફેરવાઈ ગઈ. આ પ્રમાણે એકાએક ઉર્વશીના અદૃશ્ય થવાથી રાજા ઉન્મત્ત અવસ્થામાં આવી ગયો અને ઉર્વશીનો જપ જપતો ત્હેની શોધમાં સમગ્ર વનમાં ફરવા લાગ્યો.

ત્હેના દુઃખમાં વધારો કરવા માટે તે સમયે આકાશમાં વાદળાં પણ ચઢી આવ્યાં. સુખીયા સંજોગી જીવને પણ મેઘ વ્યાકુળ કરે તો પછી આ બિચારા વિરહાકુળ પ્રેમી રાજાની શી દશા? પણ આ ઉન્મત્ત અવસ્થામાં રાજા મેઘને પારખી શકયો નહિ. ત્હેણે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જાણ્યું કે આકાશમાં આ કોઇક-રાક્ષસ ઉર્વશીનું હરણ કરવા આવ્યો છે, તેથી ત્હેણે જોરથી બૂમ મારી કહ્યું: "અલ્યા દુષ્ટ દાનવ, ઉભો રહે. મ્હારી પ્રિયાને તું કયાં લઇ જાય છે? તું પર્વતના શિખર ઉપરથી ગગને ચડી ધનુષ ખેંચી મ્હારા ઉપર બાણનો વરસાદ વરસાવે છે!" પણ તરત જ વરસાદનાં ફોરાં શરીરે અડતાં રાજા બોલી ઉઠ્યો: "અરે રે! આ તો નવીન મેઘ છે, રાક્ષસ ન્હોય. પેલું તો ઇંદ્રધનુષ્ જણાય છે; અને શરીરે અડકે છે તે બાણ નહિ, પણ વરસાદનાં ટીપાં છે. ત્હેમાં પેલી કનકરેખા જેવી જણાય છે તે વીજળી છે, ઉર્વશી ન્હોય! ખરેખર હું ભૂલ્યો. !...પણ પ્રિયા કયાં જતી રહી હશે? હું એને કયાં ખોળું? શું કોપના આવેશમાં છૂપાઇને બાજુએ ઉભી હશે? ના, ના, એનો કોપ આટલો બધો વખત પહોંચે નહિ. ત્યારે શું તે સ્વર્ગમાં તો ઉડી ગઈ નહિ હોય? પણ એમ બનવું કઠિન છે, કારણ કે ત્હેનું મન મ્હારામાં જ રમી રહ્યું છે; અને મ્હારા આગળથી ઉપાડી જવાની કોઇ અસુરની તાકાત નથી. તો તે એકાએક અદૃષ્ટ થઇ ત્હેનું શું?...( ઉંચે જોઇ નીસાસો નાંખી ) અફસોસ! ભાગ્યની પડતી વખતે હમેશાં દુઃખમાં જ દુઃખ ઉમેરાય છે! એકાએક પ્રિયાનો વિયોગ તો થયો જ છે, અને ત્હેમાં વળી આ વર્ષાઋતુના વિલાસના રમ્ય દિવસો આવ્યા!

"અરે! પણ હું વૃથા જ મનને સંતાપ આપી રહ્યો છું. મુનિ લોકો કહે છે કે **राजा कालस्य कारणम्**, તો આ વર્ષાકાળને બદલી હું બીજો જ સમય કેમ ન લાવી શકું? પણ ના, ના, એમ તો નહિ. વર્ષાનો સાજ છે, તો મ્હારો રાજવૈભવ છે: વીજળીઓથી ચમકતું આકાશ મ્હારો ચકચકિત ચંદરવો છે; બરૂનાં ડોલતાં ઝાડો મ્હારી ચમરીઓ છે; ધેરો મધુર અવાજ કરતા મોર મ્હારા ભાટ-ચારણો છે; અને પાણીનાં ઝરણાં ખેંચી લાવનાર પર્વતો મ્હને ભેટો અર્પનાર વેપારીઓ છે. પણ એ વૈભવની ભૂંગળ વગાડ્યે વળ્યું શું? ગુમ થયેલી શ્યામાને જ શોધું ને. મ્હારે શી રીતે જાણવું કે અમુક માર્ગે જ વ્હાલી ગઈ હશે?...( જરા આગળ ચાલી ) હાં, હાં. એ રીસાળ રમણીના માર્ગનો પત્તો લાગ્યો. આ દેખાય એનું એંધાણ: આંખના આંસુથી ઉતરેલા ઓઠના લાલ રંગના ડાઘાવાળી આ ત્હેની ચોળી રહી. ક્રોધમાં ઉતાવળે જવાથી એ સરી પડી હશે. (બરાબર ધારીને જોતાં) અરે રે! આ તો લાલચોળ ગોકુળગાયવાળો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લીલીકચ હરિયાળીથી છવાયલો જમીનનો ટુકડો છે! હરિ હરિ! આ નિર્જન વનમાં હવે પ્રિયાની શોધ ક્યાં કરવી?"

એટલામાં રાજાએ કેટલેક દૂર પત્થરની છાટના ચોગાનમાં ઉભેલા એક મોરને જોયો. મોર લાંબી ઉંચી ડોક વડે અવાજ કરતો વાદળાં તરફ જોઇ રહ્યો હતો. રાજાએ પાસે જઈ પોતાની પ્રિયાની ખબર ત્હેને પૂછી. મોર નિરુત્તર રહી નાચવા મંડી ગયો. આથી રાજા વિચાર કરવા લાગ્યો કે એ આટલો બધો શાથી હરખાતો હશે? આખરે ત્હેણે અનુમાન કર્યું કે ઉર્વશીના હવે નષ્ટ થવાથી ત્હેનાં સુંદર પીછાંની તે અપ્સરાના કેશકલાપ સાથે પ્રતિસ્પર્ધા રહી નથી! 'બસ, એ પરદુઃખે સુખિયાનું મ્હોં ન જોવું' એમ વિચાર કરી તે આગળ ચાલ્યો.

બે ડગલાં આગળ વધતાં જ ત્હેણે રાયજાંબુની ડાળ ઉપર બેઠેલી ટહુકાર કરતી એક કોયલને જોઈ. પક્ષીઓમાં એ જાત બહુ ચતુર હોય છે એમ જાણીને રાજા ત્હેની પાસે જઇ અભ્યર્થના કરવા લાગ્યો: "હે મધુરભાષિણિ! તું પ્રેમિજનની ચતુર દૂતી છે. માનિની સ્ત્રીઓનું અભિમાન દૂર કરવામાં તું એક અમોઘ અસ્ત્ર છે. માટે તું મ્હારી પ્રિયાને મ્હારી પાસે એકદમ લાવ, અગર તો મ્હને ત્યાં લઇ જા. જો તું એમ પૂછતી હોય કે મ્હારો આટલો પ્રેમ હોવા છતાં ત્હેણે શા માટે મ્હારો પરિત્યાગ કર્યો, તો હું ત્હને જણાવું છું કે મ્હેં ત્હેને જરા યે કોપનું કારણ આપ્યું નથી; વગર વાંકે જ તે વચકાઇ પડી. તું જાણે છે જ કે અધિકારવાળી સ્ત્રીઓને વચકાતાં વાર લાગતી નથી." પણ કોયલ તો રાજાની કથની સાંભળ્યા વિના જાંબુનો રસ ચૂસવા મંડી પડી. તેથી નિરાશ થઇને રાજા 'અવરનું અતિ તાતું દુઃખ ટાઢું જ હોયે' એમ બોલતો બોલતો આગળ ચાલ્યો.

એટલામાં જમણી બાજુએ ઝાંઝરના ઝમકાર જેવો અવાજ ત્હેના કાન ઉપર પડયો. તેથી ઉર્વશીને મળવાની લાલસાથી તે એકદમ તે તરફ દોડયો. પણ ત્યાં જઈ જુએ છે તો માનસરોવર તરફ જવાને અધીરા બનેલા રાજહંસોને વિચિત્ર અવાજ કરતા જોયા. ત્હેમની પાસે જઈ રાજા કહેવા લાગ્યો: "અહો જળચર પક્ષીઓના રાજા! જરા ઉભો રહે, પછી માનસરોવર તરફ પ્રયાણ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરજે. સ્વાર્થ કરતાં પરમાર્થ મ્હોટો છે; માટે મ્હને પહેલાં પ્રિયાની ખબર આપતો જા...જો તું એમ કહેતો હોય કે માનસરોવર તરફ જવાની ઉતાવળમાં ત્હેને જોઇ નથી, તો હું ત્હને પૂછું છું કે આ મદભરેલી ચાલ તું ક્યાંથી લાવ્યો ? તું ચોર છે. લાવ મ્હારી પ્રિયાને." પણ રાજહંસ ત્યાંથી એકદમ ઉડી ગયો.

ત્યાંથી આગળ ચાલતાં રાજા ચક્રવાક પક્ષીઓના એક પ્રેમી યુગલ પાસે આવી ચઢ્યો. ત્યાં જઇ ત્હેણે કહ્યું: "હે ચક્રવાક, હું પ્રિયાના વિરહે દુઃખી છું....શું તું 'કો, કો' (કોણ, કોણ) એમ પૂછે?...અરે ત્હેં મ્હને ન ઓળખ્યો! જો, જેના માતામહ સૂર્ય છે અને પિતામહ ચંદ્ર છે, જે ઉર્વશી અને પૃથ્વીનો ભર્તા છે તે પુરૂરવા હું છું."

ચક્રવાકે પ્રત્યુત્તર ન આપ્યો એટલે રાજા એક ડગલું આગળ ચાલી એક કમળ પાસે ઉભો રહ્યો. ત્હેમાં ગુંજન કરતા મધુકરને ઉદ્દેશી તે બોલવા લાગ્યો: "હે મધુકર, મદિરાક્ષી ઉર્વશીના કાંઇક ખબર મ્હને આપ. પણ, હા! ત્હેં મ્હારી પ્રિયાને જોઇ હોય તેમ લાગતું નથી; કારણ કે જો ત્હેના સુગંધી નિઃશ્વાસનો પરિમળ ત્હેં લીધો હોય, તો આ કમળ ઉપર ત્હારૂં મન શી રીતે ચોંટે?" એમ કહી રાજા ત્યાંથી નિરાશામાં ચાલતો થયો.

આગળ ચાલતાં ત્હેણે એક ઝાડ નીચે હાથી અને હાથણીનું એક જોડું જોયું. રસથી ઝરતી સલ્લકી વૃક્ષની એક કુમળી કૂંપળ સૂંઢમાં લઈ હાથણી હાથીના મુખમાં મૂકતી હતી, અને હાથી તે આદરથી આરોગતો હતો. રાજા ત્હેની પાસે જઈ કહેવા લાગ્યો: "હે ગજરાજ, ત્હમે મ્હારી પ્રિયાને જોઇ છે?...ત્હમારા 'હં અં' શબ્દ સાંભળીને મ્હને બહુ ધીરજ મળે છે. વળી ત્હમારા મ્હારામાં સમાનતા છે તેથી ત્હમારા પર મ્હારો પ્રેમ સવિશેષ ઢળે છે: જુઓ ત્હમે હાથીઓના રાજા, હું રાજાઓનો રાજા. ત્હમારી પેઠે હું પણ ગરીબ લોકોને સતત દાન* આપું છું. જેમ મ્હારા અંતઃપુરમાં ઉર્વશી ઉપર મ્હને વિશેષ પ્રેમ છે, તેમ ત્હમને આ હાથણી ઉપર પ્રેમ છે. પરંતુ મ્હારી પેઠે ત્હમે પ્રેમની વિરહવ્યથા ભોગવશો નહિ." એમ બોલી રાજા આગળ ચાલ્યો.

---

* દાન=૧ હાથીઓના ગંડસ્થળમાંથી ઝરતું મદ; ૨ દાન આપવું તે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આમ તેમ બાજુએ નજર નાંખતાં સુરભિકંદર નામે પર્વત રાજાની દૃષ્ટિએ પડ્યો. તે એકદમ તે તરફ ફર્યો અને કહેવા લાગ્યો: "આ તો બહુ રમણીય પર્વત છે; અપ્સરાઓને પ્રિય છે. કદાચ ઉર્વશી ત્યાં તો ન હોય! ગમે તેમ હોય, પણ આ ગિરિરાજને પૂછ્યા વિના તો આગળ ન જ જવાય...હે પર્વતરાજ! યૌવનના મદવાળી મ્હારી પ્રિયાને તમે જોઇ છે? (જરા પાસે જઈ) અરે શૈલરાજ, મ્હારાથી વિયુક્ત થયેલી સર્વાંગસુંદરી ઉર્વશી આ વનમાં ત્હમે નિહાળી છે?" 'નિહાળી છે' એ શબ્દોનો પ્રતિઘોષ થતાં રાજા ખુશ થયો અને પર્વતને બીજો પ્રશ્ન પૂછ્યો: "તો એ મ્હારી પ્રિયા ક્યાં છે?" ફરીથી એ જ શબ્દોનો પડઘો પડવાથી ઉન્મત્ત રાજા સમજી ગયો કે આ તો પર્વતની બખોલમાંથી મ્હારા જ શબ્દોનો પ્રતિઘાત થાય છે.

આમ ફરતાં ફરતાં રાજા થાકી ગયો અને એક પહાડી નદીના ડહોળાયલા વહેણમાં ઉર્વશીનું ચંડી રૂપ જોવા લાગ્યો. પણ બીજી ક્ષણે ત્હેને સ્ફુરણ થયું કે 'નહિ, નહિ, ઉર્વશી કોઈ કાળે પુરૂરવાને છોડી સમુદ્રને સેવે નહિ. ખેર, હવે પાછો જ્યાં તે સુદર્શના અદર્શન પામી, ત્યાં એક વાર પાછો જાઉં.' એમ બોલતો બોલતો તે ઉર્વશીના માર્ગે ચાલ્યો. માર્ગમાં બેઠેલા એક હરિણને પણ ત્હેણે ઉર્વશીના ખબર પૂછ્યા. જ્યારે હરિણ નિરુતર રહી, હરિણી તરફ જ જોઇ રહ્યું, ત્યારે તે પાછો નિરાશ થઇ 'અવદશા અપમાન ખમવા માટે જ છે' એમ બબડતો આગળ ચાલ્યો. એકાએક પથરામાં પડેલું એક લાલ મણિ ત્હેની દૃષ્ટિએ ચઢ્યું. એ જોઇ રાજા વિચાર કરવા લાગ્યો કે 'એ શું હશે? માંસનો કકડો તો ન્હોય, કારણ કે આ તો તેજસ્વી દેખાય છે; તેમ વરસાદ હમણાં જ પડી ગયો છે એટલે બળતો અંગારો પણ ન હોય. (બરોબર નિહાળી) આ તો મણિ લાગે છે...પણ મ્હારે તે શા કામનો? જે પ્રિયાની વેણીમાં ત્હેને સ્થાન મળત, તે પ્રિયા તો હવે દુર્લભ છે. મ્હારે શા માટે ત્હેને આંસુથી દૂષિત કરવો જોઇએ" એમ વિચાર કરી તે આગળ ચાલતો હતો, અટલામાં પાછળથી અવાજ આવ્યો: 'વત્સ, લેઇ લે એ.

[ગાથા.]

ગૌરી તણા ચરણનો જાવક ઝમી જામી જેહ ઉપજેલો,
સંગમનીય સુમણિ એ; વ્હાલાંને મેળવે વ્હેલો.'

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાજાએ પાછળ જોઈ કહ્યું: 'અરે કોણ મ્હને આ ચેતાવે છે? અહો, આ તો કોઇક ઋષિ છે...ભગવન્! આપનો મ્હોટો અનુગ્રહ માનું છું. (મણિ લઇને) હે સંગમનીય, જો તું મ્હને મ્હારી પ્રિયા મેળવી આપીશ, તો જેમ શંકર ચંદ્રકળાને મસ્તક ઉપર ધારણ કરે છે, તેમ હું ત્હને મ્હારા મસ્તક ઉપર ધારણ કરીશ.' એમ બોલી તે આગળ ચાલ્યો.

પાસેની એક વેલને જોતાં રાજાનું મન લોભાયું. તે કહેવા લાગ્યો: "અહા, આ વેલને એક પણ ફુલ નથી, છતાં ત્હેને જોઇ મ્હારા મનમાં પ્રેમ ઉત્પન્ન થાય છે. ખરેખર, આ મ્હારી પ્રિયતમા જ છે: વરસાદથી ભીનાં ત્હેનાં પલ્લવો આંસુથી ધોવાયલા પ્રિયાના અધર જેવાં લાગે છે. ત્હેને ફુલ નથી તેથી એમ લાગે છે કે પ્રિયાએ વિરહદુ:ખથી આભૂષણોનો ત્યાગ કર્યો છે. ભ્રમરોનો ગુંજારવ થતો નથી તે ઉપરથી એમ જણાય છે કે ત્હેનું મન ચિન્તામગ્ન હોવાથી ત્હેણે મૌન ધારણ કર્યું છે. ખરેખર, મ્હારૂં અપમાન કરી પ્રિયા ન્હાસી ગઈ તેથી ત્હેને સંતાપ થયો હોય એમ જ લાગે છે. લાવ, હું એને ભેટું" એમ ભેટતાંની સાથે જ સંગમનીય મણિનો સ્પર્શ થવાથી પેલી વેલની પાછી ઉર્વશી બની ગઇ. રાજા આંખો મીચી સ્પર્શ સુખનો આસ્વાદ લેતો હતો, એટલામાં ઉર્વશીએ કહ્યું: "જય, જય, મહારાજ, આપની દશા હું ભીંતર રહી જોતી હતી. મહારાજ, મ્હને માફ કરશો. મ્હેં આપને બહુ દુ:ખી કર્યા." રાજાએ પૂછ્યું: "સુંદરી! ત્હારા દર્શનથી મ્હારાં ઈંદ્રિયો, અંત:કરણ અને આત્મા સૌ રીઝયાં છે, પણ કહે ને, કહે ને, કે આટલો બધો વખત મ્હારાથી વિખૂટી પડી કયે સ્વરૂપે તું રહી હતી, કે હું ત્હને ઓળખી ન શક્યો?"

ઉર્વશીએ ઉત્તર આપ્યો: "સાંભળો, મહારાજ, કાર્તિકેય ભગવાન નૈષ્ઠિક બ્રહ્મચર્ય ધારણ કરીને ગંધમાદન વનના આ નદી-સરોવરવાળા પવિત્ર ભાગમાં આવીને રહ્યા હતા. તે સમયે ત્હેમણે મર્યાદા બાંધી હતી કે 'આ ભાગમાં જે સ્ત્રી પગ મૂકશે, તે બદલાઇને વેલ બની જશે; ને તે માજીના પગના અળતાના બનેલા સંગમનીય મણિ વિના એ સ્થિતિમાંથી છૂટવા પામશે નહિ.' એ દૈવી મર્યાદા અત્યંત રોષના વેશમાં વિસરી જઈ હું કુમારવનમાં પેઠી. અહીં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પગ મૂકતાં જ હું બદલાઇને વાસંતી વેલ બની ગઈ! અને આ દિવ્ય મણિના પ્રભાવે પાછી નિજ સ્વરૂપમાં આવી ગઇ." એમ બોલી હ્હેણે સંગમનીય માથે ચઢાવ્યો.

ઉર્વશીએ ફરીથી કહ્યું: "મહારાજ, પ્રતિષ્ઠાન છોડયાને આપણને ઘણો સમય વીતી ગયો છે, હું પ્રજાની આંખમાં ખૂંચીશ. માટે આપણે હવે પાછાં ફરીએ." એમ બોલી બન્ને જણાં મેઘવિમાનમાં બેસી પ્રતિષ્ઠાનમાં આવ્યાં.

## પ્રકરણ ૫: આયુનો રાજ્યાભિષેક

આ પ્રમાણે પુરૂરવા અને ઉર્વશીએ સાથે આનંદમાં રહી કેટલાંક વર્ષો ગાળ્યાં. એક દિવસે પુણ્ય પર્વ હોવાની રાજા સર્વ રાણીઓ સાથે **ગંગા યમુના**ના સંગમમાં સ્નાન કરવા માટે આવ્યો હતો. સ્નાનકર્મથી નિવૃત્ત થઈ તે તંબુમાં ગયો અને હાર, તોરા, કેસર, ચંદન વગેરે ધારણ કરવા લાગ્યો.

ઉર્વશી વિગેરે રાણીઓ પણ સ્નાન કર્મથી પરવારીને પોતપોતાના તંબુમાં ગઈ હતી. ઉર્વશીએ સ્નાન કરતી વખતે પોતાનાં આભૂષણો ઉતારેલાં, હ્હેમાં સંગમનીય મણિને પણ હ્હેણે એક ધોળા રેશમી વસ્ત્રમાં મૂકી એક તાડછાના પંખા ઉપર મૂક્યો હતો. એ મણિ સાથે પંખો માથે લઇને એક દાસી ઉર્વશીના તંબુ તરફ જતી હતી. એટલામાં એક ગીધ પક્ષી માંસનો કકડો ધારી મણિને ચાંચમાં ઉપાડી આકાશમાં ઉડી ગયું. દાસીની બૂમ સાંભળી રાજા તથા **માણવક** ત્યાં આવી પહોંચ્યા અને આકાશમાં પક્ષીની તરફ જોવા લાગ્યા.

રાજાએ યવની પાસે ધનુષ્ મંગાવ્યું. એટલામાં તો તે પક્ષી ચાંચમાં મણિ સાથે સોનાની સેર લબડતી રાખીને કુંડાળાં ફરતું ફરતું કેટલેક નીકળી ગયું. પક્ષીના મુખમાં રહેલો મણિ આઘેથી વાદળાની પાસે આવેલા **મં**ગળના તારા જેવો દેખાવા લાગ્યો. રાજાએ જાણ્યું કે હવે પક્ષીને બાણ મારી શકાય તેમ નથી, તેથી હ્હેણે કંચુકીને કહ્યું કે "**લાતવ્ય**, મ્હારા નામથી કોટવાળને કહેજો કે જે ઝાડ પર એ ગીધ જઇને બેસે ત્યાં એ ચોરટાની ખબર લે." પછી રાજા અને વિદૂષક તંબુમાં આવી બેઠા. ત્યાં રાજાએ કહ્યું: "વયસ્ય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માણવક, એ મણિ મ્હને મણિ તરીકે પ્રિય નથી, ત્હેનાથી પ્રિયાનો સમાગમ થયો હતો, માટે જ તે મ્હને ખાસ પ્રિય છે.”

થોડી વાર પછી કંચુકી પેલો મણિ અને એક બાણ હાથમાં લઇને રાજાની હજુરમાં દાખલ થયો; ત્હેણે બે હાથ જોડી જણાવ્યું: “ મહારાજ, એ ચોર પક્ષી ત્હેના અપરાધને ઘટતી સજા પામ્યું છે. આપના આ બાણરૂપી રોષથી હણાઈને જમીન ઉપર પડયું છે. ” આ સાંભળી સર્વે વિસ્મય પામ્યાં. રાજાએ કહ્યું: “ એ મણિને પાણીથી ધોઇ અગ્નિશુદ્ધ કરી દાબડામાં મૂકી દો. આર્ય લાતવ્ય, એ બાણ મ્હને જોવા દો. ત્હેના ઉપર કોનું નામ કોતરેલું છે ? ” એમ કહી રાજાએ બાણ હાથમાં લઈ જોયું તો ત્હેના પર ઉર્વશી અને પુરૂરવાનો પુત્ર કુમાર આયુ એમ લખેલું હતું. રાજા વિચારમાં પડી ગયો. માણવક આનંદમાં આવી ગયો. રાજાએ કહ્યું “ મિત્ર માણવક, નૈમિષારણ્યમાં મ્હેં યજ્ઞ કર્યો તે સિવાય હું ઉર્વશીથી વિખૂટો પડયો નથી, ગર્ભધારણનાં ચિન્હો પણ મેં ત્હેનામાં જોયાં નથી, તો પ્રસૂતિ તો કયાંથી જ સંભવે ? ” વિદૂષકે ઉત્તર આપ્યો: “ મહારાજ, દૈવી સ્ત્રીઓમાં માનુષી સ્ત્રીઓના ધર્મની અપેક્ષા રાખો મા, તેઓ પોતાની દેવતાઈ શક્તિથી ઘણું ઘણું છાનું રાખી શકે છે.”

રાજાએ કહ્યું: “ ઠીક, તું કહે છે તે બધું યે ખરૂં: પણ પુત્રનો જન્મ એને શા માટે છાનો રાખવો પડે ? ” “ દેવતાઓનાં રહસ્ય કોણ કળી શકે ? ” માણવકે ઉત્તર વાળ્યો.

આ વાત ચાલતી હતી એટલામાં ચ્યવન ઋષિના આશ્રમમાંથી તાપસી અને કુમાર આવી પહોંચ્યાં. કંચુકી ત્હેમને રાજા પાસે લઇ ગયો. કુમારને જોતાં જ રાજાની આંખમાં પ્રેમનાં અશ્રુ આવ્યાં, હૃદય વાત્સલ્યથી ઉભરાઈ ગયું, અને ત્હેને ભેટવા માટે શરીર તથા મન ઉત્સુક બન્યાં. ત્હેણે તાપસીને પૂછયું: “ ભગવતિ ! કેમ પધારવું થયું ? ”

તાપસીએ ઉત્તર આપ્યો: “ મહારાજ, આ ચિરંજીવી આયુ જેવો જન્મ્યો કે તરત જ ઉર્વશી કાંઇક કારણસર ત્હેને ચ્યવન ઋષિના આશ્રમમાં મૂકી ગયાં હતાં. ત્યાં મહર્ષિએ ક્ષત્રિયને ઉચિત જાતકર્માદિ સંસ્કારો ત્હેને કરાવ્યા, વિદ્યા ભણાવી, અને ધનુર્વેદમાં પારંગત બનાવ્યો. એ આજે ઋષિનાં બાળકો સાથે ફુલપાત્રી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને સમિધ લેવા ગયો હતો, ત્યાં એનું આશ્રમવિરુદ્ધ આચરણ જોવામાં આવ્યું: કહે છે કે માંસનો લોચો લઇ એક ગીધ ઝાડની ટોચે બેસતું હતું, ત્હેને એણે તીર માર્યું. એ વાતની ખબર પડતાં ચ્યવન ભગવાને મ્હને આજ્ઞા કરી કે હવે એને એની મા પાસે મૂકી આવો. તેથી હું ઉર્વશીને મળવા આવી છું....બેટા, ત્હારા પિતાને નમસ્કાર કર."

રાજાએ પુત્રને ખોળામાં લીધો અને માણવક ભટને નમસ્કાર કરાવ્યા. માણવકે ત્હેને આશીર્વાદ આપ્યો. એટલામાં કંચુકી ઉર્વશીને બોલાવી લાવ્યો. પ્રથમ તો રાજાની પાસે બેઠેલા આયુને તે ઓળખી શકી નહિ, પરંતુ તાપસીને જોઇ સઘળો વૃત્તાંત ત્હેના મનમાં ઉપસ્થિત થઇ ગયો. કુમારે ત્હેને પ્રણામ કર્યાં. ઉર્વશી રાજાની સાથે સિંહાસન પર બેઠી, એટલે તાપસીએ જણાવ્યું: "વત્સે, આ કુમાર આયુ. એ વિદ્યા ભણી રહ્યો છે ને કવચ ટોપ પહેરતો થયો છે. ત્હેં મ્હને થાપણ સોંપી હતી, તે આ હું ત્હને ભર્તા સમક્ષ પાછી સોંપું છું. હવે, તું મને રજા આપે તો હું જાઉં. આશ્રમધર્મમાં અંતરાય થાય છે."

ઉર્વશીએ વિનયથી કહ્યું: "ભગવતિ! ઘણે વર્ષે મળ્યાં, તેથી આપનાં દર્શનથી મન ધરાતું નથી. પણ આશ્રમધર્મમાં અંતરાય થાય એ ઠીક નહિ. માટે પધારો, વળી કોઈ વાર દર્શન દેજો."

"ભલે. આપનું કલ્યાણ થાઓ!" એમ કહી તાપસી ચાલી ગઇ.

રાજાનો હર્ષ માતો ન હતો. તાપસીના ગયા પછી તે ઉર્વશીને કહેવા લાગ્યો: "હે કલ્યાણિ! પુત્રવંતમાં આજ હું પોતાને પરમ ધન્ય માનું છું. જેમ શચીપુત્ર જયંતથી ઇંદ્ર કૃતકૃત્ય છે તેમ આ ત્હારા પુત્રથી હું કૃતકૃત્ય છું." પણ ઉર્વશીની આંખમાંથી આંસુ ગરવા લાગ્યાં. આ જોઇ રાજા એકદમ વિચારમાં પડી ગયો, ત્હેનાં આંસુ લૂછતો તે ત્હેને પૂછવા લાગ્યો: "અરે સુંદરિ! આવા હર્ષના સમયમાં ત્હને આંસુ કેમ આવે છે?" ઉર્વશીએ નમ્રતાથી કહ્યું: "મહારાજ, પહેલાં તો પુત્રદર્શનના આનંદમાં હું તરબોળ થઇ ગઇ હતી. પણ મહાન ઇંદ્રિનું નામ ત્હમે લીધું, તે સાંભળી મ્હને આપણા સમાગમની અવધિ યાદ આવી. જે વખતે મ્હારૂં ચિત્ત પ્રથમ ત્હમારામાં ચોંટેલું હતું તે વખતે મહેંદ્ર ભગવાને મ્હને ફર-



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મોકલ્યું હતું કે 'રાજર્ષિ મ્હારા રણસહાયક છે, માટે જ્યાં લગી ત્હેમની સાથે રહે; અને ત્હારાથી ઉત્પન્ન થયેલા વંશ રાખનાર પુત્રનું મુખ તે જુએ, ત્યારે અમારી પાસે તું પાછી આવજે.' આમ હોવાથી મહારાજના વિયોગના ભયે આ જન્મ્યો તેવો જ ભગવાન ચ્યવનના આશ્રમમાં વિદ્યા ગ્રહણ કરવા માટે તાપસી સત્યવતીના હાથમાં મ્હેં તેને છાનોમાનો સોંપ્યો હતો. હવે તે પિતાનું હૃદય ઠારે એવો થયો તેથી ભગવતી આજ ત્હેને પાછો સોંપી ગયાં, તેથી આ ઘડીથી આપણા સમાગમના સુખનો અંત આવ્યો."

રાજા નિઃશ્વાસ નાખી બોલ્યોઃ "દૈવ સુખનો શત્રુ છે. પુત્ર-દર્શનથી હૃદય ટાઢું શીતળ થયું હતું, એટલામાં તો ત્હારા વિરહનો અગ્નિ પ્રદીપ્ત થયો. ગ્રીષ્મ ઋતુનો તાપ શમ્યા પછી શાંતિ પામેલા વૃક્ષ ઉપર જેમ એક વીજળી તુટી પડે તેવી આજ મ્હારી દુર્દશા થઈ છે....ખેર; પ્રિયે! ત્હને પ્રભુની આજ્ઞા છે તે તું બેલાશક પાળ. હું પણ વત્સ આયુને રાજ્ય કારભાર સોંપી સ્વચ્છંદપણે અરણ્યમાં રહી જીવન વ્યતીત કરીશ."

એ સાંભળી કુમાર બોલી ઉઠ્યોઃ "અરે પિતાશ્રી, હું રહ્યો બાળક; મ્હારા પર આટલો બધો ભાર લાદવો લાજમ નથી." રાજાએ ઉત્તર આપ્યોઃ "બેટા! આમ શું બોલે છે? એક મદોન્મત્ત બાળ-હસ્તી પણ બીજા અનેક હાથીઓ સામે ઝઝૂમે છે; એક ન્હાના ઝેરી નાગનું વિષ પણ ભયંકર થઈ પડે છે; રાજા લઘુવયનો હોય તો પણ સમગ્ર પૃથ્વીનું રક્ષણ કરવા સમર્થ થઇ શકે છે. આ બધામાં સ્વ-તેજ એજ મુખ્ય કારણ છે, વય તો ગૌણ છે...(કંચુકી તરફ) લાતવ્ય, અમાત્યમંડળને ખબર આપો કે કુમાર આયુના અભિષેકની તૈયારી કરે."

એટલામાં આકાશમાં એક ઝળહળાટ કરતી જ્યોતિ દેખાવા લાગી. બધાની દૃષ્ટિ તે તરફ ખેંચાઇ. તરત જ, ગોરોચન જેવી પીળી જટા, ચંદ્રકિરણ જેવા શુભ્ર ઉપવીત, તથા ઉત્તમ મોતીની માળાઓથી સુશોભિત નારદજી સોનેરી શાખાઓવાળા જંગમ કલ્પ-વૃક્ષની માફક આકાશમાંથી ઉતરી આવ્યા. રાજા તથા ઉર્વશીએ ત્હેમની યથોચિત સંભાવના કરી. કુમાર આયુએ ત્હેમને પ્રણામ કર્યા. નારદજીએ આસન ઉપર સ્વસ્થ બેસી રાજા અને ઉર્વશીએ આશી-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ર્વાદ આપી કહ્યું: " ત્હમારૂં જોડું અખંડ રહો ! રાજન્, મહેન્દ્રનો સંદેશો કહું તે સાંભળો: ત્હમે કુમારને રાજ્ય સોંપી વનમાં જવાનો સંકલ્પ કર્યો છે તે પોતાના દિવ્ય પ્રભાવથી જાણી લઇ ઇંદ્રિરાજાએ કહેવડાવ્યું છે કે થોડા વખતમાં દેવદાનવો વચ્ચે યુદ્ધ થવાનું છે એમ ત્રિકાળદર્શી મુનિઓનું કથન છે. માટે ત્હમારે હમણાં શાસ્ત્રાસ્ત્રનો ત્યાગ કરવો ઉચિત નથી. આ ઉર્વશી આમરણાન્ત ત્હમારી સહધર્મચારિણી થઇ રહેશે. "

ઇંદ્રિનો સંદેશો સાંભળી રાજા અને ઉર્વશીના આનંદનો પાર રહ્યો નહિ. ત્હેમણે કહ્યું: " જેવી મહેંદ્ર ભગવાનની આજ્ઞા. "

નારદજીએ જણાવ્યું. " ત્હમે ઇંદ્રનું પ્રિય કરો, ઇંદ્રિ તમારૂં પ્રિય કરે એ અન્યોન્ય ધર્મ છે......(આકાશ તરફ જોઇ) રમ્ભા, લાવ, મહેંદ્રે મોકલેલો કુમાર આયુના યૌવરાજ્યાભિષેકનો કલશ."

આ પ્રમાણે દિવ્ય કલશ મંગાવી આયુને ભદ્રાસન પર બેસાડી નારદજીએ અભિષેક કર્યો અને અનેક આશીર્વાદો આપ્યા. રાજા તથા ઉર્વશીએ પણ ત્હેને ' કુલધુરંધર થા ' એમ કહી આશીર્વાદ આપ્યો. ભાટ ચારણો મંગલગીત ગાવા લાગ્યા. રમ્ભા આદિ અપ્સરાઓ ઉર્વશીને મળી પરસ્પર પોતાનો પ્રેમ દર્શાવી ત્હેને અભિનંદન આપવા લાગી. અંતે જતાં જતાં નારદજીએ રાજાને પૂછયું: " રાજન્, મહેંદ્ર ત્હમારૂં શું અધિક પ્રિય કરે ? " રાજાએ પ્રસન્ન મને ઉત્તર વાળ્યો, " મહારાજ; જો સ્વયં ઇંદ્રરાજા પ્રસન્ન છે તો પછી મ્હને બીજા શાની ઇચ્છા રહે ? તો પણ આટલું તો થાઓ કે,

પરસ્પર વિરોધી જે શ્રી-સરસ્વતી-સંગમ,
સુનિશ્ચલ સદા સ્થાપો, શુભાર્થે સંતના સદા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# (૪) અભિજ્ઞાન શકુન્તલા

## પ્રકરણ ૧ લું: તપોવન કે પ્રેમવન

અતિ પ્રાચીન કાળમાં ભારતવર્ષમાં દુષ્યન્ત નામે એક મહાન પ્રતાપી રાજા થઇ ગયો છે. ત્હેને શિકાર ખેલવાનો અતિશય શોખ હતો. એક દિવસે પોતાનું સામંતદળ લઈને તે મૃગયા રમવા નીકળ્યો હતો, તે વખતે એક ન્હાના હરણની પાછળ ત્હેણે રથ દોડાવ્યો. હરણની જાત ઘણી ચપળ હોય છે. તે પવનવેગે દોડવા લાગ્યું, અને જોતજોતામાં તો રાજાના રથને ત્હેણે કેટલોયે પછવાડે મૂકી દીધો. આ જોઈ રાજા વિસ્મય પામ્યો. થોડી વારમાં સપાટ જમીન આવવાથી સારથિએ ઘોડાની લગામ છૂટી મૂકી દીધી, અને ઘોડા પણ હરણની સ્પર્ધા કરતા હોય તેમ વીજળીને વેગે ઉડયા. આથી રાજા ઉલ્લાસમાં આવી સારથિને કહેવા લાગ્યો: " અરે વાહ ! આપણા ઘોડા તો સૂર્યના અને ઇંદ્રના ઘોડાને પણ ટપી જાય તેવા છે ! રથના આ વેગને લીધે ચોતરફનું દશ્ય કાંઇ અપૂર્વ જ લાગે છે. સઘળું જ પાસે અને સઘળું જ દૂર એમ દેખાય છે." એટલામાં રથ પેલા હરણની લગભગ પાસે આવી પહોંચતાં રાજા ત્હેના તરફ બાણ ફેંકવાની તૈયારી કરવા લાગ્યો. પરંતુ,

" અરે ! અરે ! ઓ રાજા ! આ હરણ આશ્રમમાંનું છે; એને મારશો મા, મારશો મા."

આવા શબ્દો બોલતા તપસ્વિઓ રાજા અને હરણની વચમાં આવીને ઉભા. સારથિએ ઘોડાની લગામ ખેંચી.

" રાજન્ ! આ આશ્રમનું હરણ છે. ત્હેના પુષ્પ સમાન કોમળ દેહ ઉપર આપનું વજ્રસમાન તીક્ષ્ણ બાણ છોડી એના ચંચળ જીવનનો નિષ્કારણ અંત આણશો નહિ. ધનુષ્ય ઉપરથી એ અમોઘ બાણને ઉતારી લ્યો. મહારાજ ! આપનું શસ્ત્ર તો દુ:ખીને પાળવા માટે છે, રંકને રંજાડવા માટે નથી." એક ઋષિકુમાર આગળ આવીને બોલ્યો.

રાજાએ બાણને ભાથામાં પાછું મૂકયું. ઋષિકુમારે પ્રસન્ન થઈ આશીર્વાદ આપ્યો: " આપ જેવા પુરુવંશપ્રદીપને આ સૌજન્ય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

યોગ્ય જ છે. પ્રભુ પાસે અમે એટલું જ માગીએ છીએ કે આપને ગુણવાન, ચક્રવર્તી પુત્ર પ્રાપ્ત થાઓ !" રાજાએ મસ્તક નમાવી આશીર્વાદ ગ્રહણ કર્યો.

ત્યાર પછી તાપસોએ કહ્યું: "મહારાજ ! હમણાં અમે તો સમિધ લેવા નીકળ્યા છીએ. પણ આ માલિની નદીને કિનારે, અમારા ગુરુ મહર્ષિ કણ્વનો આશ્રમ દેખાય છે. જો આપના કાર્યમાં કાંઇ હાનિ ન થતી હોય, તો ત્યાં જઈ અતિથિસત્કાર ગ્રહણ કરો અને તપસ્વિલોકો કેવા નિર્વિઘ્ને ધર્મકાર્યનાં અનુષ્ઠાન કરે છે, તે જોઇને આપના ભુજબળથી ભૂમંડળ કેવું ચાલે છે ત્હેની આપને પ્રતીતિ થશે. જો કે હાલમાં મહર્ષિ તો આશ્રમમાં નથી, તોપણ ત્હેમની કન્યા શકુન્તલા આપનો યથોચિત સત્કાર કરશે. હમણાં જ તેઓ શકુન્તલા ઉપર અતિથિસત્કારનો ભાર મૂકી, ત્હેના દુર્દૈવની શાન્તિ માટે સોમતીર્થ તરફ ગયા છે."

રાજાએ આ પ્રેમાળ અને વિનયભર્યાં વચનો સાંભળી ઉત્તર આપ્યો: "ઠીક, મહાર્ષ આશ્રમમાં નથી, તો કાંઈ ચિંતા નહિ. હું આ પવિત્ર આશ્રમનાં દર્શન કરી આત્માને પાવન કરી લઉં." એમ કહી રાજાએ પોતાનો રથ આશ્રમની બાજુમાં હંકાવ્યો. તપસ્વિઓ સમિધ લેવા પોતાના રસ્તે ચાલતા થયા.

થોડુંક આગળ ચાલી રાજાએ સારથિને કહ્યું: "સૂત ! કોઈ કહેતું નથી તો પણ આ સ્થળ તપોવન તરીકે ઓળખી શકાય છેઃ જો તરુની બખોલોમાં વસતા પોપટોના મુખમાંથી ગરી પડેલા નીવારના દાણા અહીં તહીં વેરાયલા દેખાય છે; તપસ્વિઓ જેનાથી ઇંગુદી ફળ ભાંગે છે, એવા પાષાણો તેલવાળા ચીકણા પડેલા છે; જો, પેલી કુશવાળી જમીન ઉપર હરણનાં બચ્ચાં નિર્ભયતાથી ચરે છે; સ્નાન કરીને આવતા આશ્રમવાસી જનોનાં ભીનાં વલ્કલોમાંથી ટપકતાં જલબિન્દુઓને લીધે આ જલાશયના માર્ગો ભીંજાયલા દેખાય છે; અને હોમહવનના સતત ધૂમાડાને લીધે આ વૃક્ષનાં નવપલ્લવો ઝાંખાં થઇ ગયાં છે." એમ અનેક રીતે વર્ણન કરતો કરતો રાજા આશ્રમ પાસે આવી પહોંચ્યો.

આશ્રમ પવિત્ર ધામ છે, માટે તેમાં વિનયપૂર્વક પ્રવેશ કરવો જોઈએ, એમ વિચાર કરી રાજાએ પોતાનાં અલંકારો, ધનુષ્ તથા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બાણનું ભાથું ઉતારી સારથિને સોંપ્યાં. પછી પોતે આશ્રમમાં દાખલ થયો. પ્રવેશ કરતી વખતે ત્હેનો જમણો હાથ ફરકવા લાગ્યો. એ જોઇ તે મનમાં વિચારવા લાગ્યો: "આશ્રમ તો શાન્તરસપ્રધાન છે, તથાપિ મ્હારો જમણો હાથ ફરકે છે! આવી જગ્યાએ મ્હારા જેવા માણસને શુભ ફળલાભની સંભાવના ક્યાંથી હોય? અથવા ભવિષ્યનાં દ્વાર સર્વત્ર ખુલી શકે છે." એમ મનમાં બોલતો બોલતો તે આગળ ચાલ્યો.

* * * *

"પ્રિય સખિ! આ બાજુએ, આ બાજુએ!" આ શબ્દો એકાએક રાજાના કાને પડયા. રાજાએ કાન દઇ બરાબર સાંભળ્યું, અને તે ઉપરથી ત્હેણે જાણ્યું કે બગીચાની દક્ષિણ બાજુ તરફ સ્ત્રીઓની વાતચિત થાય છે. રાજા તે તરફ આગળ ચાલ્યો. ત્યાં જઇ જુએ છે તો સમાન વયની ત્રણ તપસ્વિકન્યાઓ કેડમાં પાણીના ઘડા લઇને ઝાડને પાણી સિંચવા રાજાની દિશામાં આવતી જણાઇ. ત્હેમનું અદ્ભુત સૌંદર્ય નિહાળી રાજા મનમાં ચકિત થઈ ગયો. એક બાજુ છૂપાઇને તે ત્હેમના તરફ આતુરતાથી જોવા લાગ્યો.

"અલિ **શકુન્તલા**!" **અનસૂયાએ** કહ્યું, "કાશ્યપદાદાને ત્હારા કરતાં આશ્રમનાં વૃક્ષો વિશેષ વ્હાલાં હશે એમ લાગે છે; કેમકે તું જુઇના જેવી કોમળ હોવા છતાં પણ ત્હેમણે આ છોડના ક્યારામાં પાણી રેડવાની ત્હને આજ્ઞા કરી છે!"

"બ્હેન **અનસૂયા**!" **શકુન્તલા** જરા સ્મિત કરી બોલી, "હું દાદાજીના કહ્યાથી જ પાણી રેડું છું એમ સમજીશ મા; આ છોડ મ્હને ભાંડુના જેવા વ્હાલા લાગે છે." એમ બોલતી બોલતી તે છોડને પાણી પાવા લાગી. "પણ અરે! વાયુથી કંપાયમાન થતાં પલ્લવરૂપી, આંગળી વડે આ કેસરવૃક્ષ મ્હને 'વ્હેલી આવ, વ્હેલી આવ' એમ અણસારો કરે છે. માટે ત્યાં જઇ એની ખબર લઉં." એમ બોલી તે કેસરવૃક્ષ પાસે જઇ પાણી પાવા લાગી.

"અલિ **શકુન્તલા**!" **પ્રિયંવદા** બોલી ઉઠી, "અહીં જ એક પળવાર જરા ઉભી રહે! ત્હારા ત્યાં ઉભા રહેવાથી કેસરવૃક્ષ જાણે લતારૂપી પોતાની પત્ની સાથે મસ્ત થઈ રહ્યો હોય એમ લાગે છે."

"બરાબર, આથી જ ત્હને બધા પ્રિયંવદા (મીઠું બોલનારી) કહે છે." **શકુંતલાએ** મંદહાસ્ય કરી કહ્યું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"અલિ શકુંતલા! આ જુઇની વેલ, જેનું ત્હેં 'વનજ્યોત્સ્ના' એવું ઉપનામ આપ્યું હતું, તે તો આંબાની સ્વયંવરવધૂ થાય; એને ત્હેં વિસારી મૂકી કે?" અનસૂયાએ કહ્યું.

"ના, બ્હેન. એને કેમ વિસારૂં? મ્હારી જાનને વિસારૂં તો એને વિસારૂં." એમ બોલી શકુન્તલા જુઈની પાસે ગઇ, અને ત્હેના તરફ જોતી જોતી મનમાં વિચાર કરવા લાગી: 'કેવો રમણીય અવસર છે કે જુઇની વેલ ને આંબાનું ઝાડ બન્ને એકઠાં મળી ગયાં છે! જુઈની વેલને મ્હોરરૂપી જોબન આવ્યું જણાય છે; અને આંબાને ઝીણાં ઝીણાં પલ્લવો ફુટયાં છે, તેથી એ પણ ભોગ ભોગવવા જોગ થયો હોય એમ જણાય છે...' એટલામાં મ્હોં મલકાવી પ્રિયંવદા બોલી ઉઠી: "અલિ અનસૂયા! તું જાણે છે, આ શકુન્તલા જુઇની વેલ ભણી તાકી તાકીને કેમ જોઇ રહી છે? ત્હેના મનમાં એમ ઇચ્છા છે કે જે પ્રમાણે આ વનજ્યોત્સ્ના પોતાને અનુકૂળ વૃક્ષને પામી, તેમ મ્હને પણ મનગમતો સ્વામી મળે તો કેવું સારૂં?"

"તું ત્હારે માટે એમ કહેતી હોય તો કોણ જાણે! એ તો ત્હારા મનના મનોરથ હશે." શકુન્તલા અધીરાઈથી બોલી ઉઠી.

આ ઉછરતી બાળાઓનો વિનોદાલાપ સાંભળતો રાજા ક્યારનો યે સાનંદ આશ્ચર્યમાં ગરક થઇ ગયો હતો. તે મનમાં વિચાર કરવા લાગ્યો: 'શું આ કુલપતિ કણ્વની જ કન્યા હશે? ખરેખર મહર્ષિ અતિ કઠોર જણાય છે. આવા કોમળ શરીર પર કેવાં બરછડ વલ્કલ પહેરાવ્યાં છે! પણ ના, જેમ પ્રફુલ્લ કમળ શેવાળના સંબંધથી અધિક શોભે છે, જેમ પૂર્ણચંદ્ર કલંકના યોગથી વધારે સુંદર દેખાય છે, તેમ આ સર્વાંગસુંદરી, વલ્કલ વિભૂષિત હોવા છતાં, અત્યંત મનોહર જણાય છે! ખરેખર રૂપ એ જ અલંકાર છે, ત્હેને બાહ્ય અલંકારોની જરૂર રહેતી નથી. મ્હારૂં મન ત્હેના તરફ લોભાય છે તે ઉપરથી હું ધારૂં છું કે આ કુમારિકા કુલપતિથી કોઇ ભિન્ન વર્ણની સ્ત્રીના ઉદરની હશે; તે ક્ષત્રિયને વરવા યોગ્ય હશે.'

દરમ્યાનમાં, શકુન્તલા માધવી લતાને જળ સિંચવા ગઈ હતી; તેવામાં માધવી લતાની એક સુંદર કળીમાંથી મધુ પીતો એક મધુકર, વેલમાં પાણી પડતાં જ, ઉડયો અને વેલને છોડી શકુન્તલાના મુખકમળની આજુબાજુ ગુંજારવ કરતો ફરવા લાગ્યો. બીચારી શકુન્તલા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હસ્તપલ્લવથી ત્હેનું નિવારણુ કરવા લાગી, પરંતુ તે દુર્વૃત્ત મધુકર સ્હેલથી નિવૃત્ત થાય તેમ નહતો. આથી તે અધીર થઈ બોલી ઉઠી: “સખીઓ! બચાવો, આ દુષ્ટ મધુકર મ્હને ઘણો ત્રાસ આપે છે.”

“બ્હેન ! અમારામાં ત્હારૂં રક્ષણુ કરવાની શક્તિ ક્યાંથી ? રાજા દુષ્યન્તને બોલાવ. રાજાએ જ તપોવનની રક્ષા કરવી જોઇએ.”

આ બનાવ જોઈ દુષ્યન્ત મનમાં ને મનમાં મલકાતો હતો અને મધુકરને ધન્યવાદ આપતો હતો. ત્હેણે જાણ્યું કે હવે પ્રકટ થવાનો ખરેખરો પ્રસંગ આવ્યો છે. મધુકરની પીડાથી **શકુન્તલા** આમ તેમ નાસતી હતી, તેથી રાજા દોડતો ત્હેની સામે આવ્યો અને કહેવા લાગ્યો: “પુરુવંશમાં ઉત્પન્ન થયેલો દુષ્યન્ત દુષ્ટોને શાસન કરનાર હાજર હોય, ત્યાં કોનું સામર્થ્ય છે કે મુગ્ધ તપસ્વિ-કન્યાઓની સાથે અસભ્ય વ્યવહાર કરે ?”

તપસ્વિકન્યાઓ એક અજાણ્યા મનુષ્યને સામે ઉભેલો જોઇને પહેલાં તો ઘણી સ્તબ્ધ થઈ ગઈ. થોડી પળ પછી **અનસૂયા** બોલી: “મહાશય ! એવો કોઇ અનિષ્ટ બનાવ બન્યો નથી. આ દુષ્ટ મધુ-કર અમારી પ્રિયસખી **શકુન્તલા**ને જરા ત્રાસ આપતો હતો, એથી એ કાંઇક ગભરાતી હતી.”

**શકુન્તલા** લજ્જાવશ થઇ કાંઈ ઉત્તર ન આપતાં નીચું મુખ કરીને ઉભી રહી હતી. તેથી **અનસૂયા**એ આગળ આવી રાજાનો સત્કાર કર્યો અને ફુલફળ વગેરે પૂજાની સામગ્રી લાવવા માટે **શકુ-ન્તલા**ને કહ્યું. રાજાએ નમ્રતાથી જણાવ્યું કે “ત્હમારાં પ્રેમાળ મધુર વચનોથી જ મ્હારો સત્કાર થઇ ગયો છે, માટે વિશેષ શ્રમ લેવાની જરૂર નથી. ત્હમે પણ ઝાડોને પાણી પાઇને થાકી ગયાં હશો, તેથી આ સપ્તપર્ણની શીતળ છાયામાં બેસી આરામ લ્યો.” એમ બોલી રાજા લીલા પાનની બનાવેલી એક વેદિકા પર બેઠો.

દરમ્યાનમાં **શકુન્તલા**ના અંતઃકરણમાં કામદેવે પોતાનું કાર્ય શરૂ કર્યું હતું. **પ્રિયંવદા** અને **અનસૂયા** રાજાની સુંદર અને પ્રતાપી આકૃતિ જોઇને તથા ગંભીર અને મધુર ભાષણ સાંભળીને મુગ્ધ થયાં હતાં, અને ‘આ મહાપુરુષ કોણ હશે’ એમ પરસ્પર વિચાર કરવા લાગ્યાં. અંતે **અનસૂયા**એ હીમત ધરીને રાજાને વિનયથી પૂછવા માંડ્યું: “મહારાજ ! આપની મનોહર વાણીથી મ્હારા મનને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ધીરજ આવે છે કે કાંઇ ગાંડુઘેલું બોલાયું તો રીસ ચઢશે નહિ, અને પૂછવાનું મન થાય છે કે આપ કયા રાજર્ષિવંશનું ભૂષણ છો? અથવા આપના વિયોગે કરી કયો દેશ સંતાપ પામતો હશે? વળી સુકુમાર થઇને આ તપોવનમાં આવવાનો પરિશ્રમ આપને શા સારૂ લેવો પડયો હશે?"

આ પ્રશ્નપરંપરા સાંભળીને પ્રથમ તો દુષ્યન્ત મનમાં ગુંચવાયો. પણ થોડીવાર વિચાર કરીને ત્હેણે તેવો જ નમ્ર ઉત્તર આપ્યો: "હે તપસ્વિકન્યાઓ ! પુરુવંશના રાજાએ ધર્માધિકાર જેને સોંપેલો છે તે હું આ ધર્મારણ્યને વિષે ઋષિલોકોની ધાર્મિક ક્રિયાઓ નિર્વિઘ્ને ચાલે છે કે કેમ તે જોવા આવેલો છું."

થોડીવાર શાન્ત રહ્યા પછી વળી રાજા બોલ્યો: "અમારે પણ આ ત્હમારી સખી વિષે કેટલુંક પૂછવાનું છે."

"વાહ ! એ તો અમારા ઉપર ખાસ અનુગ્રહ થયો." સખીઓએ ઉત્તર આપ્યો.

"મ્હારા જાણવા પ્રમાણે તો ભગવાન કાશ્યપ ઋષિ નિરંતર તપશ્ચર્યામાં રહી બ્રહ્મચર્ય પાળે છે, છતાં આ ત્હમારી પ્રિયસખી એમની દીકરી થાય તે શાથી? એ વિષે મ્હારા મનમાં શંકા રહે છે." રાજાએ નમ્રતાથી જણાવ્યું.

રાજાનો પ્રશ્ન સાંભળી અનસૂયાએ શકુન્તલાનો વૃત્તાન્ત કહેવા માંડયો: "પૂર્વે કૌશિકગોત્રમાં વિશ્વામિત્ર નામે રાજર્ષિ થઇ ગયા. એક વખતે તેઓ ગોદાવરીતીરે ઉગ્ર તપશ્ચર્યા કરતા હતા, તેથી ઇંદ્રાદિ દેવોને ડર લાગ્યો કે રખેને એ મહાતપ કરી ઇંદ્રાસન લઇ લે. તેથી ત્હેમણે ઋષિના નિયમમાં ભંગ પાડવા સારૂ મેનકા નામની અપ્સરાને મોકલી. વિશ્વામિત્ર આ અપ્સરા પર મુગ્ધ થયા. તેથી શકુન્તલા ઋષિની પુત્રી થાય. પછી એની મા એને સૂની મૂકી જતી રહી, ત્યારથી દાદા કાશ્યપે પાલન પોષણ કરી એને મ્હોટી કરી, માટે તેઓ પણ એના પિતા થાય."

આ વૃત્તાંત સાંભળી રાજાના મનનો સંદેહ ટળી ગયો અને શકુન્તલા માટે ત્હેના મનમાં આશા અંકુરિત થઇ. ત્હેણે ધીમેથી પુનઃ પ્રશ્ન કર્યો: "શું આ ત્હમારી સખી લગ્ન પર્યંત જ આ ઋષિ-વ્રત આચરવાનાં છે કે આમરણાન્ત આ ચપળ હરિણીઓ સાથે નિવાસ કરવાનાં છે?"

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ત્હેનો આશય સમજી લઈ પ્રિયંવદાએ ઉત્તર આપ્યો: “ મહારાજ! યોગ્ય વર મળે તો ત્હેને આ કન્યાનું દાન કરવું એવો નિશ્ચય પિતાજીએ કરી રાખ્યો છે; અને તે કાર્ય પિતાજીનેજ સ્વાધીન છે.”

રાજા અને શકુન્તલાની પરસ્પર શૃંગારલજ્જા નિહાળી બન્ને સખીઓ ત્હેને કાનમાં કહેવા લાગી: “અલિ શકુન્તલા! જો આજ પિતાજી આશ્રમમાં હોત તો!”

“ તો શું ?”. શકુન્તલાએ અધીરાઇથી પ્રશ્ન કર્યો.

“ તો, આ ઉત્તમ અતિથિને પોતાનું સર્વસ્વ અર્પણ કરીને કૃતાર્થ કરી દેત!”

આવી વાતોથી ચીડાઇને શકુન્તલા એકાએક ચાલવા લાગી. પણ પ્રિયંવદાએ ત્હેને અટકાવી મ્હોટેથી કહ્યું: “હજી બે છોડને પાણી પાવું ત્હારે માથે રહ્યું છે, માટે આવીને એટલા ઋણમાંથી મુક્ત થઇ ત્હારે જવું હોય તો જા.”

આ પ્રસંગ જોઇ રાજા વચમાં પડી કહેવા લાગ્યો કે, “બાપડી વૃક્ષને પાણી સિંચી સિંચી થાકી ગઈ હોય એમ જણાય છે. એના હાથની હથેળીઓ રાતી લોહીવર્ણી થઇ ગઈ છે, શ્વાસ માતો નથી, મુખ પર સ્વેદબિંદુઓ મોતીની સેર માફક ટપકી રહ્યાં છે. ત્હેનો અંબોડો પણ છૂટી ગયો છે, માટે એને જવા દ્યો. એના વતી એટલું દેવું હું વાળું છું.” એમ કહી ત્હેણે પોતાના નામવાળી વીંટી પ્રિયંવદાના હાથમાં આપી. પ્રિયંવદાએ અંગુઠી લેતાં ઘણી આનાકાની કરી, અને શકુન્તલાને કહ્યું: “ બ્હેન, આ મહારાજની કૃપાથી તું ઋણમાંથી મુક્ત થઇ છે. હવે જવું હોય તો જા.”

અહીં આ પ્રસંગ ચાલતો હતો એટલામાં તપસ્વિઓએ આશ્રમ બહારથી બૂમો પાડી: “ હે ઋષિજનો! આ તપોવનમાંનાં પ્રાણીઓનું રક્ષણ કરવા સત્વર સજ્જ થાઓ. મૃગયાવિહારી રાજા દુષ્યન્ત અહીં નંજદીક આવી પહોંચ્યો છે. ત્હેના ઘોડાઓની ખરીઓથી ઉડેલી રજ આપણાં ભીનાં વલ્કલો પર ચોંટી જાય છે. તપોવનનો મદોન્મત્ત હાથી ત્હેના રથથી બ્હીને અનેક ઝાડો ઉખેડી નાંખતો, હરણાંઓનાં ટોળાંનો ઉચ્છેદ કરતો, અનેક વેલાઓની જાળોમાં અટવાતો, મૂર્તિમાન વિઘ્ન રૂપ અરણ્યમાં પ્રવેશ કરવા જાય છે. માટે સઘળાએ તત્પર રહેવું.”

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ શબ્દો સાંભળી રાજા મનમાં ચીડવાયો અને પોતાનાં માણસોને ગાળો દેવા લાગ્યો. તપસ્વિકન્યાઓ પણ આ અરણ્ય વૃત્તાંત સાંભળી જરા વ્યાકુળ થઈ ગઈ અને પર્ણકુટીમાં જવાની રજા માગી. રાજાએ અનિચ્છાએ ત્હેમને જવાની રજા આપી. જતાં જતાં માર્ગમાં પગે કાંટો વાગ્યો છે એમ દેખાવ કરી **શકુન્તલા** સતૃષ્ણ દષ્ટિએ રાજા તરફ વાંકી વળી જોવા લાગી. રાજા પણ ત્હેના તરફ જોતો જોતો ચાલતો થયો.

## પ્રકરણ ૨ જું: પ્રેમવિકાસ

રાજા દુષ્યન્ત જ્યારે શિકારે નીકળ્યો હતો, ત્યારે પોતાના રસાલા સાથે વિદૂષક **માઢવ્યને** પણ સાથે લાવ્યો હતો. રાજધાનીમાં સુખચેન અને ભોગવિલાસમાં જેના દિવસો વ્યતીત થયેલા એવા આ **માઢવ્યને** અરણ્યનાં કષ્ટો અસહ્ય થઇ પડયાં.

એક દિવસે પ્રભાતમાં ઉઠી ખિન્ન થઇને તે પોતાના મનમાં બબડવા લાગ્યો: “ આ મૃગયાશીલ રાજાના સોબતી થવાથી મ્હારો તો જીવ ગયો. રોજરોજ સવારમાં શિકાર માટે જવું પડે અને ‘આ હરણ,’ ‘આ સૂવર,’ ‘આ લોંકડી,’ આવી રીતે કહેતાં કહેતાં મધ્યાહ્ન પર્યંત જંગલમાં રખડવું પડે. આ ગ્રીષ્મઋતુમાં નદીનાળાં લગભગ સૂકાંજ, અને જે થોડું ઘણું પાણી હોય તે પણ ઝાડનાં સૂકાં પાંદડાં પડીપડીને કહોવાથી કડવું અને તૂરૂં થઇ જાય; તરસ લાગે ત્યારે આવું ઝેરી પાણી પીવું પડે. ખાવાનો પણ નિયમ શાનો હોય ? અને ખાવાની સામગ્રીમાં સળીયા પર શેકેલું માંસ ઘણું ખરૂં હોય છે, અને તે પણ કાચુંપાકું. વળી સવારથી બપોર સુધી ઘોડાની પીઠ પર બેસી બેસી મુસાફરી કર્યાથી આખા શરીરમાં વેદના થાય છે; એને લીધે રાત્રે સારી ઉંઘ પણ આવતી નથી. પાછલી રાતે ઉંઘ આવવા માંડે એટલામાં તો શિકારીઓ વનને ઘેરી લેવા માટે જવાની ગરબડ મચાવે. તેથી સવારના પહોરની ઉંઘ ઉડી જાય છે. મ્હારા દુઃખની કથની આટલેથી પૂરી થતી નથી. થોડા દિવસ ઉપર અમે સઘળા પાછવાડે પડયા અને રાજાજી એકલા એક હરણની પાછવાડે પડી ઘણે દૂર નીકળી ગયા. ત્યાં ત્હેમણે કણ્વના આશ્રમમાં **શકુન્તલા** નામની એક તાપસકન્યા જોઈ. ત્યારથી તો નગરમાં જવાની વાત જ ઉડી ગઈ છે ! ’

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ત્હેના મનમાં આમ વિચારો ચાલતા હતા એટલામાં રાજા શકુન્તલા વિષે વિચારો કરતો કરતો ત્યાં આવી પહોંચ્યો. રાજાને જોઇને વિદૂષક લાકડીને ટેકી વાંકો વળી ઉભો રહ્યો અને નમ્રતાપૂર્વક રાજાને કહેવા લાગ્યો: "મહારાજ! મ્હારા હાથપગ હાલી શકતા નથી. હું એટલો બધો થાકીને લોથ થઇ ગયો છું કે મ્હારા અંગમાં લેશમાત્ર પણ શક્તિ રહી નથી. રોજ ને રોજ જંગલનાં જાનવરોની પાછળ લાગવાથી મ્હારાં ગાત્રો નરમ થઈ ગયાં છે, ને મ્હારૂં શરીર હવે મ્હારા વશમાં નથી. માટે હું નમ્ર વિનંતી કરૂં છું કે મહારાજ મ્હને એક દિવસ વિશ્રાન્તિ આપો."

રાજાનું મન ઋષિકન્યામાં આસક્ત થયેલું હોવાથી હવે મૃગયા ઉપરથી વિરક્ત થયું હતું. તેથી ત્હેણે માઢવ્યને વિશ્રાન્તિ લેવાની રજા આપી, અને સેનાપતિને બોલાવી વન ઘેરનારા શિકારીઓને પાછા વાળવા આજ્ઞા કરી, તથા સખ્ત તાકીદ કરી કે લશ્કરમાંનું કોઈ પણ મનુષ્ય કે પ્રાણી તપોવનને અડચણ કરે નહિ. આ પ્રમાણે સેનાપતિને આજ્ઞા આપી રાજા અને વિદૂષક એક ઝાડની છાયામાં પત્થર ઉપર બેઠા. રાજાના અંતરમાં શકુન્તલા વિષે સતત ચિન્તન ચાલ્યા કરતું હતું. ધીમે રહી ત્હેણે કહ્યું: "મિત્ર માઢવ્ય, જ્યાં લગી જોવા લાયક સુંદરમાં સુંદર વસ્તુ ત્હેં જોઇ નથી, ત્યાં સુધી તું એમ જ જાણ કે ત્હને ઇશ્વરે આંખો આપી તે ન આપ્યા બરોબર છે!"

"વાહ! આપ સાક્ષાત્ મ્હારી આગળ ઉભા છો, ત્યાં વળી બીજી કયી સુંદર વસ્તુઓ મ્હારે જોવાની રહી જાય છે?" માઢવ્યે આશ્ચર્ય અને અધીરાઇથી ઉત્તર આપ્યો.

"સૌને પોતપોતાનું પ્રિય લાગે છે." રાજાએ સ્મિતપૂર્વક કહ્યું, "પણ, અલ્યા, હું તો આશ્રમના આભૂષણરૂપ શકુન્તલા વિષે કહું છું."

"ઓ! હો! મહારાજ! એ તો જેમ કોઇને ગળ્યા ખજુર ઉપરથી ભાવ ઉઠી ખાટી આમલીની રુચિ થાય, તેમ અંતઃપુરનાં સ્ત્રીરત્નો મૂકી આ વગડાની રીંછડી ઉપર ત્હમે મોહી પડયા લાગો છો!" વિદૂષકે હાવકું મ્હોં રાખીને જણાવ્યું.

"અરે મૂર્ખા! એને ત્હેં જોઇ નથી, માટે તું આમ બોલે છે." રાજાએ જરા ચીડાઇને અધીરાઈથી જવાબ આપ્યો: "એનું હું વર્ણન કરી શકું?

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(વસન્તતિલકા)

એની છબી પ્રથમ ચિત્ર વિશે વિધાતે,
કાઢી કરી મનન, ચેતનયોગ સાધ્યો ?
કિંવા કરી સકળ સુંદર રૂપ ગોળો,
ચિત્તે ધરી યુવતિ ઘાટ રચ્યો રુપાળો ?

માયા અલૌકિક મ્હને નજરે દિસે છે,
સ્ત્રીરૂપરત્નરચના અતિ શ્રેષ્ઠ આ છે;
જોતાં શરીર વિષયે અતિ શુદ્ધ કાંતિ,
બ્રહ્મા તણી બહુ વિચિત્ર તથા વિભૂતિ."

"એને જોઇને આપ સરખાને વિસ્મય લાગે છે, ત્યારે તો ખરે જ એ રમણીય હશે. તો બધી રૂપવતી સ્ત્રીઓ એના આગળ કાંઇ જ નથી." વિદૂષકે પોતાનું આશ્ચર્ય વ્યક્ત કર્યું.

રાજાએ ઉલ્લાસમાં આવી ઉત્તર આપ્યોઃ "મ્હારા મનને વિષે તો, ખરે એમ જ છે—

(શિખરિણી)

"દિસે કન્યા રૂપે ફુલડું અણસુંઘ્યું હજુ જને,
નખેથી જાણે એ કળિ કદી જ ચુંટાઈ ન વને;
ખરા પાણીવાળું તરત છીપમાંથી જ નિસર્યું,
હશે મોતી તાજું ઉજળું અણવીંધેલ ચિકણું.

વળી જાણે એ તો નવીન મધ છે શુદ્ધ મિઠડું,
નથી કોયે એનું અમૃતરસ આસ્વાદન કર્યું;
જુઓ આ બાળાનું મળરહિત સૌન્દર્ય ઝળકે,
ખરે જાણે પૂરા અવર ભવનું પુણ્યફળ એ.

કિયો આ કન્યાનો અભિલષિત એવો નર હશે,
ન જાણું જે ભોક્તા વિધિ પણ કિયાને નિયમશે."

"ત્યારે તો એની વ્હેલી રક્ષા કરી લેવી જોઇએ. નહિ તો રખેને એ કોઇ ઈંગુદીનું તેલ ઘાલનારા ચીકણા માથાવાળા તપસ્વીને હાથ પડે !" વિદૂષકે આગ્રહપૂર્વક જણાવ્યું.

"એનું મન પણ મ્હારા તરફ આકર્ષાયું તો છે. જ્યારે અમારો એકમેકનો વિયોગ થવા આવ્યો, ત્યારે પગમાં કાંટો વાગ્યાના મિષે તે વાંકી વળી મ્હારા તરફ એકી ટશે જોઈ રહી હતી." રાજાએ આગળ ચલાવ્યું.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"ત્યારે તો બાંધો ભાથુ ને થાઓ તૈયાર. જાણ્યું એ તો, આ તપોવન મટાડીને ત્હમે એને મોજશોખની સુખવાડી બનાવી દીધી." વિદૂષકે હસતાં હસતાં કહ્યું.

"પણ કેટલાએક તપસ્વિઓ મ્હને ઓળખે છે. માટે શા નિમિત્તે હું આશ્રમસ્થાનમાં જાઉં ? કાંઈ ઉપાય ખોળી કાઢ." રાજાએ પોતાનો વાંધો જણાવતાં કહ્યું.

એટલામાં બે ઋષિકુમાર પાસે આવતા જણાયા. રાજા સ્વસ્થ થઇને બેઠો. ઋષિઓએ પાસે આવી રાજાને આશીર્વાદ આપ્યા. રાજાએ નમસ્કાર કરી પૂછ્યું: "શી આજ્ઞા છે ?"

"મહારાજ, કણ્વ મહર્ષિ ઘેર નથી, તેથી રાક્ષસો યજ્ઞકર્મમાં વિઘ્ન કરે છે. માટે કેટલીએક રાત અહીં રહી, સારથિને સાથે રાખી આ આશ્રમનું રક્ષણ કરો તો બહુ સારૂં." ઋષિકુમારોએ જણાવ્યું.

"મ્હારા ઉપર મ્હોટી કૃપા કરી." રાજાએ નમ્રતાથી જણાવ્યું. "ત્હમે આગળ જતા થાઓ. હું રથમાં બેસી ધનુષ્બાણ લઇ આ ત્હમારી પાછળ જ આવું છું." રાજાના હર્ષનો પાર રહ્યો નહિ.

એટલામાં કરભક નામનો એક નોકર આવ્યો. ત્હેણે પ્રણામ કરી કહ્યું: "જય, જય, મહારાજ ! હું નગરમાંથી આવું છું, અને માજીએ કહેવરાવ્યું છે કે આજથી ચોથે દિવસે ઉપવાસના પારણા છે; માટે ચિરંજીવીએ આવીને અવશ્ય અમારી સંભાવના કરવી."

એકાએક આવી પડેલું આ વિઘ્ન જોઇને રાજા મનમાં અકળાયો. પણ ગંભીરતાથી વિચાર કરીને ત્હેણે ત્રીજો રસ્તો શોધી કાઢી વિદૂષકને કહ્યું: "ભાઇ, માજી ત્હને પુત્ર સમાન ગણે છે, માટે અહીંથી જઇને માજીને કહે કે દુષ્યંતનું ચિત્ત તપસ્વિના કાર્યમાં લાગેલું છે, માટે પુત્રસ્થાને હું આવ્યો છું. વળી, આ તપોવનને કાંઈ અડચણ ન થાય, માટે તમામ લશ્કરને પણ ત્હારી સાથે મોકલીશ. અને–" કાંઈ સાંભરી આવ્યું હોય તેમ–"શકુન્તલા વિષેની જે વાત મ્હેં ત્હને કહી, એ તો કેવળ હસવા માટે જ કરી હતી, માત્ર મશ્કરી જ હતી. એમાં કાંઇ સાચું માનતો નહિ. હું જાઉં છું એ તો ઋષિઓના જ કામ માટે." એમ સમજાવી વિદૂષકને વિદાય કરી પોતે કણ્વઋષિના આશ્રમ ભણી ચાલ્યો.

માઢવ્યને પણ ભાવતું હતું ને વૈદે કર્યું, તેથી તે સામંતદળ લઈ આનંદમાં નીકળ્યો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## પ્રકરણ ૩ જું: લતામંડપમાં મિલન

હવે, રાજા દુષ્યન્ત ઋષિલોકોના હોમ-હવનનું રક્ષણ કરવા માટે આશ્રમમાં રહેવા લાગ્યો. ત્હેના પ્રતાપથી વિઘ્નો ધીમે ધીમે દૂર થવા લાગ્યાં; પરંતુ ત્હેનું મન **શ**કુન્તલામાં પરોવાયલું હોવાથી ત્હેને કોઈ જાતનું ચેન પડતું નહિ. **શ**કુન્તલાની પણ તેવી જ સ્થિતિ થઇ હતી. એક દિવસ બપોરે રાજા ભોજનવિધિથી નિવૃત્ત થઇને **શ**કુન્તલાની શોધમાં નીકળ્યો. ફરતાં ફરતાં તે **મા**લિની નદીના કિનારે આવી પહોંચ્યો. ત્યાં નદીના શીતળ અને ભીનાશવાળા પવનથી ત્હેના ચિત્તને આનંદ થયો. ચાલતાં ચાલતાં તે એક લતામંડપ આગળ આવી પહોંચ્યો, અને અંદર ડોકીયું કરે છે તો ત્હેણે બન્ને સખીઓ સાથે **શ**કુન્તલાને કમલપત્રની શય્યા પર સૂતેલી જોઇ. ત્રણે કન્યાઓ શી વાતચિત કરે છે તે સાંભળવા માટે રાજા એક બાજુ છૂપાઇને ઉભો રહ્યો.

"બ્હેન **શ**કુન્તલા!" બન્ને સખીઓએ ધીમે રહી પૂછ્યું, "આ કમળપત્રના પવનથી ત્હને જરા સુખશાંતિ વળે છે?"

"બ્હેનો! શું ત્હમે મને પવન નાંખો છો?" **શ**કુન્તલાએ બેભાન અવસ્થામાં પ્રશ્ન કર્યો.

આ જોઈ બન્ને સખીઓને વિશેષ ખેદ થયો. તેઓ ત્હેના રોગનું કારણ મનમાં વિચારવા લાગી. આખરે **પ્રિ**યંવદા બોલી: "**અ**નસૂયા! પેલા રાજર્ષિને જોયા તે દહાડાથી માંડીને તે આજ સુધી **શ**કુંતલા મહા સંતાપમાં પડી હોય એમ જણાય છે. ખરે, આટલા બધા પરિતાપનું એ તો કારણ નહિ હોય?"

"અરે બ્હેન! મ્હારા હૈયામાં પણ એ જ આશંકા હતી. હશે, હમણાં એને પૂછી જોઉં છું." **અ**નસૂયાએ ઉત્તર આપ્યો. ત્યાર પછી ત્હેણે **શ**કુન્તલાને ઢંઢોળી જરા જોરથી બોલીને પૂછવા માંડ્યું: "અલિ **શ**કુન્તલા! અમે મદનવાર્તામાં કાંઇ સમજતાં નથી, પરંતુ ઇતિહાસાદિ પુસ્તકોમાં કામી મનુષ્યોની અવસ્થા સાંભળી છે તેવી જ ત્હારી દશા દેખવામાં આવે છે. તો કહે, આટલો ત્હને પરિતાપ થવાનું કારણ શું? ખરેખરો રોગ જણાય નહિ, ત્યાં સુધી ઉપાય કરવો પણ સૂઝે નહિ."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રિયંવદાએ ટેકો આપી કહ્યું: "બ્હેન શકુંતલા! આ ખરૂં કહે છે. તું ત્હારા રોગને કેમ કાંઈ ગણકારતી નથી? ખરે તું દહાડે દહાડે સૂકાતી જાય છે; માત્ર ત્હારો સુંદર ચહેરો એમનો એમ લાગે છે."

આ સાંભળી શકુંતલાને જરા શરમ આવી. તે ધીમેથી બોલી: "બ્હેનો, ત્હમને નહિ કહું તો બીજા કોને કહીશ? પરંતુ એમ કરેથી ત્હમારા જીવને ઉલટો સંતાપ થશે."

"માટે જ અમારે આટલો બધો આગ્રહ કરવાનો તો; શાથી જે દુ:ખમાં સ્નેહી જનનો ભાગ પડયાથી ત્હેની વેદના ભારે લાગતી નથી." બન્ને સખીઓએ ઉત્તર આપ્યો.

આથી હિંમત લાવી શકુન્તલાએ કહેવા માંડ્યું: "સખિ! જે દિવસથી તપોવનની રક્ષા કરનાર પેલા રાજર્ષિ મ્હારી નજરે પડ્યા તે દિવસથી એનામાં મ્હારો અભિલાષ રહી ગયો છે, ને તેથી હું આ દશાને પહોંચી છું. માટે જે ઉપાયથી રાજર્ષિને મ્હારી દયા આવે તે ઉપાય ત્હમને સારો લાગે તેમ કરો; નહિ તો મ્હારે સારૂ જવ તલ ને દર્ભ તૈયાર કરી રાખજો."

"સખિ! ભલે, ભલે. જેના ઉપર ત્હારી વૃત્તિ ચ્હોંટી છે તે ત્હને ઘટે એવો જ પુરુષ છે. સાગરને છોડી મહાનદી બીજે ક્યાં જવાની? લાંબા વેલાવાળી માધવીલતાને આંબા વગર કોણ ઝીલી શકે વારૂ?" પ્રિયંવદા બોલી.

હવે બન્ને સખીઓએ જાણ્યું કે શકુન્તલા ઉપર કામદેવનું સામ્રાજ્ય સારી પેઠે જામી ગયેલું છે, ત્હેને કોઈ પણ રીતે નિવૃત્ત કરાય તેમ રહ્યું નથી, તેથી હવે કયી રીતે ત્હેનો મનોરથ પૂર્ણ કરવો,—અને તે જલ્દીથી તથા કોઇ ન જાણે તેવી રીતે,—એ એક ગંભીર પ્રશ્ન થઈ પડયો. પરંતુ લાંબો વિચાર કરતાં એ કામ એટલું વિકટ ન લાગ્યું, કારણ કે રાજાની પણ શકુન્તલા તરફ ગાઢ સ્નેહ-દૃષ્ટિ છે એમ બન્ને સખીઓએ જોયું હતું; અને વિશેષમાં એના ચિન્તનમાં ને ચિન્તનમાં આટલા દિવસના ઉજાગરાથી રાજા પણ કૃશ લાગતો હતો એ પણ આ ચતુર સખીઓની જાણ બહાર ન હતું. તેથી ત્હેમણે નિશ્ચય કરી શકુન્તલાને રાજા ઉપર એક પ્રેમપત્રિકા લખવા માટે કહ્યું. તદનુસાર ત્હેણે એક પ્રેમનું જોડકણું જોડી કાઢ્યું, અને પાસે લેખનસામગ્રી નહિ હોવાથી એક કમળપત્ર ઉપર નખથી લખવા માંડ્યું. ત્હેણે નીચેનો શ્લોક લખ્યો:

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(આર્યાગીતિ)

"તુજ નવ જાણું હૈયું અંગો મ્હારાં અનંગ દિનરાત્રિ
શેકે છે, ઓ નિર્દય ! ત્હારામાં છે સમાઈ મુજ વૃત્તિ."

રાજા મંડપની બહાર છૂપાઇને આ સઘળું દશ્ય નિહાળ્યા કરતો હતો, ત્હેના અંતરમાં અનેક ભાવો ઉછાળા મારી રહ્યા હતા. તે અંદર જવા માટે પ્રસંગ શોધતો હતો. જ્યારે શકુન્તલાએ આ શ્લોક વાંચ્યો, ત્યારે ત્હેનાથી વધારે વખત બહાર રહેવાયું નહિ, અને તે એકદમ અંદર દાખલ થઈ નીચે પ્રમાણે બોલવા લાગ્યો:

(આર્યાગીતિ)

"મદન ત્હને તો શેકે, પણ બાળીને મ્હને કરે ખાખ
વારંવાર, કૃશાંગિ ! ચિત્તમાં વાર્તા ખરી ધરી રાખ."

રાજા પાસેની એક શિલા પર બેઠો.

રાજાને એકાએક આવેલો જોઇ શકુન્તલા ઉઠવા જતી હતી, પણ રાજાએ ત્હેને અટકાવી કહ્યું: "ત્હમારે ઉઠવાની તસ્દી લેવાની જરૂર નથી; નાહક વિવેક જવા દ્યો."

પછી પ્રિયંવદાએ વચમાં આવી કહ્યું: "ત્હમારી બન્નેની અન્યોન્ય પ્રીતિ છે એ પ્રત્યક્ષ છે; છતાં સખી પ્રત્યેના સ્નેહને લીધે એ વાત ફરી કહી જણાવવી ઠીક લાગે છે. વળી, પીડામાં આવી પડેલી પ્રજાનું દુઃખ નિવારણ કરવું એ રાજાઓનો ધર્મ છે. મ્હારૂં કહેવું એ છે કે આ અમારી પ્રિય સખી ત્હમારે લીધે મદનપ્રેરણાથી આ દશાને પહોંચી છે. એને જીવતી રાખવી ત્હમારે હાથ છે. માટે એના જીવ સારૂ કૃપા કરી થાય તેટલો ઉપાય કરવો ત્હમને ઘટિત છે."

"અમારો સ્નેહ પરસ્પર સાધારણ છે, તો પણ ત્હમે જે કહ્યું તે મ્હારા ઉપર મ્હોટી કૃપા થઈ છે." રાજાએ ગંભીરતાથી ઉત્તર આપ્યો.

વચમાં જ શકુન્તલા બોલી ઉઠી: "અલિ પ્રિયંવદા ! અંતઃપુરની રાણીઓના ઘણા દિવસના વિયોગે કરી રાજાજી ત્હેમને વહેલાં વહેલા મળવા જવાને આતુર થઈ રહ્યા હશે. માટે એમને શું કામ ખોટી કરે છે વારૂ ?"

રાજા જરા લજવાયો.

આ પ્રસંગ જોઇ અનસૂયાએ કહ્યું: "અમે સાંભળ્યું છે કે રાજાલોકને તો ઘણી લાડકી સ્ત્રીઓ હોય છે. માટે વિનંતી કે અમારી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રિય સખી સાથે તો આપ એવું વર્તન રાખશો કે જેથી એના બંધુજનને કદિ એને વિષે મનમાં સંતાપ થાય નહિ."

રાજાએ ઉત્તર આપ્યો: "સાંભળો. ઝાઝું કહેવામાં શો માલ? હું એટલું જ જણાવું છું કે જો કે મ્હારે ઘણી રાણીઓ છે તો પણ કુલના સ્તંભરૂપ તો ફક્ત બે જ છે: એક સસાગરા પૃથ્વી અને બીજી ત્હમારી પ્રિયસખી."

આથી સર્વેને સંતોષ થયો.

આ પ્રમાણે બધી વ્યવસ્થા થયા પછી પ્રિયંવદાએ અનસૂયાને અણુશારો કરી કહ્યું: "અલિ અનસૂયા! આ બાપડું હરણનું બચ્ચું અહીં તહીં નજર કરતું એની માને ખોળે છે. ચાલ, આપણે એને મા ભેગું કરીએ." એમ કહી બન્ને સખીઓ ચાલતી થઇ.

શકુન્તલાએ અધીરાઇથી કહ્યું: "અલિ બ્હેનો! ત્હમે બેઉ તો ચાલી, હવે હું કોને શરણે? મ્હને એકલી મૂકીને જશો કે?"

રાજાએ વચમાં ઉત્તર આપ્યો: "એ વાતની લગાર પણ ચિંતા કરીશ માં. આ ઉભો ત્હારી આરાધના કરનારો સેવક, ત્હારી પાંસે જ છું ની!"

પણ શકુન્તલા ઉઠીને સખીઓની પાછળ જવા તત્પર થઇ. રાજાએ ત્હેને અટકાવીને કહ્યું: "અહો સુંદરી! હજુ તાપ પૂરેપૂરો શમ્યો નથી અને ત્હારા શરીરના હાલ તો આવા છે, માટે અત્યારે જવું યોગ્ય નથી."

"અરે પુરુવંશના રાજા! વિનય રાખો; કામને લીધે હું બળેલી છું ખરી, પણ હજી હું મારા શરીરની માલિક નથી કે ત્હમારો મનોરથ પૂરો કરૂં." શકુન્તલાએ નમ્રતાથી પણ હીંમતથી જણાવ્યું.

"અરે ભીરુ! ત્હારા ગુરુનો ભય લગારે મનમાં આણીશ નહિ. પૂજ્યપાદ કુલપતિ ધર્મશાસ્ત્ર જાણે છે, માટે ત્હારૂં મ્હારી સાથે લગ્ન થશે એમાં એ કશો દોષ કાઢનાર નથી. ઘણી યે રાજકન્યાઓએ સ્વેચ્છાપૂર્વક ગાંધર્વવિવાહ કર્યાં છે, અને પાછળથી માબાપોએ ત્હેમાં સંમતિ આપેલી છે." રાજાએ આગ્રહપૂર્વક જણાવ્યું.

"તો ભલે, જવા દો મ્હને. હું મ્હારી સખીઓનો અભિપ્રાય લઈ આવું." શકુન્તલાએ કહ્યું.

આ રકઝક ચાલતી હતી એટલામાં બહારથી બૂમ સંભળાઇ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કે "અરે ચક્રવાકી! ત્હારા સહચરની રજા લઈ લે. હવે સાંજ પડવા આવી."

આ શબ્દોનો ભાવ સમજી **શકુન્તલાએ** કહ્યું: "અહો રાજા! ખરેખાત માજી ગૌતમી મ્હારા શરીરની ખબર પૂછવા માટે આ તરફ આવે છે. માટે ત્હમે આ ડાળીઓને ઓથે સંતાઇ રહો."

તે પ્રમાણે રાજા સંતાઈ ગયો. ગૌતમી હાથમાં મંત્રેલું જળ લઇને આવી પહોંચી. ત્હેણે **શકુન્તલાની** ખબર અંતર પૂછી, પવિત્ર જળથી માર્જન કર્યું અને કહ્યું: "બેટા, હવે સાંજ પડવા આવી; ચાલો ઘેર જઇએ."

**શકુન્તલાની** ઈચ્છા ત્યાંથી જવાની ન હતી, તો પણ બીજો કાંઇ ઉપાય ન હોવાથી તે કમને ચાલવા લાગી. જતાં જતાં તે બોલી: "અરે વેલ મંડપ! અરે સંતાપ દૂર કરનાર! ફરીથી ઉપભોગ અર્થે ત્હને આમંત્રું છું."

**શકુન્તલાના** ગયા પછી રાજા ત્હેની પુષ્પ શય્યા આગળ આવી નિઃશ્વાસ નાંખી સ્વગત કહેવા લાગ્યો: "અરે! રે! આપણી ઇચ્છેલી અર્થસિદ્ધિને કેટકેટલાં વિઘ્ન નડે છે!" આ પ્રમાણે દીલગીર થઈ વિચાર કરતો કરતો તે ત્યાંથી ચાલતો થયો.

## પ્રકરણ ૪ થું: શાપ અને વિદાય

દુષ્યન્ત અને **શકુન્તલાનાં** ગાંધર્વવિધિથી લગ્ન થયાં.

કેટલાક દિવસ પછી મહર્ષિ કણ્વ **સોમતીર્થથી** પાછા ફર્યા. એક દિવસ તેઓ અગ્નિગૃહમાં પ્રવેશ કરીને હોમકાર્ય કરતા હતા, એવામાં દેવવાણી થઈ–'હે મહર્ષિ! રાજા દુષ્યન્ત મૃગયાને માટે ત્હમારા તપોવનમાં આવી **શકુન્તલાનું** પાણિગ્રહણ કરી ગયા છે, અને **શકુન્તલા** પણ ત્હેના સંયોગથી ગર્ભવતી થઈ છે.' આ પ્રમાણે ઋષિએ **શકુન્તલાનો** પ્રેમવૃત્તાન્ત જાણ્યો અને પોતાની ગેરહાજરીમાં તથા સંમતિ સિવાય લગ્ન કર્યાં તે માટે અસંતોષ અગર ક્રોધ દર્શાવ્યો નહિ. ઉલટા ઘણા જ આનંદિત થઇને કહેવા લાગ્યા, 'મ્હારાં મ્હોટાં સુભાગ્ય કે **શકુન્તલાએ** આવા સુપાત્રને પોતાનો હાથ આપ્યો. જે કાર્યનો મ્હેં નિશ્ચય કર્યો હતો, તે કાર્ય જો દૈવે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જ પોતાની મેળે પરિપૂર્ણ કર્યું, તો ખરેખર અનાયાસે જ મ્હારી ઈચ્છા ફળીભૂત થઇ.' ત્યાર પછી તેઓ પ્રસન્ન મુખે **શકુન્તલાની** પાસે જઇ અતિશય સંતોષ દેખાડીને કહેવા લાગ્યા: "વત્સે ! ત્હારો પ્રેમવૃત્તાંત મ્હેં જાણ્યો છે, ને તેથી મ્હને અતિશય સંતોષ ઉપજ્યો છે, અને મ્હેં નક્કી કર્યું છે કે અવિલંબે બે શિષ્યો ને ગૌતમી જોડે ત્હને ત્હારા ભર્તાની પાસે મોકલું." એમ કહી તેઓ ચાલતા થયા.

**શકુન્તલા** પતિગૃહમાં મળનાર ભાવિ સુખદુઃખ તથા પતિ-પ્રેમના વિચારમાં લીન થઇને ઝુંપડીના બારણા આગળ બેઠી હતી. તેવામાં દૈવયોગે દુર્વાસા ઋષિ ત્યાં આવી ચઢ્યા, અને **भिक्षां देहि** કરીને બારણા આગળ ઉભા રહ્યા. આ વખતે **શકુન્તલા** રાજાના વિચારમાં એટલી બધી નિમગ્ન થઇ ગઈ હતી, કે ત્હેને પોતાની જાતનું કે બ્હારનું કાંઇ પણ ભાન રહ્યું ન હતું. દુર્વાસા મુનિની યાચના ત્હેના સાંભળવામાં આવી નહિ. આથી ઋષિ કુપિત થયા અને 'હે પાપણિ ! ત્હેં અતિથિની અવગણના કરી છે, ત્હેં વિચારમાં મગ્ન થઇને મ્હારી અવજ્ઞા કરી છે, તો હું ત્હને શાપ દઉં છું કે **જેના વિષે તું આટલી એકચિત્તે વિચાર કરી રહી છે, તે સ્મરણ કરાવ્યા છતાં પણ ત્હને સંભારશે નહિ.**' આવો દારુણ શાપ આપી તેઓ એકદમ ચાલતા થયા. હજુ પણ **શકુન્તલા** પૂર્વવત્ અબોધ જ બેસી રહી હતી. ત્હેને ઋષિનું કે શાપનું જરા પણ ભાન ન હતું.

આ વખતે પાસેની વાડીમાં **અનસૂયા** અને **પ્રિયંવદા** ફુલ ચુંટી રહી હતી. ત્હેમના કાન ઉપર ઋષિના આ શબ્દો અથડાયા.

"હાય ! હાય ! કેવી ખરાબી થઇ !" **પ્રિયંવદા** બોલી ઉઠી, "શૂન્યહૃદયા **શકુન્તલા** કોઈ પૂજનીય પુરુષની અપરાધી થઈ છે." એમ કહી તે તરફ નજર ફેંકીને તે **અનસૂયાને** કહેવા લાગી, "સખિ ! એ જેવો તેવો પુરુષ નથી; એ તો દુર્વાસા મુનિ છે. એમનો ક્રોધ જગજાહેર છે. એમને ક્રુદ્ધ થતાં વાર લાગતી નથી. જો, પેલા શાપ દઇને ક્રોધના આવેશમાં જલ્દી જલ્દી ચાલ્યા જાય છે."

"**પ્રિયંવદા** ! વૃથા ખેદ કર્યાથી કાંઇ ફળ મળવાનું નથી. જલ્દી જઇ ત્હેમને પગે પડી પાછા વાળ; હું એટલામાં ઝુંપડીમાં જઇ ત્હેમને માટે પાદ્ય અર્ધ્ય વગેરે તૈયાર કરૂં છું." **અનસૂયાએ** સમયસૂચકતા વાપરી કહ્યું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રિયંવદા એકદમ ત્યાંથી નીકળી, ઋષિ પાસે ગઇ અને થોડી વારમાં પાછી આવી કહેવા લાગી, "સખિ! આ ઋષિ જન્મના આડા છે, એ કોનું કહ્યું માનવાના?" તો પણ આમ તેમ સમજાવી મહા મહેનતે ઠેકાણે આણ્યા. એમનું પાછા વળવાનું મન ન જોયું ત્યારે એટલી વિનંતી કરી કે, "હે ભગવન્! આપના તપનું બળ કેટલું છે એ એણે કોઇ દિવસ જોયું નથી. માટે એ બાળકબુદ્ધિ-વાળી દીકરીમાણસનો આ પહેલ વહેલો અપરાધ છે એવું જાણી એને ક્ષમા કરો." પણ ઋષિ એકના બે થયા નહિ. આખરે ત્હેમણે કહ્યું કે, "મ્હારૂં વચન કદિ મિથ્યા જાય નહિ. પણ જા, એટલું થશે કે કોઇ આભૂષણની નિશાની જોવાથી મ્હારો શાપ વળી જશે." એમ કહેતાં કહેતાં તો તે અંતર્ધાન થઇ ગયા.

"હવે કાંઇક જીવમાં જીવ આવ્યો. એ રાજર્ષિએ પોતે જ જતી વખતે એમના નામના અક્ષરવાળી વીંટી એંધાણી દાખલ એને આપી છે; એટલે હવે શાપનો ઉપાય તો **શકુંતલા**ના હાથમાં જ છે." એમ કહી **અનસૂયા**એ પોતાનો સંતોષ જાહેર કર્યો.

બન્ને સખીઓ વાડીમાંથી બહાર આવી જુએ છે તો **શકુ-ન્તલા** સ્પંદહીન ચીતરેલી હોય તેમ બારણામાં બેઠેલી જણાઈ. આ જોઇ **પ્રિયંવદા**એ **અનસૂયા**ને કહ્યું, "બ્હેન! જો જો, **શકુન્તલા** પતિના વિચારમાં નિમગ્ન થઇને કેવળ શૂન્ય થઈ બેઠેલી છે. ત્હેને પોતાની જાતનું જ ભાન નથી, તો અતિથિ અભ્યાગતની તો વાત જ શી કહેવી?"

"સખિ **પ્રિયંવદા**! આ વૃત્તાંત આપણા મનમાં જ રાખવો જોઇએ: કોઇ પણ રીતે બીજાના કાને જવા દેવો નહિ. કદાચ આ વાત **શકુન્તલા**ના જાણવામાં આવશે તો ત્હેનું હૈયું ફાટી જશે!" **અનસૂયા**એ સૂચના કરી.

"ના, બ્હેન! ના. તું શું ઘેલી થઈ છે! આ બનાવ શું **શકુન્તલા**ને કહેવાય? મોગરવેલને તે ઉન્હું પાણી કોઈ રેડે?" **પ્રિયંવદા**એ અનુમોદન આપી પોતાના વિચાર જણાવ્યા.

* * * *

હવે **શકુન્તલા**ને પતિગૃહે જવાનો દિવસ આવ્યો. **શાર્ઙ્ગરવ** અને **શારદ્વત** નામના બે શિષ્ય **ગૌતમી** તથા **શકુન્તલા**ની જોડે જવા માટે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તૈયાર થયા. બંન્ને સખીઓએ શકુન્તલાને યથોચિત વસ્ત્રો તથા આભૂષણો પહેરાવ્યાં. ત્હેણે આશ્રમનાં વૃદ્ધ સ્ત્રીપુરૂષોને અનુક્રમે પ્રણામ કર્યાં, અને સર્વના આશીર્વાદ લીધા.

એટલામાં કણ્વ ઋષિ સ્નાનક્રિયાથી પરવારીને ત્યાં આવી પહોંચ્યા. તેઓ ગૃહસ્થ ન હતા, છતાં પણ પુત્રીવિરહનું દુઃખ ત્હેમને લાગતું હતું. તેઓ વિચારવા લાગ્યાઃ "આજ શકુન્તલા જશે, તેથી મ્હારૂં મન ઉત્કંહિત થાય છે, આંખમાં આંસુ ભરાઇ આવે છે, સાદ બેસી જાય છે ને બોલવાની શક્તિ રહેતી નથી. શરીર જડ સમાન થઇ જાય છે. કેવું આશ્ચર્ય! હું વનવાસી છું, ને સ્નેહથી મ્હારી આવી અવસ્થા થાય છે, ત્યારે સંસારી મનુષ્યોને કેવું દુઃખ થતું હશે? હવે જાણ્યું કે સ્નેહ અતિ ભયાનક વસ્તુ છે."

ત્યાર પછી પોતાનો શોકાવેગ સમાવીને શકુન્તલાને કહેવા લાગ્યા, "વત્સે! હવે ચાલવા માંડો, અમથો કાળ ગુમાવવાની જરૂર નથી." એમ કહી, તપોવનનાં તરુઓને સંબોધીને કહેવા લાગ્યા, "હે તરુઓ! જે ત્હમને પહેલાં જળસિંચન કર્યાં વિના જળ પીતી નહિ, આભૂષણો પ્રિય હોવા છતાં જે સ્નેહથી ત્હમારાં પલ્લવો તોડતી નહિ, ત્હમને જ્યારે કુસુમપ્રસવનો સમય થતો ત્યારે જેનો આનંદની સીમા રહેતી નહિ, તે શકુન્તલા આજ ત્હેના પતિને ઘેર જાય છે; ત્હમે સઘળાં ત્હેને યોગ્ય વિદાય આપો."

ત્યાર બાદ સઘળાં ઉઠયાં. શકુન્તલા ગુરુજનોને પ્રણામ કરી પ્રિયંવદાની પાસે જઇ અશ્રુપૂર્ણ નયનથી કહેવા લાગી, "સખિ! આર્યપુત્રને જોવા માટે મ્હારૂં ચિત્ત ઘણું આતુર થયું છે ખરૂં, પરંતુ તપોવન છોડી જવાને મ્હારા પગ ઉપડતા નથી."

"બ્હેન! તું જ કેવળ તપોવનવિરહથી મુંઝાય છે એમ નથી. ત્હારા વિરહથી તપોવનની કેવી અવસ્થા બની છે તે જો! જીવમાત્રનો આનન્દ આજ ઉડી ગયો છે. હરણો આહાર વિહાર છોડી સ્થિર ઉભાં રહેલાં છે, ત્હેમના મ્હોંમાંનો ઘાસનો કલ્લો મ્હોંમાંથી પડી જાય છે; મોર નૃત્યનો ત્યાગ કરી ઉભા છે; કોયલો આંબાના મ્હોરનો ઉપભોગ કરવો છોડી દઇ નીરવ થઈ બેઠી છે; ભ્રમરો મધુપાનથી વિરક્ત થઈ ગુંજારવ બંધ કરી બેઠા છે. સર્વત્ર શોકનું સામ્રાજ્ય પ્રસરેલું દેખાય છે." પ્રિયંવદાએ દુઃખથી કહ્યું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કણ્વ બોલ્યા, "વત્સે ! હવે શા માટે વિલંબ કરે છે? વખત થયો છે."

શકુન્તલાએ ઉત્તર આપ્યો: "તાત ! હું પેલી મ્હારી વનજ્યોત્સ્નાને મળી આવું." એમ બોલી તે વનજ્યોત્સ્ના પાસે જઇને કહેવા લાગી, "બ્હેન વનજ્યોત્સ્ના ! તું આંબાને વળગેલી છે ખરી, તો પણ લગાર ત્હારા આણી તરફ આવેલા શાખાબાહુથી મ્હને ભેટી લે. હું હવે દૂર દેશ જનાર છું, તેથી હવે ત્હારો મેળાપ મ્હને થશે નહિ."

ત્યાર પછી તે અનસૂયા અને પ્રિયંવદાને કહેવા લાગી: "સખીઓ ! તહમને એને આ વેલની સુપ્રત કરૂં છું. એને સંભાળજો."

"એ તો ઠીક, પણ આ બે જીવની કોને સુપ્રત કરી જાય છે?" એમ કહી બન્ને સખીઓ રડવા લાગી.

આ જોઈ કણ્વઋષિ બોલ્યા: "અનસૂયા ! પ્રિયંવદા ! ત્હમે શું ઘેલી થઇ છો ? ત્હમારે બેઉ જણીઓએ તો શકુન્તલાને ધીરજ આપવી જોઇએ."

એક પૂર્ણગર્ભા હરિણી પર્ણકુટીના આંગણામાં સૂતી હતી, ત્હેની તરફ નજર ગયાથી શકુન્તલાએ કણ્વને કહ્યું: "તાત ! જ્યારે આ હરિણી નિર્વિઘ્ને પ્રસવે, ત્યારે મ્હને ત્હેના સમાચાર મોકલજો; ભૂલશો નહિ."

"ના બેટા ! કદી નહિ ભૂલું." કણ્વે વહાલથી ઉત્તર આપ્યો.

કેટલાંક પગલાં આગળ ચાલી એટલામાં શકુન્તલાને કોઇ રોકતું હોય એમ પાછળથી ત્હેનું વસ્ત્ર ખેંચાવા લાગ્યું. આથી ત્હેણે પછવાડે જોયું તો એક હરણનું બચ્ચું ત્હેનું વસ્ત્ર મ્હોંમાં ઘાલી ખેંચતું હતું. ત્હેના શરીર પર હાથ ફેરવી તે બોલી: "બેટા ! હવે મ્હારી જોડે શા વાસ્તે આવે છે ? પાછો જા, હું ત્હને છોડીને જાઉં છું. ત્હારી મા મરી ગઇ ત્યારથી મ્હેં ત્હારૂં પાલનપોષણ કર્યું હતું. હવે જાઉં છું, પિતાજી ત્હારૂં રક્ષણ કરશે." એમ બોલીને તે રડતી રડતી આગળ ચાલી.

આવી રીતે અનેક પ્રકારના કારણથી જવામાં વિલંબ થતો જોઇને શાર્ઙ્ગરવ કણ્વને સંબોધીને બોલ્યો: "ભગવન્ ! આપને હવે વધારે દૂર જોડે આવવાનું પ્રયોજન નથી. ભાગોળના તળાવની પાળ સુધી સગાંવહાલાંઓએ વળાવવા જવું એવો સંપ્રદાય છે. આ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તળાવની તેડ આવી. તો જે કાંઈ સંદેશો કહેવાનો હોય તે કહી પાછા વળવું ઘટારત છે."

કણ્વે ઉત્તર આપ્યો: "ત્યારે આવો. આ અંજીરના વૃક્ષની તળે ટંડકમાં બેસી જરા વિસામો ખાઇએ."

જરા વિશ્રાંતિ લીધા પછી તેઓ ફરીથી બોલ્યા: "શાર્ઙ્ગરવ! શકુન્તલાને સોંપીને દુષ્યંત રાજાને મ્હારૂં નામ દઈ આટલો સંદેશો કહેજે: 'અમે વનવાસી છીએ; તપસ્યામાં કાલક્રમણ કરીએ છીએ; ત્હમે ઉચ્ચ કુળના વંશજ છો; અને શકુન્તલા બન્ધુવર્ગની સંમતિ લીધા સિવાય ત્હમારામાં અનુરાગિણી થઇ છે; આ સર્વનો વિચાર કરી, બીજી સહધર્મિણીના પ્રમાણે શકુન્તલામાં સ્નેહ રાખશો. મ્હારી આટલી પ્રાર્થના છે. એનાથી વધારે ત્હેના ભાગ્યમાં હશે તે બનશે. એથી વિશેષ અમારાથી બોલી શકાય નહિ."

ઋષિએ શકુન્તલાને ઉદ્દેશીને કહ્યું: "બેટા! હવે ત્હને કાંઈક શીખામણ દેવી જાઇએ. અમે વનવગડાના નિવાસી છીએ, પરંતુ સંસારની રીતભાતથી કેવળ અજાણ્યા નથી. તું પતિને ઘેર જઈ ગુરુજનોની સેવા કરજે. સપત્નીઓ સાથે પ્રિયસખી જેવો વ્યવહાર કરજે; દાસદાસીઓ સાથે નિપુણતાથી કામ લેવું. સૌભાગ્યગર્વથી અભિમાની થઇશ નહિ. ભર્તા કદાપિ રોષ કરે, તો પણ ત્હારે શાંતિ રાખી, કોઈ જાતનું પ્રતિકૂળ વર્તન કરવું નહિ. આવી રીતે સર્વ વ્યવહાર રાખ્યાથી સ્ત્રીઓ ઘરમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકે છે; એથી ઉલટું વર્તન રાખનારી કુલટાઓ કહેવાય છે."

"વાહ! આટલા ઉપદેશમાં વહુમાણસે કેમ ચાલવું એના સર્વ ધર્મ આવી ગયા. બેટા! આ બધું કાળજામાં કોરી રાખજે." વૃદ્ધ ગૌતમી બોલી ઉઠી.

પછી કણ્વે શકુન્તલાને કહ્યું: "બેટા! હવે અમે વધારે દૂર આવીશું નહિ, માટે મ્હને તથા ત્હારી સખીઓને છેલ્લી વારની ભેટી લે કે અમે રજા લઇએ."

"પિતાજી! પ્રિયંવદા અને અનસૂયા મ્હારી પ્રાણસખીઓ તે પણ અહીંથી જ પાછી જવાની કે? તેઓ મ્હારી સાથે નહિ આવે?" શકુન્તલાએ રડતાં રડતાં પૂછ્યું.

"નહિ, બેટા! એમને પણ પરણાવ્યા વગર છુટકો છે? માટે

ત્હારી સાથે એમને મોકલાય નહિ, પણ ગૌતમી આવશે." ઋષિએ ગદ્‌ગદ્ કંઠે ઉત્તર આપ્યો.

**શકુ**ન્તલા પિતાની કોટે વળગી પડી અને બોલી: "પિતાજી! મલયપર્વતની તળેટીમાંથી ઉખડી ગયેલી ચંદનલતાની પેઠે દાદાને ખોળેથી આજે હું ઉતરૂં છું. મ્હારા જીવને પરદેશમાં કેમ ધારણા રહેશે, વારૂ?" એમ કહેતાં કહેતાં ત્હેની બન્ને આંખમાંથી આંસુની ધારાઓ વહેવા લાગી.

"બેટા! આટલી બધી શા માટે અકળાય છે? તું સાસરે જઈ, ધણીની માનીતી રાણી થઇશ, અને રાજકાજમાં તથા ઘરકાજમાં અનેક રીતે ગુંથાયેલી રહીશ; તથા સૂર્યસમાન પુત્રને જન્મ આપી તું ઘરના ખટલામાં પરોવાઇ જઈશ, ત્યારે અહીંનો વિયોગ અને શોક ત્હને લગારે સાલશે નહિ." ઋષિ અશ્રુપૂર્ણ નયનથી બોલ્યા.

હવે **શકુ**ન્તલા પોતાની સખીઓ પાસે જઇને ત્હેમની વિદાય લેવા લાગી: "બ્હેનો, ત્હમે બન્ને જણીઓ મ્હને સાથે આલિંગન કરો."

બેઉએ આલિંગન કર્યાં. ત્રણે જણીઓ રોવા લાગી. થોડી વાર પછી સખીઓએ **શકુ**ન્તલાને કહ્યું: "બ્હેન! જો રાજા ત્હને જલદી ન ઓળખી શકે, તો ત્હેને આ સ્વનામાંકિત વીંટી બતાવજે."

"સખિ! ત્હમે આવી વાત શા માટે કરો છો? ત્હમારી આ વાત સાંભળી મ્હારૂં હૃદય કંપે છે." **શકુ**ન્તલાએ શંકા તથા ભય બતાવી કહ્યું.

"નહિ, બ્હેન! ભય રાખીશ મા. સ્નેહનો સ્વભાવ આ રીતનો છે, તે વિનાકારણ અનિષ્ટની શંકા કરે છે." બન્ને સખીઓએ ધીરજ આપી જણાવ્યું.

આ પ્રમાણે સર્વની વિદાય લઈ **શકુ**ન્તલા ગૌતમી તથા બે ઋષિકુમારો સાથે દુષ્યન્તની રાજધાની તરફ જવા માટે નીકળી. **અ**નસૂયા અને પ્રિયંવદા એક નજરે **શકુ**ન્તલાની પૂંઠે જોતાં રહ્યાં, અને જ્યારે તે ઝાડીઓમાં દેખાતી બંધ થઇ ગઇ, ત્યારે તેઓ ઉંચે સ્વરે આક્રંદ કરવા લાગી. મહર્ષિ ત્હેમને સાંત્વના આપી આશ્રમમાં લઇ ગયા. જતાં જતાં ઋષિ મનમાં બોલવા લાગ્યા: 'કન્યા એ પારકું ધન છે. માટે, જેમ માલિકને ત્હેની પોતાની થાપણ સોંપી દેવાથી ચિત્તને શાંતિ વળે છે, તેમ **શકુ**ન્તલાને સાસરે મોકલી આજ મ્હારા મનને અતિશય શાંતિ પ્રાપ્ત થઇ છે.'



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૫ મું: ભયંકર વિસ્મરણ

એક દિવસ રાજા દુષ્યન્ત રાજકાર્યથી પરવારીને એકાંતમાં બેઠો હતો. આ વખતે ત્હેનું ચિત્ત ભાવિ વિપદ્‌ના પૂર્વ ચિહ્નરૂપી તર્કવિતર્કમાં ઝોલાં ખાતું હતું; પરંતુ આમ શા માટે થાય છે, ત્હેનું કારણ તે કળી શકતો ન હતો. એટલામાં કંચુકીએ આવી, હાથ જોડી નિવેદન કર્યું: "મહારાજ! ધર્મારણ્યવાસી તપસ્વિઓ મહર્ષિ કણ્વનો સંદેશો લઇને આવ્યા છે. શી આજ્ઞા છે?"

રાજાએ તપસ્વી શબ્દ સાંભળતાં જ અતિશય આદર બતાવીને કહ્યું: "જલદીથી ઉપાધ્યાય સોમરાતને કહે કે અભ્યાગત તપસ્વિઓને, વેદ વિધિપૂર્વક સત્કાર કરી, અવિલંબે મ્હારી પાસે લાવે. હું પણ એટલામાં તપસ્વિ-દર્શનને યોગ્ય જગ્યામાં જઇને બેસું છું." એમ આજ્ઞા કરી કંચુકીને વિદાય આપી રાજા અગ્નિગૃહમાં જઈ બેઠો. તે મનમાં વિચાર કરવા લાગ્યો: 'ભગવાન કણ્વે શા વાસ્તે મ્હારી આગળ ઋષિઓ મોકલ્યા હશે? શું ત્હેમની તપશ્ચર્યામાં વિઘ્ન થતાં હશે? અથવા કોઈ દુરાત્મા ત્હેમની ઉપર જુલમ ગુજારતો હશે કે શું!' આ પ્રમાણે વિવિધ વિચાર કર્યાં છતાં તે કોઇ જાતનો નિર્ણય કરી શક્યો નહિ. ત્હેનું મન ઘણું આકુળ વ્યાકુળ થયેલું જોઇને પાસે ઉભેલી પરિચારિકાએ નમ્રતાથી કહ્યું: "મહારાજ! હું ધારૂં છું કે ધર્મારણ્યવાસી ઋષિઓ મહારાજના અધિકારમાં નિર્વિઘ્ને તપશ્ચર્યા કરે છે, એ કારણથી આનંદિત થઇને મહારાજને ધન્યવાદ તથા આશીર્વાદ આપવા તેઓ અહીં આવ્યા હશે."

દરમ્યાનમાં શકુન્તલાની જમણી આંખ ફરકવા લાગી હતી, તેથી તે ઘણી જ શંકિત થઇને ગૌતમીને પૂછવા લાગી: "માજી! મ્હારી જમણી આંખ શા માટે ફરકતી હશે વારૂ?" ગૌતમીએ ત્હેને ધીરજ આપી કહ્યું: "બ્હેન! શંકિત થઇશ મા. ત્હારા પતિની કુલદેવતાઓ ત્હારૂં મંગલ કરશે." તો પણ શકુન્તલાનું મન માન્યું નહિ: તે વિવિધ પ્રકારની શંકાઓ કરવા લાગી.

રાજાએ દૂરથી ઋષિઓ તથા શકુન્તલાને જોઇ. આ વખતે શકુન્તલાએ માથે બૂરખો નાંખેલો હતો તેથી ત્હેનું મ્હો દેખી શકાતું ન હતું. રાજા પરિચારિકાને કહેવા લાગ્યો: "આ બૂરખાવાળી સ્ત્રી કોણ હશે? તપસ્વિઓની જોડે તે શા માટે આવી હશે?"

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પરિચારિકાએ ઉત્તર આપ્યો: "મહારાજ! કાંઇ કૌતક જેવું મ્હને તો લાગે છે. તેથી આ ઠેકાણે ખ્યાલ પહોંચી શકતો નથી. પરંતુ આટલું ખરૂં છે કે આ આકૃતિ ઘણી જોવા લાયક દીસે છે."

"હશે. પરસ્ત્રી પર નજર નાંખવી ઘટારત નથી." રાજાએ ઉત્તર આપ્યો. એટલામાં પુરોહિત સાથે તાપસો રાજા પાસે આવી પહોંચ્યા.

"મહારાજનો જય થાઓ." ઋષિકુમારોએ રાજાને આશીર્વાદ આપ્યા. રાજાએ પ્રણામ કરી સર્વને યથોચિત આસને બેસાડી પૂછ્યું: "ઋષિઓની તપશ્ચર્યા તો નિર્વિઘ્ને ચાલે છે ની?"

ઋષિઓએ પોતાનો સંતોષ જાહેર કર્યો.

"રાજાનો ધર્મ છે કે પ્રજાનું રક્ષણ કરવું, અને તે કરવા માટે મ્હને રાજા કહે છે. વારૂ, હવે ભગવાન કણ્વ ઋષિ તો કુશળ છે ને?" રાજાએ નમ્રતાથી પૂછ્યું.

**શાર્ઙ્ગરવે** ઉત્તર આપ્યો: "સાધુ પુરુષનું કુશળ પોતાને સ્વાધીન છે. એમણે આપની ક્ષેમકુશળતા પૂછી આટલો સંદેશો કહાવ્યો છે."

"કહો, શી આજ્ઞા છે?" રાજાએ જણાવ્યું.

"એ કે આપે પરસ્પર ભાવથી મ્હારી દુહિતા સાથે ગાંધર્વ વિધિથી લગ્ન કર્યું તે વાત જાણીને પ્રસન્ન થઇ મ્હેં ખુશીથી તે વિશે અનુમતિ આપી છે. કારણ, આપ એક ઉચ્ચ કુળના ફરજંદ છો, અને **શકુન્તલા** સત્કૃતિની મૂર્તિરૂપ છે. તો આવી રૂડી જોડી રચીને વિધાતા ખરેખર કૃતકૃત્ય થયાં છે. હવે, એ ગર્ભિણી છે, માટે ત્હમારે બન્નેએ સાથે રહીને ધાર્મિક સંસ્કારો કરવા જોઇએ, તે સારૂ એનો રાજમંદિરમાં સ્વીકાર કરવો." **શાર્ઙ્ગરવે** મહર્ષિનો સંદેશો કહી સંભળાવ્યો.

**ગૌતમીએ** કહ્યું: "મહારાજ, મ્હારે કાંઇ બોલવાની ઇચ્છા છે, પરંતુ બોલવાનો અવસર નથી, તેથી બોલતી નથી. **શકુન્તલાએ** ગુરુજનોની વાટ જોઇ નહિ, ત્હમે પણ તેઓને પૂછ્યું નહિ. ત્હમે પરસ્પર સંમત થયાથી જે કર્યું છે ત્હેમાં બીજાને કહેવા જેવું શું હોય?"

ક્રોધી દુર્વાસાના શાપપ્રભાવથી દુષ્યન્ત **શકુન્તલા** વિષે સર્વ કાંઇ ભૂલી ગયો હતો. ત્હેના ચિત્તમાં જો કે એક પ્રકારની વ્યાકુળતા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થતી હતી, પરંતુ શાપનું બળ એટલું પ્રબળ હતું કે ત્હેની સ્મૃતિ ઠેકાણે રહી નહિ. તેથી તે આ સર્વ સાંભળીને આશ્ચર્ય પામી બોલ્યો: "આ વળી શું આવ્યું છે?"

**શ**કુન્તલાના હૃદયમાં એક ચીરાડો પડયો.

**શા**ર્ઙ્ગરવે જરા ઉત્તેજિત થઇ કહ્યું: "મહારાજ! આપ તો લૌકિક વ્યવહારથી કાંઇ અજાણ્યા નથી. આપ શું જાણતા નથી કે પરણેલી સ્ત્રી, ઘણી સાધુશીલ હોય તોપણ, જો પિતાના ઘરમાં રહે તો લોકો ત્હેના ઉપર અનેક દોષો આરોપે છે? એ વાસ્તે, તે પતિને અપ્રિય હોય, તો પણ સ્ત્રીને સાસરે રાખવી એ જ ત્હેનાં સગાં વહાલાંની ફરજ છે."

"શું એની સાથે મ્હેં આગળ કદી લગ્ન કર્યું છે?" રાજાએ અકળાઇને ઉદ્‌ગાર કાઢ્યો.

હવે **શ**કુન્તલાના હૃદયમાં ઉંડો ધ્રાસકો પડયો: 'હાય! જેની મ્હેં મનમાં બ્હીક રાખી હતી, તે વાત આગળની આગળ આવી ઉભી રહી!"

રાજાનો પ્રત્યુત્તર સાંભળી **શા**ર્ઙ્ગરવ વિશેષ ઉત્તેજિત થઈ કહેવા લાગ્યો: "મહારાજ! જગદીશ્વરે આપને ધર્મસંસ્થાપનના કાર્યમાં નિયોજિત કર્યા છે. બીજાઓ અન્યાય કરે તો આપ ત્હેમને દંડ દો છો. હવે હું આપને પૂછું છું કે રાજા થઇને કરેલા કામનો અસ્વીકાર કરે, તો તે ધર્મદ્રોહી કહેવાય કે નહિ?"

"આપ મ્હને આટલો નીચ શા માટે ગણો છો?" રાજાએ પૂછ્યું.

"મહારાજ! એમાં આપનો અપરાધ નથી. જેઓ ઐશ્વર્યમદમાં મત્ત હોય છે, ત્હેમના સ્વભાવ અને આચરણ આવાં જ હોય છે." **શા**ર્ઙ્ગરવે તપીને ઉત્તર આપ્યો.

"આપ મ્હને ગેરવ્યાજબી ઠપકો દો છો. હું કોઈ પણ રીતે આવાં વાક્યોને યોગ્ય નથી." રાજાએ ઠંડા પેટે જણાવ્યું.

હવે શું કરવું ત્હેનો તાપસોને પ્રશ્ન થઈ પડયો. અંતે ગૌતમીએ **શ**કુન્તલાને કહ્યું: "બેટા, હવે જરાએ શરમ રાખીશ નહિ. આવ, ત્હારા મ્હોં ઉપરનો ઘૂંઘટ કાઢી લઉં, જેથી ત્હને ત્હારો ભર્તા સારી પેઠે ઓળખી શકે." એમ કહી ત્હેણે **શ**કુંતલાના મ્હોં ઉપરથી ઘૂંઘટ ખેંચી લીધો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છતાં પણ રાજા ત્હેને ઓળખી શક્યો નહિ, અને સ્વસ્થ બેસી રહ્યો.

"કેમ મહારાજ! મૂગા કેમ બેસી રહ્યા છો?" શાર્ઙ્ગરવે પ્રશ્ન કર્યો.

"અરે તપસ્વિઓ! શું કહું? મ્હેં ઘણો ઘણો વિચાર કરી જોયો પણ એની જોડે મ્હેં વિવાહ કર્યો છે એવું કોઈ પણ રીતે મ્હને સ્મરણ થતું નથી. તેથી કેવી રીતે ભાર્યા તરીકે હું એનો સ્વીકાર કરૂં? વિશેષમાં, હાલ એ ગર્ભવતી છે." રાજાએ જણાવ્યું.

શકુન્તલા દિઙ્મૂઢ બની જઇ મનમાં કહેવા લાગી: "હાય! પરણ્યા વિષે જ રાજાને સંદેહ છે, તો પછી ભારે સુખ ભોગવવાના મનોરથ શી રીતે પાર પડવાના?"

"મહારાજ! વિચાર કરો. મહર્ષિએ કેટલી ઉદારતા બતાવી છે. ત્હેમની ગેરહાજરીમાં ત્હેમની કન્યાનું ત્હમે હરણ કર્યું, છતાં પણ ત્હેમણે ક્રોધ કે અસંતોષ બતાવ્યા વિના, સંપૂર્ણ સંતોષ દાખવ્યો છે, અને કન્યાને આપની આગળ મોકલી છે. હમણાં ત્હમે ત્હેનો અસ્વીકાર કરો છો, તેથી એ મહાનુભાવ મહર્ષિને ત્હમે અપમાન આપો છો. મહારાજને આવું વર્તન કોઇ રીતે યોગ્ય નથી." શાર્ઙ્ગરવે એક વધુ પ્રયત્ન કર્યો.

શારદ્વત જે શાર્ઙ્ગરવ કરતાં વિશેષ ઉતાવળીઓ અને ઉદ્ધત હતો, ત્હેણે કહ્યું: "શાર્ઙ્ગરવ! હવે વિશેષ બોલવાની કાંઈ આવશ્યકતા નથી. હું એક બોલમાં જ સર્વ વિષયનો અંત આણી દઉં છું." એમ બોલી તે શકુન્તલા તરફ ફર્યો અને ત્હેને સ્પષ્ટતાથી કહ્યું: "શકુન્તલા! અમારે જે કહેવાનું હતું તે અમે કહી નાખ્યું છે. રાજાએ જે ઉત્તર આપ્યો તે પણ તેં સાંભળ્યો છે. હવે ત્હારે જે કહેવાનું હોય તે કહે, અને જેથી એની ખાતરી થાય તેમ કર."

શકુન્તલાએ એક લાંબો નિઃશ્વાસ ખેંચ્યો. પછી તે ધીમે રહીને બોલવા લાગી: "આર્યપુત્ર!" પણ એટલા શબ્દો બોલી તે અટકી ગઈ. ત્હેને લાગ્યું કે જ્યારે વિવાહમાં જ સંદેહ છે, તો પછી "આર્યપુત્ર" શબ્દનો પ્રયોગ નિરર્થક છે. તે ફરીથી કહેવા લાગી: "પૌરવ! હું સરલ હૃદયની છું. સારૂં નરસું કાંઈ જ જાણતી નથી. તપોવનમાં આવી મમતા દેખાડી અને ધર્મને સાક્ષી કરી પ્રતિજ્ઞા લઈ, હવે આવાં દુર્વાક્ય બોલો છો! શું એ ત્હમને ઉચિત લાગે છે?"

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાજાથી આ વચનો સહન થયાં નહિ. તે કાને હાથ લગાડી જરા ક્રોધથી બોલ્યો: "ચૂપ રહે! હવે હું આવાં પાપી વચન સાંભળનાર નથી. મ્હારા કુળને શા માટે કલંકિત કરે છે?"

"હશે. પરસ્ત્રીનું ગ્રહણ કેમ કરૂં એવી જ જો ત્હમારા પેટમાં ખરેખરી શંકા હોય, તો તે શંકા નિવારણ કરવા માટે ત્હમને એંધાણી આપું, પછી કાંઇ?" શકુન્તલાએ આગ્રહથી કહ્યું.

"વાહ! એનાથી બીજું ઉત્તમ શું?" રાજાએ જણાવ્યું.

શકુન્તલાએ વીંટી કાઢવા માટે આંગળીએ હાથ લગાડયો, તો આંગળીમાં વીંટી મળે નહિ! આથી તે ફીક્કી પડી ગઇ અને ગૌતમી સામું જોવા લાગી.

ગૌતમીએ કહ્યું: "મ્હને લાગે છે કે ત્હેં વીંટી બરાબર મજબુત રીતે બાંધી નહિ હોય. ખરે, શક્રાવતારમાં શચીતીર્થના કુંડમાં તું જલવન્દન કરતી હતી, તે વખતે વીંટી નીકળી પડી તો નહિ હોય?"

"વાહ! કહેવત છે કે **प्रत्युत्पन्नमति स्त्रैणम्** 'સ્ત્રી જાતને બુટ્ટો ઉઠાવતાં વાર લાગતી નથી' તે આનું નામ!" રાજાએ પોતાનો ફ્ક્કો ખરો કરવા પ્રયત્ન કર્યો.

શકુન્તલાએ અતિશય ખેદથી નિઃશ્વાસ નાંખી કહ્યું: "જોયું? આ ઠેકાણે પણ નસીબ બે ડગલાં આગળનું આગળ! ખેર, હું ત્હમને એક વાત સંભારી આપું, જેથી ત્હમને ખાતરી થાય."

"હવે સાંભળવાની વાત આવી!" રાજાએ મજાકથી કહ્યું.

શકુન્તલાએ એક પૂર્વ વૃત્તાન્ત કહેવા માંડયો: "એક દિવસ નવમાલિકાના મંડપમાં આપણે બેઠાં હતાં, તે વેળા પાણીથી ભરેલું એક કમલપત્રનું પ્યાલું ત્હમે હાથમાં લીધું, નહિ વારૂ?"

"લીધું, પછી?" રાજાએ વાત ચલાવવાની ખાતર કહ્યું.

"તે વખતે દીર્ઘાપાંગ નામનું હરણનું બચ્ચું જેને મ્હેં છોકરૂં કરી પાળ્યું હતું, તે આપણી પાસે આવીને બેઠું. ત્હેના ઉપર ત્હમને દયા આવી, તેથી ત્હમે પોતે એ પાણી પીતા પહેલાં એ બાપડાને કહ્યું કે 'લે આ, તું પી.' ત્હમારી સાથે એને પરિચય નહિ, તેથી ત્હેને ત્હમારા હાથમાંથી પાણી પીવાનું મન થયું નહિ. પછી, મ્હેં તે પ્યાલું હાથમાં લીધું, એટલે તરત તે આવીને પાણી પીવા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લાગ્યું. તે વખતે ત્હમે હસીને નહિ બોલ્યા કે 'સહુ પોતપોતાનાં સગાંવહાલાંનો જ વિશ્વાસ રાખે છે? ત્હમે બન્ને જણ અરણ્યવાસી છો, એટલે એક બીજાની પતીજ પડે જ તો.' "

આ વૃત્તાન્ત સાંભળી રાજા બોલ્યો: "આવી મીઠી મીઠી બનાવટી વાતોથી વિષયી લોકોનાં મન ખેંચાય ખરાં!"

રાજાનાં આવાં આક્ષેપયુક્ત વચનો સાંભળી ગૌતમીથી રહેવાયું નહિ. તે બોલી ઉઠી: "મહારાજ! આવું બોલવું ત્હમને ઘટારત નથી. આ બાપડી તપોવનમાં ઉછરીને મ્હોટી થઈ છે; કપટ કેવું હોય તે એણે જન્મારામાં યે જાણ્યું નથી."

"અરે ડોશી મા! છેતરવું એ સ્ત્રીજાતિની સ્વભાવસિદ્ધ વિદ્યા છે, એ શીખવવી પડતી નથી. માણસ જાતની વાતો પડતી મૂકીએ, પશુપક્ષીઓમાં પણ એ વિદ્યા માદાઓને સ્વભાવસિદ્ધ હોય છે. જુઓ, કોઈ શીખવતું નથી, તોપણ કૉયલો કેવી છેતરપંડી કરી, પોતાનાં બચ્ચાંને જન્મ્યાં કે તરત બીજા પક્ષીઓના માળામાં મૂકી ઉછેરાવી લે છે!" રાજાએ ડહાપણનો ડોળ કરી જણાવ્યું.

આ છેલ્લા શબ્દો **શ**કુન્તલાથી સહન થઈ શક્યા નહિ. તે ક્રોધના આવેશમાં આવી બોલવા લાગી: "અનાર્ય! તું જેમ પોતાને છેતરે છે, તેમ બીજાને પણ ધારે છે? ત્હારે મન તો હું ગુણકા જેવી, કેમ? પુરુવંશના રાજા ઉપર વિશ્વાસ રાખી મ્હોડે મીઠા અને હૈડે વિષના ભરેલા પુરુષની સાથે મ્હારૂં પાનું પડ્યું એ જ ખેદની વાત છે!" એમ કહી તે મ્હોં ઉપર લૂગડાનો પાલવ ઢાંકી પોકેપોક રડવા લાગી.

**શા**ર્ઙ્ગરવે **શ**કુન્તલાને ઉદ્દેશીને કહ્યું: "જોયું? હાથનાં કર્યાં હૈયે વાગ્યાં. વગર વિચાર્યું કામ કરવાથી પાછળથી પસ્તાવો થયા વિના રહેતો નથી. પરસ્પરના મનની પરીક્ષા નહિ કરતાં પ્રીતિ કર્યાથી આખરે આમ વેર બંધાય છે."

"કેમ ભાઈ! આ સ્ત્રીના બોલવા ઉપર તમામ વિશ્વાસ રાખીને અમારા ઉપર ગાળોનો વરસાદ વરસાવો છો?" રાજાએ અધીરાઈથી પૂછ્યું.

**શા**ર્ઙ્ગરવે તિરસ્કારથી કહ્યું: "ત્હમને તે કેમ કહેવાય? ત્હમે તો મ્હોટા સત્યવક્તા! જે માણસ જન્મ લઇને કપટ એ શું છે તે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સમજ્યું જ નથી ત્હેનું કહેવું ખોટું, અને જે છેતરવું એને શાસ્ત્ર માનીને અભ્યાસ કરે છે ત્હેનું કહેવું યથાર્થ!"

"મહાશય! આપ મ્હોટા યથાર્થવાદી છો. હું કબુલ કરૂં છું કે છેતરવું એ જ મ્હારી વિદ્યા અને ઉદ્યોગ છે; પરંતુ આપને પૂછું છું કે એને છેતરીને મ્હને શો લાભ થવાનો છે?" રાજાએ પ્રશ્ન કર્યો.

"અધઃપતન! બીજો શો?" ક્રોધથી ધ્રૂજતા **શાર્ઙ્ગરવે** કહ્યું.

"પુરુવંશીયો અધઃપતન માગે છે, એ વાત અસંભવિત છે." રાજાએ જણાવ્યું.

આ પ્રમાણે બન્નેનો વાદવિવાદ ચાલતો જોઇને **શારદ્વતે** કહ્યું: "**શાર્ઙ્ગરવ**! હવે શા માટે થુંક ઉરાડે છે? આપણે ગુરુની આજ્ઞા પ્રમાણે કામ કર્યું છે. હવે ચાલો આપણે પાછા જઇએ." એમ કહી રાજાની તરફ મ્હોં ફેરવીને ત્હેણે કહ્યું: "મહારાજ! આ ત્હમારી પત્ની. ઇચ્છા હોય તો ત્હેને ગ્રહણ કરો, ઇચ્છા ન હોય તો ત્યાગ કરો. પત્નીના ઉપર લગ્ન કરનારનું સર્વ પ્રકારનું માલિકપણું છે." આમ કહીને **શાર્ઙ્ગરવ**, **શારદ્વત** અને **ગૌતમી** જવા નીકળ્યાં.

"શું આ તર્કટીએ મ્હને છેતરી જ! અને ત્હમે પણ આ અભાગણીને આમ ત્યજી જાઓ છો!" એમ બોલતી બોલતી **શકુન્તલા** પણ ત્હેમની પાછળ ચાલી.

**શાર્ઙ્ગરવે** ત્હેને અટકાવી અને ક્રોધથી કહ્યું: "કેમ અમર્યાદ! ત્હારા મનનું ધાર્યું કરવા બેઠી છે કે? રાજા જે પ્રમાણે કહે છે, તે પ્રમાણે જ જો તું હોય, તો તું કુલટા છે; તાત કણ્વ પણ ત્હારૂં મ્હોં જોશે નહિ. અને જો તું મનમાં પોતાને પતિવ્રતા માનતી હોય, તો સાસરે દાસી થઇને રહેવું એ પણ ઉત્તમ છે. માટે તું અહીંઆં જ રહે, અમે જઇએ છીએ."

"અરે તપસ્વિઓ! આ બીચારીને ઉંધું સમજાવી શા માટે ભમાવો છો? પુરુવંશીયો સંયમી છે. તેઓ પરસ્ત્રીનો સ્પર્શ પણ કરનાર નથી." રાજાએ આગ્રહપૂર્વક જણાવ્યું.

પણ તાપસો તો ચાલતા થયા. **શકુન્તલા** પાષાણની મૂર્તિ બની રહી.

હવે પુરોહિતે રાજાને જણાવ્યું: "મહારાજ! એક રસ્તો છે. આ સ્ત્રીને પ્રસવ થાય ત્યાં સુધી તે ભલે મ્હારે ત્યાં રહે. સાધુ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પુરુષોએ આગળથી જ આપને કહેલું કે આપને જે પહેલવહેલો પુત્ર થશે તે ચક્રવર્તી થશે. જો ઋષિનો દૌહિત્ર આ પ્રમાણે લક્ષણવાળો નિવડે, તો પછી એનો સત્કાર કરી અંતઃપુરમાં રાખવામાં બાધ નથી.”

“જેવી ગુરુજનની ઇચ્છા.” રાજાએ સંમતિ આપી.

તેથી પુરોહિત રડતી શકુન્તલાને લઈ ચાલવા લાગ્યો. એટલામાં એક તેજસ્વી અપ્સરા આવી ત્હેને ઉપાડી ચાલી ગઈ.

આ સઘળું દશ્ય જોઈ રાજા તો મૂઢ જ બની ગયો. ત્હેને કાંઇ પણ સૂઝ પડી નહિ. તે ત્યાંથી ઉઠ્યો અને શયનગૃહ તરફ ચાલતો થયો.

## પ્રકરણ ૬ ઠું : વીંટીનો ભેદ

શક્રાવતારના શચીતીર્થમાં સ્નાન કરતાં શકુન્તલાની વીંટી પાણીમાં પડી ગઇ હતી. પાણીમાં ડૂબતાં જ એક મ્હોટી માછલી ત્હેને ગળી ગઈ હતી. તે કેટલાક દિવસ પછી આ જ માછલી એક માછીની જાળમાં સપડાઇ ગઈ. માછીએ બીજાં માછલાં ભેગી એને પણ ઘેર આણી, અને ત્હેનું પેટ ચીર્યું, તો અંદરથી એક ચકચકિત રત્નજડિત વીંટી ત્હેના જોવામાં આવી. આનંદમાં મલકાતો તે માછી શહેરમાં આવી, ચોકસી બજારમાં એક પછી એક દુકાને પેલી વીંટી બતાવતો ફરતો હતો. એક ઝવેરીએ તે મણિમય વીંટી ઉપર રાજાનું નામ કોતરેલું જોઇને માછીને ચોર તરીકે સમજી, શહેરના કોટવાળને ખબર આપી. તે પ્રમાણે કોટવાળ બે સિપાઇઓ લઇને ત્યાં આવ્યો અને માછીને કેદ કર્યો. પછી ત્હેને બાંધીને પૂછ્યું: “અરે ચોર ! આ વીંટી ત્હને કયાંથી મળી તે કહે.”

માછી ડરી જઇને કહેવા લાગ્યો: “મહારાજ ! કૃપા કરો. હું એવું કામ કરનાર માણસ નથી.”

“હં. ત્યારે રાજાએ ત્હને સારો વિદ્વાન બ્રાહ્મણ જોઇને દાનમાં આપી હશે, કેમ ?” કોટવાળે ધમકાવીને પૂછ્યું.

“સાંભળો, માબાપ ! હું શક્રાવતાર ગામનો રહીશ, ને જાતે માછી છું. હું આ જાળ, આંકડા વગેરે સામાન વડે માછલાં પકડું છું ને તે વતી મ્હારા કુટુંબનું પેટ ભરૂં છું. એક દિવસે હું આ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લોહિતા મચ્છને ચીરી કટકા કરતો 'તો એટલામાં એના પેટમાંથી રત્ન જેવી ચળકતી ઉજળી વીંટી મ્હેં દેખી. પછી હું એ વેચવા માટે ચૌટામાં દેખાડતો દેખાડતો જતો 'તો, એટલામાં ત્હમે મ્હને પકડયો. જે હતું તે કહી દીધું. મારો કે જીવાડો. આ વીંટી કેવી રીતે મળી ત્હેની આ હકીકત છે.'' માછીએ વીંટીનો સવિસ્તર વૃત્તાંત જણાવ્યો.

કોટવાળે ત્હેની હકીકત સાંભળી લીધી. તે ઉપરથી ત્હેને માછી ઉપર જરા વિશ્વાસ આવ્યો. વિશેષમાં ત્હેનાં કપડાં વગેરેમાંથી માછલાંની જ વાસ આવતી હતી, તેથી તે માછી છે એ વાતનો ત્હેને નિશ્ચય થયો. તો પણ વીંટી ત્હેના હાથમાં કેવી રીતે આવી એ વિષયમાં ત્હેને હજુ સંદેહ રહ્યો હતો, તેથી માછીને સિપાઇઓના તાબામાં સોંપીને પોતે રાજાની હજુરમાં ગયો. રાજાને વીંટી બતાવી માછીએ કહેલી સર્વ હકીકત જણાવી.

વીંટી જોતાં જ દુર્વાસાનો શાપ નિવૃત્ત થયો, અને રાજાને **શ**કુન્તલા વિષેની સર્વ હકીકત પ્રત્યક્ષ થઇ. ત્હેણે એકદમ કોટવાળને હુકમ કર્યો કે 'માછીને વીંટીની કીંમત તથા ઇનામ આપી વિદાય કરો.' તે પ્રમાણે કોટવાળે આવી માછીને છોડી દીધો અને રાજાની આજ્ઞા પ્રમાણે ત્હેને પૈસા આપ્યા; અને તે ખુશી થતો થતો ચાલ્યો ગયો.

હવે, અથથી ઇતિ સુધી **શ**કુન્તલાનો વૃત્તાન્ત રાજાની સ્મૃતિમાં આવ્યો. તે ઘણો જ મુંઝાઇને વિલાપ તથા પરિતાપ કરવા લાગ્યો. ત્હેના પશ્ચાત્તાપનો પાર રહ્યો નહિ. રાજભવનમાં જ્યારે **શ**કુન્તલાનો તિરસ્કાર કર્યો, તે વખતની તે બિચારીની દયામણી મુખમુદ્રા ત્હેને વારંવાર સાંભરવા લાગી અને ત્હેને મર્માન્તિક દંશ દેવા લાગી. 'હવે **શ**કુન્તલાનાં પુનર્દર્શન થવાં અશક્ય છે' એમ ત્હેને પાકો નિશ્ચય થતાં તે નિરુત્સાહ બની ગયો. ત્હેને કોઈ પણ વિષયમાં હવે રસ પડતો નહિ. ખાવું, પીવું, રાજકાર્ય સર્વ કાંઈ ત્હેને મન શુષ્ક લાગવા માંડયું. **શ**કુન્તલાને દુઃખ દેવામાં પોતે કાંઈ બાકી રાખી નથી એ વિચાર ત્હેના મનમાં હમેશાં ઘોળાવા લાગ્યો. એક જ વિચાર, એક જ મનન, એક જ નિદિધ્યાસન. તે કોઈની સાથે વાતચિત પણ કરતો નહિ; વાતચિત ત્હેને ગમતી નહિ. આરંભમાં રાતદિવસ અશ્રુની અવિરત ધારા ત્હેનાં નેત્રમાંથી વહ્યાં કરતી, પાછળથી તે પણ સૂકાઈ ગઇ. ત્હેનું શરીર સૂકાવા લાગ્યું, ચહેરો હમેશાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ખિન્ન રહેતો. કેવળ ત્હેના મિત્ર **માઢવ્ય** સાથે તે ઘણી વાર બેસી રહેતો, અને **શકુન્તલા** વિષે વાતો કાઢી, શોકભારને હળવો કરવા પ્રયત્ન કરતો. પરંતુ આથી તો તે વિશેષ દુઃખી થતો.

એક દિવસ **માઢવ્ય** વિનોદાર્થે રાજાને પ્રમદવનમાં લઈ ગયો. ત્યાં માધવીમંડપમાં એક શીતળ શિલાસન ઉપર બન્ને જણ બેઠા. થોડી વાર શાંત રહ્યા પછી **માઢવ્યે** પૂછ્યું: "મિત્ર! જો ત્હમે તપોવનમાં **શકુન્તલા** જોડે વિવાહ કર્યો હતો, તો શા માટે તે આવી ત્યારે ત્હેને પાછી વાળી?"

રાજાએ દીર્ઘ નિઃશ્વાસ ખેંચી ઉત્તર આપ્યો: "વયસ્ય! આ વાત હવે શા માટે પૂછે છે? રાજધાનીમાં આવી હું એકાએક **શકુન્તલાનો** વૃત્તાન્ત વિસરી જ ગયો. શા માટે વિસરી ગયો તે હું સમજી શકતો નથી. તે દિવસે પ્રિયા અનેક રીતે મ્હને સમજાવવાનો પ્રયત્ન કરતી હતી, પણ મ્હારી મતિ—કોણ જાણે શાથી?—એવી જડ બની ગઈ હતી કે મ્હને તે વખતે કાંઇ પણ યાદ આવ્યું નહિ. ત્હેને સ્વેચ્છાચારિણી ધારી કેટલાંક ન કહેવાનાં વાક્યો કહી ત્હેની અવમાનના કરી. હાય!" એમ બોલતો બોલતો તે રડી પડ્યો; થોડી વાર મૂઢ સરખો બેસી રહ્યો. પછી ત્હેણે **માઢવ્યને** પૂછ્યું: "ઠીક, હું તો ભૂલી ગયો, ત્હને તો મ્હેં સર્વ કહ્યું હતું ને. ત્હેં શા માટે કથાપ્રસંગમાં કોઈ પણ દિવસે **શકુન્તલાની** વાત કાઢી નહિ? શું તું પણ મ્હારી પેઠે વિસરી ગયો હતો?"

"ત્હમે વિસરી જાઓ, પણ હું કેમ વિસરૂં? પરંતુ, બધું કહી રહ્યા પછી ત્હમે મ્હને એમ ન્હોતું કહ્યું કે 'આ તો બધું મ્હારૂં મશ્કરીનું બોલવું છે, હસવાની વાત છે? એ વાત સાચી નથી.' અને હું પણ એટલો મંદબુદ્ધિનો કે ત્હમારા કહ્યા ઉપર મ્હેં વિશ્વાસ રાખ્યો. વળી, ત્હમે ત્હેને પાછી ફેરવી તે દિવસે હું ત્હમારી પાસે ન્હોતો, નહિ તો જે કાંઇ સાંભળ્યું હતું તે તે વખતે કહેત." **માઢવ્યે** જણાવ્યું.

"વયસ્ય! એમાં કોનો દોષ કઢાય એમ છે? અદૃષ્ટ બળવાન છે. નસીબમાં લખ્યું તે મિથ્યા થતું નથી." રાજાએ નિઃશ્વાસ નાંખી કહ્યું; અને તે ઉંડા શોકમાં ગરક થઈ ગયો.

ત્હેને દિલાસો આપતાં **માઢવ્ય** બોલ્યો: "પ્રિય વયસ્ય! આવી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રીતે શોકસાગરમાં ડુબી જવું એ ત્હમારા જેવા માણસને લાયક નથી. સત્પુરુષ કોઇ દિવસ શોકમાં આમ ઢીલા થઇ જતા નથી. કદાપિ પર્વતને એકાદ વંટોળીયાનો ઝપાટો લાગ્યો, તો શું તેથી તે કાંઈ ડગી જવાનો ?"

"અહો મિત્ર! તિરસ્કારી કાઢતી વેળાએ વિહ્વળ થઈ ગયેલી પ્રિયાની અવસ્થા સાંભરી આવતાં હું કેવળ અસ્વસ્થ થઇ જાઉં છું. મ્હારાં તિરસ્કારયુક્ત વચનો સાંભળી તે બિચારી તાપસોની પાછળ ચાલવા લાગી; પણ ત્હેમાંના એક તાપસે ડોળા કાઢી ત્હેને 'ઉભી રહે!' કહી ધમકાવી. તે વખતે આ નિર્દય ઉપર ત્હેણે કરેલો અશ્રુપૂર્ણ અને ભયંકર દૃષ્ટિપાત હજુ મ્હારાં હૃદયમાં તીરની માફક ભોંકાયા કરે છે! હાય! હવે પ્રિયાનું દર્શન થવું અશક્ય છે. એક વાર મળે તો હું ત્હેની માફી માગી લઉં." રાજાએ હૃદયના ઉદ્‌ગાર કાઢયા.

"એમ નિરાશ માં થાઓ. કાળે કરીને એનો સમાગમ તો અવશ્ય થવાનો. આ વીંટીના જ દાખલા ઉપરથી ત્હમને નથી લાગતું કે બનવા કાળ હોય છે તો ગયેલી વસ્તુ પણ અણચિંતવી હાથમાં આવી જાય છે?" માઢવ્યે આશા અને સાંત્વના આપતાં કહ્યું.

વીંટીનું નામ લેતાં રાજાને વીંટી સાંભરી આવી. તેથી તે વીંટીને સંબોધીને કહેવા લાગ્યો: "અરે રે મુદ્રિકા! ત્હને દુર્લભ સ્થાન મળ્યું હતું, ત્યાંથી પડી તું ભ્રષ્ટ થઈ. મ્હારી પેઠે તું પણ અભાગણી જ છે. પ્રિયાની કોમળ આંગળી તજી તું શા માટે પાણીમાં પડી?"

"ભાઇ! આ નામાંકિત વીંટીને શા પ્રસંગે એને હાથે ઘાલી હતી?" વિદૂષકે જિજ્ઞાસાથી પૂછ્યું.

"ભાઇ! જ્યારે હું રાજધાની તરફ આવવા નીકળ્યો, ત્યારે પ્રિયાએ આંખમાં આંસુ લાવીને ગદ્‌ગદ્ કંઠે પૂછ્યું: 'આર્યપુત્ર! ક્યારે મ્હને રાજભવનમાં લઇ જશો?' ત્યારે મ્હેં આ અભાગણી વીંટી ત્હેની કોમળ આંગળીએ પહેરાવી કહ્યું: 'પ્રિયે! આ વીંટી ઉપર કોતરેલા મ્હારા નામના અક્ષરોમાંથી દરરોજ એક એક અક્ષર ગણીશ, અને જ્યારે ગણતરી પૂરી થશે ત્યારે મ્હારાં માણસો ત્હને તેડવા આવશે.' પ્રિયાની પાસે સરલ હૃદયથી આ પ્રતિજ્ઞા કરીને આવ્યો હતો, પરંતુ અહીં આવી મોહાંધ થઈ હું સર્વ વાત ભૂલી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગયો! હાય, વીંટી! હું ત્હને શો ઠપકો આપું? તું તો નિર્જીવ છે. મ્હેં જીવતા જાગતાએ શા માટે પ્રિયાનો ત્યાગ કર્યો? ખરેખર, આ વગર કારણે કરેલા ત્યાગને લીધે મ્હારૂં કાળજું બળીને ખાખ થઈ ગયું છે. હવે તો આ જીવની દયા લાવી ફરીથી દર્શન આપ." રાજાએ ઉંડી વેદના સાથે જણાવ્યું.

રાજા શોકાકુલ થઇ આમ વિલાપ કરે છે, એટલામાં ચતુરિકા નામની એક દાસીએ ચિત્રનું પાટીયું લાવી રાજાને આપ્યું. આ પાટીયા ઉપર રાજાએ પોતે શકુન્તલાને ત્હેની બન્ને સખીઓ સાથે ત્હેના પ્રથમ દર્શન પ્રમાણે ચીતરી હતી. માઢવ્ય તે ચિત્ર જોઈ આશ્ચર્યથી બોલ્યો: "વાહ મિત્ર! ચિત્ર તો બહુ નિપુણતાથી કાઢ્યું છે. ભાવદર્શન વસ્તુઓની મધુર યોજનાથી રમણીય લાગે છે. જુદા જુદા ઉંચા નીચા ભાગ એવા તો કાઢેલા છે કે મ્હારી દૃષ્ટિ ઉપર નીચે જતી હોય એમ લાગે છે. કેવું શરીરનું સૌંદર્ય છે! કેવો પ્રેમાળ ભાવ છે! મુખારવિંદમાં કેવો સલજ્જપણાનો ભાવ પ્રકાશે છે!"

આ સાંભળીને રાજાએ ઉત્તર આપ્યો: "સખે! ત્હેં પ્રિયાને પ્રત્યક્ષ જોઇ નથી, એટલે મ્હારા ચિત્રનૈપુણ્યની આટલી પ્રશંસા કરે છે. જો તું ત્હેને જોત, તો આ ચિત્રથી કદી પણ સંતુષ્ટ થાત નહિ. ત્હેના અલૌકિક રૂપલાવણ્યના કાંઈક અંશ માત્ર આ ચિત્રમાં આવિર્ભૂત થયા છે. ચતુરિકા! પીંછી અને રંગો લઈ આવ. હજી ઘણાક ભાગો ચીતરવા કરવાના બાકી છે."

ચતુરિકાના ગયા પછી રાજા માઢવ્યને કહેવા લાગ્યો: "સખે! હું સ્વાદુશીતળ જલપૂર્ણ નદીનો ત્યાગ કરી, હમણાં શુષ્કકંઠ થઈ મૃગતૃષ્ણિકામાં તરસની શાન્તિ કરવા ગૂંથાયો છું: સાક્ષાત્ ઘર-આંગણે આવેલી પ્રિયાનો અપમાનપૂર્વક તિરસ્કાર કરી હવે હું ત્હેનું ચિત્ર નિહાળી ચિત્તવિનોદ કરવા માગું છું! કેવી ભયંકર મૂર્ખતા!"

આવી રીતની વાતચિત થાય છે એટલામાં પ્રતિહારીએ આવી રાજાના હાથમાં એક પત્ર મૂક્યો. રાજાએ પત્ર ઉઘાડી વાંચ્યો અને તે બહુ દુઃખી થયો. તે બોલ્યો: "વયસ્ય! 'કોઇ વહાણવટી નામે શેઠ ધનમિત્ર વહાણમાં બેસીને જતો હતો. એટલામાં સમુદ્રમાં તોફાન જાગવાથી એ બિચારો વહાણની સાથે ડુબી મૂઓ. એને પેટ કાંઇ સંતાન નથી માટે એનું સઘળું દ્રવ્ય ધર્મશાસ્ત્ર પ્રમાણે સરકારમાં આવવું જોઇએ,' એમ પ્રધાનજી લખે છે. શિવ, શિવ, શિવ! સંતાન



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ન હોય એ મહાકષ્ટ છે. અરે રે! આ જ પ્રમાણે સંતાન વિનાનાં નિરાધાર કુળોમાં મૂળ પુરુષના મરવાથી સંપત્તિ પારકાને હાથ જાય છે! હાય, હાય! મ્હારા અંતકાળે પણ આ પુરુવંશની લક્ષ્મીની યે એવી જ વ્યવસ્થા થવાની!"

**માઢવ્યે** દિલાસો આપતાં જણાવ્યું: "પ્રિય વયસ્ય! **નારા**-યણ કરે ને એવું અનિષ્ટ ન થાય. ત્હમે અકારણ આટલો પરિતાપ કરો છો. ત્હમારૂં વય હજી એટલું વીતી ગયું નથી, કે હવે પ્રજા ઉત્પન્ન ન થાય. પ્રભુની ઇચ્છાથી થોડા વખતમાં જ ત્હમે પુત્રનું મુખ જોશો."

"મિત્ર! તું શા માટે વૃથા આશા આપે છે? ઘર પૂછતી લક્ષ્મી ચાંલ્લો કરવા આવી તે વખત એને અપમાન દઈ મ્હેં કાઢી મૂકી. મ્હને ધિક્કાર હજો! હવે પુત્રમુખ જોવાની આશા આકાશમાં!" રાજાએ ઉંડો નિઃશ્વાસ નાખી કહ્યું.

થોડી વાર પછી રાજાએ પ્રતિહારીને કહ્યું: "પ્રધાનજીએ લખ્યું છે કે **ધન**મિત્ર ઘણો ધનવાન હતો. તેથી હું ધારૂં છું કે ત્હેને પત્નીઓ પણ ઘણી હશે. ત્હેમાંથી કદાચ કોઇ ગર્ભવતી હોય, તો ત્હેની સંપત્તિનો માલિક આ ભાવી સંતાન રહેશે. પ્રધાનજીને આ બાબતની તજવીજ કરવાનું કહેજે." એમ કહી પ્રતિહારીને વિદાય કરી.

થોડીવાર થઇ એટલામાં ઇંદ્રનો સારથિ **માતલિ** દેવરથ લઇને આકાશમાંથી ત્યાં ઉતરી આવ્યો. ત્હેણે રાજાને નમસ્કાર કરી નિવેદન કર્યું: "મહારાજ! દેવરાજે મ્હને આપની પાસે એક કામ માટે મોકલ્યો છે તે સાંભળવા કૃપા કરશો. આજકાલ કાલનેમિનો પુત્ર દુર્જય બીજા કેટલાક દુર્દાન્ત દાનવો સાથે મળીને દેવતાઓનો મ્હોટો શત્રુ થઈ પડેલો છે. માટે દેવતાઓની ખાતર આપે કેટલાક દિવસ માટે દેવલોકમાં જઈ આ દાનવોનો વિનાશ કરવો પડશે. માટે આપ શસ્ત્ર લઇને આ આણેલા ઈંદ્રરથમાં બેસી દૈત્યોને જીતવા મ્હારી સાથે ચાલો."

"ઇંદ્રિરાજાની આટલી સંભાવનાથી એમનો મ્હારા ઉપર મ્હોટો ઉપકાર થયો છે." એમ કહી રાજાએ પોતાનાં શસ્ત્રો મંગાવ્યાં અને પોતે ઇંદ્રના રથમાં બેઠો. જતાં જતાં ત્હેણે **માઢવ્ય**ને કહ્યું કે "મિત્ર! પ્રધાનજીને કહેજો કે હું થોડા દિવસ માટે દેવકાર્યમાં રોકાયેલો છું; હું પાછો આવું ત્યાં સુધી ત્હમે એકલા રાજકાર્યની વ્યવસ્થા કરજો."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## પ્રકરણ ૭ મું : તપોવનમાં પુનર્મિલન

દુષ્યન્ત રાજાએ સ્વર્ગમાં જઇ, ત્યાં કેટલોક સમય રહી દાનવો સાથે તુમુલ યુદ્ધ મચાવ્યું અને ત્હેમનો સંપૂર્ણ પરાજય કર્યો. આથી સ્વર્ગના લોકોનો ભય ટળી ગયો અને તેઓ પુનઃ શાંતિનો આસ્વાદ લેવા લાગ્યા. દેવરાજ ઇંદ્રને અતિશય સંતોષ થયો અને ત્હેણે દેવોની સભા ભરી પોતાની સાથે અર્ધાસન ઉપર દુષ્યન્તને બેસાડ્યો. ત્યાં સર્વ દેવોની સમક્ષ ઇંદ્રરાજાએ ત્હેને ઘણું માન આપ્યું અને પોતાની મંદારપુષ્પની માળા ત્હેના ગળામાં પહેરાવી. પછી ઘણા ઠાઠમાઠથી દેવોએ દુષ્યન્તને સ્વર્ગમાંથી વિદાયગિરી આપી. તે ઇંદ્રના રથમાં બેસીને પૃથ્વી તરફ આવવાને નીકળ્યો. માર્ગમાં ઇંદ્રસારથિ માતલિને તે કહેવા લાગ્યો: "અહો માતલિ! ઇંદ્રરાજાની આજ્ઞા તો મ્હેં માથે ચઢાવી; તથાપિ ત્હેમણે કરેલો અતિશય સત્કાર જોતાં તો મ્હેં કાંઈ જ કર્યું નથી એમ મ્હને લાગે છે. મ્હને વળાવતી વખતે ઇંદ્રરાજાએ જે સન્માન આપ્યું છે, અહાહા! ત્હેનો સ્વપ્ને પણ મ્હને ખ્યાલ ન હતો."

"મહારાજ! દેવના તરફથી શા માનને આપ લાયક નથી? આપને જેટલું માન આપીએ તેટલું ઓછું સમજવું. આપે તો સ્વર્ગમાંથી દાનવનો કાંટો કાઢી નાંખ્યો છે." માતલિએ નમ્રતાપૂર્વક જણાવ્યું.

આ પ્રમાણે પરસ્પર વાતો કરતા કરતા અને એક પછી એક સુંદર દશ્યો જોતા જાતા તેઓ હેમકૂટ પર્વત ઉપર આવી પહોંચ્યા. રાજાએ પૂછ્યું: "માતલિ! આ પર્વત કયો? એ પૂર્વ પશ્ચિમ સમુદ્રમાં સ્નાન કરી રહેલો, અને સુવર્ણ રસની વહેતી નદીઓવાળો સંધ્યાકાળના સમૂહ જેવો શોભી રહ્યો છે?"

"આયુષ્મન્! એ તો હેમકૂટ. અહીં કુબેરના સેવકો કિન્નર લોકો રહે છે. તપસ્વિલોકોનું પણ આ ક્ષેત્ર છે. ભગવાન મરીચિપુત્ર કશ્યપ આ સ્થળે તપસ્યા કરે છે." માતલિએ જણાવ્યું.

"તો આવા સત્પુરુષનાં દર્શન કર્યા વિના જવું ન ઘટે; માટે એમની પ્રદક્ષિણા કર્યા પછી જવાની મ્હારી ઇચ્છા છે." રાજાએ પોતાનો મનોરથ દર્શાવ્યો.

"વાહ! ઉત્તમ વિચાર છે! મહર્ષિનો આશ્રમ અહીંથી ઘણો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જ પાસે છે. ચાલો આપણે જઇએ." એમ બોલી માતલિએ રથને થોભાવ્યો, અને બન્ને જણ ચાલવા માંડયા.

થોડે છેટે ગયા એટલે એક ઋષિકુમાર રસ્તામાં મળ્યો, ત્હેને માતલિએ પૂછ્યું: "ભગવાન કશ્યપની શી ખબર છે? હમણાં તેઓ કયાં છે?"

ઋષિકુમારે ઉત્તર આપ્યો: "ભગવાન કશ્યપ આશ્રમમાં બેસી પોતાની ધર્મપત્ની અદિતિ અને અન્ય ઋષિપત્નીઓને પતિવ્રતાના ધર્મ સમજાવે છે. માટે હમણાં દર્શનને વાર લાગશે."

પછી માતલિએ રાજાને કહ્યું: "મહારાજ! આ અશોક વૃક્ષના થડ આગળ છાયામાં આપ બેસો. હું એટલામાં ઇંદ્રગુરુ કશ્યપ મુનિની પાસે જઈ આપના આગમનના સમાચાર નિવેદન કરૂં." એમ કહી તે ઋષિના આશ્રમ તરફ ચાલ્યો.

રાજા થડને અઢી ત્યાં ઉભો હતો, એટલામાં ત્હેનો જમણો હાથ ફરકવા લાગ્યો. તેથી તે હાથને સંબોધીને કહેવા લાગ્યો: "અરે હસ્ત! મ્હેં અતિશય મૂર્ખપણાથી પ્રિયાનો ત્યાગ કર્યો છે, હવે કોઇ પણ પ્રકારના લાભની આશા વૃથા છે, તો તું શા માટે વૃથા ફરકી રહ્યો છે?" તે આ પ્રમાણે મનમાં બોલતો હતો એટલામાં 'તોફાન કર નહિ. આખરે ત્હારા સ્વભાવ ઉપર જ ગયો કે?' એવા શબ્દો એકાએક રાજાના કાન ઉપર પડયા. એ સાંભળી રાજા વિચાર કરવા લાગ્યો: 'અવિનયની આ ભૂમિ જ નથી; તમામ જીવજંતુ પોતપોતાના રાગદ્વેષ છોડી અહીં પરમ બંધુતાથી રહે છે. કોઈ પણ કોઈના તરફ અનુચિત વ્યવહાર કરતું નથી. તો આ ઠપકો કોને દેવામાં આવે છે?' એમ વિચાર કરતો કરતો જે દિશા તરફથી અવાજ આવતો હતો તે દિશા તરફ તે જોવા લાગ્યો. ત્હેણે જોયું કે એક પ્રભાવશાળી બાળક ધાવતા સિંહના બચ્ચાને વાળ ઝાલી ખેંચતો હતો અને પાસે બે તાપસીઓ ઉભી ઉભી ત્હેને વારી રહી હતી.

"અરે સિંહ! ઉઘાડ ત્હારૂં મ્હોડું, મ્હારે ત્હારા દાંત ગણવા છે." બાળક સિંહને ઉદ્દેશીને બોલ્યો.

"અલ્યા તોફાની! આ આપણાં બિચારાં જાનવરોને કેમ સતાવે છે? જાણતો નથી કે એ પણ ન્હાનાં છોકરાંની પેઠે આ તપોવનમાં ઉછરે છે? ત્હારૂં તોફાન તો વધતું જણાય છે. ઋષિયોએ ત્હારૂં નામ સર્વદમન રાખ્યું છે તે બરાબર જ છે." એક તાપસીએ કહ્યું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"ખરે, આ સિંહણ ત્હારા ઉપર ત્રાપ મારશે, એના બચ્ચાને છોડતો નથી તે." બીજી તાપસીએ ધમકી આપતાં કહ્યું.

"એંહ ! એમ હું ડરી જવાનો કે ?" બાળકે દૃઢતાથી જવાબ આપ્યો.

"બેટા! આ સિંહણના બચ્ચાને છોડી દે. ત્હને બીજું કંઈ રમકડું રમવા આપું." પહેલી તાપસીએ કહ્યું.

"ક્યાં છે? લાવ જોઇએ." એમ કહી બાળકે હાથ લાંબો કર્યો.

"સુવ્રતા ! આ તોફાની છોકરો કંઇ ત્હારા કહેવાથી શાંત બેસવાનો નથી. તું જા, મ્હારી કોટડીમાં ઋષિકુમાર માર્કંડેયનો માટીનો મોર છે તે લઇ આવ." બીજી તાપસીએ કહ્યું. આ સાંભળી સુવ્રતા મોર લેવા ગઈ.

દરમ્યાનમાં રાજા આ સઘળું દૃશ્ય જોયા કરતો હતો. તે મનમાં બોલ્યો: 'આ બાળકને જોઇ મ્હને એના ઉપર પેટના દીકરા જેવું વ્હાલ આવે છે. પેટ છોકરૂં નહિ તેથી મ્હને બીજાનાં છોકરાં ઉપર વ્હાલ આવે એમ તો નહિ હોય વારૂ ?' બાળકના દાડમની કળીયો જેવા દાંત, ત્હેનું મંદ મંદ હસવું, ત્હેનું કાલુ કાલુ બોલવું: આ સઘળું જોઇને રાજાના અંતરમાં અતિશય પ્રેમ ઉપજ્યો. પણ જ્યારે રમકડું લેવા બાળકે હાથ લાંબો કર્યો, ત્યારે એના હાથમાં ચક્રવર્તિપણાનું લક્ષણ જોઇને રાજાને ઘણું જ આશ્ચર્ય લાગ્યું.

દરમ્યાનમાં બાળકનું તોફાન વધતું જ જતું હતું. તે સિંહશિશુને અનેક રીતે પજવવા લાગ્યો. તેથી પાસે ઉભેલી તાપસીએ દૂર ઉભેલા રાજાને જોઇ કહ્યું: "ભાઈ! અહીં આવોની જરા. આ છોકરાએ સિંહણના બચ્ચાને સજ્જડ પકડ્યું છે, અને ત્હેને સતાવી રહ્યો છે. એને છોડાવો તો મ્હોટી કૃપા થશે."

તાપસીના શબ્દો સાંભળી રાજા બાળક પાસે ગયો અને ધીમેથી કહેવા લાગ્યો: "અરે ઋષિકુમાર! આ પવિત્ર તપોવનમાં રહીને ત્હમે આ પશુઓને પીડો છો; આવું વિરુદ્ધ વર્તન ત્હમારાથી કેમ રખાય ?"

એમ કહી ત્હેણે સિંહશિશુને બાળકના હાથમાંથી છોડાવ્યું, અને સ્પર્શસુખ અનુભવીને તે મનમાં ને મનમાં કહેવા લાગ્યો: 'આ પરાયા પુત્રને અડકવાથી મ્હારા રોમેરોમમાં આનંદની લહરીઓ વ્યાપી ગઇ છે. જે ભાગ્યશાળી પિતા આ મનોહર બાળકને ખોળામાં લઇ રમાડતો હશે ત્હેના સુખની સીમા આંકવી મુશ્કેલ છે.'

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"મહાશય ! ત્હમારો પાડ માનું છું. પણ આ ઋષિકુમાર ન્હોય." તાપસીએ કહ્યું.

"બાળકનો આકાર અને કામ જોઇને જણાય છે કે તે ઋષિકુમાર નથી, પણ આ સ્થળે ઋષિકુમાર સિવાય અન્ય બાળકનો પ્રવેશ અસંભવિત સમજીને મ્હેં ત્હેને ઋષિકુમારના નામથી બોલાવ્યો. પણ, જો એ ઋષિકુમાર નથી, તો તે કયા વંશનો છે વારૂ ?" રાજાએ પોતાની જિજ્ઞાસા જણાવી.

"મહાશય ! એ પુરુવંશનો છે." તાપસીએ ઉત્તર આપ્યો.

બાળક ઘણો જ તોફાની હોવા છતાં રાજાની આગળ ઘણો જ શાન્ત થયો એ જોઇને, તથા બન્નેના ચહેરામાં સરખાપણું જોઇને તાપસીને કયારનું યે આશ્ચર્ય લાગતું હતું. રાજાને પણ 'બાળક પુરુવંશનો છે' એ જાણીને ત્હેના વિષે વિશેષ જાણવાનું કુતૂહળ ઉત્પન્ન થયું હતું. તેથી ત્હેણે તાપસીને પુનઃ પ્રશ્ન કર્યો: "આ તો દેવભૂમિ છે, અહીં મનુષ્યો પોતાની મેળે આવી શકતા નથી. તો આ બાળકનો અહીં સંભવ કયાંથી ? એ વિષે શંકા રહે છે."

તાપસીએ ઉત્તર આપ્યો: "ત્હમે કહો છો એ વાત ખરી. પણ જ્યારે હું બધી વાત માંડીને કહીશ ત્યારે ત્હમને ભારે આશ્ચર્ય લાગ્યા વિના રહેશે નહિ. આ છોકરાની મા એક અપ્સરાની દીકરી થાય, અને એણે આ બાળકને અહીં જન્મ આપ્યો છે."

પુરુવંશ અને અપ્સરા સંબંધ આ બે શબ્દો સાંભળીને રાજાના હૃદયમાં પુનઃ આશાનો સંચાર થવા લાગ્યો. ત્હેની જિજ્ઞાસા વધી. તેથી ત્હેણે ફરીથી તાપસીને પ્રશ્ન કર્યો: "શું આપ કહી શકશો કે આ બાળક કયા પુરુવંશીય રાજાનો પુત્ર છે ?"

"મહાશય ! એ ધર્મપત્નીનો પરિત્યાગ કરનાર પાપાત્માનું તે કોણ નામ લે ?" તાપસીએ તિરસ્કારથી જણાવ્યું.

"અરે ! આ વાત તો મ્હને જ બરાબર લાગુ પડે છે !" રાજા મનમાં બબડયો. હવે ત્હેની જિજ્ઞાસા આગળ વધી, અને તે બાળકની માનું નામ પૂછવાનું ત્હેને મન થયું. પણ એટલો અવિનય કરવાની ત્હેની હીંમત ચાલી નહિ. એટલામાં બીજી તાપસી જે ઝુંપડીમાં માટીનો મોર લેવા ગઇ હતી તે આવી પહોંચી અને બાળકને કહેવા લાગી: "સર્વદમન ! લે આ શકુંત લાવી; એનું લાવણ્ય કેવું છે ? જો."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

'શકુંત' એ શબ્દ સાંભળી બાળક ચમક્યો અને આમતેમ જોઈ કહેવા લાગ્યો: "ક્યાં છે મ્હારી મા? મ્હારે એની પાસે જવું છે."

બાળક નામના સરખાપણાથી છેતરાયો એ જોઇને બન્ને તાપસીઓને જરા હસવું આવ્યું. ત્હેમાંથી એક બોલી: "બેટા! મ્હેં તો કહ્યું કે 'આ શકુન્ત એટલે પક્ષી—માટીનો મોર—લાવી છું તે લે. એનું સૌંદર્ય કેવું છે તે જો."

આ સર્વ જોઇને રાજા મનમાં ને મનમાં કહેવા લાગ્યો: 'અરે! એની માતુનું નામ પણ શકુન્તલા છે? કેવું આશ્ચર્ય! પણ ખરેખર મ્હારૂં મન ભ્રમિત થયું છે. શકુન્તલાની નામરાશિ તો ઘણી યે સ્ત્રીઓ હશે!'

"અરે! આ છોકરાને કાંડે મંત્રેલો દોરો દેખાતો નથી જો!" ઉદ્વેગ પામી તાપસી એકદમ બોલી ઉઠી.

"બાઈ! ચિંતા માં કરો. આ સિંહના બચ્ચા જોડે કુસ્તી કરતાં એ દોરો પડી ગયો હતો." એમ બોલી રાજાએ તે ઉપાડી લીધો.

"ઉપાડશો માં, ઉપાડશો માં, ભાઈ! ત્હમારો જીવ વહાલો હોય તો ઉપાડશો માં. અરે! રે! એમણે તો ઉપાડયો! હવે શી વલે!" એમ બોલી બન્ને તાપસીઓ પરસ્પર જોવા લાગી.

"એને અડકવાની ત્હમે મ્હને કેમ મના કરી વારૂ?" રાજાએ પોતાનો સંદેહ રજુ કર્યો.

પહેલી તાપસીએ ઉત્તર આપ્યો: "સાંભળો, મહારાજ! આ દોરો નામે અપરાજિતા કશ્યપ ઋષિએ એના જન્મકર્મ વિધિ કરતી વખતે બાંધ્યો હતો. એમાં ગુણ એવો છે કે કદિ જો એ છુટી જઇ ભોંય ઉપર પડે અને એના માબાપ સિવાય બીજો કોઈ ઉપાડી લે, તો એ દોરો સાપ થઇને તરત ઉપાડનારને ડસે છે. અને આવું ઘણી વાર બનેલું છે."

હવે રાજાના હર્ષનો પાર રહ્યો નહિ. ત્હેને ખાતરી થઈ કે તે બાળક પોતાનો જ પુત્ર છે.

તાપસીઓએ આશ્રમમાં જઈ આ સઘળી આશ્ચર્યકારક ઘટના શકુન્તલાને કહી સંભળાવી; તેથી તથા ઘણો વખત થયાં પુત્રને દીઠો ન હતો તેથી તે ઉત્કંઠિત થઇને તાપસીઓ સાથે ત્યાં આવી પહોંચી.

રાજા વિરહથી સૂકાયલી, દુઃખથી દબાયલી, ફીકી પડેલી શકુન્તલાને સખેદાશ્ચર્ય એકીટશે જોવા લાગ્યો. થોડી વાર અવાક્

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થઇ તે મૂઢની માફક ઉભો રહ્યો. ત્હેના મ્હોંમાંથી એક પણ શબ્દ નીકળી શકયો નહિ. શકુન્તલા પણ રાજાનો ફીકકો ચહેરો જોઈ સ્થિર નયને ત્હેના તરફ તાકી રહી.

આખરે પોતાના મનનો વેગ શમાવીને રાજા શકુન્તલા તરફ ધીમેથી ગદ્‌ગદ્‌ કંઠે કહેવા લાગ્યો: "પ્રિયે! મ્હેં ત્હમારા ઉપર અતિશય જુલમ ગુજાર્યો છે. હાય! તે વેળાએ મ્હારી બુદ્ધિમાં અતિશય ભ્રમ પેદા થયો હતો, સ્મૃતિ ગુમ થઇ ગઈ હતી. મ્હેં અતિ ક્રૂરપણાથી ત્હમારૂં અપમાન કરી રાજભવનમાંથી કાઢી મૂકયાં, ત્યાર પછી કેટલાક દિવસે મ્હને સઘળો વૃત્તાંત યાદ આવ્યો. આ બધું શાથી બન્યું તે હું કહી શકતો નથી. ત્યાર પછીથી મ્હારા દહાડા કેવા દુઃખમાં જાય છે એ મ્હારો અંતરાત્મા જાણે છે. ત્હમારૂં દર્શન ફરીથી આ અભાગીયાને થશે એમ મ્હને મુદ્દલે આશા નહોતી. પણ અંતે પ્રભુએ સૌ સારાં વાનાં કર્યાં છે. હવે ત્હમે ગઈ ગુજરી ભૂલી જજો, હંમેશને માટે ભૂલી જજો; અને મ્હારો અપરાધ ક્ષમા કરશો." એમ બોલતો બોલતો અને રડતો રડતો રાજા શકુન્તલાના ચરણમાં ઢળી પડયો.

શકુન્તલા જે અત્યાર સુધી કાષ્ઠની પૂતળીની માફક આશ્ચર્યમાં ગરક થઈ સ્તબ્ધ ઉભી હતી તે એકાએક ચમકી, અને રાજાને ઉઠાડી નમ્ર ભાવે બોલવા લાગી: "ઉઠો, પ્રાણનાથ! ઉઠો. એમાં ત્હમે શું કરો? ત્હમારો કાંઈ વાંક નથી. મ્હારા દૈવનો જ વાંક. નહિ તો તમ સરખા આવા દયાળુ પતિ કદી મ્હારા તરફ કઠોર થાય જ કેમ?" રાજા ઉઠયો.

"પણ આ અભાગણી ત્હમને શી રીતે સાંભરી આવી?" શકુન્તલાએ હર્ષશોકથી રડતાં રડતાં પ્રશ્ન કર્યો.

રાજાએ શકુન્તલાનાં અશ્રુ લૂછી નાંખી કહ્યું: "પ્રિયે! જુઓ આ વીંટી. તે વખતે ત્હમે મ્હને એ દેખાડી શકયાં ન હતાં, પણ કેટલાક દિવસ પછી જ્યારે તે અચાનક મ્હારા હાથમાં આવી પડી ત્યારે આપણો સઘળો વૃત્તાન્ત મ્હારી સ્મૃતિમાં તાદૃશ્ય ખડો થયો." એમ કહી પોતાના હાથેથી વીંટી કાઢીને રાજા શકુન્તલાની આંગળીએ પહેરાવવા લાગ્યો. પણ શકુન્તલાએ ઉત્તર આપ્યો: "આર્યપુત્ર! હવે મ્હને એ વીંટી ઉપર વિશ્વાસ નથી. એણે મ્હારી ખરાબી કરી છે. એને ત્હમારી જ આંગળીએ રહેવા દ્યો."

"મા, મા! આ ભાયડો કોણ છે વારૂ? એ મ્હને બેટા બેટા કહી વ્હાલ કરે છે." બાળકે શકુન્તલાને પૂછ્યું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"બાપુ! ત્હારા સદ્‌ભાગ્યને પૂછ." શકુન્તલાએ ટુંકો જ ઉત્તર આપ્યો. એટલામાં માતલિ હસતો હસતો ત્યાં આવી પહોંચ્યો અને કહેવા લાગ્યો: "મહારાજ! દૈવયોગે ધર્મપત્નીનો અને ત્હમારો સમાગમ થયો તથા પુત્રનું મુખદર્શન થયું તેથી હું ત્હમને વધામણાં દેઉં છું. ભગવાન કશ્યપ પણ આ વૃત્તાંત જાણીને ઘણા આનંદિત થયા છે. તેઓ દર્શન આપવા બેઠા છે, માટે ચાલો."

રાજાએ શકુન્તલાને કહ્યું: "પ્રિયે! પુત્રને લઇને ચાલો. ત્હમને આગળ કરી ભગવાન કશ્યપ મુનિનાં દર્શન કરવાં એવી મ્હારી ઇચ્છા છે."

"હું આર્યપુત્ર સાથે ગુરુને પગે લાગવા જતાં લજવાઉં છું." શકુન્તલાએ નમ્રતાથી જણાવ્યું.

"પરંતુ રૂડે અવસરે તો સજોડે જવું ઘટિત છે, માટે ચાલો." રાજાએ આગ્રહપૂર્વક કહ્યું.

તે પ્રમાણે રાજા સહકુટુંબ માતલિ સાથે ઋષિનાં દર્શન કરવા ગયો. ત્યાં દેવમાતા અદિતિ અને કશ્યપ એકાસન ઉપર બેઠેલાં હતાં. ત્હેમને સહકુટુંબ સાષ્ટાંગ પ્રણામ કરીને રાજા ઉભો રહ્યો.

"વત્સ! ચિરંજીવી થઈ ભૂમંડળનું પાલન કરો!" ઋષિએ પ્રસન્ન થઇ રાજાને આશીર્વાદ આપ્યો.

"વત્સે! ત્હારો પતિ ઇન્દ્ર સરખો છે, પુત્ર જયન્ત સરખો છે, તું શચી સરખી થા." ઋષિએ શકુન્તલાને આશીર્વાદ આપ્યો.

પછી સર્વે યથોચિત બેઠાં. ત્યાર બાદ રાજાએ હાથ જોડી વિનયથી કહેવા માંડયું: "ભગવન્! આપની કૃપાથી આપની પાસે આવતા પહેલાં જ મ્હારી સર્વ મનકામના સિદ્ધ થઈ ગઇ અને પછી આપનાં દર્શન થયાં. તો આપનો આ અનુગ્રહ અપૂર્વ પ્રકારનો જ છે. ભગવન્! મ્હારા મનમાં એક સંદેહ રહે છે, ત્હેનું નિરાકરણ કરવા આપ કૃપા કરશો. આ આપના આજ્ઞાંકિત સેવકનું ગાંધર્વ વિધિથી લગ્ન થયું હતું. પછી કેટલોક સમય ગયે એનાં બાંધવો એને મ્હારી પાસે લાવ્યાં. પરંતુ મ્હને કંઈ એ વાતનું લક્ષ રહ્યું નહિ, ને મ્હેં એને તિરસ્કાર કરી છાંડી. માટે એના તથા આપના સગોત્ર કણ્વ ઋષિના અપરાધમાં હું આવ્યો છું. પાછળથી આ અંગુઠી મ્હારી નજરે પડયાથી મ્હારા સમજવામાં આવ્યું કે મ્હેં કણ્વ ઋષિની દુહિતા સાથે પૂર્વે લગ્ન કર્યું હતું. આ સર્વ ઘટના મ્હને બહુ આશ્ચર્યકારક લાગે છે."

કશ્યપ ઋષિએ જરા હસી ઉત્તર આપ્યો: "વત્સ! ત્હેમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ત્હારી જાતને અપરાધી ગણીશ નહિ. ત્હારૂં જે ચિત્તભ્રમણ થયું હતું, તે ત્હેં કાંઇ જાણી જોઇને કર્યું ન હતું...જ્યારે મેનકા પોતે અપ્સરાતીર્થમાંથી ઉતરી પાછી વળતી હતી તે વખતે ત્હેના જાણવામાં આવ્યું કે શકુન્તલા મહાસંકટમાં આવી પડી છે, ત્યારે એના મનમાં મ્હોટી ચિંતા ઉત્પન્ન થઈ. પછી એ એને અહીં લઈ આવી અને અદિતિને સોંપી. પાછળથી એને જોઇને હું ધ્યાનમાર્ગે સમજી ગયો કે ત્હેં આ બિચારી ધર્મ પ્રમાણે ચાલનારી તપસ્વિનીને છાંડી ત્હેનું કારણ દુર્વાસા ઋષિનો શાપ હતો, તેથી જ, કાંઈ બીજા કારણથી નહિ; અને તે શાપ આ અંગુઠી દીઠેથી મટવાનો હતો. હવે ત્હમારે બન્નેએ મનમાં જરા યે શંકા રાખવાની જરૂર નથી. ત્હમો સુખી થઇને ધર્મકાર્ય કરો.

દુષ્યન્ત અને શકુન્તલા ઉભયને આથી અપૂર્વ આનંદ થયો. રાજા લોકનાં મ્હેણાંમાંથી મુક્ત થયો તેથી ત્હેના મનમાં દુઃખનો ભાર હલકો થયો.

શકુન્તલા પણ મનમાં વિચાર કરવા લાગીઃ "અરે! શી દૈવની ગતિ! પ્રાણનાથે મ્હારો ત્યાગ કર્યો હતો તે કાંઇ વગર કારણે કર્યો ન હતો. શાપ થયો એમ મ્હને સાંભરતું નથી, પણ શાપ થયો હશે અને હૈયાસૂનીએ મ્હેં તે જાણ્યો નહિ. મ્હારી સખીઓએ મ્હને એવું કહી મૂક્યું'તું કે જો ત્હારો ભર્તા ત્હને ભૂલી જાય, તો ત્હેને વીંટી બતાવજે. તે એ જ કારણથી હશે!"

"રાજન્! આ બાળક ત્હારા વંશની પ્રતિષ્ઠા છે. એમ જાણજે કે એ ત્હારી પેઠે ચક્રવર્તી રાજા થશે. અરણ્યનાં સર્વ જીવ-જન્તુઓનું એ દમન કરે છે માટે એનું નામ સર્વદમન પાડ્યું છે. પાછળથી એ સમગ્ર ભુવનનો ભર્તા થઈ ભરત નામથી પ્રસિદ્ધ થશે." ઋષિએ બાળક વિષે જણાવ્યું.

"ભગવન્! જ્યારે આપેજ એને સંસ્કાર કર્યો, તો હવે અમારી પણ એને વિષે મ્હોટી ઉમેદ રહે છે." રાજાએ નમ્રતાપૂર્વક કહ્યું.

તરત જ ઋષિએ કણ્વ અને મેનકાને પણ આ શુભ સમાચાર મોકલાવ્યા. છેવટે કશ્યપ ઋષિએ કહ્યું: "ભાઇ, હવે ત્હમે સ્ત્રી તથા પુત્ર સાથે ઈન્દ્રના રથમાં બેસી રાજધાનીએ સિધાવો, અને ચિરંજીવ રહી સુખી થાઓ."

"જેવી ભગવાનની આજ્ઞા" એમ કહી રાજા ઉઠ્યો અને સ્ત્રીપુત્ર સાથે ઇંદ્રના રથમાં બેસી રાજધાની તરફ જવા નીકળ્યો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# (૫) કુમારસંભવ યાને તારકાસુરવધ

## પ્રકરણ ૧: ઉમાજન્મ અને સેવાનો આરંભ

ઉત્તર દિશામાં દેવતારૂપ પર્વતરાજ હિમાલય વિરાજે છે. ત્હેનું વિશાળ કલેવર પૂર્વ-પશ્ચિમ સમુદ્રને અડકીને રહેલું હોવાથી તે જાણે પૃથ્વીનો વિસ્તાર માપવાની પટ્ટી ન હોય ! એમ સ્વાભાવિક ભાસ થાય છે. પૂર્વે સર્વ પર્વતોએ ભેગા મળીને આ હિમાલયને વત્સ, અને મેરુને દોગ્ધા ( દૂધ દોહનાર, ગોવાળ ) બનાવી ગોરૂપ ધારણ કરેલી પૃથ્વીનું દોહન કરી તેજસ્વી રત્નો અને દિવ્ય ઔષધિઓ નીપજાવી કાઢી હતી.

આ પર્વતરાજ અનંત રત્નોની ખાણ હોવા છતાં ત્હેના પર હમેશાં રહેલા બરફના ઢગલાઓથી ત્હેની શોભામાં યત્કિંચિત્ પણ ન્યૂનતા આવતી નથી; કારણ કે જેમ ચંદ્રનાં શ્વેત કિરણોમાં ત્હેનો ડાઘ સ્પષ્ટ દીસતો નથી, તેમ અનેક ગુણોના રાશિમાં આવો એકાદ દોષ ખાસ દોષ તરીકે દૃષ્ટિગોચર થતો નથી.

હિમાલય ઉપર અનેક ધાતુઓ આવી છે, ત્હેમાં વાદળાંનાં ધાબાં પડવાથી અકાલ સંધ્યા થઈ રહે છે. આ પર્વત એટલો ઉંચો છે કે વાદળાં ત્હેના મધ્યભાગ સુધી આવી રહે છે. એ વાદળાંની છાયા નીચે બેસી અનેક સિદ્ધ સાધુઓ તપશ્ચર્યા કરે છે. સિંહોના હાથે હણાયલા અનેક ઉત્તમ હાથીઓનાં ગંડસ્થમાંથી પડેલાં તેજસ્વી મોતીઓના આધારે કિરાત લોકો સિંહના માર્ગ શોધી કાઢે છે. ત્યાં અનેક ભૂર્જવૃક્ષો આવેલાં છે. ત્હેની છાલ ઉપર વિદ્યાધર સુંદરીઓ ધાતુરસ વડે પ્રણય-લેખો લખે છે. ત્યાં ડોલતાં અનેક વાંસનાં વનોમાં સુસવાટા મારતો પવન ગાયન ગાતા કિન્નરોનાં જોડાંઓને સૂર આપી રહ્યો છે. ત્યાં થોકબંધ ઉગેલાં દેવદાર વૃક્ષોમાંથી ઝરતા રસને લીધે ત્હેનાં શિખરો સુગંધિમય બન્યાં છે. અનેક તેજસ્વી ઔષધિઓના પ્રકાશમાં કેટલાંયે સુખી જોડાં પર્વતગુફાઓમાં વિહાર કરે છે.

ખરેખર, પર્વતરાજ તે પર્વતરાજ જ છે ! ચમરી ગાયો પોતાની ચંદ્રકિરણ જેવી શ્વેત ચમરીઓ ( પૂછડાં ) આમ તેમ હલાવી પર્વતરાજને પવન ઢોળે છે. ભાગીરથીનાં જલબિંદુથી શીતળ બનેલો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વાયુ દેવદારને ડોલાવતો, મોરપિચ્છોને હલાવતો, કિરાતી લોકોને આનંદ પમાડી રહ્યો છે. ત્હેનાં ઉચ્ચતમ શિખરો પર આવેલાં સરોવરમાંનાં કમળોમાંથી સપ્તર્ષિઓના હાથે ચૂંટાતાં બચલાં કમળો નિમ્ન ભાગ પર આવેલા સૂર્યના ઊર્ધ્વગામી કિરણોથી વિકાસ પામતાં જણાય છે. તે પર્વતોનો રાજા છે એમ સિદ્ધ કરવા પ્રજાપતિએ યજ્ઞમાં ત્હેનો પણ એક ભાગ નિર્માણ કર્યો છે.

આ પર્વતરાજે પોતાની કુલપરંપરા આગળ ચાલુ રાખવા માટે પિતૃદેવોની ઈચ્છા માત્રથી ઉત્પન્ન થએલી **મે**ના નામની સુંદર પવિત્ર કન્યા સાથે વિધિપુરઃસર લગ્ન કર્યું. સમય જતાં **મે**નાને ગર્ભ રહ્યો. ત્હેણે **મૈ**નાક* નામના પુત્રને જન્મ આપ્યો. એ અરસામાં દક્ષ પ્રજાપતિની કન્યા અને **શં**કરની પત્ની સતી પિતાએ કરેલા અપમાનને લીધે યજ્ઞકુંડમાં બળી ભસ્મ થઈ ગઈ. તે પુનઃ દેહ ધારણ કરવા માટે **મે**નાના ઉદરમાં આવી. યોગ્ય સમય થતાં એક મંગલ દિવસે ત્હેનો જન્મ થયો. તે દિવસે આકાશ પ્રસન્ન લાગતું; નિર્મળ પવન વાતો; દેવોએ શંખ બજાવી પુષ્પવૃષ્ટિ કરી; સ્થાવર જંગમ સર્વને તે દિવસ અતિશય આનંદનો લાગ્યો.

એ તેજસ્વી કન્યા ચંદ્રકળા માફક વૃદ્ધિ પામવા લાગી. ત્હેનાં અંગપ્રત્યંગો અધિક લાવણ્યમય બનતાં ગયાં. તે પર્વતની પુત્રી, માટે સગાં સંબંધીઓ ત્હેને 'પાર્વતી' નામથી સંબોધવા લાગ્યાં. પણ પાછળ-

---

* એમ માન્યતા છે કે પૂર્વે પર્વતોને પાંખો હતી. તેથી તેઓ ગમે ત્યાં બેસી તે તે પ્રદેશને કચ્ચરઘાણ કરી નાંખતા. આ અનર્થ અટકાવવા માટે ઈંદ્રે પોતાના વજ્રથી ત્હેમની પાંખો કાપવા માંડી. તે વખતે ભયનો માર્યો મૈનાક સમુદ્રમાં પેસી ગયો, તે હજુ પણ બહાર આવતો નથી! બીજા સર્વ પર્વતોની પાંખો કપાઇ ગઇ છે. સરખાવોઃ—

वरं पक्षच्छेदः समदमघवन्मुक्तकुलिश-
प्रहारैरुद्गच्छद्बहुलदहनोद्गारगुरुभिः ।
तुषाराद्रेः सूनोरहह पितरि क्लेशविवशे
न चासौ संपातः पयसि पयसां पत्युरुचितः ॥

भर्तृहरिः, नीतिशतकम् ३६.

[પિતાને દુઃખી અવસ્થામાં રાખી પોતે સમુદ્રમાં સંતાઈ જવું તે કરતાં અભિમાની ઇંદ્રની મ્હોટી અગ્નિજ્વાળાઓથી ભયંકર બનેલા વજ્રપ્રહારથી પાંખો કપાઈ જાય એ હિમાલયના પુત્રને માટે બહેતર હતું.]

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થી મેનાએ 'ઉમા' (અરે નહિ) એમ બોલી ત્હેને તપ કરવાનો નિષેધ કર્યો ત્યારથી ત્હેનું નામ 'ઉમા' પડ્યું. પર્વતરાજ પણ આ પવિત્ર કન્યાથી પોતાને પવિત્ર માનવા લાગ્યો. એ કન્યા બાલ્યકાળમાં મંદાકિનીના રેતાળ પ્રદેશમાં રેતીના ઢગલાથી, દડાથી, ઢીંગલીઓથી સખીઓ સાથે રમવા લાગી. ત્હેની પૂર્વજન્મની વિદ્યાઓ ધીમે ધીમે આપોઆપ સ્ફુરિત થવા લાગી.

બાલ્યકાળ વીતાડી ત્હેણે કુમારી અવસ્થામાં પ્રવેશ કર્યો. નવીન યૌવનનાં અંકુરો ત્હેના પ્રત્યેક અંગમાં દેખાવા લાગ્યાં. પગના અંગૂઠાના તેજસ્વી નખમાંથી નીકળતી મણિ જેવી લાલ પ્રભાને લીધે જાણે ચાલતાં ચાલતાં તે રક્ત કમળો વેરતી ન હોય એમ લાગતું ! ત્હેની ચાલ હંસની માફક મોહક મંદગતિની હતી. પગથી માથા સુધીનું ત્હેનું પ્રત્યેક અવયવ એવું પુષ્ટ, શોભાપ્રદ અને પ્રમાણસર લાગતું કે ત્હેણે પહેરેલાં આભૂષણોને પણ તે આભૂષણરૂપ થઈ પડતું. ત્હેનો કર્ણપ્રિય મધુર સ્વર સાંભળ્યા પછી કોયલોનો ટહુકાર પણ કર્ણકટુ લાગતો. જો પશુઓમાં જરી પણ લજ્જાનો અંશ હોત તો જરૂર પાર્વતીના સુંદર કેશકલાપને જોઇ ચમરી ગાયો પોતાના વાળનું અભિમાન ત્યજ્યા સિવાય રહેત નહિ ! જોનારને એમ જ લાગતું કે વિધાતાએ ચંદ્ર, કમળ આદિ સર્વ ઉપમાનદ્રવ્યો લઇ યોગ્ય સ્થાને ત્હેનો વિનિયોગ કરી એક જ સ્થળમાં સઘળું સૌંદર્ય જોવાની ઇચ્છાથી પાર્વતીનું શરીર નિર્માણ કર્યું છે !

એક સમયે યથેચ્છ વિહાર કરતા નારદ મુનિ પાર્વતીને સખીઓ સાથે રમતી જોઈ હિમાલય પાસે આવ્યા. હિમાલયે ત્હેમનું યથાવિધિ પૂજન અર્ચન કર્યા પછી ત્હેમણે જણાવ્યું કે 'પાર્વતી ભગવાન શંકરની પત્ની થવાને નિર્માણ થએલી છે માટે ત્હમે ત્હેને શંકરની સેવામાં રાખો.' નારદના ગયા પછી હિમાલય અને મેના તે વિષે વિચાર કરવા લાગ્યાં. પરંતુ પોતાની પુત્રી સ્વીકારવા શંકરને પ્રાર્થના કરવાની ત્હેમની હિંમત ચાલી નહિ. તેથી નારદના કહેવા પ્રમાણે કરવાનું ત્હેમણે કબુલ રાખ્યું.

ભગવાન શંકર પણ સતીના ભસ્મીભૂત થયા પછી સંયમ ધારણ કરી ગિરિરાજ હિમાલયના એક શિખર પર તપશ્ચર્યા કરતા હતા. સર્વને તપનું ફળ અર્પનાર સ્વયં શંકર કયા હેતુથી તપ કરતા હશે તે કોણ કહી શકે ? ત્હેમના ગણલોકો ભૂર્જની છાલ પહેરી



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નમેરુ ઝાડનાં અંકુરો માથામાં ખોસી, શરીરે મનશીળ લગાડી, શિલારસથી રંજિત થએલા પથરા ઉપર બેસતા. ત્હેમનો મદોન્મત્ત નન્દી પગની ખરીઓ વડે બરફના ઢગલાઓને ખોદતો સિંહના ધ્વનિ સાંભળતાં જોરથી બરાડતો. ત્યાં આવી હિમાલયે શંકરની પ્રાર્થના કરીને પોતાની કન્યાને ત્હેમની સેવામાં રખાવી.

જો કે સમાધિમાં તે વિઘ્નરૂપ થઈ પડે, તો પણ ભગવાને ત્હેની સેવાનો અંગીકાર કર્યો; કારણ કે મનોવિકારનું કારણ પ્રત્યક્ષ હોવા છતાં જેનું મન ચંચળ થતું નથી એ જ ખરો તપસ્વી છે એમ તેઓ સમજતા. તદનુસાર, હંમેશાં પૂજા માટે પુષ્પ લાવવાં, યજ્ઞવેદી શુદ્ધ કરવી, કુશ ઘાસ તથા પવિત્ર જળ ભરી લાવવું વગેરે કાર્યમાં પાર્વતી નિયમિત રીતે જોડાઇ ગઈ.

## પ્રકરણ ૨ : બ્રહ્માની સ્તુતિ અને દેવોનો નિશ્ચય

એ અરસામાં તારક નામના ભયંકર દાનવે દેવોને પીડવા માંડયા હતા. ત્હેનાથી ત્રાસીને ઈંદ્રિ સહિત સર્વે દેવો બ્રહ્મલોકમાં ગયા, અને ત્યાં ચતુર્મુખ બ્રહ્મ વ પાસે જઈ નમસ્કાર કરી ત્હેમની સ્તુતિ કરવા લાગ્યાઃ

“ હે ભગવન્! આપ ત્રિમૂર્તિને અમારા સાષ્ટાંગ નમસ્કાર હજો. સૃષ્ટિ પહેલાં આપ કેવળ એકાત્મ રૂપે હતા. સૃષ્ટિ પછી સત્ત્વ, રજસ્, અને તમસ્ એ ત્રિગુણનો આશ્રય કરી વિષ્ણુ, બ્રહ્મા અને મહેશ એમ ત્રિવિધિ રૂપે પ્રકટ થયા. ત્રિવિધ રૂપે રહી આપ ઉત્પત્તિ, સ્થિતિ અને લયના અધિષ્ઠાતા છો. આદ્ય સૃષ્ટિ જળમાં આપનું બીજ પડવાથી આ ચરાચર વિશ્વની ઉત્પત્તિ થઇ. આપ અનુત્પન્ન હોઇ જગતના અંતક છો; અનાદિ હોઇ જગતના આદિ છો; સ્વતંત્ર હોઇ જગતના ઈશ છો. આપ વેદવિદ્યાના પ્રણેતા છો. પ્રવર્તક પ્રકૃતિ પણ આપ છો અને ઉદાસીન પુરુષ પણ આપ છો. આપ પિતૃઓના પિતા છો, દેવોના દેવ છો, પ્રજાપતિઓના પ્રજાપતિ છો, પરથી પણ પર છો. હવ્ય અને હોતા, ભોજ્ય અને ભોક્તા, જ્ઞેય અને જ્ઞાતા, ધ્યેય અને ધ્યાતા આપ જ છો.”

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ પ્રમાણે અનેક સ્તુતિઓ સાંભળીને બ્રહ્મા પ્રસન્ન થયા. એ પુરાણ કવિના ચતુર્મુખમાંથી વૈખરી, મધ્યમા, પશ્યંતી, અને સૂક્ષ્મા એમ ચતુર્ધા વાગ્ધારા નીકળવા માંડી:

"હે પરાક્રમી દેવતાઓ! પધારો, ત્હમારૂં સ્વાગત કરૂં છું. ત્હમારા મુખની કાંતિ આજ ક્ષીણ થએલી કેમ લાગે છે? વૃત્રશત્રુ ઇંદ્રનું વજ્ર શાન્ત અને કુંઠિત થએલું કેમ દીસે છે? આ પરંતપ વરુણ દેવનો પાશ મંત્રથી દીન બનેલા સર્પની માફક કેમ તેજોહીન જણાય છે? ભગ્ન શાખાવાળા વૃક્ષની માફક દેખાતો કુબેરનો ગદા-રહિત બાહુ અંતર્વ્યથા દર્શાવી આપે છે. આ યમરાજ પણ નિસ્તેજ દંડ વડે જમીનને ખોતરે છે. આ આદિત્યોનો ઉગ્ર પ્રતાપ કેમ શીતળ થઇ ગયો? તેઓ ચિત્રોમાં આલેખેલા હોય એમ જણાય છે. આ ઓગણપચાસ વાયુઓનો વેગ કયાં ગયો? જટાઓ નીચી કરી બેઠેલા આ રુદ્રોનો હુંકાર કેમ બોખરો સંભળાય છે? ત્હમારી સ્થિતિ આજ આમ કેમ? શું ત્હમારી પ્રતિષ્ઠા આજ કોઇએ છીનવી લીધી છે? કહો શી પ્રાર્થના છે?"

બ્રહ્માનાં માયાળુ વચનો સાંભળી સહસ્રાક્ષ ઇંદ્રે વાચસ્પતિ તરફ ઇશારો કર્યો, તેથી તે બોલવા લાગ્યા:

"હે ભગવન્! આપે કહ્યું તે બરાબર છે. આપ સર્વના અંત-ર્યામી હોઈ સર્વ વાત જાણો છો. આપની પાસેથી વરદાન પામેલો મહા અસુર તારક સર્વ લોકોને ધૂમકેતુ જેવો થઇ પડયો છે. ત્હેના નગરમાં સૂર્યદેવ મંદ મંદ તપે છે; ચંદ્રને પોતાની સઘળી કળાઓ સાથે ત્યાં જ સર્વદા રહેવું પડે છે. ત્હેના બાગનાં ફૂલો ખરી પડે એ બીકથી વાયુ પણ મંદ ગતિથી વાય છે. ઋતુઓ પોતાનો ક્રમ છોડી દઇને માળીની માફક ત્હેના બાગોમાં પુષ્પવૃદ્ધિ કરી ત્હેની સેવામાં તત્પર રહે છે; સમુદ્ર પણ ત્હેને ભેટ કરવા યોગ્ય રત્નો પોતાના પાણીમાં પાકતાં સુધી ધ્યાનપૂર્વક ત્હેના પર કાળજી રાખે છે. વાસુકિ આદિ મહાનાગ પોતાના જાજ્વલ્યમાન મણિઓથી ત્હેના મહેલમાં સ્થિર પ્રકાશ પાડે છે. ત્હેનો કૃપાપ્રસાદ મેળવવાની અભિલાષાથી ઇંદ્ર રાજા સ્વર્ગનાં કલ્પદ્રુમનાં આભૂષણો બનાવી વારંવાર ત્હેને ભેટ મોકલે છે.

"આ પ્રમાણે સતત ત્હેની સેવા ઉઠાવતાં છતાં પણ એ દુષ્ટ તારક ત્રણે ભુવનને તપાવી રહ્યો છે. ખરેખર! દુર્જન અપકારને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વશ છે, ઉપકારને નહિ. જે નંદનવનનાં ફૂલો દેવકન્યાઓ કોમળતાથી ચૂંટે છે, તે બગીચાનાં આખાં ઝાડોનાં ઝાડો આ દુષ્ટ રાક્ષસ કાપી નાંખે છે. સૂર્યના ઘોડાથી ખૂંદાયલા મેરુ પર્વતનાં શિખરો ઉખાડી લાવી તે પોતાના મહેલોમાં ક્રીડાપર્વત તરીકે ગોઠવે છે. મંદાકિનીનાં સુવર્ણ કમળો ઉખાડી લાવી ત્હેણે પોતાની વાવમાં રોપ્યાં છે. કદાચ તે એકાએક આવી ચડશે એવી ભીતિને લીધે અમારાથી વિમાનમાં બેસી બહાર ફરવા પણ નીકળાતું નથી. યજ્ઞમાં દેવતાના મુખમાં નાખેલું હવિ પણ એ દુષ્ટ છીનવી જાય છે. ઇંદ્રનો ઉચ્ચૈઃશ્રવા ઘોડો ત્હેણે ખુંચવી લીધો છે. વિષ્ણુનું સુદર્શન ચક્ર પણ ત્હેના ગળામાં ફુલની માફક જઇને પડે છે. ત્હેને જિતવાની અમારી સઘળી આશાઓ નષ્ટ થઈ છે. માટે ત્હેનો સંહાર કરે એવો એક સેનાપતિ ઉત્પન્ન કરવાની ખાસ જરૂર છે. હે પ્રભો ! એટલી અમારી પ્રાર્થના છે. ”

ત્હેમનાં વચનો સાંભળી બ્રહ્માએ ઉત્તર આપ્યોઃ—“ હે દેવો ! ત્હમારો મનોરથ પૂર્ણ થશે, પરંતુ કેટલોક વખત ત્હમારે ધીરજ ખમવી પડશે. ત્હેને મારનાર સેનાપતિને હું ઉત્પન્ન કરી શકું એમ નથી. મ્હારી પાસેથી તો ઉગ્ર તપ કરી ત્હેણે વરદાન મેળવેલું છે. તેથી શંકરની શક્તિ સિવાય યુદ્ધમાં એની સામે થનાર કોઈ નથી. હાલમાં તેઓ હિમાલય પર્વત પર તપ કરે છે. ત્હેમના સંયમી મનને ઉમા તરફ આકર્ષવાને ત્હમે પ્રયત્ન કરો. ત્હેમનું ઉગ્ર બીજ ધારણ કરવા માટે જગતમાં ઉમા અગર તો ત્હેમની જલમયી મૂર્તિ સિવાય અન્ય કોઇ શક્તિમાન નથી. ત્હેમનાથી ઉત્પન્ન થએલો સેનાપતિ ત્હમારૂં કામ સિદ્ધ કરશે. ”

આ પ્રમાણે બોલી બ્રહ્મદેવ ત્યાંથી અંતર્ધાન થયા.

* * * *

દેવો સ્વર્ગમાં આવ્યા અને ત્હેમણે એક મોટી સભા ભરી. ત્હેમાં ઇંદ્ર રાજાએ મદનને આગળ બોલાવી પોતાની પાસે આસન પર બેસાડયો. મદને મસ્તક નમાવી પ્રાર્થના કરીઃ

“ મહારાજ ! જગતમાં આપનું જે કાંઇ કાર્ય કરવાનું હોય તે ખુશીથી આ સેવકને ફરમાવશો. શું ઇંદ્રપદની આકાંક્ષાથી વિશ્વમાં કોઇએ ઉગ્ર તપશ્ચર્યા આરંભી છે ? જો એમ હોય તો મ્હને બતાવો, કે ત્હેને મ્હારા એક બાણથી મ્હાત કરી દઉં. કયો ઋષિ મુનિ પુનર્જન્મના ભયથી આપની ઇચ્છા વિરુદ્ધ મુક્તિમાર્ગમાં વળ્યો છે ?

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એક પળ વારમાં સુંદરીઓનાં ચતુર કટાક્ષમાં ત્હેને બાંધી દઉં. કયી પતિવ્રતા પ્રમદા આપના મનમાં વસી છે? ઘડીમાં ત્હેને મોહ પમાડી, લજ્જાયુક્ત બનાવી, ત્હેના બાહુ સ્વયં આપના કંઠમાં અર્પણ કરાવું. શું કોઈ સ્ત્રીએ ક્રોધમાં આવી આપનો તિરસ્કાર કર્યો છે? એક ક્ષણમાં ત્હેને પશ્ચાત્તાપ કરાવી દઉં. આપના પ્રતાપથી તો એક વસંતને સખા તરીકે રાખી મ્હારાં પુષ્પ-બાણો વડે મહાદેવનું યે ચિત્ત ચંચળ બનાવી દઉં......"

આ છેલ્લું વચન સાંભળી ઇંદ્ર ઉલ્લાસમાં આવી ગયો. ત્હેણે મદનની પીઠ થાબડી કહ્યું, "સખે! ત્હારો ગર્વ સકારણ છે. તું અને આ વજ્ર બન્ને મ્હારાં શસ્ત્રો છો. તપશ્ચર્યા આગળ વજ્ર નકામું છે, પણ તું તો સર્વ ઠેકાણે સિદ્ધિદાતા છે. મ્હને ત્હારી અથાગ શક્તિનો પરિચય છે તેથી એક મહાકાર્ય ત્હને સોંપવા માગું છું. ત્હેં શંકર ઉપર વિજય મેળવવાની હિંમત કરી તેથી ખરેખર ત્હેં દેવોનું કાર્ય અંગીકૃત કરી લીધું છે. દેવોને ભગવાન શંકરના વીર્યથી ઉત્પન્ન થએલો એક સેનાપતિ જોઈએ છે. ત્હેમની શક્તિ ધારણ કરે એવી જગતમાં એક જ સ્ત્રી છે અને તે હિમાલયની પુત્રી ઉમા છે. હાલમાં પિતાના આદેશથી તે ભગવાનની સેવામાં તત્પર રહે છે એમ મ્હેં અપ્સરાઓ પાસેથી સાંભળ્યું છે. માટે જા અને દેવકાર્ય સિદ્ધ કર. વસંત તો ત્હારો હંમેશનો સાથી છે જ, એટલે તે ત્હારી સાથે આવશે એમાં કાંઈ કહેવાની જરૂર નથી."

ઇંદ્રનાં ઉત્તેજક વચનોથી પ્રોત્સાહિત થઇને નમસ્કાર કરી મદન દેવસભામાંથી બહાર નીકળ્યો, અને વસંત તથા રતિને સાથે લઇ હિમાલય તરફ ચાલ્યો. વસંત અને રતિ મનમાં સમજ્યાં કે શંકર જેવા મહાયોગીને લલચાવવા એ જીવસાટાનું કામ છે. તો પણ ગયા વિના હવે છુટકો ન હતો, તેથી કચવાતા મને તેઓ આગળ ચાલ્યાં.

## પ્રકરણ ૩ : મદનદાહ અને રતિવિલાપ

હિમાલય ઉપર સંયમી તપસ્વીઓને યોગ્ય ભૂમિમાં આવી મદનસખા વસંતે પોતાનું પોત પૂર્ણપણે પ્રકાશ્યું. સૂર્યનારાયણ પોતાનો સ્વાભાવિક ક્રમ છોડી ઉત્તરાયણના થયા. દક્ષિણ દિશાનો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સુખદ વાયુ મંદ મંદ વાવા લાગ્યો. સુંદરીઓના સનૂપુર ચરણસ્પર્શ વિના પણ અશોક વૃક્ષોને પુષ્પના ફાલ આવવા લાગ્યા. આમ્ર વૃક્ષના નવીન ફુટેલા મોર રૂપી કામબાણ ઉપર વસંતે જાણે ભ્રમર રૂપી અક્ષરો લખ્યા ન હોય એમ લાગતું! કરેણનાં ઝાડો અનેક રંગ-બેરંગી પુષ્પોથી લચી પડયાં. ત્હેમનું સુંદર દશ્ય જોઈ ખરેખર હૃદયને આનંદ થતો, પણ ત્હેમાં સુગંધનો અભાવ જાણી મન જરા ખિન્ન થતું. વિધાતાની સૃષ્ટિમાં ખરે જ કોઇ પણ સર્વગુણસંપન્ન હોવું અતિશય મુશ્કેલ છે. આ પ્રમાણે શંકરની પૂર્ણકુટીની ચોતરફ દૂર દૂર સુધી ઝાડપાન અને ફુલ ફળની મનોહર શોભાથી અકાળે એક સુંદર દશ્ય રચાઈ ગયું.

આંબાનાં તાજા અંકુરોનો આહાર કરી નર–કોયલો એવો મધુર ટહુકાર કરવા લાગ્યા કે જાણે માનિની સ્ત્રીઓનું માન લોપાવનાર મદનનાં જ વચનો ન હોય એમ લાગતું! ચોતરફ આકસ્મિક વસંતની બ્હાર ખીલેલી જોઈ હિમાલયના તપસ્વીઓને પોતાનાં મન સંયમમાં રાખવાં કઠિન થઈ પડયાં.

આ પરિસ્થિતિમાં જ્યારે પુષ્પચાપ લઈ રતિ સહિત મદન-રાજની પધરામણી થઇ ત્યારે તો શૃંગાર ભાવની હદ જ વળી ગઈ.

ભ્રમરોનાં પ્રેમી યુગલો એક જ પુષ્પમાંથી સાથે મધુ રસ પીવા લાગ્યાં. સ્પર્શાનંદમાં અધમીંચી આંખો કરીને ઉભેલી હરિણીના શરીરે હરિણ શીંગડા વડે ખંજવાળવા લાગ્યા. કમળના પરાગવાળું સુગંધિ જળ પોતાની સૂંઢમાં લઈ હાથણી હાથીના મ્હોમાં મૂકવા લાગી. ચક્રવાક પક્ષી પોતે અર્ધો ખાધેલો કમળનો દાંડો ચક્રવાકીને આપવા લાગ્યો. કિન્નર–મિથુનો ગીત ગાતાં ગાતાં પરસ્પર મુખ–ચુંબન કરવા લાગ્યાં. પુષ્પગુચ્છો રૂપી સ્તનો વડે, રાતાં પલ્લવ રૂપી ઓષ્ઠવાળી લતાવધૂઓ કોમળ શાખા રૂપી બાહુ વડે વૃક્ષોને દૃઢ આલિંગન આપવા લાગી. ચોતરફ ચાલી રહેલી આ પ્રવૃત્તિમાં અપ્સરાઓનાં મધુર નૃત્યગીતથી અનેરી શોભા પ્રકટી રહી હતી.

આ સમયે ભગવાન શંકર સમાધિ અવસ્થામાં બ્રહ્માનંદનું રસ-પાન કરતા હતા. ખરેખર આવાં વિઘ્નોથી સંયમી લોકોની સમાધિમાં વિચ્છેદ થઈ શકતો નથી. પર્ણકુટીના દ્વાર આગળ હાથમાં સુવર્ણ-દંડ લઇ ઉભેલો નન્દી મ્હોં ઉપર એક આંગળી મૂકી ગણ લોકોને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચંચળતા દૂર કરવા માટે ઈશારો કરવા લાગ્યો. ત્હેની આજ્ઞાથી એકલા ગણો જ નહિ પણ ચોતરફ પશુપક્ષીઓ અને સમગ્ર અરણ્ય શાંત અને ચીતરેલું હોય એમ દેખાવા લાગ્યું.

એટલામાં વૃક્ષોની આડમાં થઇને નન્દીની આંખ ચૂકાવી **મદને** **શંકર**ના સમાધિસ્થાનમાં પ્રવેશ કર્યો. અંદર જઈ ત્હેણે દેવદારની વેદિકા ઉપર પાથરેલા વ્યાઘ્રચર્મ પર પંચવાયુના નિરોધથી નિષ્કંપ પ્રદીપ જેવા, સર્પ વડે ઉંચી બાંધેલી જટાવાળા, નિષ્પન્દ નેત્રવાળા, મનને નવે દ્વારથી નિવૃત્ત કરીને વીરાસને શાંત બેઠેલા, સમાધિસુખમાં મ્હાલતા ભગવાન **શંકરને** જોયા.

આ સ્થિતિમાં ભગવાનનાં દર્શન કરતાં જ **મદ**નના હાથમાંથી ધનુષ્ અને બાણ પડી ગયાં. ત્હેનાં ગાત્રો ધ્રૂજવા લાગ્યાં.

પરંતુ એટલામાં જ **પાર્વતી** બે સખીઓ સાથે દ્વાર આગળ આવી ઉભી રહી. ત્હેણે રાતું વસ્ત્ર પહેર્યું હતું. તાજા વસંત પુષ્પોના અલંકારો ધારણ કર્યા હતા. ત્હેના સુગંધિ નિઃશ્વાસની પારમલ લેવા આજુબાજુ ભમતા ભમરાઓને એક પુષ્પથી તે વારંવાર ઉરાડતી હતી. એક હાથમાં ભગવાનની પૂજાવિધિ માટે ત્હેણે પુષ્પો અને માળાઓ લીધી હતી. આવું સર્વાંગ સુંદર અને **રતિ**ને પણ શરમાવે એવું **પાર્વતી**નું સ્વરૂપ જોઇ **મદ**નને પાછી હિંમત આવી.

તે જ વખતે ભગવાન **શંકર** સમાધિમાંથી નિવૃત્ત થઇ બેઠા હતા. નન્દીએ અંદર આવી ત્હેમને **પાર્વતી**ના આગમનની ખબર આપી. ત્હેમણે બોલ્યા વિના માત્ર આંખના ઈશારાથી ત્હેને અંદર આવવા દેવાની સંમતિ આપી. તે પ્રમાણે **પાર્વતી**એ બે સખીઓ સાથે પર્ણકુટીમાં પ્રવેશ કરી સ્વહસ્તે ચૂંટેલાં પત્રપુષ્પો પ્રભુના ચરણ આગળ ભેટ કર્યાં અને ભગવાનને સાષ્ટાંગ નમસ્કાર કર્યા.

**શંકરે** ત્હેને આશીર્વાદ આપ્યો, "હે બાલિકા, ત્હને અલૌકિક પતિ પ્રાપ્ત થાઓ!" ખરેખર ભગવાનનાં વચનો કદી અસત્ય ઠરતાં નથી!

**મદન** પુર્ણકુટીના એક ખુણે ઉભો ઉભો કયારનો યોગ્ય અવસર શોધતો હતો. જ્યારે આશીર્વાદ આપી **શંકરે** **પાર્વતી** સામું જોયું ત્યારે **પાર્વતી** **મંદાકિની**નાં કમળબીજની બનાવેલી જપમાળા, પોતાના કોમળ શ્વેત હસ્ત વડે, **શંકર**ના હસ્તમાં આપવા માટે એક ડગલું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આગળ આવી. **શંકરે** તે લેવા હાથ લાંબો કર્યો. આ સંધિકાળ બરાબર જોઇને **મદને** સંમોહન નામનું અમોઘ બાણ ધનુષ્ પર ચઢાવ્યું. પરિણામે **શંકરનો** સંયમ જરા શિથિલ થયો અને ત્હેમણે ઉમાના રાતા હોઠ ઉપર વિશેષ દૃષ્ટિ ફેરવી. **પાર્વતીએ** પણ નવીન યૌવનથી ખીલતાં અંગો વડે પોતાનો શૃંગાર ભાવ વ્યક્ત કરતાં **શંકર** તરફ એક મોહક કટાક્ષ ફેંકયું. બન્નેની દૃષ્ટિ એકત્ર થઇ!

પણ **શંકર** જેવા મ્હા તપસ્વીને ફસાવવા એ **મદનની** શક્તિ બહારનું કામ હતું. ત્હેમણે ઇંદ્રિયક્ષોભને એકદમ બળપૂર્વક સંયમમાં આણી ત્હેનું કારણ શોધવા પર્ણકુટીમાં આમ તેમ દૃષ્ટિ ફેંકી, તો એક ખૂણે ડાબો પગ જરા વાળી, જમણી આંખ સુધી ધનુષ્‌ને ખેંચી, એક ખભો નમાવી, પોતાના પર બાણ છોડવા તત્પર થયેલા **મદનને** ત્હેમણે જોયો. તપમાં આ પ્રમાણે અચાનક ભંગ થતો જોઈ ત્હેમને રૂવે રૂવે ક્રોધ વ્યાપી ગયો; ભવાં ચઢી ગયાં; ત્યાં ભયંકર દેખાવ થઇ રહ્યો. તત્ક્ષણે ત્હેમના તૃતીય નેત્રમાંથી અગ્નિની ભભકતી જ્વાળા પ્રકટી અને

"પ્રભો ! બસ કરો ! શાંત થાઓ !"

એવી આકાશમાં રહેલા દેવોની બૂમ પર્ણકુટીમાં પહોંચે તે પહેલાં તો **મદન** બળીને ભસ્મનો ઢગલો થઇ પડયો. વિજળી વૃક્ષનો સમૂળો નાશ કરી જેમ પાતાળમાં વિલુપ્ત થઇ જાય, તેમ **શંકર** **મદનનો** સર્વથા નાશ કરી ત્યાંથી એકદમ અંતર્ધાન થઇ ગયા.

આ સઘળું જોઇને **પાર્વતી** ભોંઠી પડી ગઇ. પિતાનો અભિલાષ વ્યર્થ ગયો જાણી ત્હેને પોતાના સુંદર દેહ ઉપર ધિક્કાર છુટયો; અને સખીઓ સમક્ષ થયેલો આ ઉપહાસ જોઇ ત્હેને વધારે શરમ લાગી. ખિન્ન મને તે ઘર તરફ વળી.

* * * * *

પતિનું આવું ભયંકર અવસાન જોઇ, **રતિને** એવો સખ્ત આઘાત લાગ્યો કે તે મૂર્છા ખાઈ ધરણી પર ઢળી પડી. કેટલીક વાર પછી ત્હેની મૂર્છા શાંત થઈ એટલે તે બેબાકળી ઉઠી, ભસ્મના ઢગલા સામું જોઇ અત્યંત કરુણ આક્રંદ કરવા લાગી:—

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## રતિ વિલાપ

( વિયોગિની વૃત્ત )

થયલી વશ મોહને રતિ, વિવશા કામવધૂ જગાડી તે,
વિધિએ અનુભાવવા* અરે ! નવ વૈધવ્ય અસહ્ય વેદના. ૧
કરીને દગયુગ્મ સ્વસ્થ એ, પ્રલયાન્તે+ સઘળે રતિ જુવે;
નિરખી કદિ ના ધરાય જે, પ્રિય વિનષ્ટ મનાય કેમ તે ? ૨
" અયિ ! જીવિતનાથ ! જીવતા ? " વદી ઉઠી જઇ આગળે જુવે,
પુરુષાકૃતિ ભૂમિ ઉપરે, હરકોપાગ્નિની ભસ્મ નીરખે. ૩
ફરીને રતિ વિહ્વલા થઇ, વનભૂમિ કરતી દુ:ખી રડી;
રજથી સ્તન ધૂસરાં થયાં, વિખરાઈ લટ કેશની બધી. ૪
" ઉપમાન હતું વિલાસીનું, તન સૌંદર્ય વડે જ આપનું,
" નિરખી પ્રિય ! આજ આ દશા, ઉર ફાટે ન; સ્ત્રીઓ કઠિન રે ! ૫
" ક્ષણમાં ત્યજી સખ્ય કંઈ મ્હને, મુકી પ્રાણેશ્વર ચાલીયા ત્હમે,
" જલસ્રોત ત્યજી નલિનીને, જયમ ભાગ્યે નિજ પાળ જાય છે. ૬
" મમ અપ્રિય ના કર્યું ત્હમે, અણફાવ્યું ત્હમને કર્યું ન મ્હેં;
" કયમ કારણ વિણ દર્શન રડતી આ રતિને ન દ્યો અરે ! ૭
" કરતાં ભૂલ નામમાં ત્હમે સ્મર ! કંદોરથી બંધનો સ્મરો ?
" અથવા શ્રવણેથી ઉત્પલ, લઇ માર્યે પીડી કેસરે દગો ? ૮
" 'હૃદયે સ્થિત તું પ્રિયે ! મમ' વચનો તે અવ માનું વ્યર્થ જ,
" યદિ એ નવ ચાટુ માત્ર તો, કયમ વિદેહ ત્હમે, હું અક્ષત ? ૯
" નવ પાન્થ ! પર પ્રદેશના, તમ રસ્તો જ ગ્રહીશ હું હવાં,
" વિધિએ જનલોક છેતર્યો, તમ સાથે સુખ દેહીનાં ગયાં. ૧૦
" રજની–તિમિરે છવાયલા, પુરપન્થે ઘનગર્જને બ્હીતાં,
" વનિતા પ્રિયઘેર લૈ જવા, તમ જાતાં રહ્યું શક્ત કો હવાં ? ૧૧
" અરુણાં નયનો ભમાવતો, ડગલે બોલ મહીં મુકાવતો,
" મદિરામદ આપના વિના, પ્રમદાને બસ નામનો રહ્યો ! ૧૨
" ગણીને પ્રિય બંધુ આપનું, વપુ વાતે અવશિષ્ટ નાથ રે !
" ગણશે નિજ વૃદ્ધિ નિષ્ફળ, સિતપક્ષે પણ ક્ષીણ ચંદ્રમા. ૧૩
" અરુણા નીલ બંધને રુડી, મધુરાં કોકિલ કૂજને ભરી,
" નવલી સહકાર મંજરી, અવ કો'ના ધનુષે રહે રમી ? ૧૪

---

* અનુભવ કરાવવા માટે. + મૂર્ચ્છાને અંતે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

" બહુ યોજી ત્હમે ધનુષ્યની પણછે, જે ભ્રમરાલી તે રડી,
" કરુણારવથી દટાયલી, દુઃખ ભારે રતિને અનુસરી. ૧૫
" ધરીને તન ચારુ ઉડીને, રતિદૌત્યે પિક યોજી દો ફરી,
" મધુરૂં વદવે સ્વભાવથી પટુતા ત્હેની જગે પ્રસિદ્ધ છે. ૧૬
" પ્રણમી પ્રિય ! જેહ પ્રાર્થિયા પરિરંભો ધ્રુજતાં અનુભવ્યા,
" વિજને રતિસૌખ્ય જે વળી, સ્મરતાં જાય બધી ધૃતિ સરી. ૧૭
" વિલસે હજી પુષ્પભૂષણો, મમ અંગે ધરીયાં સ્વહસ્તથી
" રતિદક્ષ ! ત્હમે; છતાં ય હું, તમ એ ચારુ વપુ ન નીરખું. ૧૮
" અધ રંગી જ વામ પાદ આ, સ્મરતાં દારુણ ઇંદ્રિ આપને,
" નિસર્યા પ્રભુ ! આપ, એહને ફરી આવી, પ્રિય ! રંગી દ્યો હવે. ૧૯
" થઇને સતી અગ્નિમાં પડી, સ્થિતિ તે અંક વિષે કરૂં ફરી,
" પ્રિય ! જ્યાં ત્હમને ન લોભવે સ્વર્લોકે વસી સુરસુંદરી. ૨૦
" પ્રિય ! હું ત્હમને અનુસરૂં, શિર તો યે વચનીય આ રહ્યું:
" પતિના વિરહે જીવી શકી, ક્ષણ જો કે, તદપિ અહો રતિ. ૨૧
" ધરવાં ક્યમ અંત્ય ભૂષણો, પરલોકે જઇ જ્યાં વસ્યા ત્હમો,
" તન જીવન બેઉએ જયહાં, અણધારી ગતિએ પ્રભો ! ગયાં. ૨૨
" કરતાં ઋજુ[1] બાણને ત્હમે, ધરીને આપ નિજાંકને વિષે,
" વદતા હસીને વસંત શું, સ્મરૂં છું વક્ર વિલોકનો હજુ. ૨૩
" રચતા કુસુમોથી આપને, મધુ ! સન્મિત્ર ગયા કંઈ હવે ?
" અથવા હર કોપવહ્નિથી, ગતિ પામ્યા નિજ મિત્રની નથી ? ૨૪
પછી તે રુદન સ્વરે ઉરે, ગરલે લિપ્ત શરે હણ્યો જયમે,
દુઃખી એ રતિ આગળે વપુ, ધૃતિ દેવા મધુએ પ્રકાશીયું. ૨૫
નીરખી મધુ, રોઇ એ અતિ, પીડતાં કુચ કુટી ય છાતડી;
દુઃખડાં સ્વજનાગ્ર, સૌ છતાં ઉઘડયાથી જ કમાડના થતાં. ૨૬
દુઃખી આમ રતિ વસંતને, વદી "નીરખો ! બનીયું શું મિત્રનું ?
" પવને ઉડી જાય ભસ્મ આ બહુરંગી તમ મિત્રની જ હા ! ૨૭
" અધુના સ્મર ! દો જ દર્શન, અતિ ઉત્કંઠિત છે વસંત આ;
" દયિતા પ્રતિ પ્રીતિ અસ્થિરા, સુહૃદે તો જનપ્રીતિ સુસ્થિરા. ૨૮
" જગ સો સુરદાનવો સહ રહી સાથે મધુએ (ત્હમારા) ધનુર્વંશ,
" કરીયું; બિસતંતુ કેરી જ્યા,[2] કુસુમો કોમલ બાણ ત્યાં છતાં. ૨૯

---

૧ સીધું. ૨. ધનુષની દોરી, પણછ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

" અનિલે હત જેમ દીપક, ત્યમ એ મિત્ર ગયો જ સર્વથા;
" અણસહ્ય દુઃખે ધૂમાતીને, દીપવાત સમ નીરખો મ્હને. ૩૦
" તજીને રતિ, કામને હણ્યો, વધ દૈવે અડધો નકી કર્યો;
" ગજ આશ્રયવૃક્ષ છેદતાં, નહિ ટકશે સુકુમાર વેલડી. ૩૧
" પ્રિય મિત્ર વસંત! આટલું, કરી દ્યો કાર્ય ઉચિત બંધુનું,
" અનલે[1] મમ દુઃખી જાતને, અરપી નાથ પ્રતિ જ પાઠવો. ૩૨
**" શશિની સહ કૌમુદી જતી, વીજળી મેઘ જતાં ન દીસતી,**
**" ગ્રહવો પતિમાગ પત્નીએ, જડવસ્તુ પણ એમ સૂચવે. ૩૩**
" મધુરી પ્રિય ગાત્ર ભસ્મથી, સ્તનને લિપ્ત કરી હું વહ્નિમાં,
" નવ પલ્લવ કેરી સેજમાં, ત્યમ હું આ તનને ધરીશ ત્યાં. ૩૪
" વિનવું કર જોડીને હવે, રચી દ્યો કાષ્ઠ તણી ચિતા ત્હમે,
" બહુ સ્હાય મધુ! ત્હમે કરી, રચવે પુષ્પની પૂર્વ સેજડી. ૩૫
" કરજો પછી દીપ્ત વહ્નિને, મલયાનિલ ચલાવીને ત્હમે,
" ત્હમને નકી જ્ઞાત છે, ક્ષણે મુજ વિના સ્મરને નહિ ગમે. ૩૬
" પછી દ્યો જલ કેરી અંજલિ, અમને એક જ માત્ર પ્રેમથી,
" કરશું તમ મિત્રને હું યે, સ્વરગે પાન સજોડ તે તણું. ૩૭
" કરતાં પરલોકની વિધિ, સ્મરને દ્યો મધુ! આમ્રમંજરી,
" કુમળાં ચલ પલ્લવો ભરી; ગમતી એ તમ મિત્રને ઘણી. ૩૮
મરવા થઈ સજ્જ જ્યાં રતિ, ગગને વાણી થઈ દયા ભરી,
સુકતાં સર મત્સ્યને રીઝે, જ્યમ વૃષ્ટિ પડી પ્હેલી મેઘની; ૩૯
" ચિરકાલ વિયોગ પહોંચશે નહિ પતિનો, સુણજે તું કર્ણ દૈ,
" શિવના નયનાગ્નિમાંહિ તે, નિજ કર્મે જ બળ્યો પતંગ થૈ. ૪૦
" મદને વ્યથતાં નિજેન્દ્રિય, અભિલાષા સ્વસુતા વિષે થઈ;
" સ્થિર ત્યાં થઇને વિરંચિએ અભિશાપ્યો; કૃતિ એ અહીં ફળી. ૪૧
" તપથી થઈ તુષ્ટ જ્યાં હર, ગ્રહશે અદ્રિ–સુતા તણો કર,
" સુખ ભોગવતાં પ્રસન્ન થઈ, કરશે કામ સદેહ સુંદર. ૪૨
ત્યમ, પ્રાર્થન ધર્મનું સુણી, અવધિદા, સ્મર–શાપની ગિરા,
વદિયા વિધિ; સંત, મેહુલા અશનિ ને અમિ યે ઝરી રહ્યાં.[2] ૪૩
" વપુને અયિ! રક્ષ, સુંદરિ! જલદી યોગ થશે જ નાથથી;
" રવિથી સરિતા સુકાયલી, વરષામાં ફરી પૂર પામતી." ૪૪

---

૧ અગ્નિમાં. ૨ સંતપક્ષે અશનિ અને અમિ એટલે ક્રોધ અને કૃપા; અને મેઘના સંબંધમાં અશનિ એટલે વિજળી સાથેના કકડા અને અમિ એટલે પાણી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(વસંતતિલકા)

અદૃશ્ય આમ વદતું રહી કોઇ પ્રાણી,
કરતું શિથિલ મરવે રતિની પ્રવૃત્તિ;
વિશ્વાસ તે પર ધરી, રતિને મધુએ,
આશ્વાસી ત્યાં લલિત અર્થમયી ગિરાએ. ૪૫

(પુષ્પિતાગ્રા)

દુઃખ અવધિ તણી જુવે છે વાટ, વિપદ થકી કૃશ માર[1] કેરી દાર;
કિરણવિહીન કાન્તિ ચંદ્ર કેરી દિવસ વિષે, જ્યમ રાત્રિમુખ[2] કેરી. ૪૬

## પ્રકરણ ૪ : તપની પરીક્ષા

ઘેર આવ્યા પછી પાર્વતીને હિમાલય અને મેનાએ આશ્વાસન આપી શાંત પાડી. પાર્વતીને મનમાં ખાત્રી થઇ હતી કે શંકર જેવા અસાધારણ પુરુષને પતિ તરીકે મેળવવા માટે સાધારણ સેવા માત્ર બસ નથી. મહાન કાર્ય સિદ્ધ કરવા માટે મહાન ભોગ આપવાની જરૂર હોય છે. શંકરનો પ્રેમ જિતવા માટે ઉગ્ર તપસ્યા સિવાય અન્ય માર્ગ નથી. માટે ત્હેણે તપ આરંભવાનો પોતાનો નિશ્ચય મેનાને કહી સંભળાવ્યો. મેના એક સ્નેહાળ માતા હતી. ત્હેણે પુત્રીને છાતીસરસી ચાંપી કહ્યું:

“બ્હેન, આપણા ઘરમાં ઘણાં યે દેવદેવીઓ છે. નિરાંતે ત્હેમની પૂજા કર. ત્હારે વળી તપ કરીને શું કરવું છે? કયાં ઋષિ મુનિઓનું તપ, અને કયાં ત્હારૂં કુમળું કમળ જેવું શરીર! બેટા, ઘેર બેસી શંકરનું આરાધાન કરો.”

માતાનું વચન સાંભળી, પાર્વતી પોતાના દૃઢ સંકલ્પમાંથી લગાર પણ ડગી નહિ. ત્હેણે પોતાનો નિશ્ચય કાયમ રાખ્યો. હિમાલયે પણ પુત્રીનો યોગ્ય નિશ્ચય જાણી ત્હેને તપ આરંભવા સંમતિ આપી.

હવે ઉમા હિમાલયના એક શિખર પર આવી, જેનું નામ પાછળથી ‘ગૌરીશિખર’ પડયું. ત્હેણે સોના મોતીનાં સર્વ આભૂષણોનો ત્યાગ કર્યો, અને તપને યોગ્ય વલ્કલ વસ્ત્ર ધારણ કર્યું. મસ્તકે

---

૧. માર-કામદેવ, મદન. ૨. રાત્રિમુખની એટલે પ્રદોષની, સંધ્યાની વાટ જુએ છે. ત્હેના સિવાય જ્યાં સુધી દિવસ હોય ત્યાં સુધી ચંદ્ર શોભતો નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જટા રાખી, કેડે મુંજ ઘાસની ખડબચડી મેખલા પહેરી, તથા કુશથી ઘવાતી આંગળીઓવાળા હાથમાં રુદ્રાક્ષની માળા લીધી. જેને સુંવાળી મુલાયમ તળાઇઓમાં સૂતાં માથાંમાંથી ખરેલાં ફુલો પણ ખુંચતાં તે પાર્વતી હવે ફક્ત જમીન પર હાથનું જ ઓશીકું કરી શયન કરવા લાગી! સ્વયં ઉછેરેલાં ઝાડોને તે નિયમિત રીતે પાણી પાતી, અને હરણાંને હંમેશાં નીવારના દાણા ખવરાવતી.

જે વખતે સ્નાન કરી, વલ્કલ વસ્ત્ર ધારણ કરી, અગ્નિને આહુતિ આપી, પાર્વતી સ્તુતિપાઠ કરવા બેસતી, તે વખતે મ્હોટા મ્હોટા ઋષિમુનિઓ પણ ત્હેનું દર્શન કરવા આવતા! ધર્મવૃદ્ધ લોકોમાં વયની અપેક્ષા રહેતી નથી. એના પવિત્ર તપોવનમાં પશુ-પક્ષીઓએ પરસ્પરનો નૈસર્ગિક વિદ્રોહ છોડી દીધો; અને ઝાડપાનની અત્યંત વૃદ્ધિ થવા લાગી.

આ પ્રમાણે કેટલાક સમય સુધી તપ કર્યા પછી ત્હેને લાગ્યું કે ફલસિદ્ધિ માટે આટલી તપશ્ચર્યા બસ નથી; તેથી ત્હેણે વિશેષ ઉગ્ર તપ આરંભવા પ્રયત્ન કર્યો. જે શરીર દડે રમતાં થાકી જતું, તે હવે ઋષિમુનિઓનું ભયંકર તપ આચરી શકે છે! પ્રથમ ત્હેણે પંચાગ્નિ તપસ્યા આરંભીઃ ચોતરફ અગ્નિ પ્રકટાવી, વચ્ચે પોતે બેસી, લાંબા વખત સુધી તે સૂર્ય તરફ એકી ટશે જોઈ રહેતી. આ પ્રમાણે પ્રખર તપ આચરવાથી ત્હેના મુખની શ્વેતતામાં જરા રાતાશ અને કાળાશ આવવા લાગી. તે સાંજે કેવળ યાચના વિના આવી મળેલાં જળ અને ચંદ્રકિરણોનો આહાર કરવા લાગી. આ પ્રમાણે આખો ઉન્હાળો વીતી ગયો. ત્યાર બાદ આખી વર્ષાઋતુમાં તે પર્ણકુટીમાં ન રહેતાં બહાર શિલા ઉપર સતત વૃષ્ટિમાં જ રહેતી. શિયાળામાં અત્યંત ઠંડો પવન વાતા છતાં તે પાણીમાં જ ઉભી રહી રાત્રિઓ ગાળવા લાગી. આહાર તરીકે તે કેવળ એની મેળે ખરી પડેલાં પાંદડાં જ આરોગતી. પરંતુ, આગળ જતાં જ્યારે પાંદડાંનો આહાર પણ ત્હેણે બંધ કર્યો, ત્યારે ખરેખર તે તપની પરાકાષ્ઠાએ પહોંચી હતી. ત્યારથી પુરાતત્ત્વજ્ઞો ત્હેને 'અપર્ણા' ના ઉપનામથી ઓળખવા લાગ્યાં. આ પ્રમાણે સતત કઠોર તપસ્યામાં પોતાનું શરીર ક્ષીણ કરતાં કરતાં ત્હેણે મહાન્ તપસ્વીઓને પણ પાછળ મૂકી દીધા.

* * * *



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એક દિવસે એક મૃગચર્મધારી, જટાધારી, બ્રહ્મતેજથી દેદીપ્યમાન બ્રહ્મચારી બટુક પાર્વતીના સ્થાન આગળ આવ્યો. પાર્વતીએ ઘણું માન આપી ત્હેનો વિધિપુરઃસર સત્કાર કર્યો. થોડી વાર પછી જાણે ત્હેનો સઘળો શ્રમ ઉતરી ગયો હોય તેમ દેખાવ કરી, ત્હેણે પાર્વતીના મુખ તરફ પવિત્ર દૃષ્ટિથી એક કટાક્ષપાત કરી વિનયપૂર્વક બોલવા માંડયું:

"હું ધારૂં છું કે ત્હમને અહીં હોમવિધિ માટે પૂરતાં સમિધ અને કુશ ઘાસ તો મળી રહેતાં હશે જ. જળાશયો પણ સ્નાનાદિ ક્રિયાઓ માટે સ્વચ્છ અને પૂરતાં હશે જ. ત્હમારી તપશ્ચર્યા આજ-કાલ કેમ ચાલે છે? શરીર તો નીરોગી છે ને? શરીર એ જ પ્રથમ ધર્મસાધન છે. ત્હમારાં ઉગાડેલાં ઝાડપાનની સમૃદ્ધિ તો સારી થતી હશે. હું ધારૂં છું કે ત્હમારા હાથમાંથી દર્ભ ઘાસ ખાઇને આ હરિણો ત્હમારૂં મન રંજિત તો કરતાં હશે.

"લોકો કહે છે કે સુંદર રૂપ પાપવૃત્તિ પોષવા માટે નથી, એનો ત્હમે એક ઉત્તમ પૂરાવો છો. ત્હમારૂં ચારિત્ર્ય તપસ્વીઓને પણ ઉપદેશ આપી રહ્યું છે! ભગવતી મન્દાકિનીના જળથી હિમાલયને જેટલી પવિત્રતા પ્રાપ્ત થઈ છે તે કરતાં આગળ વધીને ત્હમારા આ પાવન ચારિત્ર્યથી ત્હેમની પૂર્વાપર પેઢી સુદ્ધાં પવિત્ર થઇ છે. ધર્મ, અર્થ અને કામ એ ત્રિવિધ પુરુષાર્થમાંથી ત્હમે નિર્વિકાર મને ધર્મને ઉપાડી લીધો છે; તે ઉપરથી મ્હને ધર્મ પર વિશેષ પ્રીતિ ઉપજે છે.

"ત્હમે મ્હને આટલું માન આપી ઉપકૃત કર્યો છે; અને આપણી વચ્ચે આટલી વાતચીત થઇ છે, તે ઉપરથી હું ધારૂં છું કે ત્હમે મ્હને પારકો ગણશો નહિ. હું એક બહુબોલો બ્રાહ્મણ છું, તેથી ત્હમને કાંઇક પૂછવાની ઇચ્છા થાય એ સ્વાભાવિક છે. તે જો ગુપ્ત વાત ન હોય તો મ્હને ત્હેનો ઉત્તર આપવા કૃપા કરશો.

"મ્હારી વાત એ છે કે પ્રથમ પ્રજાપતિ હિરણ્યગર્ભના કુળમાં ત્હમારો જન્મ થયો છે; ત્રણે લોકમાં ઉત્તમ રૂપવાળો ત્હમારો દેહ છે; ઉગતું યૌવન છે; અને સુખસંપત્તિ તો ઘરમાં જ છે, તો પછી ત્હમારો તપ કરવાનો શો હેતુ હશે તે હું સમજી શકતો નથી. જો કાંઈ દુઃસહ અનિષ્ટ આવી પડયું હોય તો સ્વાભાવિક રીતે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મનસ્વી સ્ત્રીઓ તપ કરે છેઃ પણ વિચાર કરતાં મ્હને તે કારણુ પણ ત્હમારા વિષે જણાતું નથી. ત્હમારી આકૃતિ એવી સૌમ્ય છે કે શોક તો ત્હેનાથી દૂર જ ન્હાસે. પિતાના ઘરમાં ત્હમારૂં બરોબર માન જળવાય એમાં કાંઇ શંકા રહેતી નથી. પારકાનું દબાણુ તો ત્હમારા પર સંભવે જ કેમ ? સાપના મ્હોંમાં આંગળી ઘાલવી સ્હેલ નથી. તો પછી યૌવન કાળમાં સુશોભિત આભૂષણો દૂર મૂકી ઘરડી ડોશીને છાજે તેવું આ વલ્કલ વસ્ત્ર ધારણ કરવાનું શું પ્રયોજન હશે ? મ્હારી અલ્પમતિથી ત્હેનું કાંઈ પણ પ્રયોજન કળાતું નથી.

"સ્વર્ગની કામના તો ત્હમને હોય જ શાની ? હિમાલયનો પ્રદેશ દેવભૂમિ જ છે. જો પતિની કામના હોય, તો ત્હેમાં કાંઈ તપની આવશ્યકતા નથીઃ રત્નને કાંઇ ગ્રાહક શોધવાની જરૂર હોય ખરી ? એ તો ગ્રાહક જ ત્હેને શોધતો આવે. હા, પણ ત્હમે ઉન્હો નિઃશ્વાસ મૂકો છો તે ઉપરથી મ્હારા મનમાં શંકા થાય છે કે ત્હમે પતિ મેળવવા આટલો પ્રયાસ કરી રહ્યાં છો. જો એમ જ હોય તો ખરેખર તે યુવાન ઘણો કઠોર હોવો જોઇએ, કે જે ત્હમને આવી સ્થિતિમાં સડાવ્યા કરે છે. ચંદ્રની કળા જેવા આ ત્હમારા દિવ્ય દેહને આમ વ્રતોપવાસથી સૂકાતો જતો જોઈ કયા માનવીનું મન ખિન્ન ન થાય ? ખરેખર ત્હમારો પ્રિયજન પોતાના સૌંદર્યના મિથ્યા અભિમાનમાં છેતરાયો છે ! હે ગૌરિ ! કેટલા વખત સુધી આ ત્હમારો કુમળો દેહ આમ સૂકાવ્યા કરશો ? મ્હેં પૂર્વાશ્રમમાં જે કાંઈ તપ પ્રાપ્ત કર્યું હોય, ત્હેના અર્ધા ભાગનું ફળ હું ત્હમને આપું છું, જેથી ત્હમને ત્હમારો ઇષ્ટ પતિ જલદીથી પ્રાપ્ત થાય. પણ પ્રથમ તો હું ત્હેનું નામ જાણવા માગું છું."

આ પ્રમાણે બટુકે ત્હેની પાસેથી વાત કઢાવવા માટે યુક્તિ-પુરઃસર દલીલ કરી. પાર્વતીને ત્હેના પ્રશ્નોનો ઉત્તર આપતાં લજ્જા આવવાથી પાસે ઉભેલી પોતાની સખીને ત્હેણે આંખનો ઈશારો કર્યો. તે ઉપરથી તે સખી બોલવા લાગીઃ "હે સાધુ ! જો એ વાત સાંભળવાની ત્હમારી ખાસ ઇચ્છા જ હોય તો હું કહું તે સાંભળો. આ મ્હારી સખી મહેન્દ્રાદિ દેવો અને દિક્પાલોની અવજ્ઞા કરી, મદનને પણ ભસ્મ કરનાર પિનાકપાણિ શંકરને પતિ તરીકે મેળવવાની તપશ્ચર્યા આદરે છે. ભસ્મીભૂત થયેલા કામદેવનું એક બાણ, જે 'ભગવાન' શંકરે એક ભયંકર હુંકારથી પાછું કહાડયું

હતું, તે અમારી સખીના હૃદયમાં સોંસરૂં ઉતરી ગયું છે. તે દિવસથી પિતાના ઘરમાં એને જરાયે શાંતિ વળતી નથી. ઘણી વાર **શં**કરનું ચરિત્ર ગાતાં ગાતાં ત્હેનો કંઠ રૂંધાઇ જતો, શબ્દો ત્રુટક થઈ જતા અને આંખમાં અશ્રુની ધારાઓ વહેવા લાગતી. આથી ત્હેની કિન્નરી સખીઓની આંખમાં પણ આંસુ ભરાઇ આવતાં. ઘણી વાર રાત્રે ઉંઘમાંથી ઝબકીને જાગી ઉઠી 'કયાં જાઓ છો, **ની**લકંઠ?' એમ બૂમો પાડતી તે હાથ લાંબા કરી આલિંગન આપવા જતી. ઘણી વાર તે **શં**કરની છબી ચીતરી એકાંતમાં ત્હેને ઠપકો આપતી કે 'ત્હને બધા લોકો સર્વજ્ઞ કહે છે, તો ત્હારા પર પ્રેમાસક્ત થયેલી મ્હને તું કયમ ઓળખતો નથી?'

"જયારે ત્હેણે જાણ્યું કે હવે બીજો કોઇ માર્ગ રહ્યો નથી, ત્યારે ત્હેણે પિતાની આજ્ઞા લઈ આ કઠોર તપસ્યાનો આરંભ કર્યો. ત્હેમાં યે ત્હેણે સ્વહસ્તે રોપેલાં આ ઝાડોને પણ ફૂલો આવી ગયાં. પરંતુ તે બીચારીના મનોરથને હજુ સુધી અંકુર સુદ્ધાં ફુટતો નથી. કયારે ભગવાનનો કૃપારસ અમારી સખી પર ઢળશે એ કહી શકાતું નથી."

આ વચનો સાંભળી **બ**ટુકના મનમાં અત્યંત હર્ષ થયો; પણ તે હર્ષનું બાહ્ય ચિહ્ન દર્શાવ્યા વિના તે આશ્ચર્યથી **પા**ર્વતી તરફ ફરી પૂછવા લાગ્યો:

"અરે બાલિકા! આ ત્હારી સખી કહે છે તે ખરૂં છે? મ્હારી મશ્કરી તો નથી કરતી ને?"

ત્હેનો પ્રશ્ન સાંભળી **પા**ર્વતી પોતાના હાથમાં સ્ફાટિકની માળા રાખીને કેટલીક વારે બોલી:

"હે દેવજ્ઞ બ્રહ્મચારી! ત્હેં જે સાંભળ્યું તે સત્ય જ છે. હું જે પદની ઇચ્છા કરૂં છું તે ઘણું ઉચ્ચ છે; અને તે પ્રાપ્ત કરવાનું સાધન આ તુચ્છ તપ છે; છતાં તે દુરાશા મ્હારાથી છોડી શકાતી નથી. મનુષ્યના મનોરથને કાંઇ આંક હોય છે?"

આ સાંભળી પેલો બ્રહ્મચારી એકદમ બોલી ઉઠયો: "ઓહો! **શં**કરને તો ઓળખ્યો. ત્હેને મેળવવા તું આ બધો ખટાટોપ કરી રહી છે? ત્હારા મતને હું જરા યે અનુમોદન આપી શકતો નથી. તું જરા તો વિચાર કરી જો કે લગ્નના કંકણથી શોભતો ત્હારો સુકોમળ હાથ સાપથી વીંટળાયલા **શં**કરના હાથમાં શી રીતે ર્‌હેશે? નવવધૂની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સુશોભિત સાડી અને લોહીથી ટપકતું હાથીનું ચામડું એ બેનો યોગ કદી સાંભળ્યો છે ? ફુલના ઢગલા પર ચાલવા યોગ્ય ત્હારા સુકુમાર ચરણના અળતાથી રંગાયલાં પગલાં ગંદી ગંધાતી શ્મશાનભૂમિમાં શોભે ખરાં કે ? **શં**કરને આલિંગન આપતાં ત્હારાં ચંદનચર્ચિત સ્તન ઉપર શ્મશાનની ભસ્મ ચ્હોંટશે એના કરતાં બીજું શું અયોગ્ય હોઇ શકે વારૂ ? તે ઉપરાંત, વળી ઐરાવત જેવા દિવ્ય હાથી પર બેસવાને યોગ્ય એવી ત્હને ઘરડા ગોધા પર બેસીને ફરતી જોઈ ખરેખર લોકોનું હાસ્ય ખાળ્યું રહેશે નહિ. વિશેષ શું કહું ? **શં**કરનું શરીર જુઓ તો કદ્રપું–ત્રણ તો આંખો, કુળનું ઠેકાણું ન મળે, તે દિગમ્બર થઇને ફરે છે તે પરથી ત્હેની ધનસંપત્તિ તો સર્વ કોઇ જાણી શકે. હે સુંદરિ ! પરણનાર પતિમાં સ્વાભાવિક રીતે જે જે ગુણોની લોકો આવશ્યકતા ધારે છે ત્હેમાંનો એક પણ ગુણ **શં**કરમાં છે ખરો ? માટે, ભોળી ! મ્હારી શીખામણ માનીને ત્હારો આ અયોગ્ય મમ્મત છોડી દે. કયાં અશુભ લક્ષણો **શં**કર અને કયાં શુભલક્ષણા તું ! ”

**શં**કરની આવી નિન્દા સાંભળતાં જ ક્રોધથી **પાર્વ**તીનો હોઠ ધ્રુજવા લાગ્યો. ત્હેણે ભવાં ચઢાવી બટુક તરફ એક ભયંકર કટાક્ષ નાખ્યો અને કહ્યું:

“ અલ્યા ! તું **શં**કરને બરાબર ઓળખે છે ? ઓળખતો હોય તો આમ બોલે નહિ. મૂર્ખ લોકો મહાત્માઓનાં લોકોત્તર ચરિત્રો સમજી શકતા નથી. ઇષ્ટપ્રાપ્તિ અને અનિષ્ટપરિત્યાગ તરફ દૃષ્ટિ રાખનારા સંસારી જનો માટે શુભાશુભ જોવાની અપેક્ષા રહે છે. પરંતુ જે સમગ્ર જગતનો આશ્રયભૂત છે, ત્હેને મંગલ શું અને અમંગલ શું ? તે અકિંચન છતાં સંપત્તિનો દાતા છે; શ્મશાનવાસી છતાં ત્રિલોકનાથ છે; ભયંકર છતાં **શિવ** ( કલ્યાણપ્રદ ) કહેવાય છે. અહા ! **શં**કરના સ્વરૂપને યથાર્થ રીતે ઓળખનાર જગતમાં કોઇ છે ખરો ? તે તો વિશ્વમૂર્તિ છે. ત્હેમના દેહ ઉપર આભૂષણો અગર સર્પ હોય, રેશમી વસ્ત્ર અગર ગજચર્મ પણ હોય ! તે ખપ્પર રાખે અગર ઈન્દુ ધારણ કરે ! ત્હને ખબર છે કે તાણ્ડવ નૃત્ય વખતે ત્હેમના અંગ ઉપરથી ખરતી ભસ્મનાં રજકણો દેવલોકો મસ્તકે લગાડી પોતાને કૃતકૃત્ય માને છે ? ઐરાવત હાથી ઉપર બેસનાર ઇંદ્ર પણ ત્હેમના ચરણમાં મસ્તક મૂકી પોતાને પવિત્ર થયો માને છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હો, શંકરના દોષ બતાવતાં ત્હેં એક વાત ઠીક કહી નાંખી છે. જેને બ્રહ્માનું પણ કારણરૂપ માનવામાં આવે છે, ત્હેને વળી કુળ શી રીતે હોઈ શકે ?—

"પણ આ બધો વિવાદ શા માટે ? ત્હેં શંકરને જેવા વર્ણવ્યા છે તેવા તે ભલે હો ! મ્હારૂં મન તો એક રસ થઇ ત્હેમના પર જ ચોંટયું છે, તો જગત જખ મારે છે. સ્વેચ્છાચારી મનુષ્ય પર-નિન્દાની દરકાર રાખતું નથી."

એમ બોલી તે પોતાની સખીનો હાથ પકડી ત્હેને ખેંચતી ખેંચતી કહેવા લાગી :

"ચાલ અલી ! આ બટુકડો પાછો બોલવાને ઓઠ ફફડાવે છે. મહાત્માઓની નિન્દા કરનાર અને સાંભળનાર બન્ને સરખા પાપી છે.........લે, હું તો આ ચાલી." એમ બોલી પાર્વતીએ આવેશમાં ચાલવા માટે પગલું ઉપાડયું. પરંતુ એકાએક પોતાના વસ્ત્રનો છેડો ખેંચાતાં તેણે અચકાઈ પાછળ નજર નાંખી. ત્હેણે શું જોયું ? સ્વયં ભગવાન શંકરને પોતાના વલ્કલનો છેડો પકડી પ્રત્યક્ષ ઉભેલા જોઇને ત્હેના શરીરમાં કંપ શરૂ થયો, અંગે અંગમાંથી પરસેવો છુટવા લાગ્યો, રોમાંચ ખડાં થયાં, ઉપાડેલો પગ તે આગળ પણ ન મૂકી શકી, તેમ પાછો પણ ન ફેરવી શકી; માત્ર આશ્ચર્યમાં ગરક થઈ ચિત્રવત્ સ્થિર ઉભી રહી.

"હે સુંદરિ !" શંકર બોલ્યા: "ત્હેં મ્હને ત્હારા ઉગ્ર તપથી ખરીદી લીધો છે; આજથી હું ત્હારો દાસ છું."

આ વચનો સાંભળતાં પાર્વતીના રોમેરોમમાં આનંદ વ્યાપી ગયો, અને ત્હેની આટલા વખતની તપશ્ચર્યાનો શ્રમ એકદમ જતો રહ્યો. લજ્જાવશ થઇ ત્હેણે મસ્તક નીચું નમાવી દીધું; ત્હેના મુખ-માંથી એક પણ શબ્દ નીકળી શકયો નહિ.

## પ્રકરણ ૫ : શંકર પાર્વતી વિવાહ

હવે શંકર ભગવાને હિમાલય પાસે પાર્વતીની માગણી કરવા માટે સપ્તર્ષિ મંડળને* પોતાને ત્યાં નોતર્યું. આ સપ્તર્ષિઓ મંદાર

* સપ્તર્ષિ મંડળમાં આ પ્રમાણે સાત ઋષિઓ હોય છે: મરીચિ, અત્રિ, અંગિરસ, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ, અને વસિષ્ઠ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પુષ્પથી સુગંધિત થયેલા આકાશગંગાના પવિત્ર જળમાં સ્નાન કરીને મૌક્તિક માળાનાં ઉપવીતો, સુવર્ણ વલ્કલો, અને હાથમાં રત્નની માળાઓ ધારણ કરીને જંગમ કલ્પવૃક્ષની માફક કૈલાસ તરફ જવા નીકળ્યા. ત્હેમને ઉંચેથી ઉતરતા જોઇને સૂર્ય ભગવાને પોતાના રથની ધ્વજા નીચી કરી વિનયપૂર્વક પ્રણામ કર્યા. થોડી વારમાં તેઓ કૈલાસમાં આવી પહોંચ્યા.

**શંકરે** ત્હેમને યથાયોગ્ય માન આપી આસન ઉપર બેસાડયા. સપ્તર્ષિ સાથે **વસિષ્ઠપત્ની** સાધ્વી અરુંધતીને જોઇ **શંકરને** લગ્ન કરવા તરફ વિશેષ પ્રીતિ ઉત્પન્ન થઈ, કારણ કે ધાર્મિક ક્રિયાઓનું મૂળ કારણ સત્પત્ની જ છે.

સપ્તર્ષિઓએ જગદ્‌ગુરુ **શંકરને** પ્રણામ કરી પ્રેમપૂર્વક કહ્યું:

" મહારાજ! અમારા વેદાધ્યયનનું, અમારા અગ્નિહોત્રનું, અમારી તપશ્ચર્યાનું, આજ અમને ખરેખરૂં ફળ મળ્યું: આપનાં દુર્લભ દર્શનનો અલભ્ય લાભ મળ્યો. જેના હૃદયમાં આપનો આવિર્ભાવ થાય તે પોતાને કૃતકૃત્ય માને, એવા આપના જ હૃદયમાં અમારૂં સ્મરણ આપે કર્યું તો પછી અમારા સદ્‌ભાગ્યની સીમા કયાં રહી? હે પ્રભો! વસ્તુતઃ સૂર્ય અને ચંદ્રથી પણ અમે ઉચ્ચ સ્થાન ભોગવીએ છીએ; પરંતુ આજ આપના અનુગ્રહથી અમે ઉચ્ચતર સ્થાનને પ્રાપ્ત થયા છીએ. આપે કરેલા અમારા સ્મરણથી અમારા હૃદયસાગરમાં જે પ્રેમતરંગો ઉછળે છે તે આપના આગળ દર્શાવવાની જરૂર રહેતી નથી; આપ તો સર્વના અંતરાત્મા છો. આપનાં સાક્ષાત્ દર્શન કર્યા છતાં પણ અમે આપના યથાર્થ સ્વરૂપને ઓળખી શકતા નથી. મહારાજ! આપની શી આજ્ઞા છે? આ સેવકોને ફરમાવો. "

ત્હેના ઉત્તરમાં **શંકરે** જણાવ્યું:

" હે ઋષિઓ! હે સતી **અરુંધતી**! ત્હમને સર્વને વિદિત છે જ કે મ્હારી કોઇ પણ પ્રવૃત્તિ પાપને માટે હોતી નથી. મ્હારી આઠે મૂર્તિઓ* પરોપકારાર્થે જ છે. જેમ તૃષ્ણાતુર ચાતકો વૃષ્ટિ માટે મેઘની પ્રાર્થના કરે, તેમ હાલમાં દાનવપીડિત દેવોએ મ્હારી પ્રસૂતિ

---

* **શંકરની** આઠ મૂર્તિઓ અગર શરીરો આ પ્રમાણે છે:

**जलं[1] वह्नि[2]स्तथा यष्टा[3] सूर्या[4]चन्द्रमसौ[5] तथा**
**आकाशं[6] वायु[7]रवनी[8] मूर्तयोऽष्टौ पिनाकिनः ॥**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માટે પ્રાર્થના કરી છે. તેથી હું હિમાલયની પુત્રી પાર્વતીનું પાણિ-ગ્રહણ કરવા માગું છું. આવા ઉત્તમ કુળ સાથે સંબંધ બાંધવો એ ત્હમને પણ યોગ્ય લાગશે. તેથી હિમાલય પાસે જઈ મ્હારે માટે પાર્વતીનું માગણું કરવા મ્હેં ત્હમને બોલાવ્યા છે. આવા કાર્યમાં પ્રૌઢ સ્ત્રીઓ બહુ ઉપયોગી છે. તે પ્રમાણે દેવી અરુંધતી પણ ત્હમને સાહાય્ય આપશે. ત્યાં જઈ શું શું કહેવું એ વિષે ત્હમને ઉપદેશ આપવાની જરૂર રહેતી નથી, કારણ કે સ્વયં ત્હમારાં જ બનાવેલાં ધર્મશાસ્ત્રો સાધુઓને પણ માન્ય છે. માટે હિમાલયની રાજધાની ઓષધિપ્રસ્થ નગરમાં જઈ સત્વર કાર્યસિદ્ધિ કરો.”

આ પ્રમાણે ભગવાનની આજ્ઞા સાંભળી સપ્તર્ષિ મંડળ ત્યાંથી નીકળ્યું, અને વીજળીના વેગે એકદમ ઓષધિપ્રસ્થમાં આવી પહોંચ્યું. ઓષધિપ્રસ્થની શોભા નિહાળી તેઓ સાનંદ આશ્ચર્યમાં ગરક થયા. શહેરની આજુબાજુ રત્ન અને માણેકથી બનાવેલો એક મ્હોટો કિલ્લો હતો અને ત્હેને ફરતો ગંગાનો પ્રવાહ વહી રહ્યો હતો. ત્યાંના પુરુષો તે યક્ષો ને કિન્નરો, તથા સ્ત્રીઓ તે વનદેવતાઓ હતી. યૌવન પછીની અવસ્થા ત્હેમને કદી પ્રાપ્ત થતી નહિ. પાસે જ શિખરો ઉપર લટકી રહેલા મેઘોથી સતત મૃદંગધ્વનિ થયા જ કરતો. ત્યાંની ભૂમિ ઉપર પડેલાં અનેક નક્ષત્રોનાં પ્રતિબિંબોથી જાણે ચક-ચકિત મોતીઓ વેરાયલાં હોય તેમ લાગતું! પાસે આવેલો ગંધમાદન ગિરિ, જયાં સંતાનક વૃક્ષોની છાયામાં અનેક પાન્થ વિદ્યાધરો આરામથી સૂરો આલાપતા, તે ઓષધિપ્રસ્થનો ઉદ્યાન હતો.

સ્વર્ગસમાન આ નગરની શોભા જોતા જોતા સપ્તર્ષિઓ હિમાલયના પ્રાસાદ આગળ ઉતર્યા અને અંદર ગયા. પર્વતરાજે ત્હેમને દૂરથી જોઈ સવિનય નમસ્કાર કર્યા અને પોતાના અંતઃપુરમાં ત્હેમને લઇ ગયો. ત્યાં ત્હેમને આસનો ઉપર બેસાડી, યથાવિધ પૂજન કરી તે કહેવા લાગ્યો:

---

સરખાવો:

**या सृष्टिः स्रष्टुराद्या वहति विधिहुतं या हविर्या च होत्री**
**ये द्वे कालं विधत्तः श्रुतिविषयगुणा या स्थिता व्याप्य विश्वम् ।**
**यामाहुः सर्वबीजप्रकृतिरिति यया प्राणिनः प्राणवन्तः**
**प्रत्यक्षाभिः प्रपन्नस्तनुभिरवतु वस्ताभिरष्टाभिरीशः ॥**

**शाकुन्तलम् १. १.**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

" મહારાજ ! જેમ મેઘદર્શન વિના વૃષ્ટિ થાય, જેમ પુષ્પ બંધાયા વિના ફળ આવે, તેમ આપનું દર્શન આજ અણચિંતવ્યું થયું છે. હું ધારૂં છું કે મ્હને પાવન કરવા જ આપ અહીં પ્રધાર્યા છો. આપના આગમનથી, જેમ લોઢું સુવર્ણ બને તેમ, હું મૂઢ આદમી પ્રબુદ્ધ થયો છું; પૃથ્વીતળથી જઈ સ્વર્ગારૂઢ થયો છું. પ્રથમ હું પતિત-પાવની ભગવતી ભાગીરથીના પ્રવાહથી પાવન થયો હતો, આજ આપના આગમનથી; તેથી ખરેખર હવે હું તીર્થરૂપ બન્યો છું. આપના પ્રસાદથી મ્હારા અંતરમાં જે આનંદ ઉભરાય છે તે મ્હારા વિશાળ દેહમાં પણ માઇ શકતો નથી. આપના દેદીપ્યમાન દર્શનથી મ્હારી ગુહાઓનો અંધકાર નષ્ટ થયો છે એટલું જ નહિ, પરંતુ મ્હારા અંતરનો અજ્ઞાન–અંધકાર પણ નષ્ટ થયો છે. ધર્મપત્ની અને પુત્રી સહ હું આપનો દાસ છું; તો, મહારાજ ! જે કાંઇ આજ્ઞા હોય તે ફરમાવો."

હિમાલયનાં આવાં ભાક્તયુક્ત વચનો સાંભળી સપ્તર્ષિઓમાંથી **અં**ગિરા ઋષિ બોલવા ભાગ્યા :

" **પર્વ**તરાજ ! જેમ ત્હમારાં શિખરો સર્વથી ઉન્નત છે તેમ ત્હમારૂં હૃદય પણ સર્વદા ઉન્નત છે. પર્વતોમાં ત્હમે વિષ્ણુરૂપ* છો, એ યોગ્ય જ છે. કઠિનતા તો ત્હમે ત્હમારા સ્થાવર દેહને અર્પી દીધી છે, સંતોનું આરાધન કરનાર ત્હમારૂં હૃદય તો કેવળ ભક્તિમય છે. અમારૂં અત્રે આવવાનું શું પ્રયોજન છે તે સાંભળોઃ

" અણિમા આદિ અષ્ટ સિદ્ધિઓ જેને પ્રાપ્ત થઈ છે એવા યોગેશ્વર, સમસ્ત બ્રહ્માંડના આધાર, સાક્ષાત્ ચંદ્રમૌલિ ભગવાન **શં**કરે ત્હમારી કન્યાનું પાણિગ્રહણ કરવા માટે અમારી મારફતે કહેણુ મોકલ્યું છે. જેમ **શં**ભુ સમગ્ર જગતના પિતા છે તેમ ત્હમારી શુભ-લક્ષણા કન્યા જગત્-જનની થાઓ! દેવલોકોના મુકુટમણિઓનાં કિરણોથી ઉમાનાં ચરણો પ્રકાશિત થાઓ ! **પર્વ**તરાજ ! ત્હમને ધન્ય છે; ત્હમે કન્યાદાતા, અમે માગણી કરનાર, ઉમા વધૂ અને **શં**કર ભર્તા—આ યોગ જ અલૌકિક છે ! "

---

* સરખાવો

**महर्षीणां भृगुरहं गिरामस्म्येकमक्षरम् ।**
**यज्ञानां जपयज्ञोऽस्मि स्थावराणां हिमालयः ॥**

**श्रीमद्भगवद्गीता, १०. २५.**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઋષિનાં વચન સાંભળી હિમાલય અને મેના અત્યંત પ્રસન્ન થયાં. મેનાએ કહ્યું:–“ અહો ! અમારે બારણે વિશ્વાત્મા શંકરને માટે આજ મહર્ષિઓ ભિક્ષા માગે અને હેમને હું કન્યાની ભિક્ષા આપું ! ખરેખર, આજ અમારો ગૃહસ્થાશ્રમ સફળ થયો છે. ”

ત્રણેએ ઋષિઓને નમસ્કાર કર્યા. અરુંધતીએ ઉમાને આશીર્વાદ આપ્યા. લગ્નમુહૂર્ત નક્કી કરી તેઓ ત્યાંથી ચાલતા થયા. કૈલાસમાં આવી શંકર ભગવાનને કાર્યસિદ્ધિની ખબર આપી તેઓ પોતાના સ્થાનકે ચાલ્યા ગયા.

* * * * *

હવે પર્વતરાજે સગાં સંબંધીઓને બોલાવી લગ્નની તૈયારીઓ કરવા માંડી. સમગ્ર શહેરમાં ઘેર ઘેર આનંદ છવાઈ ગયો. સુવર્ણનાં તોરણો, રેશમી વસ્ત્રોની ધ્વજાઓ, અને માર્ગમાં વેરેલાં સ્વર્ગીય પુષ્પોથી ઓષધિપ્રસ્થ સ્વર્ગ તુલ્ય બની ગયું. લગ્નના દિવસે પુત્રવતી અને સૌભાગ્યવતી સ્ત્રીઓ એક પછી એક ઉમાને આશીર્વાદ આપી હેને વિવાહયોગ્ય નાનાવિધ મંગલ અલંકારો પહેરાવવા લાગી. કેટલીક વારે આ મંડન–વિધિ સંપૂર્ણ થયા પછી મેનાએ ઉમાને પોતાની કુળદેવતાઓ આગળ નમસ્કાર કરાવ્યા અને સતી સ્ત્રીઓનાં ચરણસ્પર્શ કરાવ્યાં.

“ પતિના અખંડિત પ્રેમનો ઉપભોગ કર ” એમ સતીઓએ હેને આશીર્વાદ આપ્યા. પરંતુ આગળ જતાં હેણે પતિનું અર્ધાંગ જ બની આ આશીર્વાદથી પણ વિશેષ લાભ પ્રાપ્ત કર્યો. આ રીતે પોતાના મનોરથ અને વૈભવ પ્રમાણે સઘળું કાર્ય આટોપી પર્વતરાજ સભાસ્થાનમાં આવી વરરાજાને આવવાની વાટ જોવા લાગ્યા.

કૈલાસમાં પણ આ સમયે લગ્નની મ્હોટી ધામધુમ ચાલી રહી હતી. સપ્ત માતૃકાઓએ* અનેક આભૂષણો શંકરની આગળ મૂકયાં. હેમના આદરની ખાતર શંકરે આભૂષણોનો કેવળ સ્પર્શ કર્યો અને તરત જ હેમનાં ભીષણ અને અમંગલ સર્પાદિ આભૂષણો સુંદર મંગલ આભૂષણના રૂપમાં ફેરવાઈ ગયાં: ભસ્મ એ સુગંધિ અંગરાગ (શરીરે ચોળવાનો લેપ) બની ગઇ; ખપ્પર એ મસ્તક

---

* ब्राह्मी[१] माहेश्वरी[२] चैव कौमारी[३] वैष्णवी[४] तथा ।
माहेन्द्री[५] चैव वाराही[६] चामुण्डा[७] सप्त मातरः ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉપરનો સુંદર મુકુટ બની ગયું, શરીરે વીંટેલું ચર્મ એકદમ રંગ-બેરંગી રેશમી વસ્ત્ર બની ગયું; લલાટમાં આવેલું અગ્નિમય નેત્ર એકાએક કેસરી તિલક બની રહ્યું; શરીરે લટકેલા સર્પો ભિન્ન ભિન્ન આભૂષણના રૂપમાં ફેરવાઇ ગયા, માત્ર ત્હેમના મણિઓ એમને એમ ચળકતા રહ્યા.

આ પ્રમાણે અનેક રીતે સુસજ્જિત બની પોતાના ચળકતાં ખડ્ગમાં **શં**કર ભગવાન મ્હોં જોવા લાગ્યા. ત્યાર બાદ અનેક ચકચકિત અલંકારોથી સુશોભિત બનેલા શુભ વૃષભ ઉપર આરૂઢ બનેલા **શં**કરને લઈ જાન ચાલવા માંડી. વરઘોડો ચાલતાં જ **નં**દિકેશ્વર તથા ગણો શંખો અને તુરઇઓ બજાવવા મંડયા. આ અભ્રભેદી ધ્વનિ સાંભળીને એક પછી એક દેવો ભગવાનના સાજનમાં ઉપસ્થિત થયા.

પ્રથમ સૂર્યનારાયણે આવી એક નવીન સુંદર છત્ર અર્પણ કર્યું. ત્યાર બાદ બ્રહ્મા, વિષ્ણુ, ઇન્દ્ર, વગેરે દેવો, સપ્તર્ષિઓ, તથા મહર્ષિઓ પણ આવી પહોંચ્યા. હાસ્યપૂર્વક મસ્તક હલાવી **શં**કર ભગવાને ત્હેમનો સત્કાર કર્યો. વરઘોડાની છેવટમાં માતૃકાઓ તથા મહાકાળી દેવી ચાલવા લાગ્યાં.

થોડી વારમાં વરઘોડો ઓષધિપ્રસ્થમાં આવી પહોંચ્યો. અનેક પર્વતો સાથે હિમાલય ત્હેમનું સ્વાગત કરવા માટે સામો આવ્યો. દેવવૃંદ અને પર્વતવૃંદ સામસામે આવેલા બે સમુદ્ર જેવા શોભવા લાગ્યા. વરઘોડો શહેરમાં થઈ રાજમહેલ તરફ વળ્યો. માર્ગમાં વરરાજાને નીરખવા માટે પ્રત્યેક ઘરનાં બારીબારણાંમાં આતુર સ્ત્રી પુરુષો અને બાળકો ખડકાઇ ગયાં હતાં. તેઓ સઘળાં એકી ટશે **શં**કર સામે જોઇ રહ્યાં હતાં: જાણે સર્વ ઇંદ્રિયો ચક્ષુરિન્દ્રિયમાં જ વસી ન હોય!

કેટલીક સ્ત્રીઓ કહેવા લાગી: "ખરેખર સુકુમાર ઉમાએ ભીષણ તપ આદર્યું હતું એ યોગ્ય જ છે. આવા અસામાન્ય નરનું દાસીપણું પણ દુર્લભ છે, તો પત્નીપણું તો કયાંથી જ મળે? ખરેખર, આવું સુંદર યુગલ સ્થાયું ન હોત તો પ્રજાપતિએ ઉત્પન્ન કરેલી આ સુંદર મૂર્તિઓ નિષ્ફળ જાત. કામદેવનું શરીર **શં**કરે બાળી નાખ્યું એ વાત અમારા માન્યામાં આવતી નથી. અમે તો

ધારીએ છીએ કે આ અદ્‌ભૂત સૌંદર્ય જોઇને જ કામદેવે લજ્જાથી પોતાનો દેહ છોડયો હશે !"

આ પ્રમાણે અનેક વાતો સાંભળતાં સાંભળતાં શંકર રાજમહેલ આગળ આવી પહોંચ્યા.

સઘળું સાજન લગ્નમંડપમાં જઈ યથાસ્થિત ગોઠવાઇ ગયું. વરરાજાને ઉમાની સાથે બેસાડવામાં આવ્યા અને વેદોક્ત મંત્રો પ્રમાણે સઘળી વિધિ કરવામાં આવી. હસ્તમેળાપ થયા પછી યજ્ઞ-વેદિની આસપાસ દંપતીએ ત્રણ પ્રદિક્ષણા કરી. સર્વ લોકો આ અતુલ શોભા જોઈ વિસ્મયમાં ગરક થઈ ગયા. પુરોહિતે આદ્ય પ્રજા-પતિ બ્રહ્મા આગળ દંપતીને નમસ્કાર કરાવ્યા. આ દિવ્ય યુગલને શો આશીર્વાદ આપવો એ બ્રહ્માને પણ વિચારનો વિષય થઈ પડયો. છેવટે શંકરને આપવાનો આશીર્વાદ નહિ જડવાથી તે પાર્વતીને જ " હે કલ્યાણી ! વીર પુત્રની માતા થજે" એમ આશી-ર્વાદ આપી શાંત રહ્યા.

ત્યાર બાદ લક્ષ્મીએ આવી આ દંપતી પર કમળનું છત્ર ધર્યું. સરસ્વતીએ સંસ્કૃત અને પ્રાકૃત એમ બન્ને ભાષાઓ વડે વરવધૂની સ્તુતિ કરી. અપ્સરાઓએ સુંદર સંગીતમય નાટયપ્રયોગ કર્યા. સઘળા દેવોએ શંકરના ચરણમાં પ્રણામ કરી, શાપાન્તે પ્રત્યુજ્જીવિત થયેલા કામદેવની સેવાનો અંગીકાર કરવા પ્રાર્થના કરી, અને ભગ-વાને તે માન્ય રાખી. ત્યાર પછી સર્વ સભાજનો પોતપોતાને સ્થાનકે પાછા ચાલ્યા ગયા.

## પ્રકરણ ૬ : કુમારસંભવ

એક મહિના સુધી ભગવાન શંકરે સાસરે રહી દિવસો આનંદમાં ગુજાર્યા. પછી હિમાલયની રજા લઈ બન્ને જણ પોઠીયા પર સ્વાર થઇ કૈલાસ તરફ જવા નીકળ્યાં. પવનવેગી પોઠીયો સુમેરુ પર્વત આગળ થઇ મંદરાચલ પર આવ્યો. ત્યાં આ નવીન દંપતી શરદ્‌ની રાત્રિઓનું આનંદથી સેવન કરવા લાગ્યાં. અહીં દૈવી સુખ ભોગવી તેઓ ગંધમાદન પર્વત પર આવ્યાં. ત્યાંનું નૈસર્ગિક દૃશ્ય જોઈ ત્હેમને અત્યંત આનંદ થયો; સૂર્યમંડળ ત્યાંથી બહુ દૂર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ન હતું; અનેક રંગબેરંગી પક્ષીઓ કિલકિલાટ કરતાં આમ તેમ ઉડી રહ્યાં હતાં. વેદમંત્રોના ઉચ્ચાર કરતા અને સૂર્યકિરણનો માત્ર આહાર કરનાર અનેક તપસ્વીઓનાં વૃંદ ધ્યાનસ્થ બેઠેલાં ત્યાં જોવામાં આવતાં; સંધ્યાકાળે આજુબાજુ તથા પગ નીચે દોડતાં વાદળાં સૂર્યનાં કિરણોથી પ્રકાશિત બની નાનાવિધ રંગોમાં રંગાઇ જતાં હતાં.

કુદરતનું આવું આકર્ષક સ્વરૂપ જોઇને ભગવાને પાર્વતીથી થોડીક વાર છુટા પડી, સાત્ત્વિક આનંદમાં નાહ્યા છતાં પણ તપસ્વીઓએ પવિત્ર કરેલા જળમાં સ્નાન કરી, સંધ્યાવંદન કરી લીધું. ત્હેમણે ત્યાં એકાંતમાં પોતાના પ્રભાવથી એક મણિશિલાગૃહ નિર્માણ કર્યું; અને **પાર્વતી** સાથે વિનોદ કરતા ત્યાં રહેવા લાગ્યા. આ પ્રમાણે સો ઋતુઓ વીતિ ગઇ, પરંતુ ત્હેમની રતિભોગની તૃષ્ણા રતિભર પણ ઓછી થઇ નહિ, ઉલટી ઉત્તરોત્તર વધતી ચાલી.

એક દિવસે **શંકર પાર્વતી** રતિસુખનો ઉપભોગ કરતાં હતાં તેવામાં ત્હેમના સંભોગગૃહમાં એક પારાવત (કબુતર) આવ્યું. ત્હેનાં રૂપરંગ કાંઇક અદ્ભુત જણાતાં હતાં. ત્હેની રતાશવાળી આંખો આમતેમ ફરતી હતી. તે પોતાનું સુંદર પુચ્છ વારંવાર હલાવ્યા કરતું હતું. તે અતિશય આનંદમાં આવી આમ તેમ ગોળ ફરવા લાગ્યું. ભગવાન **શંકર** પણ ત્હેના સૌંદર્યથી આકર્ષાઇ ક્ષણભર ત્હેના તરફ જોઈ રહ્યા, પણ તરત જ પક્ષીરૂપમાં રહેલી ત્હેની દિવ્ય આકૃતિ જાણી લઇ તે અત્યંત ક્રોધથી રાતાપીળા થઇ ગયા.

હવે **અગ્નિદેવ** જે પક્ષીના રૂપમાં ત્યાં આવ્યા હતા ત્હેમણે ભગવાનને ક્રોધિત થયેલા જોઇ તરત પોતાનું અસલ સ્વરૂપ ધારણ કર્યું, અને અતિશય નમ્રતાથી પ્રણામ કરી કહેવા માંડ્યું:

"હે ભગવન્! આપ અખિલ જગતના સત્તાધીશ છો. દેવોના દુઃખનો આપ સંહારકર્તા છો. તેથી ઇંદ્રાદિ દેવો દૈત્યોથી ત્રાસ પામી આપના શરણની યાચના કરે છે. આપે પ્રિયાપ્રેમમાં મસ્ત રહી એકાંતમાં સો ઋતુઓ પસાર કરી. દરમ્યાનમાં આપની સેવા કરવાનો અવકાશ નહિ મળી શકવાથી સર્વ દેવોને અત્યંત ગ્લાનિ ઉત્પન્ન થઈ; તેથી તેઓએ ભેગા મળી મ્હને આપની પાસે મોકલ્યો છે. હું આ પક્ષી રૂપમાં આપને શોધતો શોધતો અહીં આવી પહોંચ્યો. ભગવન્! શત્રુથી પરાભવ પામી અમે કેટલો વખત દુઃખ સહન કરી શકીએ? અમારી વિપત્તિ તરફ નિધા કરી મ્હારો અપરાધ



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ક્ષમા કરશો. હે પ્રભો! પ્રસન્ન થાઓ અને એક પુત્રને ઉત્પન્ન કરો, જેને સેનાપતિ બનાવી અમે શત્રુનો નાશ કરીએ."

અગ્નિદેવની નમ્ર અભ્યર્થના સાંભળી શ્રી શંકર શાંત થયા અને તારકાસુરને મારનાર પુત્ર ઉત્પન્ન કરવા માટે જરા વિચાર કરવા લાગ્યા. અગ્નિદેવના આગમનને લીધે રતિરંગમાં ભંગ પડવાથી ત્હેમણે પોતાનું સ્ખલિત થયેલું અમોઘ વીર્ય અગ્નિદેવના દેહમાં મૂક્યું. પ્રલયાગ્નિની જેમ અતિશય દાહશક્તિવાળું જાજ્વલ્યમાન વીર્ય ધારણ કરવાથી અગ્નિદેવનાં રૂપરંગ બદલાઇ ગયાં; ત્હેમનો દેહ કદ્રૂપો દેખાવા લાગ્યો. વળી, પોતાના આનંદમાં વિક્ષેપ થવાથી ક્રોધિત બની પાર્વતીએ ત્હેમને શાપ આપ્યો: "હે અગ્નિ! તું સર્વ-ભક્ષી થા. ભયંકર કર્મ કરનારો થા. ત્હારા શરીર પર કોઢ અને અંદર ધૂમાડો હમેશાં રહો."

આ પ્રમાણે ઉગ્ર રૂપ ધારણ કરી અગ્નિદેવ ત્યાંથી નીકળી દેવસભામાં આવ્યા. ઇંદ્ર સહિત સઘળા દેવોએ અત્યંત માનપૂર્વક આસન આપી ત્હેને બેસાડયા અને આવું બીભત્સ રૂપ થવાનું કારણ પૂછ્યું. શંકરપાર્વતીના સંભોગગૃહમાં જે જે હકીકત બની હતી તે સર્વ હકીકત ત્હેમણે સવિસ્તર કહી સંભળાવી. પછી એ હાથ જોડી તે ઇંદ્રની પ્રાર્થના કરતા બોલ્યા: "હે રાજન્! શંકરના અતિ રૌદ્ર તેજોબિંદુથી મ્હારા દેહમાં અત્યંત દાહ થાય છે. મ્હારા પ્રાણ બચાવવા માટે કાંઇ પણ ઉપાય બતાવો."

ત્હેમના ધગધગતા શરીરે હાથ ફેરવી મહેન્દ્રે ઉપાય બતાવતાં કહ્યું: "હે અગ્નિદેવ! ત્હમે દેવ, મનુષ્ય અને પિતૃઓનું મુખ છો. સર્વને ત્હમે તૃપ્ત કરો છો. યજમાન લોકો પાપ ધોવા માટે ત્હમારા જ મુખમાં આહુતિઓ આપે છે. ત્હેમના સ્વર્ગપ્રાપ્તિમાં ત્હમે જ એક કારણભૂત છો. તપસ્વીઓ મંત્રોચ્ચાર કરી ત્હમારામાં હવિષ્યાન્ન નાંખી તપઃસિદ્ધિ પ્રાપ્ત કરે છે; માટે ત્હમે તપના પણ પ્રભુ છો.

"ત્હમે સૂર્યદેવને આહુતિ પહોંચાડો છો તેથી વર્ષા થાય છે. તેથી અન્ન ઉત્પન્ન થઈ પ્રજા જીવે છે; માટે ત્હમે જગતના પિતા છો. સમગ્ર જગત ઉપર ત્હમારા જેટલા ઉપકારો કોણ કરે છે? દેવકાર્ય સંપાદન કરવાની પણ ત્હમે અદ્‌ભુત શક્તિ ધરાવો છો. પરાર્થે આવી પડેલી વિપત્તિ પણ ખરેખર પ્રશંસાને પાત્ર છે. હું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ત્હમને એક ઉપાય બતાવું તે પ્રમાણે ત્હમે કરો. પૂર્વે **ભાગીરથી** દેવી આપણી નમ્ર ભક્તિથી અત્યંત પ્રસન્ન થયાં હતાં. માટે વિલંબ કર્યા વિના ગંગા તરફ ચાલ્યા જાઓ. તે ભગવાન **શંકરની** એક જલમય મૂર્તિ છે, તેથી ત્હેમનું દુઃસહ તેજોબીજ ધારણ કરવા તે શક્તિમાન છે. ''

તરત જ **અગ્નિદેવ** ત્યાંથી ઉઠી ગંગા તરફ ચાલી નીકળ્યા. ગંગાદેવી પોતાના તરંગહસ્તોથી અને રાજહંસોના મધુરનાદથી ત્હેમને આવકાર આપી રહ્યાં હતાં. વગર વિલંબે **અગ્નિએ** ગંગાના અગાધ જળમાં ડુબકી મારી. તેથી **મહેશ્વરનું** તેજોબિંદુ **અગ્નિના** દેહમાંથી નીકળી ગંગાજળમાં ઉતરી પડ્યું. તેથી હવે **અગ્નિદેવ** અપૂર્વ શાંતિ પ્રાપ્ત કરી પાણીમાંથી બહાર નીકળ્યા અને પોતાને સ્થાનકે પાંછા ચાલ્યા ગયા.

હવે **શંકરના** તેજની દાહશક્તિ ગંગાના જળમાં વ્યાપ્ત થઇ, તેથી ત્હેનું જળ અત્યંત ઉષ્ણ થઇ ઉકળવા લાગ્યું. આથી સર્વે જળચર પ્રાણી બહાર નીકળી ગયાં.

માઘ મહિનામાં એક દિવસે સૂર્યોદય થતાં પહેલાં ૭ કૃત્તિકાઓ ગંગાસ્નાન માટે આવી. તે **વિષ્ણુપાદોદકી ભાગીરથીને** નમ્રપણે નમસ્કાર કરી ત્હેની સ્તુતિ કરવા લાગી. પછી ત્હેમણે **ગંગામાં** સ્નાન કર્યું. આથી ગંગાજળમાં રહેતા ભગવાન **શંકરના** તેજનો ત્હેમના કલેવરમાં સંચાર થયો, અને ત્યાં ત્હેનો ગર્ભ બંધાયો.

જળમાંથી બહાર નીકળ્યા પછી કૃત્તિકાઓના શરીરમાં અત્યંત દાહ થવા લાગ્યો. ત્હેમને ગર્ભ રહ્યાની ખબર પડી; તેથી તે સર્વેને અત્યંત ચિંતા થવા લાગી. અંતે તેઓ ભય ને લજ્જાથી પાસે ઉગેલા બરૂના વનમાં ગર્ભપાત કરી ઘેર ચાલી ગઇ. હવે આ વનમાં પડેલા ૭ ગર્ભો ભેગા જોડાયા અને ત્હેમાંથી ૭ મસ્તકવાળો એક અત્યંત તેજસ્વી બાળક પેદા થયો.

## પ્રકરણ ૭: કુમારક્રીડા

**હવે ઇંદ્રાદિ દેવોએ** ત્યાં આવી આ નવીન બાળકને સ્તનપાન કરાવવા માટે **ગંગાદેવીને** પ્રાર્થના કરી. ગંગાએ ત્યાં મૂર્તિમાન્ પ્રકટ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થઈ પોતાનું અમૃતમય સ્તનપાન ત્હેને કરાવ્યું. કૃત્તિકાઓ પણ ત્યાં આવી બાળકની શુશ્રૂષા કરવા લાગી. હવે **અગ્નિ**, **ભાગીરથી** અને કૃત્તિકાઓ વચ્ચે આ દિવ્ય બાળક માટે વિવાદ ઉત્પન્ન થયો. **અગ્નિ** કહે 'આ બાળક મ્હારો છે;' તો **ગંગા** કહે 'મ્હેં ત્હેને મારા જળમાં ધારણ કરી સ્તનપાન કરાવ્યું છે માટે તે મ્હારો પુત્ર થાય.' વળી કૃત્તિકાઓ કહે 'અમે એને અમારા ઉદરમાં સ્થાન આપી જીવિત કર્યો છે તેથી તે અમારો બાળક છે.'

આ પ્રમાણે આ સર્વનો વાદવિવાદ ચાલતો હતો એટલામાં **પાર્વતી** અને **શંકર** વિહાર કરતાં કરતાં ત્યાં આવી પહોંચ્યાં. આ ૭ મસ્તકવાળા બાળકને જોઈ ત્હેમનાં હૃદયમાં સ્વાભાવિક સ્નેહનો પ્રાદુર્ભાવ થયો. દેવીએ **શંકર**ને પૂછ્યું: "મહારાજ! આ દિવ્ય દેહવાળો તેજસ્વી બાળક કોણ છે? ત્હેનાં ભાગ્યશાળી માબાપ કોણ હશે વારૂ? આ **અગ્નિ**, આ **ગંગા** અને આ ૭ કૃત્તિકાઓ 'આ પુત્ર મ્હારો છે, આ પુત્ર મ્હારો છે' એમ શા માટે પરસ્પર વિવાદ કરી રહ્યાં હશે? તો આર્યપુત્ર! વસ્તુતઃ આ પુત્ર કોનો હશે? આ ત્રણમાંથી કોઇકનો હશે, કે પછી દેવ, દૈત્ય ગંધર્વ, સિદ્ધ, સર્પ, રાક્ષસ વગેરેમાંથી કોઇકનો હશે વારૂ?"

ઉમાની જિજ્ઞાસા જોઈ ભગવાને મંદ સ્મિત કરી જણાવ્યું:

"હે કલ્યાણી! ત્રણે ભુવનને આનંદ આપનાર આ બાળક કોઇ બીજાનો નહિ પણ ત્હારો જ પુત્ર છે. ત્હારા પુત્ર સિવાય દેવલોકોનું કલ્યાણ કોણ કરી શકે એમ છે?"

**પાર્વતી** આશ્ચર્યમાં ગરક થઇ ગયાં!

તેથી ભગવાને આગળ કહેવા માંડ્યું:

"દેવી! જે તેજ મ્હેં **અગ્નિ**માં મૂકયું હતું તે **અગ્નિ**થી સહન નહિ થઇ શકવાથી ત્હેણે **ગંગા**માં નાંખ્યું હતું. એક દિવસે આ કૃત્તિકાઓ ત્યાં સ્નાન કરવા આવી તે વખતે એ તેજ ત્હેમના ઉદરમાં સંક્રાંત થયું, અને ત્યાં ત્હેનો ગર્ભ બંધાયો. ત્હેમણે તે ગર્ભ આ બરૂના જૂથમાં કાઢી નાંખ્યો, અને ત્હેમાંથી આ **ષડાનન**ની (૭ મુખવાળા **કાર્તિકેય**ની) ઉત્પત્તિ થઇ છે. માટે વિલંબ કર્યા વિના આ સુપુત્રને તું ખોળામાં લઈ લે."

તરત જ **ઉમા**એ વિમાનમાંથી નીચે ઉતરી **અગ્નિ**, **ગંગા** તથાં કૃત્તિકાઓને આઘાં ખસેડી બાળકને ઉપાડી લીધો; ત્હેને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ખોળામાં બેસાડી અનેકવાર ચુંબન કર્યું. ત્હેની આંખોમાંથી હર્ષાશ્રુ વહેવા લાગ્યાં અને કંઠ રૂંધાઇ ગયો. બાળકના દર્શનથી તૃપ્ત થવા માટે ત્હેને બે આંખો ઘણી જ ઓછી જણાઇ. અતિશય વાત્સલ્યથી ત્હેના સ્તનમાંથી દૂધની ધારા વહેવા લાગી. ષડાનનને આ દુગ્ધ-ધારાઓનું હર્ષથી પાન કરતો જોઇને ભાગીરથી તથા કૃત્તિકાઓ સ્તબ્ધ થઈ બાજુએ ઉભી રહી.

થોડા વખત સુધી તે બાળકને ત્યાં રમાડી પાર્વતી અને મહા-દેવ, ષડાનન સાથે વિમાનમાં બેસી કૈલાસ તરફ ચાલી નીકળ્યાં. શંકરને પણ પુત્રદર્શનથી અત્યંત હર્ષ થયો હતો. ત્હેમણે પણ બાળકને પોતાના ખોળામાં લઈ રમાડયો.

હવે કૈલાસમાં પુત્રજન્મ નિમિત્તે મહોત્સવ ઉજવાયો. પ્રભુની આજ્ઞા થતાં સર્વ સેવક ગણો ઉત્સાહમાં આવી ગયા. ત્હેમણે સુવર્ણ-સૂત્રમાં દેવવૃક્ષોનાં પત્રપુષ્પો ગુંથી મ્હોટાં તોરણો બનાવ્યાં અને કૈલાસમાં સર્વ સ્થળે બાંધી દીધાં, સ્થળે સ્થળે ધ્વજા પતાકા લટકાવી દીધી. શંકરને બારણે અનેક પ્રકારનાં વાજીંત્રોની ધૂન મચી રહી. ગંધર્વ વિદ્યાધરની સ્ત્રીઓ અનેક પ્રકારની ભેટો લઈ બાળકનાં ઓવારણાં લેવા આવી અને મંગળગીતો ગાવા લાગી. બ્રાહ્મી, માહેશ્વરી, કૌમારી, વૈષ્ણવી, વારાહી, ઇંદ્રાણી અને ચામુંડા એ સાત માતૃકાઓ હાથમાં મંગળપાત્રો તથા માથે દૂર્વાઘાસ લઇને કૈલાસમાં આવી અને ત્હેમણે બાળકને ખોળામાં લઈ રમાડયો. સ્વર્ગની અપ્સરાઓ સંગીતમય નૃત્ય કરવા લાગી. વિમાનમાંથી દેવો દુંદુભિનો નાદ કરી પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. સમગ્ર સચરાચર જગતમાં આનંદ ફેલાઇ રહ્યો.

હવે બાળકને અનેક પ્રકારની ક્રીડા કરતો જોઇ, તથા કાલા કાલા શબ્દો બોલતો સાંભળી, માબાપનાં અંતઃકરણ આનંદથી ડોલવા લાગ્યાં. આંગણામાં રમી ધૂળથી ખરાડાયલો કુમાર હસતો હસતો ત્હેમના ખોળામાં આવીને બેસતો તે વખતે તેઓ પોતાને કૃતકૃત્ય માનતાં. જ્યારે પોઠીયાનાં શીંગડાં, અગર પાવર્તીના સિંહની કેશ-વાળી, અથવા ભૃંગીગણોની શિખા પકડી કુમાર ખેંચતો ત્યારે આ દિવ્ય દંપતીને હસવું આવ્યા વગર રહેતું નહિ. બાપના ખોળામાં બેસી આ ચપળ કુમાર નિર્ભયતાથી નાગનાં મોઢાં ફાડી એક, બે, પાંચ, દશ એમ બોલી ત્હેના દાંત ગણવા મંડી પડતો. શંકરના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કંઠમાં લટકતી રૂંઢમાળામાંના એક એક ડોકાના મ્હોડામાં આંગળીઓ ઘાલી બાળક ત્હેના દાંત ખેંચવા પ્રયત્ન કરતો! શંકરની જટામાં વહેતી ગંગાના શીતળ તરંગમાં હાથ ઘાલી પછી ત્હેમના ભાલ-લોચનના અગ્નિમાં તે પોતાની આંગળીઓ તપાવતો! બાપની ડોકી જરા નીચી નમાવી, ત્હેમના મસ્તક પર રહેલા ખંડચંદ્રને ચુંબન કરવા તે પ્રયત્ન કરતો! આ પ્રમાણે અનેક મનોહર બાળચેષ્ટાઓથી આનંદ આપતો કુમાર તરત જ યૌવનમાં આવ્યો અને સઘળી શસ્ત્રવિદ્યામાં પારંગત થયો.

## પ્રકરણ ૮: તારકાસુરવધ

હવે, ઇંદ્રરાજા સઘળા દેવોને લઇ કૈલાસમાં આવ્યા. ત્યાં સુવર્ણનો દંડ લઇ દ્વારમાં ઉભેલા નંદીએ ઇંદ્રાદિ દેવોનો સત્કાર કર્યો અને અંદર જઈ શંકરને ત્હેમના આગમનની વરદી આપી. ત્હેમણે ભ્રૂભંગથી ઇશારો કર્યો એટલે નંદીએ સર્વે દેવોને અંદર જવા દીધા. ત્યાં રત્નજડિત ભૂમિમાં સિંહાસન પર બેઠેલાં શંકર પાર્વતીને જોઈ ઇંદ્રાદિ દેવોએ અતિશય નમ્રતાથી પ્રણામ કર્યા. શસ્ત્રાસ્ત્રથી સજ્જ બની પાસે બેઠેલા કુમારને જોઇ ઇંદ્રના હૃદયમાં શત્રુનો પરાજય કર-વાની આશા દૃઢ થઇ.

શંકરે આંખ ઉંચી કરી દેવો સામે એક દૃષ્ટિપાત કર્યો, અને ત્હેમને બેસવા માટે જણાવ્યું. ગણલોકોએ બીછાવેલાં આસન ઉપર એક પછી એક દેવો બેઠા પછી ભગવાને કહ્યું:

“હે સ્વર્ગનિવાસી દેવ લોકો! તહમારા પુણ્યનો હજી ક્ષય થયો નથી છતાં તહમે સ્વર્ગથી કેમ ભ્રષ્ટ થઈ ગયા? અત્યારે સાધારણ મનુષ્યની પેઠે તહમે પૃથ્વી પર શા માટે રખડો છો? શું મહાન તારકાસુર સાથે તહમારે વેર બંધાયું છે? ત્હેનો સંહાર કરવા માટે તો હું એકલો જ બસ છું.”

આ પ્રમાણે શંકરનાં હિંમતભર્યા વચનો સાંભળી ઇન્દ્રની આંખમાં હર્ષાશ્રુ આવ્યાં. તે હાથ જોડી ગદ્‌ગદ્ કંઠે બોલવા લાગ્યો:

“ભગવન્! ભૂત, વર્તમાન અને ભવિષ્ય આપને તો વિદિત જ છે. એટલે આપને વિશેષ કહેવાની જરૂર રહેતી નથી. બળવાન

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તારકાસુરે અમને સ્વર્ગમાંથી હાંકી કાઢયા છે, એ આપનાથી ક્યાં અજાણ્યું છે ? ભગવાન બ્રહ્મદેવ પાસેથી વરદાન પામીને તે ત્રણે જગતને તપાવી રહ્યો છે. ત્હેને પોતાના બાહુબળનો એટલો બધો ગર્વ છે કે તે મ્હારા જેવાને હિસાબમાં લેખતો નથી. એના ત્રાસથી કંટાળી અમે સર્વે દેવો બ્રહ્મદેવ પાસે ગયા અને તારકાસુરના સંહાર માટે પ્રાર્થના કરી, ત્યારે ત્હેમણે કૃપાવંત થઇ જણાવ્યું કે ભગવાન શંકરના પુત્ર સિવાય એ દૈત્યને મારે એવો જગતમાં કોઇ નથી. ત્યારથી અત્યાર સુધી આશાઓ રાખી અમે દુઃખમાં સડી રહ્યા છીએ. માટે, હે ભગવન્! આપના પુત્ર કુમારને અમારા સેનાપતિ થવા માટે આજ્ઞા આપો. કુમારનાં તીક્ષ્ણ બાણોથી વૈધવ્ય દશાને પામેલી અસુરાંગનાઓના શોકપૂર્ણ કિલકિલાટથી દશે દિશાઓ ગાજી ઉઠવા દ્યો. ”

મ્હેન્દ્રનાં આજીજી ભર્યાં વચનો સાંભળી શંકર પ્રસન્ન થયા. ત્હેમણે ઉત્તર આપતાં જણાવ્યું:

“ હે દેવ લોકો! આ શંકર સ્ત્રી પુત્ર સાથે ત્હમારા જ હિતાર્થે સજ્જ થઇને બેઠો છે. સંયમી છતાં પણ મ્હેં પાર્વતી સાથે વિવાહ કર્યો ત્હેનું મુખ્ય કારણ એ છે કે ત્હેનાથી ઉત્પન્ન થએલો પુત્ર તારકાસુરનો વધ કરી ત્હમને દુઃખમાથી મુક્ત કરે. માટે ત્હમે આ કુમારને ત્હમારો સેનાપતિ નીમી એ દુષ્ટ અસુર સાથે યુદ્ધ કરો એવી મ્હારી આજ્ઞા છે. ”

આ પ્રમાણે દેવોને કહી ભગવાને કુમારને દેવો સાથે જવા આજ્ઞા કરી. કુમારે મસ્તક નમાવી પિતાની આજ્ઞાને માન આપ્યું અને તરત જ યુદ્ધમાં જવા તૈયારી કરી.

શ્રી શંકરે ત્હેના મસ્તક પર હાથ મૂકી આશીર્વાદ આપ્યો:

“ પુત્ર ! ઇંન્દ્રના શત્રુનો યુદ્ધમાં સંહાર કરી દેવોના હાથમાં સ્વર્ગનું આધિપત્ય સ્થિર કરજે. ”

પછી કુમારે માતાનાં ચરણોમાં માથું મૂકી રજા માગી. પાર્વતીએ ત્હેને ચુંબન કરી, “ પુત્ર ! શત્રુને મારી મ્હને વીરમાતા કહેવડાવજે ” એમ આશીર્વાદ આપ્યો.

ત્યાર પછી ઇંદ્રાદિ દેવો સાથે કુમારે પ્રયાણ કર્યું. નક્ષત્રો, ગ્રહો અને તારાઓમાં જેમ ચંદ્ર શોભી ઉઠે તેમ આ સર્વ દેવોના મધ્યમાં કુમારની કાંતિ દીપી ઉઠી. નક્ષત્રોનો માર્ગ વટાવી તેઓ સ્વર્ગની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નજીક આવી પહોંચ્યા. અસુરસેનાના ત્રાસથી કેટલા વખતથી છોડેલા સ્વર્ગમાં એકાએક પેસવાની કોઇ દેવની હિંમત ચાલી નહિ. તેઓ પરસ્પર 'તું પહેલો જા, તું પહેલો જા' એમ કહેવા લાગ્યા. આખરે સઘળા દેવો કુમાર તરફ જોઈ રહ્યા.

કુમારે મંદ સ્મિત કરી ત્હેમને કહ્યું:

"હે દેવો! હવે ભય રાખવાની જરૂર નથી. ત્હમે નિર્ભય થઇ સ્વર્ગમાં પ્રવેશ કરો; અને એ દુષ્ટ રાક્ષસ ક્યાં છે તે મ્હને બતાવો. હમણાં જ હું ત્હેને મ્હારા બાણનો સ્વાદ ચખાડું છું."

કુમારનાં આવા વચનો સાંભળી દેવલોક અત્યંત હર્ષિત થયા, અને ત્હેને અનેક આશીર્વાદ આપ્યા. હવે કુમારની પાછળ ગોઠવાઇ જઇને સર્વેએ સ્વર્ગમાં પ્રવેશ કરવા પ્રયાણ કર્યું. પ્રથમ તેઓ મંદાકિનીના તટ પર આવી પહોંચ્યા. ઘણા દિવસ પછી મંદાકિનીનાં દર્શન થવાથી દેવલોકોએ ત્હેને સાદર વંદન કર્યું. આ દિવ્ય નદીને જોઇ કુમારને પણ અત્યંત આનંદ થયો. તેથી ત્હેણે નદીને ભક્તિ-ભાવથી નમસ્કાર કર્યા.

મંદાકિની ઓળંગી આ સઘળું સૈન્ય ઇંદ્રના નંદનવનમાં આવી પહોંચ્યું. આ અનુપમ બાગની દુર્દશા જોઇ કુમારને તારકાસુર પર અતિશય ક્રોધ ચઢ્યો. આગળ જતાં અમરાવતીના સુવર્ણકોટના કાંગરા દૈત્યોએ દાંતથી ભાંગી નાંખેલા જોઇને ત્હેને અત્યંત ખેદ થયો. સ્વર્ગના મ્હોટા મ્હોટા પ્રાસાદોનાં થયેલાં ખંડેરો ત્હેના જોવામાં આવ્યાં. ત્યાર પછી તેઓ ઇંદ્રના વૈજયન્ત નામના મહેલ આગળ આવી પહોંચ્યા. ત્હેની સુવર્ણની ભીંતોમાં હાથીઓએ દંતુશળ મારી મ્હોટાં મ્હોટાં છિદ્રો પાડયાં હતાં. ઇન્દ્રે બતાવેલા માર્ગે તેઓ સઘળા માળ પર ચડયા. ત્યાં એક ઓરડામાં પુરાણમુનિ કશ્યપ કેટલીક સ્ત્રીઓ સાથે બેઠા હતા.

દેવો અને દાનવોના વડીલ કશ્યપ મુનિના ચરણસ્પર્શ કરી કુમારે ત્હેમને નમ્ર વંદન કર્યું. ત્યાર પછી દેવમાતા અદિતિને ત્હેણે સાષ્ટાંગ પ્રણામ કર્યા. બન્નેએ પ્રસન્ન થઇ ત્હેને શુભ આશીર્વાદ આપ્યા. સર્વે દેવો અને દેવીઓએ ત્યાં ભેગા મળી કુમારને દેવસેનાના અધિપતિ તરીકે અભિષેક કર્યો.

ત્યાર પછી તારકાસુરને મારવા માટે ઉત્સાહપૂર્વક તૈયારીઓ થવા લાગી. કુમારે શક્તિ ધારણ કરીને વિજિત્વર નામના એક

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મહારથમાં સ્વારી કરી. ત્હેના પર એક સુંદર સુવર્ણછત્ર ધરવામાં આવ્યું. શ્વેત ચામરોથી ત્હેને વાયુ ઢોળાવા લાગ્યો. કિન્નરો અને ચારણો વીરોચિત ગાન કરી ત્હેની સ્તુતિ કરવા લાગ્યા.

ત્હેની પાછળ ભયંકર વજ્ર ધારણ કરી ઇંદ્ર રાજા સ્ફટિક જેવા શુભ્ર ઐરાવત હાથી પર બેઠા. ત્યાર પછી દ્વેષાગ્નિથી ભભકતા અગ્નિદેવે પર્વતના શિખર જેવા ભયંકર અને ઉદ્ધત ઘેટા પર સ્વારી કરી. ત્હેની પાછળ શીંગડાથી વાદળાંને ઉછાળતા, પ્રચંડ દેહવાળા કાળા પાડા પર બેસી યમરાજ ચાલતા હતા. મદોદ્ધત પિશાચ પર આરૂઢ થઇ નૈઋર્ત રાક્ષસ ત્હેની પાછળ ચાલતો હતો. ત્યાર બાદ હાથમાં પાશ લઈ યુદ્ધ કરવા તત્પર થયેલા વરુણદેવ એક ઘોર મગર પર બેસી સેનાની હરોલમાં ચાલતા હતા. ત્હેની પાછળ એક મ્હોટા હરિણ પર આરૂઢ થયલા વાયુદેવ અને ત્હેની પાછળ ગદાધર કુબેર જણાતા હતા. ત્યાર પછી મ્હોટા સર્પોથી જટાઓ બાંધીને હાથમાં પ્રજ્વલિત ત્રિશૂળ ધારણ કરીને, શ્વેતરંગી આખલા ઉપર બેસી રુદ્ર દેવો જતા હતા. આ પ્રમાણે અનેક દેવો પોતપોતાનાં વાહનો અને આયુધો લઇ યુદ્ધ કરવા નીકળી પડયા હતા.

ભયંકર ચીત્કાર કરતી આ દેવસેનાએ આગળ પ્રયાણ કરવા માંડયું. રણવાદ્યોના નાદથી દિશાઓ ગાજી ઉઠી. હાથી, ઘોડા અને વાહનોથી એટલી બધી ધૂળ ચોતરફ ઉડી કે પ્રેક્ષકને સ્વાભાવિક રીતે એવી ભ્રાંતિ થતી કે આ ધૂળ ઉપરથી નીચે ઉતરે છે અથવા નીચેથી ઉપર ચઢે છે! ધીમે ધીમે દેવસેના સુમેરુ પર્વત ઓળંગી પૃથ્વી અને આકાશની વચ્ચેના અંતરિક્ષમાં ચાલવા લાગી.

'શંકરપુત્ર કાર્તિકેયને સેનાપતિ બનાવી ઇંદ્રરાજા દેવસેના લઇ યુદ્ધ કરવા આવે છે' એ વાત તારકાસુરના નગરમાં ઘેરે ઘેર ચર્ચાવા લાગી. એ અફવા સાંભળી મ્હોટા મ્હોટા અસુરોનાં મન વિહ્વળ થઈ ગયાં. તેઓ સઘળા ભેગા થઈ તારક પાસે ગયા અને ઇંદ્રના આગમનની વાત વિનયપૂર્વક ત્હેને જણાવી. એ સાંભળી આ બલિષ્ઠ અસુર ખડખડ હસી પડી કહેવા લાગ્યો:

"કેટલી વાર ઇંદ્ર મ્હારી સાથે યુદ્ધ કરવા આવ્યો, અને કેટલી વાર તે જિતી ગયો એ ત્હમને બધાને વિદિત જ છે! હવે શંકરના પુત્રને લઈ એ મ્હને જિતવા આવે છે! ત્રણે જગતને દાસત્વના બંધનમાં લાવનારને એ છોકરૂં શું કરી શકવાનું છે?"

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ પ્રમાણે બોલી ત્હેણે અત્યંત ગર્વથી નીચલો હોઠ દાંત તળે કચડયો, અને પોતાના સેનાપતિઓને યુદ્ધની તૈયારીઓ કરવા આજ્ઞા આપી. થોડી વારમાં જ તેઓ સઘળા શસ્ત્રાસ્ત્રથી સજ્જ થઈ રાજમહેલના આંગણામાં આવી હાજર થયા. તારકાસુર પણ સુસજ્જિત થઇ રથમાં બેસી યુદ્ધ કરવા બહાર નીકળ્યો. ત્હેની પાછળ સૌ સૈન્ય ચાલવા માંડયું. દૈત્યસેનાના ભયંકર અવાજથી સમુદ્રમાં પણ ક્ષોભ થવા લાગ્યો.

આ વખતે તારકને અનેક અપશકુનો થયાં: ત્હેના સૈન્યના માથા પર ગીધ કાગડા વગેરે ઘોર પક્ષીઓની હાર કર્કશ અવાજ કરતી ચાલવા લાગી. પ્રથમ તો એટલું ભયંકર વાવાઝોડું થયું કે ત્હેનાં છત્રોના દાંડા અને ધજાઓ ભાંગી ગયાં, સૈનિકોનાં આંખ, નાક ધૂળથી પૂરાઈ ગયાં, અને હાથી ઘોડા રથ વગેરે ધૂળથી ઢંકાઇ ગયાં. ત્યાર પછી એકાએક ત્હેના સૈન્યના માર્ગમાં વચ્ચે થઇને ફુંફાટા મારતા અનેક ભયંકર સર્પો ચાલ્યા ગયા. સૂર્યની આજુ-બાજુ એક ભીષણ કુંડાળું જણાવા લાગ્યું. દૈત્યસેનાનું રક્ત પીવા તત્પર થઈ રહ્યાં હોય એવાં શિયાળવાનાં ટોળાં બરાડતાં આમ તેમ ફરવા લાગ્યાં. દિવસે પણ ત્હેના સૈન્યની આજુબાજુ ચંચળ તારાઓ ખરવા લાગ્યા. તે વખતે આકાશમાં વાદળાનું નામ સરખું યે નહતું, છતાં એકાએક ભયંકર કડાકા સાથે વીજળીઓ પડી; આકાશમાંથી કોઈવાર લોહી અને હાડકાં, તો કોઇ વાર બળતા અંગારાનો વરસાદ પડવા લાગ્યો. તેવામાં એકદમ ભૂકંપ થયો, જેથી દૈત્યસેનાના યોદ્ધાઓમાંના કેટલાક પરસ્પર અથડાઇ મૂઆ. વારંવાર રુદન કરતાં કૂતરાંનો અવાજ ત્હેમના કાને પડતો. આ ઉપરાંત, તારકાસુરના કિરીટમાંથી અશ્રુબિંદુઓની માફક મોતીઓ ખરવા લાગ્યાં; અને ત્હેની ધજા પર ફૂત્કાર કરતો એક ભયંકર સર્પ દેખાવા લાગ્યો. સૈન્યમાં એકાએક આગ ફાટી નીકળી, જેથી ત્હેનાં ધનુષ્, બાણ, ભાથાં, રથ વગેરે બળી ગયાં. આ અને આવાં અનેક અપશકુનો થયા છતાં, બુદ્ધિમાન પ્રધાનોએ ત્હેને સમજાવ્યો છતાં, તારકાસુર પોતાના નિશ્ચયમાંથી ડગ્યો નહિ. તે તો યુદ્ધક્રીડા માટે અત્યંત ઉત્સુક થઈ રહ્યો હતો.

તેવામાં આકાશ વાણી સંભળાઈ:

" હે મદાંધ તારક ! મદનના ગર્વનું ગંજન કરનાર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મહાદેવના પુત્ર સામે યુદ્ધ કરવા જઈશ મા. એને જન્મે માત્ર છ જ દિવસ થયા છે છતાં ત્હેના તેજ સામે ટકી શકવાનું ત્હારામાં સામર્થ્ય નથી. જેણે સેંકડો ગગનભેદી શિખરોથી વિભૂષિત થયેલા ક્રૌંચાદ્રિને એક બાણથી ફાડી ત્હેમાંથી માર્ગ બનાવ્યો તે વીરની સાથે વિરોધ કરવામાં કાંઈ માલ નથી. જેણે ભગવાન શંકર પાસેથી ધનુર્વેદનું અધ્યયન કરી એકવીસ વાર પૃથ્વી નિઃક્ષત્રિય કરી એવા જગદ્‌વીર પરશુરામની પણ આ કુમાર સાથે યુદ્ધ કરવાની હિંમત ચાલતી નથી, તો તું આ બળીઆ સાથે બાથ ભીડવી મૂકી દેજે. તું એને શરણે જા, અને ચિરંજીવી થઈ રહે. ”

આ પ્રમાણે આકાશવાણી સાંભળી તારકાસુર ક્રોધમાં આવી જઈ ઉત્તર આપવા લાગ્યો:

“ અરે ! આકાશમાં રખડનાર દેવતાઓ ! કુમારનો પક્ષ લઈ ત્હમે મ્હને ઉતારી પાડવા માંગો છો ! મ્હારા બાણના પ્રહાર એટલામાં ભૂલી ગયા કે ? કાલે સવારે જન્મેલા છોકરાના પરાક્રમનો બડબડાટ કેમ કરો છો ! આખો જન્મારો તપશ્ચર્યા કરનાર શંકરના બાપડા ન્હાના છોકરાને ત્હમારે લીધે મ્હારે મારવો પડશે. પણ તે પહેલાં તો ત્હમને જ પૂરા કરીશ. ”

ત્હેનો ભયંકર અવાજ સાંભળી આકાશમાંથી બોલનાર દેવો ભયભીત થઈ દૂર નાસી ગયા.

તારકાસુરે આવેશમાં આવી મ્યાનમાંથી તલવાર કાઢી અને રથને જલદીથી ઇંદ્રિ પાસે લઇ જવા માટે સારથિને આજ્ઞા આપી. તરતજ સારથિએ ઘોડાની લગામ છુટી મૂકી દીધી. થોડી વારમાં દેવ દાનવની સેનાઓનો પરસ્પર ભેટો થયો. તારકને એટલો હર્ષ થયો કે ત્હેના શરીરે રોમે રોમ ઉભાં થઈ ગયાં અને ઉભય સેનાએ ચીત્કાર કરી પરસ્પર પ્રહાર કરવા શરૂ કર્યાં.

કેટલાક વખત સુધી ઘોર યુદ્ધ કરી, તારકે શત્રુ સૈન્યમાં વારંવાર ભંગાણ પાડયું. પણ કુમારના પરાક્રમ તથા ઉત્સાહથી દેવો પાછા ભેગા મળી યુદ્ધ કરતા. તેથી તારકે ઇંદ્રાદિ મુખ્ય મુખ્ય દેવોને નાગપાશથી બાંધી લાચાર બનાવી દીધા. આથી તેઓ સઘળા કુમારને શરણે ગયા. ત્હેણે દૃષ્ટિપાત માત્રથી ત્હેમનાં બંધનો કાપી નાંખ્યાં,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને તેઓ ફરી બેવડા ઉત્સાહથી યુદ્ધ કરવા ગયા. ઈન્દ્રાદિ દેવોનાં નાગબંધનો કપાયલાં જોઈ તારક ત્હેમની સાથે યુદ્ધ કરવું મૂકી દઈ કુમાર સામે ગયો અને વિનય તથા કરુણાથી કહેવા લાગ્યો:

"અરે તપસ્વિબાળક! ત્હારૂં અભિમાન છોડી દે, અને ઇંદ્રનું કાર્ય મૂકી ચાલતો થા. બાળકોને રમવા લાયક ત્હારાં શાસ્ત્રાસ્ત્રો વડે આવા ઘોર સંગ્રામમાં તું શું કરી શકવાનો છે, ભલા? નાહક મ્હારાં તીક્ષ્ણ બાણોથી માર્યો જઇશ. માટે વેળાસર ઘેર પહોંચી માબાપના ખોળામાં માથાં મૂકી રમવા મંડી જા. અગાધ સમુદ્રમાં પોતે ડુબતા પહેલાં એ ઇંદ્ર નાહક ત્હને ડુબાવી દેશે!"

તારકાસુરનાં આવાં કરુણાયુક્ત વચનો સાંભળી કુમારે ક્રોધ કરી પોતાના ધનુષ્ તરફ જોયું અને ગર્વથી ઉત્તર આપ્યો;

"હે દૈત્યાધિરાજ! ત્હમે જે કાંઈ બોધવચનો કહ્યાં છે તે સઘળાં યથાયોગ્ય છે! પણ મ્હને ત્હમારૂં ઉત્કૃષ્ટ બાહુબળ જોવાની અત્યંત અભિલાષા છે તો ઝાલો હાથમાં શસ્ત્ર અને ચઢાવો ધનુષ્ પર બાણ!"

પછી બન્ને યોદ્ધાઓનું પરસ્પર તુમુલ યુદ્ધ જામ્યું. કોઇ કોઇનાથી ઉતરે એમ ન હતું. તારકાસુરે પોતાનાં પાર્થિવ અને દિવ્ય સઘળાં અસ્ત્રોનો અનુક્રમે ઉપયોગ કર્યા છતાં પણ તે કુમારનો પરાજય કે સંહાર કરવા શક્તિમાન થઇ શક્યો નહિ. તેથી અંતે તે આવેશમાં આવી જઈ રથમાંથી નીચે ઉતર્યો અને જોસથી કુમાર તરફ દોડ્યો. કુમારે આ ભયંકર દૈત્યને પોતાના પર આક્રમણ કરતો જોઇ હસતાં હસતાં ત્હેના તરફ એક દારુણ શક્તિ છોડી. શક્તિએ ત્હેનું હૃદય ભેદી નાંખ્યું. આથી તે નિશ્ચેષ્ટ થઇને ધરણી પર પડ્યો. ઇંદ્રાદિ સઘળા દેવો આનંદમાં આવી ગયા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# અઘરા શબ્દોનો કોષ.

અકિંચન=જેની પાસે કાંઈ જ નથી તે, ગરીબ.

અક્ષત=૧ ચોખા. દેવ અતિથિ અગર મહાપુરુષને આવકાર આપતી વખતે વધાવવાના ચોખા. ૨ જીવતી, મરેલી નહિ તે.

અંગના = સ્ત્રી.

અગ્નિગૃહ=જ્યાં નિત્ય નૈમિત્તિક હોમને માટે અગ્નિ રાખવામાં આવે છે, તથા જ્યાં અતિથિનો સંત્કાર કરવામાં આવે છે તે ઓરડો.

અજ=જન્મેલો નહિ તે, બ્રહ્મા.

અણિમા=યોગ સાધનાથી મનુષ્યને કેટલીક સિદ્ધિઓ ( વિભૂતિઓ અથવા લબ્ધિઓ ) પ્રાપ્ત થાય છે. ત્હેમાં મુખ્યત્વે આઠ છેઃ ૧. અણિમા ( હલકામાં હલકું શરીર ધારણ કરવાની શક્તિ ); ૨. લઘિમા ( ન્હાનામાં ન્હાનું શરીર ધારણ કરવાની શક્તિ ); ૩. મહિમા ( મ્હોટામાં મ્હોટું શરીર ધારણ કરવાની શકિત ); ૪. ગરિમા ( ભારેમાં ભારે શરીર ધારણ કરવાની શકિત ); ૫. પ્રાપ્તિ ( ગમે તે પદાર્થને પહોંચવાની શકિત, જેમકે યોગી પોતાની આંગળી વડે ચંદ્રને અડકી શકે. ); ૬. પ્રાકામ્ય ( પોતાની ઇચ્છા પ્રમાણે કરવાની શકિત; ત્હેનો વિરોધ કોઇ પણ કરી શકે નહિ. ) ૭. ઇશિત્વ ( શરીર અને મન ઉપર સંપૂર્ણ કાબુ); ૮. વશિત્વ (સમગ્ર જગત્ ઉપર પોતાનો અધિકાર જમાવવાની શકિત. )

અધર=નીચલો હોઠ.

અનવસર=અયોગ્ય સમય.

અનુગ્રહ=ઉપકાર, મહેરબાની.

અનુચર=સેવક.

અનુરાગ=પ્રેમ.

અનેરી=અદ્ભુત, અનુપમ.

અનંગ=કામદેવ.

અંતઃપુર=સ્ત્રીઓને રહેવાનો ઓરડો, જનાનો.

અપત્યસ્નેહ=પોતાનાં બાળકો ઉપરનો પ્રેમ.

અપાંગ=આંખના ખુણાનો ભાગ.

અભિસારિકા=જે સ્ત્રી રતિભોગ માટે નક્કી કરેલા સંકેતસ્થાને પોતાના પ્રેમીને મળવા જાય છે તે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અભિનય વિદ્યા=હાવભાવ કરવાની કળા અને ત્હેનું શાસ્ત્ર.
અભ્યર્થના=પ્રાર્થના.
અમોઘ=નિષ્ફળ ન જાય તેવું, ચોક્કસ.
આયાસ=મહેનત, પ્રયત્ન.
અવમાનના=તિરસ્કાર, અપમાન.
અવશિષ્ટ=બાકી.
અવસાન=મરણ.
અવિરત=સતત, અટક્યા સિવાય.
અવ્યક્ત=સ્પષ્ટ દેખી શકાય નહિ તેવું.
અસંગત=અયોગ્ય.
અળતો=અલક્તક, લાખનો રસ જે પ્રાચીન કાળમાં સ્ત્રીઓના પગના તળીએ શણગાર તરીકે ચોપડવામાં આવતો.
આકલન=ગ્રહણ, શીખવું તે.
આમરણાન્ત=મરણ સુધી.
આર્તનાદ=દુઃખીનો અવાજ.
આર્યપુત્ર=સસરા (આર્ય)નો પુત્ર, અર્થાત્ પોતાનો સ્વામી.
આલેખેલા=ચીતરેલા.
ઉત્કંઠાવિનોદ=એચેની દૂર કરવી તે.
ઉદકુમ્ભ=ઉદક–કુમ્ભ; પાણીનો ઘડો મંત્રી, ત્હેમાંથી જળ પીવરાવવાથી ઝેરી પ્રાણીના દંશની અસર નાશ પામે છે એમ સામાન્ય માન્યતા છે.
ઉદાત્ત=ઉચ્ચ.
ઉદાસીન=વિરક્ત.
ઉદાસીન પુરુષ=સાંખ્ય તત્ત્વજ્ઞાનમાં જગત્‌ની ઉત્પત્તિમાં 'પુરુષ' અને 'પ્રકૃતિ' એ ઉભયને કારણરૂપ માનેલાં છે. પુરુષ ઉદાસીન પણ ચેતનમય છે, જ્યારે પ્રકૃતિ (અર્થાત્ સત્વ, રજસ્ અને તમસ્ એ ત્રિગુણની સામ્યાવસ્થા) જડ છે. જ્યારે પુરુષ અને પ્રકૃતિ એ ઉભયનો સન્નિકર્ષ થાય છે, ત્યારે પ્રકૃતિમાં અર્થાત્ ત્રિગુણની સામ્યાવસ્થામાં ક્ષોભ થાય છે અને ત્હેમાંથી ત્રિગુણાત્મક વિશ્વ ઉત્પન્ન થાય છે. આ રીતે પુરુષ નિષ્ક્રિય રહે છે અને પ્રકૃતિ સક્રિય (અથવા પ્રવર્તક) બને છે. આ રીતે સાંખ્ય તત્ત્વજ્ઞાન દ્વૈત (બે તત્ત્વ–પુરુષ અને પ્રકૃતિ) ઉપર રચા-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

યેલું છે, અને તે ષડ્દર્શનોમાં સૌથી જૂનામાં જૂનું મનાય છે. ત્હેના પ્રણેતા કપિલમુનિ છે. આગળ જતાં, આ બે તત્ત્વો એક જ બ્રહ્મનાં ઈશ્વર અને માયા એમ બે સ્વરૂપો છે, એમ ઘટાવવાથી અદ્વૈત તત્ત્વજ્ઞાનનો જન્મ થયો.

ઉન્નત=ઉચ્ચ.

ઉપમાન દ્રવ્યો=જેની સાથે સરખામણી કરવામાં આવે છે તે વસ્તુઓ. ઉપમા અલંકારમાં ચાર બાબતો હોય છે: ઉપમેય, ઉપમાન, સાધારણ ધર્મ અને ઉપમાવાચક શબ્દ. દાખલા તરીકે, 'આ સ્ત્રીનું મુખ ચંદ્ર જેવું છે.' અહીં 'મુખ' એ સરખાવવાની વસ્તુ અર્થાત્ 'ઉપમેય' છે. મુખની સરખામણી ચંદ્ર સાથે કરેલી છે, માટે ચંદ્ર તે 'ઉપમાન'. મુખને ચંદ્ર સાથે કયી બાબતમાં સરખાવ્યું? તેજ, શ્વેતતા અગર ગોળપણું એ ગુણો મુખ અને ચંદ્ર ઉભયમાં સામાન્ય છે, માટે તે 'સાધારણ ધર્મો' કહેવાય છે. આ વાક્યમાં 'સાધારણ ધર્મ' અધ્યાહાર્ય રહેલો છે. 'જેવું' એ શબ્દ વડે સામ્ય બતાવી શકાય છે, માટે તે 'ઉપમાવાચક શબ્દ' કહેવાય છે.

ઉપહાસ=હાસ્ય, મશ્કરી.

ઉપાવર્તન=ગુરુને ઘેર વેદાધ્યયન પૂર્ણ કરી ઘેર પાછા આવવાની ક્રિયા. સોળ અથવા ચોવીસ સંસ્કારોમાંનો આ એક સંસ્કાર છે. જુઓ 'જાતકર્મ' અને 'સ્નાતક.'

ઊર્ધ્વગામી=ઉંચે જનાર.

ઋતુસ્નાતા=સ્ત્રીઓને દર માસે જે રજોદ્રાવણ (અડકાવ) થાય છે ત્હેને 'ઋતુ' કહે છે. ઋતુના ચાર દિવસ પછી જેણે સ્નાન કરેલું છે તેવી સ્ત્રી ઋતુસ્નાતા કહેવાય છે. ઋતુસ્નાન કર્યા પછી પતિએ ભાર્યાગમન કરવું જોઇએ, નહિ તો ત્હેને ( પતિને ) પાતક લાગે છે એમ ધર્મશાસ્ત્રોમાં જણાવેલું છે.

એકાવલી=એક સેરવાળી મોતીની માળા.

કહાણી=કથાનક, કથા.

કંચુકી=સેવક; રાજાના અંતઃપુરમાં રાખવામાં આવેલો સેવક. સ્વાભાવિક રીતે તે વૃદ્ધ ગુણવાન બ્રાહ્મણ હોય છે:

**अंतःपुरचरो वृद्धो विप्रो गुणगणान्वितः।**
**सर्वकार्यार्थकुशलः कंचुकीत्यभिधीयते॥**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કાલિમા=કાળાશ.
કુલટા=કુળને કલંક લગાડે તેવી (દુષ્ટ) સ્ત્રી.
કુલપતિ=જેની પાસે દશ હજાર વિદ્યાર્થીઓ અધ્યયન કરે છે તેવો આચાર્ય.
કુલીન=ઉચ્ચ કુળમાં જન્મેલો.
કુશાગ્રબુદ્ધિ=તીક્ષ્ણ બુદ્ધિવાળો.
કુંઠિત=બૂઠું.
કૃતકૃત્ય=સફળ, ધન્ય.
કૃતિકા=એ નામનું નક્ષત્ર જેમાં ૭ તારાઓ આવેલા છે. આ ૭ તારાઓને અપ્સરાઓ માનેલી છે.
કેશકલાપ=વાળના ગુચ્છા.
ગોરોચન=ગોમૂત્રમાંથી અગર ગાયના વમનમાંથી બનેલો પીળો પદાર્થ; ગોરૂ ચંદન.
ચંડી=ક્રોધી સ્ત્રી.
ચંદ્રિકા=ચંદ્રનું તેજ, ચાંદની.
ચેતનયોગ=પ્રાણનો સંચાર.
જનકજનની=પિતા અને માતા.
જરા=વૃદ્ધાવસ્થા.
જાજવલ્યમાન=ચળકતા, પ્રકાશિત.
જાતકર્મ=હિંદુઓને જન્મથી માંડી મરણ સુધીમાં સોળ, અથવા પચીસ સંસ્કારો કરવામાં આવે છેઃ ગર્ભાધાન, પુંસવન, સીમંતોન્નય, બલિ, જાતકર્મ, નામકરણ, નિષ્ક્રમણ, અન્નપ્રાશન, ચૌલ, ઉપનયન, ચારવ્રત, સમાવર્તન, વિવાહ એ સોળ સંસ્કારો. જે લોકો પચીસ માને છે તેઓ બીજા નવ ઉમેરે છે: આગ્રયણ, અષ્ટકા, ઉત્સર્ગ, ઉપાકર્મ, પંચમહાયજ્ઞ. (આ વિષયમાં વિશેષ જાણવા માટે જુઓ સ્વ. મન. દ્વિવેદિકૃત "બાલવિલાસ"–સંસ્કાર ભાગ ૧–૫).
જાર=પ્રેમી.
જાવક=રાતો રંગ, લાક્ષારસ.
જિજ્ઞાસા=જાણવાની ઇચ્છા.
ત્ર્યંબક=જેને ત્રણ નેત્ર (અંબક) છે તે, શિવ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દાક્ષિણ્ય=હોંશીયારી; કાવ્ય અથવા નાટકોમાં જે નાયક એક સ્ત્રી તરફ પ્રેમ બતાવી અંતઃકરણથી અન્ય સ્ત્રીને ચહાય છે ત્હેને 'દક્ષિણ' નાયક કહેવામાં આવે છેઃ તેવા નાયકનો ગુણ તે દાક્ષિણ્ય.

દિગમ્બર=દિશાઓ જેનું વસ્ત્ર ( અમ્બર ) છે તે, નગ્ન.

દિવાસંકેત=કાંઇ પણ છૂપા કામને માટે દિવસે મળવાનું નક્કી કરવું તે.

દુર્દાન્ત=જેનું દમન થઇ શકે નહિ, જેને હરાવી શકાય નહિ તે.

દુહિતા=પુત્રી.

દેદીપ્યમાન=ચળકતા, પ્રકાશિત.

દોહદ=ગર્ભવતી સ્ત્રીની ઇચ્છાઓ, 'અભાવા.'

દૌહિત્ર=પોતાની દીકરીનો દીકરો.

નર્મ સચિવ=રાજાના આનંદ માટે રાખેલો સેવક, મશ્કરો, વિદૂષક.

નવદ્વાર=મનુષ્યના શરીરમાં નવદ્વારો રહેલાં છેઃ મુખ, બે નેત્ર, બે કર્ણ, બે નસકોરાં, ગુદા અને જનનેંદ્રિય. યોગની સાધના વખતે આ નવે દ્વારનો નિગ્રહ કરવો જોઇએ. સરખાવોઃ

**सर्वद्वाराणि संयम्य मनो हृदि निरुध्य च ।**
**मूर्ध्न्याधायात्मनः प्राणमास्थितो योगधारणाम् ॥**

**भगवद्गीता ८, १२.**

નવોઢા=નવીન પરણેલી સ્ત્રી.

નિગ્રહ=સંયમ.

નિદિધ્યાસન=એક જ વિષયનું વારંવાર ચિંતન કરવું તે. શ્રવણ, મનન અને નિદિધ્યાસન એ ઉત્તરોત્તર પગથીયાં છે.

નિરપેક્ષા=બેદરકારી.

નીરવ=અવાજ વિનાનું, શાંત.

નૈસર્ગિક=કુદરતી.

પણચ=ધનુષ્યની દોરી.

પરંતપ=શત્રુઓને તપાવનાર.

પરંપરા=પંક્તિ, ઓળ.

પરાકાષ્ઠા=અંતિમ દશા.

પરિતાપ=સંતાપ, દુઃખ.

પશ્યંતી=જુઓ "વૈખરી."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પાણિગ્રહણ=હસ્તમેળાપ, લગ્ન.
પાર્થિવ=પૃથ્વીમાંથી બનેલું, ભૌતિક; રાજા.
પિતૃઋણ=મનુષ્ય જન્મે છે ત્યારે પોતાને માથે ત્રણ ઋણ (દેવું) લઇને અવતરે છેઃ બ્રહ્મઋણ, દેવઋણ, પિતૃઋણ. બ્રહ્મ એટલે વેદવિદ્યા, તે અન્યને ભણાવવાથી મનુષ્ય બ્રહ્મઋણથી મુક્ત થાય છે. દેવો રક્ષણ પોષણથી આપણા પર અનેક ઉપકારો કરે છે, તેથી આપણે ત્હેમના ઋણી છીએ. ઘરમાં સતત અગ્નિ રાખી, ત્હેમાં આહુતિ આપી દેવોને સંતોષવાથી દેવ-ઋણ છૂટે છે. ધર્મપત્નીના સંયોગથી પુત્ર પેદા કરી વંશ-વૃદ્ધિ આગળ ચલાવવી, તથા શ્રાદ્ધાદિ વડે પિતૃદેવોનું તર્પણ કરવું. આ રીતે મનુષ્ય પિતૃઋણમાંથી છૂટે છે. આ ત્રણ ઋણમાંથી મુક્ત થયા પછી મનુષ્યે મનની વૃત્તિ મોક્ષ તરફ લગાડવી એમ શાસ્ત્રની આજ્ઞા છે.
પુરાતન=અતિ પ્રાચીન.
પુષ્પચાપ=પુષ્પધન્વા, કામદેવ.
પુંસવન=જુઓ 'જાતકર્મ.'
પ્રણય=પ્રેમ.
પ્રતિકાર=ઉપાય.
પ્રતિકૃતિ=આકૃતિ, નકલ, ચિત્ર.
પ્રતીતિ=ખાતરી.
પ્રમદા=મસ્ત સ્ત્રી, સ્ત્રી.
પ્રવર્તક પ્રકૃતિ=જુઓ "ઉદાસીન પુરુષ."
પ્રાકૃત=સામાન્ય, સાધારણ.
બોધિસત્ત્વ=અનેક જન્મોમાં શુભ કર્મો કર્યા પછી ઉચ્ચ કક્ષાએ પહોંચેલો જીવ, (પરંતુ) જે હજી 'બુદ્ધ' પદને પામ્યો નથી તે.
ભર્તૃદારિકા=સંસ્કૃત નાટકોમાં રાજપુત્રીને બોલાવતી વખતે ત્હેની દાસીઓ ત્હેને 'ભર્તૃદારિકા' કહે છે.
ભાલલોચન=કપાળમાં આવેલું નેત્ર: તેથી જ શિવને 'ત્ર્યંબક' કહે છે.
ભીરુતા=બ્હીક, બ્હીકણપણું.
ભીષણ=ભયંકર.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભૂદેવ=બ્રાહ્મણ.
ભૂમાનંદ=ઉત્કૃષ્ટ આનંદ, બ્રહ્માનંદ.
મતિમંદતા=બુદ્ધિની જડતા.
મદનવાર્તા=પ્રેમની બાબતો.
મદિરાક્ષી=જેની આંખો મસ્ત અથવા આકર્ષક છે તેવી સ્ત્રી.
મધુકર=ભમરો.
મધુપર્ક=મધ, દહીં, ઘી, સાકર અને જલ એ પાંચ વસ્તુઓનું મિશ્રણ. ઘેર આવેલા અતિથિને, ગુરુને અથવા સસરાને ઘેર આવેલા જમાઇને મધુપર્ક વડે સંમાનવાનો પ્રાચીન રિવાજ છે.
મધ્યમા=જુઓ "વૈખરી."
મનશીળ=મનઃશિલા, એક જાતનું રાતું સોમલ.
મેન્મથ=કામદેવ.
મંડન=અલંકાર.
મુગ્ધ=સરળ; મોહ પામેલો.
મુદ્રિકા=વીંટી.
યથાર્થવાદી=સત્યવક્તા.
રતિયાચના=પ્રેમની માગણી.
રાજસ વૃત્તિ=રજોગુણી વલણ, કામ ક્રોધ વગેરે તરફ મનનું ખેંચાવું તે.
રાજસૂય=એ નામનો યજ્ઞ. જે રાજાએ બીજા સર્વ રાજાઓને જિતી સાર્વભૌમ પદ પ્રાપ્ત કર્યું હોય તે જ રાજાને આ યજ્ઞ કરવાનો અધિકાર છે. આવા સો રાજસૂય યજ્ઞ કરવાથી ઈંદ્રપદ મળે છે એવી માન્યતા પૂર્વે હતી.
લલના=સુંદર સ્ત્રી.
લોકોત્તર=અલૌકિક, અસાધારણ.
લોલુપતા=ઉત્કટ ઇચ્છા, લાલસા.
વક્રોક્તિ=મહેણું, ટાણો, દ્વિઅર્થી વચન, જે શબ્દોનો અર્થ ઉપરથી કંઇક દેખાય, અને અંદરથી જુદો જ નીકળે તે.
વયસ્ય=મિત્ર.
વરવા=બેડોળ.
વલ્કલ=ઝાડની છાલ, જેનાં વસ્ત્રો બનાવી ઋષિમુનિઓ પહેરતા.
વસુંધરા=પૃથ્વી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વંચિત=છેતરાયલો; વિનાનો.
વારાંગના=વેશ્યા.
વિકરાળ=ભયંકર.
વિધુ=ચંદ્ર.
વિનિયોગ=વ્યવસ્થા.
વિભૂતિ=અસાધારણ શક્તિ.
વિશ્વંભરા=જગતનું પોષણ કરનાર, પૃથ્વી.
વિહાર=ફરવું તે; આનંદ; બૌદ્ધ સાધુઓનો મઠ.
વીણાપાણિ=જેના હાથમાં વીણા છે તે, **નારદ**.
વીરાસન=યોગનું એક આસન. ત્હેની વ્યાખ્યા નીચે પ્રમાણે છેઃ

**एकं पादमथैकस्मिन् विन्यस्योरौ तु संस्थितम्।**
**इतरस्मिंस्तथैवोरुं वीरासनमुदाहृतम् ॥**

વૃષભ=બળદ, પોઠીઓ.
વેણી=વાળની લટ.
વૈતાલિક=ગાયક, ભાટચારણ.
વૈખરી=પરા (સૂક્ષ્મા), પશ્યંતી, મધ્યમા અને વૈખરી એમ અનુક્રમે ચાર પ્રકારની વાણી માનેલી છે. પરા વાણી સાંભળી શકાય નહિ, તે સંકલ્પ માત્ર જ છે. તેથી બીજા પ્રકારની પશ્યંતી, જે કેવળ નાદ રૂપે છે; ત્યાર પછી મધ્યમા જે ધીમા અવાજ રૂપે કર્ણગોચર થાય; અને છેવટે વૈખરી, જેનો આપણે વ્યવહારમાં ઉપયોગ કરીએ છીએ.
વ્યક્ત=સ્પષ્ટ જણાય તે, જગત.
શકુન્ત=પક્ષી.
શચી=ઇંદ્રાણી.
શબ્દવેધી=અવાજ સાંભળી તે પ્રમાણે બાણ ફેંકનાર.
શિષ્ટ=સંસ્કારી, સુંદર.
શિષ્ટાચાર=સજ્જનોનો આચાર.
શુશ્રૂષા=સેવા.
શ્રી=લક્ષ્મી;શોભા.
શ્લાઘ્ય=વખાણવા લાયક.
શ્લેષ=દ્વિઅર્થ.
સપત્ની=શોક.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સમિધ=બાળવાનાં લાકડાં.

સહસ્રાક્ષ=જેને હજાર આંખો છે તે, ઇંદ્ર. **અગસ્ત્યપત્ની અહલ્યા** સાથે જારકર્મ કર્યાં બદલ શિક્ષા તરીકે ઇંદ્રના દેહ ઉપર સ્ત્રીયોનિના જેવાં હજાર ચિન્હો પડી ગયાં હતાં; તે ચિન્હોનો આકાર આંખના જેવો હોવાથી ત્હેને આંખો કહેવામાં આવે છે.

સંહાર=પાછું ખેંચી લેવું તે; મારવું તે.

સંપ્રદાય=કુલાચાર, રિવાજ.

સાદૃશ્ય=સરખામણી.

સાહજિક=કુદરતી.

સાષ્ટાંગ (પ્રણામ)=આઠ અંગો વડે (સંપૂર્ણ) નમસ્કાર. આઠ અંગો નીચે પ્રમાણે છે: પગ, ઘુંટણ, હાથ, છાતી, મસ્તક, વાણી, દૃષ્ટિ અને મન.

સીમન્તોન્નયન=સેંથો (સીમન્ત) પાડીને વાળ ઓળવા તે. પ્રથમ ગર્ભ વખતે સ્ત્રીઓને આ સંસ્કાર કરવામાં આવે છે. જુઓ 'જાતકર્મ.'

સુકુમાર=કોમળ.

સુદર્શના=જેનું દર્શન સુંદર છે તે.

સુરાંગના=સ્વર્ગની અપ્સરા.

સૂત=સારથિ.

સૌમ્ય=શાંત, સુંદર.

સૂતિકાગૃહ=પ્રસૂતિનો ઓરડો, સુવાવડખાનું.

સૂક્ષ્મા=જુઓ "વૈખરી."

સ્નાતક=વેદાધ્યયન પૂર્ણ કર્યાં પછી ગુરુને ઘેરથી પાછા આવતી વખતે સમાવર્તન સંસ્કાર કરવામાં આવે છે. તે સમયે સ્નાન કરાવવાનો આચાર છે. આ રીતે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવાને તત્પર થયેલો બ્રહ્મચારી સ્નાતક કહેવાય છે.

સ્પંદહીન=હલન ચલન વિનાની.

સ્વચ્છંદતા=મનસ્વિપણે કામ કરવું તે; અત્યંત સ્વતંત્રતા.

હતાશ=નિરાશ, જેની આશાઓ નિષ્ફળ ગયેલી છે તે.

હુતાશ=અગ્નિ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## "જ્ઞાનવર્ધક પુસ્તકમાળા"નાં નવાં પુસ્તકો.

ઈ. સ. ૧૯૨૫ ના પહેલા છપતાનાં નીચેનાં ચાર પુસ્તકો તૈયાર થયાં છે, અને તે પુસ્તકમાળાના ચાલુ ગ્રાહકોને તેમજ નવા ગ્રાહકને નિયમ પ્રમાણે **અર્ધી કીંમતથી વિ. પી. પોસ્ટેજ ચઢાવીને મોકલવામાં આવે છેઃ—**

૨—૮—૦ **હૃષીકેશચંદ્ર**; ભાગ ત્રીજો (સામાજીક સ્વતંત્ર નવલકથા).

૧-૧૨—૦ **સંસ્કૃત સાહિત્યની કથાઓ**; ભાગ ૧ લો. ( મહાકવિ કાળીદાસનાં કાવ્યનાટકોની રસિક વાર્તાઓ ).

૦—૮—૦ **કર્પૂરમંજરી.**(પ્રાચીન કવિ ચંદ્રશેખરની નાટિકાની વાર્તા.)

૦-૧૦—૦ **ગૃહિણીભૂષણ**; ભાગ ૨ જો. ( સ્ત્રીઉપયોગી લેખો, ટુંકી ટુંકી વાતો, નિબંધો, સંવાદો વગેરે ).

## હવે પછી આપવા માટે છપાતાં પુસ્તકોઃ-

(૧) **સંક્ષિપ્ત મહાભારત**—આખા મહાભારતના અઢારે પર્વના સારરૂપે ૫૦ ફૉર્મનો આ ગ્રન્થ હોઇ ૯-૧૦ ચિત્રો સાથે હોવા છતાં **કીમત લગભગ ચારજ રૂપીઆ રહેશે.**

(૨) **અનંત આખ્યાન સંગ્રહ**—શ્રીવૈષ્ણવ અનંતપ્રસાદજીનાં ગદ્ય પદ્યાત્મક ધાર્મિક ઉપદેશક આખ્યાનોનો પ્રથમ ભાગ. (**કીમત** લગભગ રૂ. ત્રણ રહેશે. )

(૩) **મરાઠી રિયાસત**—( પૂર્વાર્ધ ) સરદેસાઇ કૃત મહારાષ્ટ્રના ઇતિહાસનું નવી આવૃત્તિનું ભાષાન્તર.

(૪) **સ્વ૦ કલાપીના પત્રો.**

(૫) **સંસ્કૃત સાહિત્યની કથાઓનો ભાગ બીજો.**

**માળાનાં નવાં ગ્રાહક** થવા ઇચ્છનારે પ્રવેશ ફીનો રૂ. ૧) મોકલીને પુરા શિરનામા સાથે લખી મોકલવું એટલે તૈયાર પુસ્તકો વિ૦ પી૦ પોસ્ટથી મોકલાશે.

**જીવનલાલ અમરશી મહેતા,**

સંપાદક. પીરમશા રોડ. **અમદાવાદ.**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

P.P. Ac. Gunratnasuri M.S.

Jin Gun Aaradhak Trust